# પ્રાવચનિક પ્રશ્નોત્તર

## ચતુર્થ પડાવ





પ્રવચનકાર

તપાગચ્છાધિપતિ, વ્યાખ્યાન વાચસ્પતિ

પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

# પ્રવચન અને પ્રશ્ન



આજે ઘણા ઉપદેશકો શ્રોતાઓને પ્રશ્ન કરતાં અટકાવે છે. પણ એ બરાબર નથી.

શ્રોતા જો જિજ્ઞાસુ ભાવે પૂછતો હોય તો એનું સમાધાન કરવું જ જોઈએ. નહીં તો શંકાશીલ રહીને એ શ્રોતા કદાચ મરી જાય, તો ધર્મમાં એટલી શંકા રહી ગયા બદલ ઉપદેશક ગુનેગાર ગણાય !

ભગવાનની વાણી સર્વથા સંશયો છેદનારી હતી. છતાં ભગવાન બધાને પ્રશ્ન કરવા દેતા હતા. તો પછી સાધુ તો પ્રશ્નકારને પ્રશ્ન કરતાં કેમ રોકી શકે ? એની વાણીમાં ક્યાં સર્વનાં સંશયોને છેદનારી લબ્ધિ છે ?

હૈયામાં કોઈ વાત ઝીલી લે અને પછી પ્રશ્ન કરે, એ જ સાચો પ્રશ્નકાર ગણાય. એ ભરસભામાં પણ 'ભગવંત' કહીને અને હાથ જોડીને એવા વિનયથી પ્રશ્ન રજૂ કરે કે, સાધુને જવાબ આપવો જ પડે.

વિજય રામચંદ્રસૂરિ.

|| સકલવાંછિતપ્રદાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ||

|| પરમારાધ્યપાદ શ્રીમદાત્મ-કમલ-વીર-દાન-પ્રેમ-રામચન્દ્ર-મહોદય-મિત્રાનંદ-મહાબલસૂરીશ્વરેભ્યો નમઃ ||

# પ્રાવચનિક પ્રશ્નોત્તર

## જિનવાણી
ચતુર્થ પડાવ

**પ્રવચનકાર**

જૈન શાસન શિરતાજ તપાગચ્છાધિરાજ

પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજા

**સંકલક-સંપાદક**

વાત્સલ્યવારિધિ ગુરુદેવ

પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય **મહાબલસૂરીશ્વરજી** મહારાજાના

પટ્ટધરરત્ન વિહરમાન ગચ્છાધિપતિ

પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય **પુણ્યપાલસૂરીશ્વરજી** મહારાજા

પ્રકાશક

**પાર્શ્વાભ્યુદય પ્રકાશન**

અમદાવાદ

# ગ્રંથ પરિચય

ગ્રંથનું નામ : પ્રાવચનિક પ્રશ્નોત્તર (ચતુર્થ પડાવ)

વિષય : પ્રશ્નોત્તરી (જિનવાણીઆદિમાંથી ચૂંટેલા સભાના પ્રશ્નો)

ઉત્તરદાતા : વ્યાખ્યાન વાચસ્પતિ

પૂ.આ.ભ. શ્રીમદ્ **વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

સંપાદક : ગચ્છાધિપતિ પૂ.આ.ભ. શ્રીમદ્ **વિજય પુણ્યપાલસૂરીશ્વરજી મહારાજા**

પ્રકાશક : પાર્શ્વાભ્યુદય પ્રકાશન

પ્રથમ આવૃત્તિ : નકલ (પ્રતિકૃતિ) ૧૦૦૦

વિમોચન પર્વ : વૈશાખ સુદ ૬ / વિ.સં. ૨૦૭૨ / ૧૨-૫-૧૬ / ગુરૂવાર

પુણ્ય નિમિત્ત : પૂ. વ્યાખ્યાન વાચસ્પતિ પૂજ્યશ્રીજીનો ૮૦મો આચાર્ય પદ સ્મૃતિ દિન.

મૂલ્ય : સાહિત્ય સેવા

ISBN : 978-93-83984-13-5

---

**સંપ્રાપ્તિ સ્થાન**

**પાર્શ્વાભ્યુદય પ્રકાશન**

**રમેશભાઈ એમ. જૈન**

બી/૩૧-૩૨, ઘનશ્યામ એવન્યુ, ચોથે માળે, ઈન્કમ ટેક્સ, અમદાવાદ - ૩૮૦૦૧૪,

ફોન. : ૦૭૯-૨૭૫૪૨૮૮૩/૨૭૫૪૨૮૧૯. મો. ૯૮૨૫૦ ૧૮૨૬૪

E-mail : mail2pby@gmail.com

---

**ખાસ વિનંતી :** આ ગ્રંથની આશાતના ન થાય તેની પૂરી તકેદારી રાખવી તથા આ ગ્રંથના સ્વાધ્યાય બાદ આપને જરૂર ન હોય તો પ્રાપ્તિસ્થાનના સરનામે પુનઃ પાઠવવા વિનંતી. જેથી અન્યના ઉપયોગમાં આવી શકે.

---


મુદ્રક : લીપી, દાંડિયાબજાર, વડોદરા. ફોન : ૦૨૬૫-૨૪૩૪૩૧૦ **www.lippipress.com**




પૂછ્યું પ્રભુને 'તત્ત્વ શું છે ?' ત્રણ પદો પ્રભુએ કહ્યાં.

તસ્મૈ શ્રીગુરવે નમઃ


તસ્મૈ શ્રીગુરવે નમઃ



ન્યાયામ્ભોનિધિ પૂ.આ. શ્રી વિજયાનંદસૂરીશ્વરજી
(આત્મારામજી) મહારાજા




સદ્ધર્મસંરક્ષક પૂ.આ.શ્રી વિજય કમલસૂરીશ્વરજી મહારાજા



વચનસિદ્ધ પૂ.મહોપાધ્યાય શ્રી વીરવિજયજી મહારાજા




સિદ્ધાંતમહોદધિ પૂ.આ.
શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા



સકલાગમ રહસ્યવેદી પૂ.આ.
શ્રી વિજય દાનસૂરીશ્વરજી મહારાજા



દીક્ષાદાતા પૂ.મુનિપ્રવર
શ્રી મંગલવિજયજી મહારાજા



પૂ. મુનિ શ્રી રામવિજયજી મહારાજામાંથી
વ્યાખ્યાન વાચસ્પતિ પૂ.આ.ભ. શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

બોલ્યા તમે એ વાતને વરસો થઈ ગયા;
દિલમાં હજીપણ રાતદિન પડઘાય છે અવાજ.
નહિતર અંધકારમાં રસ્તો જડે નહિ;
થઈને પ્રકાશ આપનો ફેલાય છે અવાજ.



પ્રથમ પ્રવચનથી પાવન થયેલી ઐતિહાસિક પ્રવચન પીઠ - સિનોર.

# પૂજ્ય પરમતારકશ્રીજીની તેજસ્વી તારીખ

| | |
|---|---|
| જન્મ | : વિ.સં. ૧૯૫૨, ફાગણ વદ-૪, મંગળવાર<br>૩-૩-૧૮૯૬, દહેવાણ |
| દીક્ષા | : વિ.સં. ૧૯૬૯, પોષ સુદ-૧૩, સોમવાર,<br>૨૦-૧-૧૯૧૩, શ્રી ગંધાર તીર્થ |
| વડીદીક્ષા | : વિ.સં. ૧૯૬૯, ફાગણ સુદ-૨, સોમવાર,<br>૧૦-૩-૧૯૧૩, વડોદરા-જાનીશેરી |
| વ્યાખ્યાન વાચસ્પતિ | : વિ.સં. ૧૯૮૭, કાર્તિક વદ-૩, |
| ગણિ-પંન્યાસ પદ | : રવિવાર, ૯-૧૧-૧૯૩૦, ભાયખલા |
| ઉપાધ્યાય પદ | : વિ.સં. ૧૯૯૧, ચૈત્ર સુદ-૧૪, બુધવાર,<br>૧૭-૪-૧૯૩૫, રાધનપુર |
| આચાર્યપદ | : વિ.સં. ૧૯૯૨, વૈશાખ સુદ-૬, રવિવાર,<br>૨૬-૪-૧૯૩૬, લાલબાગ (મુંબઈ) |
| સ્વર્ગારોહણ | : વિ.સં. ૨૦૪૭, અષાઢ વદ-૧૪, શુક્રવાર,<br>૯-૮-૧૯૯૧, દર્શન બંગલો, અમદાવાદ |
| અગ્નિ સંસ્કાર | : વિ.સં. ૨૦૪૭, અષાઢ વદ૦))+શ્રાવણ<br>સુદ-૧, શનિવાર, ૧૦-૮-૧૯૯૧<br>સાબરમતી, અમદાવાદ |

| | |
|---|---|
| સંસારી નામ | : શ્રી ત્રિભુવનકુમાર |
| પિતાનું નામ | : શ્રી છોટાલાલ રાયચંદ |
| માતાનું નામ | : શ્રી સમરથબેન |
| નિવાસ સ્થળ | : પાદરા |
| જીવન ઘડતર | : પિતાના દાદી રતનબા |
| દીક્ષિત નામ | : પૂ.મુનિરાજ શ્રી રામવિજયજી મ. |
| દીક્ષા દાતા | : પૂ.મુનિરાજ શ્રી મંગલવિજયજી મ. |
| ગુરુનું નામ | : પૂ.આચાર્યદેવ શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ. |
| દીક્ષા જીવન ઘડતર | : પૂ.આચાર્યદેવ શ્રી વિજય દાનસૂરીશ્વરજી મ. |
| દીક્ષાની ઉંમર | : ૧૭ વર્ષ |
| દીક્ષા પર્યાય | : ૭૯ વર્ષ |
| આચાર્યપદ પર્યાય | : ૫૬ વર્ષ |
| સંપૂર્ણ આયુષ્ય | : ૯૬ વર્ષ |
| સ્વશિષ્ય સંપદા | : ૧૨૧ |
| આજ્ઞાવર્તી સાધુ સંખ્યા | : 300 લગભગ (તે સમયે) |
| આજ્ઞાવર્તી સાધ્વી સંખ્યા | : ૪૫૦ લગભગ (તે સમયે) |

વર્તમાન–સામ્રાજયવર્તી સાધુ સંખ્યા : ૪૨૨

વર્તમાન–સામ્રાજયવર્તી સાધ્વી સંખ્યા : ૧૧૩૧

# પ્રસ્તુત પ્રકાશન પ્રસંગે

અમારી પ્રકાશન-સંસ્થા દ્વારા આયોજાયેલી
**'પૃચ્છના સ્વાધ્યાય'** તીર્થની પ્રકાશન યાત્રા
**'પ્રાવચનિક પ્રશ્નોત્તર'** નામના પડાવને અસ્ખલિત ગતિએ
સ્પર્શી રહી છે. તેનો અમને અપરંપાર આનંદ છે...
અમારી પ્રકાશન યાત્રાની પ્રગતિ જે પુણ્યપુરૂષની પુણ્યકૃપાનું પરિણામ છે.
તે પરમોપકારી, પરમહિતસ્વી, પરમગુરુદેવ
જૈન શાસન શિરતાજ, તપાગચ્છાધિપતિ, વ્યાખ્યાનવાચસ્પતિ
પૂ.આ.ભ.શ્રીમદ્ **વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના**
જૈન પ્રવચનમાંથી ચૂંટેલા સભાના પ્રશ્નોત્તરોને
**'પ્રાવચનિક પ્રશ્નોત્તર'** ના નવા નામ સાથે પ્રકાશિત કર્યા બાદ હવે તે જ
પૂજ્યપાદશ્રીના જિનવાણી વગેરે પ્રવચન સાહિત્યમાંથી
ચૂંટેલા સભાના પ્રશ્નોત્તરોને કરવાની તક સાંપડી રહી છે..
એ અમારું પરમતમ સૌભાગ્ય છે...
જે સન્માર્ગદર્શક ગુરુવર્યોનું સંપાદકીય સાન્નિધ્ય અમારી પ્રકાશનયાત્રાનો પ્રાણવાયુ છે
તે પરમોપકારી પૂજ્યોના ચરણે વંદના-પુષ્પ અર્પવા સાથે
અમારી પ્રકાશનયાત્રાને વેગવંતી બનાવનારા લાભાર્થી પરિવારોની
શ્રુતભક્તિ અને ગુરુભક્તિની અનુમોદના કરી
ધન્યતા અનુભવીએ છીએ...
**શ્રી પાર્શ્વાભ્યુદય પ્રકાશન**-અમદાવાદ.

# પૃચ્છના સ્વાધ્યાય મહિમાષ્ટક

## *વિવેક : અમૃતનો અભિષેક*

જ્યારે જિનેશ્વરદેવ કેવલજ્ઞાન પામ્યા તે પળે,
દેવો પધાર્યા સમવસરણમ્ સ્થાપના થઈ શુભસ્થળે;
થઈ દેશના કંઈ કેટલા ઉત્તમ મનુષ્યો મુનિ થયા,
પૂછ્યું પ્રભુને **'તત્ત્વ શું છે ?'** ત્રણ પદો પ્રભુએ કહ્યાં. ।।૧।।

**'ઉપ્પન્નેઈ વા વિગમેઈ વા ધુવેઈ વા'** ત્રિપદી મળી,
ને ગણધરોએ દ્વાદશાંગી શાસ્ત્રની રચના કરી;
વિશ્વાતિશાયી સર્વવિષયક જ્ઞાન અહીં ઝળકી રહ્યું,
જો પ્રશ્ન પૂછ્યા ગણધરે, મહાજ્ઞાન આ ત્યારે મળ્યું. ।।૨।।

આ જગત કેવું ? કોણ હું ? ભગવાન છે ? તે ક્યાં વસે ?
સુખ એટલે શું ? ક્યાં મળે ? અજ્ઞાન શી રીતે ખસે ?
આ તત્ત્વજિજ્ઞાસા જરા જાગે હૃદયમાં જ્યારથી,
જ્ઞાનાવરણ-મિથ્યાત્ત્વકર્મ ક્ષય પળેપળ ત્યારથી. ।।૩।।

શ્રી ગૌતમસ્વામી પૂછે પ્રભુવીર ઉત્તર દે અને,
સદ્‌બોધ રત્નનિધાન જેવું ભગવતી આગમ બને;
પ્રશ્નોત્તરો અહીં છે હજારો જ્ઞાનજ્યોતિ ઝળહળે,
અહીં પરમપદનો પરમપથ સહેજે સરળતાથી મળે. ।।૪।।

શ્રી પુણ્યપાલ નરેશ પૂછે સ્વપ્નના ઉત્તર અને,
પ્રભુવીર ભાખે ભરતનું ભાવિ પરમહિતકર બને;
શ્રી હીરપ્રશ્ન શ્રી સેનપ્રશ્ન શ્રી વિવિધ પ્રશ્નોત્તર મળે ,
જ્યાં દેશ-કાળ વિચારવશ પ્રગટેલ સૌ શંકા ટળે. ।।૫।।

છે પ્રશ્ન વ્યાકરણમ્ વગેરે શાસ્ત્ર પ્રશ્નોત્તર ભર્યા,
પ્રશ્નોત્તરોથી જીવ બહુ અજ્ઞાન મહાસાગર તર્યા;
શું વિધિ-અવિધિ શું હિત-અહિત, શું પુણ્યપાપ વિવેક આ,
પ્રશ્નોત્તરોથી તરત પ્રગટે, **અમૃતનો અભિષેક** આ. ।।૬।।

''લબ્ધાર્થ ને ગૃહીતાર્થ પૃચ્છિતાર્થ હોય સુશ્રાવકો
ગીતાર્થને શાસ્ત્રાર્થ પૂછે સતત શ્રમણોપાસકો;''
શાસ્ત્રો કહે, ''જે આમ સત્યાસત્યનો નિશ્ચય કરે,
જે પ્રશ્ન પૂછતા જાય તે મતિમંત બહુશ્રુતતા વરે''. ।।।૭।।

પ્રશ્નોત્તરોને વાંચવા તે **વાચના** સ્વાધ્યાય છે,
ગીતાર્થને જે પૂછવું તે **પૃચ્છના** સ્વાધ્યાય છે ;
જે પ્રશ્ન-ઉત્તર દે મુનિ, સ્વાધ્યાય ધર્મકથા કહ્યો ,
આનંદ-કર્મક્ષય અહીં ક્રમસર અધિક શ્રુતમાં કહ્યો. ।।૮।।

-:રચના:-
કવિહૃદય
**પૂ.પં.શ્રી મોક્ષરતિવિજયજી ગણિ.**

# Questions are the answers

તમારાં મનમાં પ્રશ્ન જાગે છે અથવા તમને પ્રશ્ન પૂછવામાં આવે છે, આ બન્ને પરિસ્થિતિમાં જવાબ સુધી પહોંચવું આવશ્યક છે. ડિટેક્ટિવ વાર્તાઓમાં અંતે તમને જવાબ મળે છે. સાધનામાં તો જ્યારે સવાલ જાગે ત્યારે જ જવાબ મળવો જોઈએ કેમ કે પ્રશ્ન અથવા સવાલ, તમારી શ્રદ્ધાને પ્રભાવિત કરી શકે છે. પ્રશ્ન પૂછનાર તમારી પરીક્ષા લેવા માંગતો હોય એવું પણ બની શકે. પ્રશ્ન પૂછનાર પોતાનું જ્ઞાન ચકાસીને આત્મવિશ્વાસ પામવા માંગતો હોય એમ પણ બને. પ્રશ્ન પૂછનાર તમારી બોલતી બંધ કરીને જીતવા માંગતો હોય - એવું પણ હોઈ શકે. પ્રશ્ન પૂછનાર તમારી રજૂઆતને ખીલવવા માંગતો હોય એવું પણ હોઈ શકે. તમારી વ્યક્તિમત્તા માટે કોઈ સવાલ ઊઠે તો એનો જવાબ તમારા વર્તનના આધારે નક્કી થાય છે. પરંતુ સવાલ જો વાણી દ્વારા આવ્યો હોય તો જવાબ વાણી દ્વારા જ આપવો પડે છે. તમે સવાલ પૂછનારની વાત ટાળી શકો છો. તમે વાત ઉડાવી દો એવું પણ બને. સવાલ જે જવાબની પ્રતીક્ષામાં હોય છે તે પ્રતીક્ષા તો ઊભી જ રહે છે.

**એલેન પીઝનું પુસ્તક સરસ મથાળું ધરાવે છે :**

Questions are the answers. અર્થાત્ તમારો સવાલ જ તમને જવાબ સુધી પહોંચાડે છે. પ્રશ્ન અથવા સવાલ જાગે જ નહીં તો પ્રગતિ થાય જ નહીં. પ્રશ્નો ઊભા થવા જોઈએ. પ્રશ્નોને અનુરૂપ જવાબ મળવા જોઈએ. ઘણી વખત તો અઘરો લાગતો પ્રશ્ન, સરળ જવાબ દ્વારા પૂરો થઈ જતો હોય છે અને ક્યારેક સરળ લાગતો પ્રશ્ન માથાભારે નીવડે છે.

**षड्दर्शन** નો અભ્યાસ કરતી વખતે **ननु** અને **न च** દ્વારા પ્રશ્ન પૂછવામાં આવે છે તે સમજાયું હતું. **ननु** અથવા **अथ** થી પ્રશ્ન શરૂ થાય તે **इति वाच्यम्** પર પૂરો થાય. **इति चेद् न** વાળો લય દરેક ટીકાગ્રંથોને સમૃદ્ધ બનાવે છે. **अधिगम** સમ્યગ્દર્શન સવાલ-જવાબ વિના સંભવે કે કેમ તે સ્વયં એક પ્રશ્ન છે. અવિશ્વાસ મૂલક સંશય અને શંકાઓ જોખમી છે. જિજ્ઞાસા અને જ્ઞાનપિપાસા આધારિત સવાલો અને પ્રશ્નો આવકાર્ય છે.

સાંભળતા સાંભળતા મનમાં પ્રશ્ન જાગે તે વક્તાને પૂછી લેવો જોઈએ. વાંચતા વાંચતા પ્રશ્ન જાગે તો જ્યાં પ્રશ્ન જાગ્યો ત્યાં નિશાની કરીને અનુભવી વ્યક્તિ પાસે ખુલાસો મેળવી લેવો જોઈએ. બેઠાં બેઠાં કે કામ કરતાં કરતાં પ્રશ્ન થયો તો તે કાળજી પૂર્વક નોંધપોથીમાં ટપકાવી લેવો જોઈએ. ઉચિત માર્ગદર્શક સાથે ચર્ચા કરીને એનો જવાબ મેળવી લેવો જોઈએ. **પૂછતા નર પંડિત.**

એક વધુ કામ કરી શકાય. જ્યાં જ્યાં પ્રશ્નો પૂછાતા હોય તે જગ્યાએ તે પ્રશ્નોને સમજવાની કોશિશ કરવી જોઈએ. પ્રશ્નનો જવાબ સાંભળવા કે વાંચવા મળે છે તેને લીધે પ્રશ્ન સહેલો લાગે છે. જો એ પ્રશ્નનો જવાબ તમારે આપવાનો હોય તો તમે શું જવાબ આપો? તે તે પ્રશ્નો પૂછાયા હોય અને તેનો જવાબ તમારે આપવાનો ન હોય એ ભૂમિકાએ જે પ્રશ્ન સાધારણ લાગતો હોય છે એ જ પ્રશ્ન, તમારી પાસેથી જવાબ આવે તેવી ભૂમિકા ધારણ કરે તો-અઘરો લાગે છે.

પ્રશ્નોત્તરીનાં પુસ્તકો વાંચતી વખતે હું બે કામ કરતો હોઉં છું. એક, કેવળ પ્રશ્ન વાંચું. જવાબ ન વાંચું અને એ પ્રશ્નનો મારી પાસે શો જવાબ છે તે વિચારું. બે, કેવળ જવાબ વાંચું, પ્રશ્ન ન વાંચું અને તે જવાબ પરથી શોધવાનો પ્રયત્ન કરું કે પ્રશ્ન શું છે? પ્રશ્નનો જે જવાબ મે વિચાર્યો હોય તે કરતાં જુદો જવાબ પુસ્તકમાં વાંચવા મળશે તો

મારી જ્ઞાનવૃદ્ધિ થશે તે વિશ્વાસ રાખું. એ વિશ્વાસ સાચો જ પડે. મે વિચારેલો જવાબ અને પુસ્તકમાં રજૂ થયેલો જવાબ - બેયની તુલના કરું. જો મારા જવાબમાં કચાશ જણાય તો પણ હું ફાયદામાં રહું કેમ કે પુસ્તકનો પાક્કો જવાબ, આ રીતે વાંચ્યાં પછી યાદ જ રહી જાય. પ્રશ્ન વિના વાંચેલો જવાબ, સહેજસાજ ઉપદેશ જેવો જણાય. એમાંથી હું પ્રશ્નનાં પગલાં શોધું. મનમાં જે પ્રશ્ન બને તેને લઈને હું પુસ્તકમાં રહેલા પ્રશ્નને વાંચું. તુલના કરું. આ રીતે તે તે પ્રત્યુત્તરની ભૂમિકા સમજું.

એક જવાબ વાંચો : શાસ્ત્ર કહે છે કે સુતર્ક કરતાં કુતર્ક અનેક ગુણા છે. એવા કુતર્ક કરનારાને બધા ઉત્તર આપવાની જરૂર નથી. (જવાબ આપનાર) ગમે તેવો તત્ત્વજ્ઞાની હોય પણ સામો (માણસ) પછી, પછી, પછી એમ પૂછયા કરે તો અંતે એને એમ જ કહેવું પડે કે પછી પછીત અને આગળ ભીંત. અમે હાર્યા અને તું જીત્યો, બસ તારા જેવાથી હારવામાં જ અમારું કલ્યાણ છે. (પ્રશ્ન : ૨૪૮)

આ જવાબ પર વિચાર કરશો તો તમને સવાલ શું છે એ નહીં સમજાય તમને થશે કે એવો તે કેવો પ્રશ્ન છે જેનો જવાબ આ રીતે આપવો પડ્યો? હવે તમે પ્રશ્ન વાંચો : ચોખા તથા બદામ વગેરે મંદિરમાં મુકાય. પછી તે વેચાય, ફરતાં શ્રાવકનાં ઘરમાં આવે ને એના પેટમાં જાય તો દેવદ્રવ્યના ભક્ષણનો દોષ ન લાગે ?

સવાલ સરળ લાગે છે. ચાલુ વ્યાખ્યાનમાં પૂછાયેલો આ પ્રશ્ન, જે ભૂમિકાથી પૂછાયો છે તે સમજવા માટે આ પંક્તિઓ વાંચો : આ બધા પ્રશ્નો મિથ્યાભ્રમ પેદા કરનારા છે. બરાબર વિચાર કરો. ધર્મથી ખસેડવા માટે ધર્મના વિરોધીઓએ ઉપજાવી કાઢેલા આ બધા પ્રશ્નો છે. મંદિરમાં ચોખા-બદામ મૂકવા જ નહિ એવું ઠસાવવાનો એમનો હેતુ છે. વસ્તુનું સંપૂર્ણતયા રૂપાંતર થઈ જાય પછી આવા પ્રશ્નો ઊભા રહેતા નથી.

જવાબ વાંચ્યા પછી સવાલ વાંચ્યો અને સવાલ જાણ્યા પછી ફરીથી જવાબ વાંચ્યો તો ફરક સમજાશે જ. સવાલ શું છે તે અગત્યનું છે એમ સવાલ શું કામ પૂછાયો છે તે પણ અગત્યનું છે. સારા ભાવે પૂછાયેલ પ્રશ્નનો જવાબ જુદો હોય અને નઠારા ભાવે પૂછાયેલ પ્રશ્નનો જવાબ અલગ હોય. આજના સમયે વ્યાખ્યાન દરમ્યાન પૂછાતા પ્રશ્નો માટે આ નીતિ અપનાવવી પડે છે. અલબત્, **હીરપ્રશ્ન, સેનપ્રશ્ન** જેવા પ્રશ્નોતરી ગ્રંથોમાં આ નીતિ નથી. તેનું કારણ પણ છે. એ લિખિતરૂપે પ્રશ્ન પૂછાયા છે અને તેના જવાબ લિખિત રૂપે અપાયા છે. **"પ્રાવચનિક પ્રશ્નોત્તર"** આ પુસ્તકમાં પ્રશ્ન અને ઉત્તર, વ્યાખ્યાન સમયે થનારા વાર્તાલાપ રૂપે સંગૃહીત છે. જે ક્ષણે પ્રશ્ન આવ્યો એ જ ક્ષણે જવાબ આપી દેવો એવી સંકલ્પના સ્પષ્ટ છે. હવે, તમે અમુક પ્રશ્નો વાંચો.

૧. ગુણમાં દોષ શી રીતે ? (પ્રશ્ન ૧૦૧)
૨. એકલા જાપથી કર્મક્ષય થાય કે નહીં ? (પ્રશ્ન ૨૫)
૩. સમજવા માટે શંકા કરે તો મિથ્યાત્વ લાગે ? (પ્રશ્ન ૨૯૫)
૪. સંવરની ક્રિયામાં સ્વરૂપહિંસા ન આવે ? (પ્રશ્ન ૩૧૯)
૫. આજે અન્યાયનું ધન ધર્મમાં વપરાય છે તે બરાબર છે ? (પ્રશ્ન ૪૫૧)
૬. અનુભવ વગરનું જ્ઞાન સમ્યક્ કહેવાય ? (પ્રશ્ન ૩૬૯)
૭. જીવનભર પાપ કરનારને સમાધિમરણ મળે ખરું ? (પ્રશ્ન ૨૯૨)
૮. પૂજા અને વ્યાખ્યાનમાં પ્રધાનતા કોની ? (પ્રશ્ન ૩૪૬)
૯. સમ્યગ્દર્શન સંસાર ન ગમે તો જ આવે કે સંસારને સારો ન માને તોયે આવે ? (પ્રશ્ન ૩૬૩)

આ પ્રશ્નોના જવાબ તમારી પાસે છે ? જો છે તો એ જવાબ શું છે તે સ્પષ્ટ કરી લો અને પછી આ પુસ્તકમાં તે પ્રશ્નના જે જવાબ આપેલા છે તેની સાથે તુલના કરી જુઓ.

પ્રશ્નના જવાબ તત્કાળ અપાયા છે. છતાં સ્પષ્ટ છે અને પ્રેરણાદાયી છે.

આજનો યુગ મુખપત્રોનો છે. દરેક મુખપત્રોમાં પ્રશ્નોત્તરી હોય છે. પ્રશ્ન ઉપર અને નીચે જવાબ - આ રીતે પ્રશ્નોત્તર વાંચવા મળે છે. એવા પ્રશ્નોત્તરને પુસ્તક રૂપે છાપવામાં વિષય વિભાજન સિવાયનું સંપાદનકાર્ય ઓછું હોય છે. આ પુસ્તકમાં પ્રસ્તુત પ્રશ્નોત્તરો મુખ્યત્વે વ્યાખ્યાન સાહિત્યમાંથી ઉદ્ધૃત છે. દરેક પ્રશ્ન સભામાંથી પૂછાયેલો છે અને તે પ્રશ્નની પૂર્વે કોઈ એક વિષયની છણાવટ ચાલી રહી હતી તેના સંદર્ભે પૂછાયો છે. પ્રશ્નોત્તરનું સંકલન કરતી વખતે કેવળ પ્રશ્ન અને તે સાથેનો ઉત્તર, આ બેયને લઈને સંપાદકશ્રી અટકી ગયા નથી. સંપાદકશ્રીએ પ્રશ્નની ભૂમિકા પણ રજૂ કરવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

મૂર્તિ વિના કોઈ વીતરાગ થયા છે ? (પ્રશ્ન ૯૫) આ પ્રશ્નનો જવાબ સમજાય તે માટે દોઢ પાનાની ભૂમિકાની ઉપસ્થિતિ આવશ્યક હતી. સંપાદકશ્રીએ પ્રશ્નો માટે આ રીતે દરેક આવશ્યક સ્થળે કાળજી લીધી છે. તેને લીધે આ પ્રશ્નોત્તરનું સ્તર ઉચ્ચકક્ષાનું બન્યું છે.

સંપાદકે પ્રશ્નોત્તરનું વિષયવિભાજન કર્યું છે તેને લીધે સમાન વિષયક પ્રશ્નો એક સાથે વાંચવા મળે છે. કથાનુયોગ શ્રેણિના આ પ્રશ્નો જુઓ :

૧. સીતાજીને દીક્ષા આપી ત્યારે શ્રી રામચંદ્રજી વગેરે ત્યાં આવીને તોફાન કરત તો ? (પ્રશ્ન ૩૧)

૨. રાવણને નિયમ હતો માટે બળાત્કાર ન કર્યો, પણ બળાત્કાર કર્યો હોત તો સીતાજી શું કરત ? (પ્રશ્ન ૪૭)

૩. શ્રેણિક મહારાજા પણ ત્રિકાળપૂજા કરતા અને પુણિયો શ્રાવક પણ ત્રિકાળપૂજા

કરતો–છતાં પુણિયાનો શ્રેણિક મહારાજાએ ઉદ્ધાર ન કર્યો ? (પ્રશ્ન ૪૧)

૪. મરુદેવા માતાએ પૂર્વે તપ નહોતો કર્યો ? (પ્રશ્ન ૪૩)

૫. જેમ ચંદનબાળાની માતાએ શીલ માટે શરીરનો ત્યાગ કર્યો તે રીતે શરીરનો ત્યાગ કરનારની ગતિ સારી થઈ શકે ? (પ્રશ્ન ૪૪)

૬.શ્રી મલ્લિનાથ ભગવાનની માયા પ્રશસ્ત હતી ? (પ્રશ્ન ૫૨)

૭. ધર્મરુચિ અણગારને આજ્ઞા આહાર પરઠવવાની હતી, છતાં વાપરી કેમ ગયા? (પ્રશ્ન ૭૭)

આ પ્રશ્નો વાંચીને પણ તબિયત ખુશ થઈ જાય છે. વિષયવિભાજન અનુસાર - ઈતિહાસ, સ્ત્રી, કેવળી-કેવળજ્ઞાન, સાધુ, ક્ષમાપના, ખાદી, ગોચરી, ગ્રહણ, જિનપૂજા, જિનમંદિર, જિનેશ્વર, જ્ઞાન, દાન, દીક્ષા, ધર્મ, ધાર્મિક વહીવટ, ગુરુ, જિનાજ્ઞા, જિનપ્રતિમા, અને અન્ય અનેક વિષયો છે.

**મહત્ત્વની વાત હવે આવે છે.**

આ પ્રશ્નોના ઉત્તરદાતા છે મહામહિમ, સૂરિસમ્રાટ્, પૂજ્યપાદ આચાર્યભગવંત શ્રીમદ્ **વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા.** આ એક નામ જે ગ્રંથ સાથે જોડાય તે ગ્રંથ ધન્ય થઈ જાય. પ્રશ્નો પૂછનારા તો આજે ઘણા મળે છે. ખોટ વર્તાય છે યથાર્થ ઉત્તરદાતાની. આ પુસ્તકમાં રજૂઆત પામેલા પ્રત્યેક ઉત્તર જે સૂરિ ભગવંતના છે તેમણે આશરે સો વરસ પૂર્વે, જૈનશાસન અને સકલ શ્રી સંઘને બાધિત કરી રહેલા કેટલાય પ્રશ્નોને પોતાની પ્રતિભા અને વાણીનાં બળે ખાખ કરી નાંખ્યા હતા. કલ્પસૂત્રના પ્રારંભે સાંભળવા મળે છે તેમ **पुरुषविश्वासे वचनविश्वास** : ।। તે સૂરિ-ભગવંતે લગભગ સિત્તેર વરસ સુધી વ્યાખ્યાનો આપ્યા. **જૈનપ્રવચન** અને **જિનવાણી** અને **પ્રભાવક જિનવાણી**નાં હજારો પાનાંઓ તેમ જ આશરે ચારસોથી વધુ પુસ્તકો તેમ જ અનેક

મુખપત્રોના મુખ્યપાનાઓ, આ સૂરિભગવંતની વાણીના અજસ્ર પ્રવાહ દ્વારા છલકાતાં જોવા મળે છે. તેઓ શ્રીમદ્‌નાં જીવનની એક એક ઘટના ઈતિહાસને અજવાળી રહી છે, અજવાળતી રહેશે. **આ પ્રશ્નોત્તર ગ્રંથમાં તેઓ શ્રીમદ્‌નું પ્રતિભા બળ અને જ્ઞાન બેય અનુભવવા મળે છે તેને લીધે આ ગ્રંથ સ્વયં શાસ્ત્રીય સંદર્ભ બને છે.**

મુનિવર શ્રી સૌમ્યભૂષણ વિજયજીમ.એ આ ગહન ગંભીર ગ્રંથની પ્રસ્તાવના લખવા માટે મને ઘણો જ પ્રેમાળ આગ્રહ કર્યો તે મારું સૌભાગ્ય છે. જે મહાપુરુષ મારા જીવનની પ્રસ્તાવના લખીને ગયા છે તેમને માટે પ્રસ્તાવના લખવા મળે તે એક અહોભાવાનુભૂતિ છે.

સુવિશાલ ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્યભગવંત્ શ્રીમદ્ **વિજય પુણ્યપાલ સૂરીશ્વરજી મહારાજાએ** વિવિધ સ્તરીય પ્રશ્નોત્તરોનું બૃહત્કાય સંપાદન કાર્ય પોતાના વિનયી શિષ્યપરિવારને સોંપ્યું છે. ગચ્છાધિપતિભગવંતનો શિષ્ય પરિવાર અત્યાર સુધી દસ થી વધુ પ્રશ્નોત્તર ગ્રંથ સંપાદિત કરી ચૂક્યો છે. મજાની વાત એ છે કે દરેક ગ્રંથના સંપાદક તરીકે કેવળ ગચ્છાધિપતિભગવંતનું નામ જં, શિષ્યપરિવાર લખે છે. **ગુરુ અને શિષ્ય વચ્ચેનો આ આત્મીયભાવ આ પ્રશ્નોત્તર ગ્રંથોની શ્રેણિને શાસ્ત્રીયગ્રંથોની શ્રેણિમાં બિરાજમાન કરશે એવું કહેવામાં કોઈ જ અતિશયોક્તિ નથી.**

**ગણધરવાદ** અને **દ્વાદશાંગી** રચનાનું પ્રારંભ બિંદુ પ્રશ્નોત્તર છે. પ્રશ્નોત્તરની આ મહાન્ પરંપરા અમર રહો.

**અમર સ્વરૂપ સંકુલ** — **દેવર્ષિ**

**પારડી – નાગપુર** — **આસો સુદ પંચમી**

**વિ.સં.૨૦૭૨**

# શ્રાદ્ધઃ શ્રોતા સુધીર્વક્તા

કર્મયોગે સંસારમાં રઝળપાટ કરી રહેલા જીવાત્માઓને કંઈક કર્મલઘુતા થવાના યોગે પરમાત્મ શાસનના તારક તત્ત્વને જાણવા-સમજવાની જિજ્ઞાસા જાગતી હોય છે. અને જિજ્ઞાસાનું સાચું સમાધાન અહીં જ મળશે એવી શ્રદ્ધા અને વિશ્વાસ સાથે તે ભવ્યાત્માઓ સર્વજ્ઞ શાસનના તત્ત્વમર્મજ્ઞ મહાત્માઓ પાસે આવતા હોય છે. આવા તત્ત્વપિપાસુ જીવોની તત્ત્વ જિજ્ઞાસાને સંતોષવાનું પરમકર્તવ્ય શ્રી સુધર્મા સ્વામીજીની પ્રવચન પીઠને શોભાવતા દરેક અધિકારી મહાત્માઓએ સુપેરે બજાવવું જ જોઈએ. **ચાલુ પ્રવચનમાં પ્રશ્ન પૂછવાની ના કહેવી કે પછી શ્રોતાને પ્રશ્ન પૂછતા અટકાવવા તે વાત પ્રવચનકારની ખામીને સૂચવે છે.**

આ જ રીતે પ્રશ્ન કરનાર શ્રોતામાં પણ એટલો તો વિવેક હોવો જ જોઈએ કે પ્રશ્નો જે વાત ચાલતી હોય તેને અનુરૂપ વિષયાંતર ન થાય તે રીતે, અસ્ખલિત વહેતી પ્રવચનધારા તૂટી ન જાય તે રીતે અને મુખ્ય પદાર્થ સમજવાનો રહી ન જાય તે રીતે પૂછાય. સાચો શ્રોતા એવો બહુશ્રુત, ગંભીર ને પીઢ હોય કે-ક્યારેક નવા-સવા વક્તાની ગાડી ક્યાંક ઉંધે પાટે ચઢી ગઈ હોય તો એવો પ્રશ્ન પૂછે કે-તે ગાડી આપમેળે સીધે રસ્તે આવી જાય અને પ્રસ્તુત વિષય પણ વધુને વધુ ખીલી જાય... માત્ર ટહુકા કરવા, સભાને હસાવવા, સભાને ડહોળી નાંખવા, સભામાં છવાઈ જવા, પોતાની વિદ્‌વત્તાનું પ્રદર્શન કરવા કે વક્તાને ઝાંખા પાડવા વગેરે આશયથી પ્રશ્નો પૂછનાર શ્રોતા જિનવાણીની આશાતનાનું મહાપાપ બાંધે છે.

માટે જ વકતા અને શ્રોતા બન્નેએ પોતપોતાની ફરજને બરાબર સમજી તે મુજબના આચરણથી જીવનને મંડિત બનાવવું આવશ્યક છે.

વચનસિદ્ધ મહાપુરુષ, પ્રદાદાગુરુદેવ પૂ. ઉપાધ્યાય **શ્રી વીરવિજયજી** મહારાજાની અમોઘ આજ્ઞા-આશિષને ઝીલીને મુનિ **શ્રી રામવિજયજી** મહારાજે દીક્ષાના પ્રથમ વર્ષે જ સિનોર મુકામે પ્રવચનદાનનું સર્વ પ્રથમ મંગલાચરણ કર્યું.

અંતરંગ ગુરુકૃપાના પ્રભાવે જિનશાસન અને જિનવચનના મર્મજ્ઞ બનેલા મુનિ **શ્રી રામવિજયજી** મહારાજની ભવતાપ-સંતાપને હરનારી વાણી દીક્ષાના પાંચમાં વર્ષથી ગંગા પ્રવાહની જેમ અસ્ખલિત વહેતી થઈ. ભારતવર્ષને પાવન કરનારી તે વાણી ગંગાનું વિ.સં. ૧૯૮૫ ની સાલે મોહમયી મુંબઈમહાનગરીમાં આગમન થયું. અગણિત ભવ્યાત્માઓના પાપમળને પખાળવામાં અને ભવતાપ-સંતાપને હરવામાં સફળ નીવડેલી આ વાણી ગંગા ઘરઘરમાં અને ઘટઘટમાં વહેતી થાય તો ખૂબ લાભ થાય. એવી સદ્ભાવના પરમગુરુદેવ પૂ.આ.ભ.શ્રીમદ્ **વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના હૈયે પ્રગટી સુશ્રાવક **ભગવાનદાસભાઈ** હાલાભાઈએ (પછીથી પૂ.પં.શ્રી ભદ્રંકર વિ.ગ.) તે ભાવનાને સાકાર કરવાના સંકલ્પ સાથે પ્રશસ્ય પુરુષાર્થ આદર્યો તે પુરુષાર્થનું પુણ્ય પરિણામ એટલે જ "**જૈન પ્રવચન**" સાપ્તાહિકનો પુણ્ય પ્રારંભ.......!

શ્લોક અને શ્લોકના અર્થનું નિરુપણ કરનારા વ્યાખ્યાનકારોનો એ સમય હતો તે પ્રકારના વ્યાખ્યાનને સમજી શકે તેવો શ્રોતાવર્ગ પણ ત્યારે વિદ્યમાન હતો પરંતુ એક જ શ્લોક પર આખું વ્યાખ્યાન આપી શકે અથવા તો એક જ શ્લોક પર દિવસોના દિવસો સુધી વ્યાખ્યાન આપી શકે તેવા વ્યાખ્યાનકાર તરીકે મુનિ **શ્રી રામવિજયજી** મહારાજ

નોખા તરી આવતા હતા.

મુનિશ્રીના વ્યાખ્યાનની ઘણી બધી વિશેષતાઓ પૈકીની ઉડીને આંખે વળગે તેવી બે વિશેષતાઓ હતી. ૧) પ્રસ્તુતિની સરળતા.... સામાન્યમાં સામાન્ય શ્રોતા પણ સરળતાથી વિષયને સમજી શકે ભાષાનું તેવું સરલીકરણ.. અને ૨) પ્રશ્નોત્તર પદ્ધતિ. વ્યાખ્યાન હોય કે વાચના હોય પૂજ્યશ્રીની એક આગવી શૈલી હતી કે કોઈ પણ વાત શ્રોતાના મગજમાં જડબેસલાક બેસાડી દેવા માટે તેઓ સભાને હંમેશા બોલતી રાખતાં પૂજ્યશ્રીની પ્રવચન સભાઓમાં પ્રશ્નોની ઝડીઓ વરસતી ક્યારેક તેઓશ્રી સ્વયં પ્રશ્ન ઉઠાવે અને સભામાંથી જવાબ મેળવે તો ક્યારેક સભામાંથી પ્રશ્ન ઉઠે અને તેના સહજતાથી સરળતાથી અને શાંતિથી સમાધાન આપી સૌને મંત્રમુગ્ધ કરી દે. પૂજ્યશ્રી હાજરજવાબી કહેવાતા હજી પ્રશ્ન પૂરો થાય તે પૂર્વે જ પૂજ્યશ્રીના મુખમાંથી જવાબ વહેતો થઈ જાય. પ્રશ્નોત્તરીની આવી જુગલબંદીને સાંભળવાની ઉત્સુકતા શ્રોતાજનો સતત અનુભવતા માટે જ પ્રશ્નોત્તરી એ પૂજ્યશ્રીના પ્રવચનનું મુખ્ય આકર્ષણ બની જતી. આવી પ્રશ્નોત્તરાત્મક પ્રવચનશૈલીના પ્રભાવે કદાગ્રહી, સુધારાવાદી અને ઉત્સૂત્રભાષી આત્માઓએ ફેલાવેલા જૂઠનું અનાયાસે નિવારણ થઈ જતું અને સહુને સત્યનો નવપ્રકાશ લાધતો.

પૂજ્યશ્રીએ શાસ્ત્રગ્રંથોને એવા અભ્યસ્ત કર્યાં હતા કે પદાર્થની છણાવટ શાસ્ત્રપાઠ સાથે જ થાય. જ્યારે જે વિષયની રજૂઆત થતી હોય ત્યારે તેના આધારગ્રંથનું નામ અને સ્થાન પણ સાથે સાંભળવા મળે. સ્થાનકવાસી સંપ્રદાયમાં પ્રખર પ્રવચનકારિકા તરીકે પ્રખ્યાત **મૃગાવતીબાઈ** મહાસતી તથા **લીલાવતીબાઈ** મહાસતી જેવા પણ પૂજ્યપાદશ્રીજીના પ્રવચન-વાચનાદિમાં આવીને સીધા શ્રી ભગવતીજી વિગેરે

આગમગ્રંથોને લગતાં પ્રશ્નો પૂછતાં અને પૂજ્યપાદશ્રીજી તુરંત જ શાસ્ત્રપાઠ સાથે તેના સચોટ જવાબો આપતા તે સાંભળીને અને મહારાજજીની આ ઉંમરે પણ આવી પ્રજ્ઞા-પ્રતિભાને જોઈને તે મહાસતીઓ આશ્ચર્ય અને અહોભાવથી નમ્ર બની જતા.

પૂજ્યપાદશ્રી જવાબ આપવા સાથે સન્માર્ગની વાતો પણ એવી કહી દેતાં કે અવસરે સુયોગ્યઆત્મા માર્ગસ્થ બન્યા વિના ન રહે,

મારૂં ચાતુર્માસ સુરેન્દ્રનગરમાં હતું. ત્યારે લીલાવતીબાઈ મહાસતીજી મને મળવા આવ્યા હતા. ત્યારે પણ તે મહાસતીજીએ મને પૂછ્યુ હતું કે મોટા મહારાજજી અત્યારે ક્યાં બિરાજમાન છે? અમારે અમૂક પ્રશ્નો પૂછાવી તેઓશ્રીજી પાસેથી શાસ્ત્રીય સમાધાન મેળવવું છે. અન્ય સંપ્રદાયવાળાના હૈયે પણ પૂજ્યશ્રીની શાસ્ત્રનિષ્ઠા કેવી વસી ગઈ હતી તેનું આ પ્રત્યક્ષ ઉદાહરણ છે. '**હોઠ સાજા તો ઉત્તર ઝાઝા**' આ સુક્તિનો સાક્ષાત્કાર પૂજયશ્રીના પ્રવચનમાં પગલે પગલે જોવા મળતો. એક સાંભળેલો પ્રસંગ આ અવસરે સ્મૃતિપથમાં અવતરે છે. એકવાર એક ભાગ્યશાળીએ પૂજ્યશ્રીને પૂછ્યું કે - સાહેબ ! એવું ક્યારે બન્યું છે કે -કોઈએ આપને એવો પ્રશ્ન પૂછ્યો હોય કે જેનો જવાબ આપતા પૂર્વે આપને માથુ ખંજવાળવું પડ્યું હોય અથવા તો એમ કહેવું પડ્યું હોય કે આ પ્રશ્નના જવાબ માટે મારે શાસ્ત્રો જોવા પડશે ! ત્યારે પૂજ્યશ્રીએ જણાવ્યું હતું કે **હું એવા જ શ્રોતાની શોધમાં છું પણ હજી સુધી એવા શ્રોતાના મને દર્શન થયા નથી.**

પૂજ્યશ્રીનું અને પૂજ્યશ્રીના પ્રવચનોનું આત્મિક આકર્ષણ મને બાલ્યકાળથી જ રહ્યું છે. તેમાં પણ તેઓશ્રીના પરમગુરુદેવશ્રી સિદ્ધાંત મહોદધિ પૂ.આ.ભ. શ્રીમદ્ **વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના સ્વમુખે તેઓશ્રી અને તેઓશ્રીના પ્રવચનો વિશે જે

ત્રણ વિશેષ વાતો સાંભળવા મળી ત્યારથી પૂજ્યશ્રી પ્રત્યેના આકર્ષણમાં જે અભિવૃદ્ધિ થઈ છે તે અવર્ણનીય છે. જ્યારે પણ પૂજ્યશ્રીના ગુણગાન કરવાનો અવસર આવે છે ત્યારે આ ત્રણ વિશેષ વાતોનો ઉલ્લેખ કર્યા વિના હું રહી શકતો નથી. તે ત્રણ વાતો પરમગુરુદેવશ્રીએ આ પ્રમાણે ફરમાવી હતી. "૧) પુણ્યપાલ ! રામવિજયજી ક્યારેય મારી સામે ઉંચા અવાજે બોલ્યા નથી. ૨) તેમના જૈન પ્રવચનમાં કોઈ પણ વાત સિદ્ધાંતથી વિરુદ્ધ લખાઈ કે બોલાઈ નથી. ૩) હું ઈચ્છું છું કે તેમના બધાય પ્રવચનો સંસ્કૃતમાં લખાવી જ્ઞાનભંડારોમાં મૂકાઈ જાય જેથી ભવિષ્યમાં તે આગમની ગરજ સારનારા બનશે." ગુરુદેવશ્રીના હૈયે પોતાના પટ્ટશિષ્યનું કેવું ઉચ્ચ સ્થાન-માન હતું તે જાણવા- જણાવવા માટે આ ત્રણ વાતો જ પર્યાપ્ત છે.

આ એ પ્રવચનો છે કે જે પ્રવચનોનાં સંપાદન દ્વારા અનેક તંત્રીઓ સાધુપદના ચાહક ને ગ્રાહક બની ગયા. તેમજ આ પ્રવચનોના શ્રવણ ને વાંચન દ્વારા પૂ.આ.ભ. **શ્રીભદ્રંકરસૂરિ** મ.સા., પૂ.આ.ભ. **શ્રી ભુવનભાનુસૂરિ** મ.સા., પૂ.આ.ભ. **શ્રી કલાપૂર્ણસૂરિ** મ.સા. તથા અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ. **શ્રી ગુણસાગરસૂરિ** મ.સા. જેવા અનેક પુણ્યાત્માઓ સંયમધર્મને પ્રાપ્ત કરનારા બન્યા.

વિ.સં.૨૦૨૩ની સાલથી લઈને વિ.સં.૨૦૪૭ની સાલ સુધીમાં અગણિતવાર તે પૂજ્યશ્રીના પ્રવચનોની પ્રત્યક્ષધારામાં ભીંજાવાનું સૌભાગ્ય મને સાંપડ્યું ત્યારના આનંદની અને ધન્યતાના અનુભવની તો શું વાત કરું ? પરંતુ આજે પણ જ્યારે જ્યારે તે પરમારાધ્યપાદ પૂજ્યશ્રીના પ્રવચનો વાંચવા મળે છે ત્યારે કોઈ અદ્ભુત-અનોખી દુનિયામાં વિહરતો હોઉં એવો અનુભવ થયા વિના રહેતો નથી.

'પ્રાવચનિક પ્રશ્નોત્તર'ના યથાર્થ નામે પ્રગટ થઈ રહેલા પ્રસ્તુત પ્રકાશનમાં

**જિનવાણી** પાક્ષિકમાં પ્રકાશિત થયેલાં ૧ થી ૧૫ વર્ષના પ્રવચનોમાંથી અને **સન્માર્ગ પ્રકાશન** દ્વારા પ્રકાશિત સંઘ સ્વરૂપ દર્શન તથા આચારાંગના પ્રવચનોમાંથી ચૂંટીને ઉદ્ધરેલા પ્રશ્નોત્તરોનો સુસંગ્રહ કરવામાં આવ્યો છે. તે તે પ્રશ્નોત્તરોની નીચે સ્થાન નિર્દેશ પણ કરવામાં આવ્યો છે. જેથી વિશેષ જિજ્ઞાસુઓ પોતાની જિજ્ઞાસાને સહજતાથી સંતોષી શકે.

આશુકવિ મુ. **શ્રી. પ્રશમરતિ વિજયજીએ** પ્રસ્તાવનામાં પૂજ્યશ્રીની પ્રશ્નોત્તરાત્મક પ્રવચનશૈલીનો સુંદર પરિચય આપી હૃદયમાં વસેલી ગુરુભક્તિ પ્રદર્શિત કરી છે. તે હાર્દિક ગુરુભક્તિની હાર્દિક અનુમોદના.

આ પ્રશ્નોત્તરીના વાંચન દ્વારા સુજ્ઞ વાચકવર્ગ પૂજ્યશ્રીના પ્રવચન પ્રતિ આકર્ષાય અને તે પ્રવચન સાહિત્યને ચિંતન-મનન પૂર્વક વાંચી તેમાં આપેલા જિનાજ્ઞામય ઉપદેશોને હૃદયમાં અને જીવનમાં ઉતારી આત્મહિતના પંથે દ્રુતગતિએ પ્રગતિ સાધે એવો શુભભાવ આ સંપાદનની ક્ષણોમાં મારા હૃદયમાં સતત ધબકતો રહ્યો છે. મારા તે શુભભાવને સુજ્ઞ વાચકવર્ગ અવશ્ય સાર્થક કરશે એવા આશાભર્યા હૈયે વિરમું છું.

**વિજય પુણ્યપાલસૂરિ**
**વિ.સં.૨૦૭૨ ફા.સુ.૧૩**
**નંદ પ્રભા પ્રાસાદ**
**શ્રી સિદ્ધગિરિરાજ**

# સુકૃતાનુમોદનમ્

## મુખ્ય લાભાર્થી

જુના ડીસા નિવાસી

**માતોશ્રી મંગુબેન વાલચંદભાઈ શેઠ** પરિવાર, હાલ-નાસિક

હસ્તે પ્રવિણભાઈ

## સહ લાભાર્થી

લીલાબેન ચીમનલાલ શાહ પરિવાર, મુંબઈ

વીરબાળાબેન રમેશભાઈ વખારીયા પરિવાર, મુંબઈ

વાસંતીબેન ભામાભાઈ સંઘવી પરિવાર, મુંબઈ

# સંક્ષિપ્ત વિષયાનુક્રમ ચતુર્થ પડાવ


| ક્રમ | વિષય | કુલ પ્રશ્નો | પૃ.નં. |
|---|---|---|---|
| ૨૩ | દીક્ષા | ૫૧ | ૧૯૮ થી ૨૪૬ |
| ૨૪. | દેવ-દેવી | ૩ | ૨૪૭ થી ૨૪૮ |
| ૨૫. | ધર્મ | ૧૧ | ૨૪૯ થી ૨૫૭ |
| ૨૬. | ધાર્મિક વહીવટ | ૨ | ૨૫૮ થી ૨૬૦ |
| ૨૭. | નિયાણું | ૨ | ૨૬૧ |
| ૨૮. | પૌષધ | ૬ | ૨૬૨ થી ૨૬૬ |
| ૨૯. | પ્રભાવક અને રક્ષક | ૨૩ | ૨૬૭ થી ૨૮૩ |
| ૩૦. | ભક્ષ્યાભક્ષ્ય(કેરી) | ૩ | ૨૮૪ થી ૨૮૫ |
| ૩૧. | ભવ્ય-અભવ્ય | ૮ | ૨૮૬ થી ૨૯૦ |
| ૩૨. | મરણ | ૧ | ૨૯૧ |
| ૩૩. | મિથ્યાત્વ | ૧૧ | ૨૯૨ થી ૨૯૮ |
| ૩૪. | મૈત્રીભાવના | ૫ | ૨૯૯ થી ૩૦૩ |
| ૩૫. | મોક્ષ | ૧૩ | ૩૦૪ થી ૩૨૧ |
| ૩૬. | યોગ અનુષ્ઠાન 'ઈહફલસિદ્ધિ' | ૫ | ૩૨૨ થી ૩૩૧ |
| ૩૭. | રાત્રિભોજન | ૩ | ૩૩૨ થી ૩૩૩ |
| ૩૮. | વિચાર સ્વાતંત્ર્ય કે વર્તન સ્વાતંત્ર્ય | ૬ | ૩૩૪ થી ૩૪૬ |
| ૩૯. | વિગઈ | ૫ | ૩૪૭ થી ૩૫૨ |
| ૪૦. | વિષય-કષાય | ૧ | ૩૫૩ |
| ૪૧. | વ્રત-પચ્ચક્ખાણ | ૭ | ૩૫૪ થી ૩૫૯ |
| ૪૨. | સમ્યગ્દર્શન | ૧૮ | ૩૬૦ થી ૩૭૬ |
| ૪૩. | સમ્યગ્દૃષ્ટિ | ૧૦ | ૩૭૭ થી ૩૮૬ |
| ૪૪. | સાધુ | ૧૬ | ૩૮૭ થી ૪૦૫ |
| | | | |

# ❊ પ્રશ્નાનુક્રમ ચતુર્થ પડાવ ❊


| પ્રશ્ન | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| | **દીક્ષા** | |
| ૧૮૨ | રજોહરણ એટલે ? | ૧૯૮ |
| ૧૮૩ | ભૌતિક સુખ માટે ત્યાગી થાય ? | ૧૯૯ |
| ૧૮૪ | આઠ વર્ષ પહેલાં દીક્ષાના પરિણામ થતા નથી.' એમ શાસ્ત્ર કહે છે અને 'શ્રી અતિમુક્તક કુમાર, છ વર્ષની વયે પ્રવ્રજિત થયા છે.' તો એને અંગે, શાસ્ત્ર શું કહે છે. ? | ૧૯૯ |
| ૧૮૫ | જેણે શ્રાવકની પ્રતિમાનું વહન ન કર્યું હોય : તેને પ્રવ્રજ્યાનું પ્રદાન કરી શકાય કે નહિં ? | ૨૦૦ |
| ૧૮૬ | દીક્ષા જેવી ઉત્તમ ચીજ માટે વર્તમાનમાં આટલો ઘોંઘાટ શા માટે ?' | ૨૦૩ |
| ૧૮૭ | દીક્ષા લેનારની વય, જ્ઞાન, યોગ્યતા પાત્રતા એ બધું તો જોવું જોઈએ ને? | ૨૦૪ |
| ૧૮૮ | 'જે અણુવ્રત શું છે, એ પણ જાણતો નથી તેને મહાવ્રત કેમ અપાય ?' | ૨૦૪ |
| ૧૮૯ | કપ્તાન એટલે નિર્યામક એ નિર્યામક કેવો જોઈએ ? | ૨૦૫ |
| ૧૯૦ | કારણ પહેલું કે કાર્ય પહેલું ? | ૨૦૬ |
| ૧૯૧ | મહાવ્રત લીધેલા તો મોક્ષે જ જાય ને ? એ પડે ખરા ?' | ૨૦૬ |
| ૧૯૨ | અભવીને ચૌદ પૂર્વ હોય ? | ૨૦૮ |
| ૧૯૩ | 'નાની વયમાં દીક્ષા ઈચ્છાથી કે અનિચ્છાથી ?' | ૨૦૯ |
| ૧૯૪ | 'પાત્રતા જોવાની કે નહિ ?' | ૨૦૯ |
| ૧૯૫ | અણુવ્રત પણ ન જાણે તેને મહાવ્રતો અપાય ?' | ૨૦૯ |
| ૧૯૬ | નાની ઉંમરવાળા માટે સરકાર મેનેજમેન્ટ મૂકે છે. એ ઉંમરલાયક ન | ૨૧૦ |

| | | |
|---|---|---|
| | થાય ત્યાં સુધી એને મીલકત સોંપાતી નથી. એના વાલી તરીકે જે નીમાય તેને સોંપાય છે, તો એવો કાયદો અહિં નહી ?' | |
| ૧૯૭ | ત્યારે બહારનો ઘોંઘાટ તો બહુ જુદો છે !' | ૨૧૦ |
| ૧૯૮ | દીક્ષા આપવા માટે દેશકાળ જોવાનો કે નહિ ?' | ૨૧૧ |
| ૧૯૯ | મેઘમાલી પર તથા ઈંદ્ર પર બેય ઉપર સમાનતા ?' | ૨૧૪ |
| ૨૦૦ | પ્રભુ આટલી કડક ટીકા કરે તો ઈંદ્રો સમોસરણ પાછું ખેંચી ન લે? | ૨૧૫ |
| ૨૦૧ | 'સાગરોપમના સુખ છ મહિનામાં બળીને રાખ ? | ૨૧૬ |
| ૨૦૨ | અસ્પૃશ્યને અને અનાર્યને દીક્ષા અપાય ? | ૨૧૬ |
| ૨૦૩ | દીક્ષાના લેનાર દીક્ષા ભાંગે તો આપનારને દોષ ખરો કે નહિ? | ૨૧૭ |
| ૨૦૪ | સાહેબ ! લોભથી દીક્ષા અપાય તો ? | ૨૧૭ |
| ૨૦૫ | શું અપ્રશસ્ત લોભ નહિ બનતો હોય ? | ૨૧૭ |
| ૨૦૬ | શિષ્યલોભ પ્રશસ્ત કે અપ્રશસ્ત ? | ૨૧૮ |
| ૨૦૭ | ગચ્છમોહ હોય તો ? | ૨૧૮ |
| ૨૦૮ | પોતાની પાસે પચાસ શિષ્ય હોય અને બીજા પચાસ ઇચ્છે એમાં વાંધો નહિ ? | ૨૧૮ |
| ૨૦૯ | ભગવાને પણ એવાને દીક્ષા આપીને ? | ૨૨૧ |
| ૨૧૦ | ભગવાને પોતે માતપિતા જીવતાં દીક્ષા ન લેવાનો અભિગ્રહ કર્યો અને બીજાને વગર રજાએ ઉપડાવ્યો ! | ૨૨૨ |
| ૨૧૧ | ગૌતમસ્વામીએ જે ખેતરમાં દીક્ષા આપી, ત્યાં તે ગામના સંઘની આજ્ઞા લીધી કે નહિ ? | ૨૨૨ |
| ૨૧૨ | વૈદ્યને શરીર સોંપતી વખતે સંઘની રજા ન લે ? | ૨૨૩ |
| ૨૧૩ | સંસાર છોડતાં સ્નેહીઓ રડે તેનું શું ?' | ૨૨૪ |
| ૨૧૪ | મુનિપણામાં ભીખ માંગવી પડે છે ! | ૨૨૫ |

૨૧૫ એ ભાવના ન રહે તો ? ૨૨૬
૨૧૬ બે-પાંચ દિ' ન મળે તો રહે ? ૨૨૬
૨૧૭ મુનિઓને ગૃહસ્થોની જરૂર છે, માટે ગૃહસ્થો રહેવા જોઈએ એવા વિચાર ન કરે ? ૨૨૭
૨૧૮ એવો પ્રશ્ન આપની પાસે નથી કરતા, એનું કારણ કે, ડર લાગે છે. ૨૨૯
૨૧૯ બંદરે પેસેન્જર લેવા આવે. ૨૨૯
૨૨૦ જેને સાચો વૈરાગ્ય થયો હોય તેને જાહેરમાં દીક્ષા કેમ ન અપાય? ૨૩૧
૨૨૧ દીક્ષા માટે શાસ્ત્રની આજ્ઞા શું છે ?' ૨૩૩
૨૨૨ સાહેબ ! પણ દીક્ષા લેનારની પાછળ અમુક રડે કરે એનું પાપ કોને?' ૨૩૫
૨૨૩ શું ન વોસિરાવ્યા હોય તો મરનારને પણ પાપ લાગે ? ૨૩૫
૨૨૪ જૈન માંસાહાર તો ન જ કરે, છતાં પણ તેને પાપ લાગે ? ૨૩૭
૨૨૫ કેટલાક કહે છે કે, 'રેલગાડી તો ચાલે છે, માટે એમાં બેસવામાં પાપ શું? ૨૩૮
૨૨૬ ઘણું પાપ એમ ને એમ લાગે છે તેનું કારણ શું ?' ૨૩૯
૨૨૭ ઈચ્છા કરે તો ને ? ૨૩૯
૨૨૮ ખાનારને ખેતીનું અને વસ્ત્ર પહેરનારને મિલનું પાપ લાગે? ૨૪૦
૨૨૯ કેવળ લોકોને પગે લગાડવાના ભાવથી લેતા હોય તો? ૨૪૧
૨૩૦ શ્રાવકોને વશ કરી લે એટલે ગાડી ચાલે ને ? ૨૪૧
૨૩૧ 'મંત્ર-તંત્ર, દોરાધાગાથી વશ ન થાય? ૨૪૧
૨૩૨ સાધુ એકલા વિહાર કરતા હોય તો પુછાય ?' ૨૪૫
૨૩૩ બાળક દયા પાળે, દર્શન કરે વગેરે તો એના પૂર્વના પુણ્યથી ને ?' ૨૪૬

**દેવ-દેવી**

૨૩૪ ધર્મદેવ' કોને કહેવાય અને તેમની સ્થિતિ કેટલી ? ૨૪૭
૨૩૫ દેવદેવીની સ્થાપના શા માટે થાય છે ? ૨૪૮

| | | |
|---|---|---|
| ૨૩૬ | 'ઇંદ્ર તો અવધિજ્ઞાની છે, કેવળજ્ઞાન અરૂપી છે, તો એને કોઇને કેવળજ્ઞાન થયાની શી ખબર પડે ?' | ૨૪૮ |
| | **ધર્મ** | |
| ૨૩૭ | ભગવન્ ! ધર્મ કરતાં પણ આશ્રવ તો થાય છે ને ? | ૨૪૯ |
| ૨૩૮ | જિનવાણી વર્ષ ૪ અંક ૨૦માં લૌકિક ધર્મ અને લોકોત્તર યતિધર્મ વિષેની હકીકત આવે છે. તે લૌકિક ઉત્તમ ધર્મો અને લોકોત્તર યતિ ધર્મ એટલે શું ? | ૨૫૦ |
| ૨૩૯ | લૌકિક ઉત્તમ ધર્મો કરતા શ્રાવકધર્મ અને શ્રાવકધર્મ કરતા લોકોત્તર યતિધર્મ શ્રેષ્ઠ કેમ ? | ૨૫૦ |
| ૨૪૦ | ધર્મનું આપણે રક્ષણ કરવાનું કે ધર્મ આપણું રક્ષણ કરે ? | ૨૫૧ |
| ૨૪૧ | અર્થકામ અનર્થભૂત છે, તો ધર્મથી જે અર્થકામ પ્રાપ્ત થાય તે અર્થભૂત કે અનર્થભૂત ? | ૨૫૨ |
| ૨૪૨ | ધર્મ કરવા માટે કોણ યોગ્ય છે ? | ૨૫૩ |
| ૨૪૩ | ધર્મ અને પુણ્યમાં કેટલો તફાવત ? | ૨૫૪ |
| ૨૪૪ | સાહેબ ! શ્રી ઋષિમંડલ સ્તોત્રમાં આવે છે ને કે- | ૨૫૪ |
| ૨૪૫ | સંસારની પુષ્ટિ ત્યાગની પુષ્ટિ માટે ન થાય ?' | ૨૫૫ |
| ૨૪૬ | કર્મે શૂરા તે ધર્મે શૂરા' એમ કહ્યું છે ને ? | ૨૫૬ |
| ૨૪૭ | ત્યાગી પરિવારનું ઘડતર કેવું કરે ? | ૨૫૬ |
| | **ધાર્મિક વહીવટ** | |
| ૨૪૮ | ચોખા તથા બદામ વગેરે મંદિરમાં મુકાય, પછી તે વેચાય, ફરતાં શ્રાવકનાં ઘરમાં આવે ને એના પેટમાં જાય તો દેવદ્રવ્યના ભક્ષણનો દોષ ન લાગે ?' | ૨૫૮ |
| ૨૪૯ | દેવદ્રવ્યમાં પોતે આપેલા પૈસા કોઈ પાછા માગે તો અપાય?' | ૨૬૦ |
| | **નિયાણું** | |
| ૨૫૦ | નિયાણું એટલે શું ? | ૨૬૧ |

| | | |
|---|---|---|
| ૨૫૧ | કર્મ નિકાચિત હોય તો ? | ૨૬૧ |
| | **પૌષધ** | |
| ૨૫૨ | પૌષધના પ્રકાર કેટલા ? | ૨૬૨ |
| ૨૫૩ | પૌષધ પૂજા કરીને કરી શકાય ? | ૨૬૩ |
| ૨૫૪ | પૌષધમાં ચોવીશેય કલાક શું કરવાનું ? | ૨૬૩ |
| ૨૫૫ | પૌષધમાં કેવું સાહિત્ય વાંચી શકાય ? | ૨૬૪ |
| ૨૫૬ | પૌષધ સવારે ક્યારે લેવો જોઇએ ? | ૨૬૪ |
| ૨૫૭ | રાત્રિપૌષધ ક્યારે લેવાય ? | ૨૬૪ |
| | **પ્રભાવક અને રક્ષક** | |
| ૨૫૮ | મોટા ડોક્ટરો પણ ગામમાં મરકી ફેલાય ત્યારે ગામમાં જ રહે છે. ' | ૨૬૮ |
| ૨૫૯ | એ ચૈત્યવાસીઓ શું કરતા હતા ?' | ૨૬૯ |
| ૨૬૦ | સત્યાગ્રહની વ્યાખ્યા શી ?' | ૨૭૦ |
| ૨૬૧ | બહિષ્કારની વ્યાખ્યા ?' | ૨૭૦ |
| ૨૬૨ | ક્રોધ, માયા અને લોભથી માન વધે ?' | ૨૭૧ |
| ૨૬૩ | માન ઓળખવાનાં પ્રગટ ચિહ્નો ક્યાં ? | ૨૭૧ |
| ૨૬૪ | તો પછી બધા ઝઘડા માનના ?' | ૨૭૧ |
| ૨૬૫ | સંસારમાર્ગ પ્રારબ્ધાધીન અને મોક્ષમાર્ગ પુરુષાર્થાધીન, એમ જ ને ?' | ૨૭૨ |
| ૨૬૬ | એક સૉલિસિટર મને કહેતા હતા કે– 'રામવિજયને તો દુઃખગર્ભિત વૈરાગ્ય છે, માટે એની વાણી સચોટ છે; માટે એ સંસારને દુઃખમય કહી લોકને હેરાન કરે છે અને એથી એમનામાં કાંઈ મનુષ્ય પ્રેમ નથી.' | ૨૭૨ |
| ૨૬૭ | એ સૉલિસિટર અગર એવાઓ તો એમ કહે છે કે – 'દુનિયાના પ્રેમીએ તો જે જેનો અર્થી હોય તેને તે આપવું.' | ૨૭૫ |
| ૨૬૮ | એ લોકો કહે છે કે, સમયે બધું ફરે, કાલિકસૂરિએ પણ પાંચમની ચોથ કરી ને ? એ રીતે દેવદ્રવ્યાદિના ઉપયોગની વ્યાખ્યા ફેરવાય. આવું કહેનારા આચાર્ય છે. તેની સામે અમે અજ્ઞાન શું કરીએ ? | ૨૭૭ |

૨૬૯ 'અકામ નિર્જરા કોને કહેવાય ?' ૨૭૮
૨૭૦ એક વીતરાગને માને, પણ અન્ય માન્યતાઓમાં ભેદ હોય તો સંગઠન થાય ?' ૨૭૮
૨૭૧ 'ઘોડાનો ગુણ ગધેડામાં ન જાય ?' ૨૭૯
૨૭૨ ઘરમાં રાખે તો ઘરને બગાડે, બહાર કાઢે તો દુનિયાને બગાડે!' ૨૮૦
૨૭૩ 'મરકીનો ઉંદર ઘરમાં રખાય ?' ૨૮૦
૨૭૪ વર્ણવ્યવસ્થા આ શાસનમાં માન્ય છે ?' ૨૮૧
૨૭૫ એ વિશાળ દષ્ટિ ન કહેવાય ?' ૨૮૧
૨૭૬ વીતરાગને માને, પણ પૂજા ન કરે તો ?' ૨૮૧
૨૭૭ ઊંચી દષ્ટિએ પહોંચ્યો હોય તો ?' ૨૮૨
૨૭૮ પરદેશ જાય ત્યાં કેવી રીતે કરે ?' ૨૮૨
૨૭૯ 'એવા દેશના સંઘ કઢાય ?' ૨૮૨
૨૮૦ નિશ્ચય શું અને વ્યવહાર શું ?' ૨૮૩

**ભક્ષ્યાભક્ષ્ય(કેરી)**

૨૮૧ 'ત્યાં આર્દ્રા પછી કેરી થાય છે.' ૨૮૪
૨૮૨ આર્દ્રા નક્ષત્રમાં જ વાંધો ને ? આર્દ્રા પછી બીજું નક્ષત્ર બેસે એટલે ખવાય ?' ૨૮૪
૨૮૩ ઝાડ ઉપરની કેરીને વાંધો ખરો ? ' ૨૮૫

**ભવ્ય-અભવ્ય**

૨૮૪ અભવ્યની ઓળખાણ કઇ ? ૨૮૬
૨૮૫ 'ઓઘાવાળાનો એકડો તો નિયત ને ?' ૨૮૭
૨૮૬ 'અધર્મી શા ઉપરથી ?' ૨૮૭
૨૮૭ 'બહારના દેખાવ ઉપરથી.' ૨૮૭
૨૮૮ 'કાંગડુ કદી મગ ન જ થાય. અગ્નિ ઠંડો ન થાય, તેમ અભવીનો સ્વભાવ જ કે તે કદી મુક્તિએ ન જાય?' ૨૮૭

૨૮૯ 'પરંતુ, દીક્ષા લે અને દવલોક મળે, દીક્ષા લે અને દેવલોક મળે એમ તો અભવીને ચાલુ રહે ને?' ૨૮૮
૨૯૦ 'ત્યારે, સાધુ પણ માયા કરે એમ ?' ૨૮૯
૨૯૧ 'વાતનો મુદ્દો તો આ જ ને ?' ૨૯૦

**મરણ**

૨૯૨ જીવનભર પાપ કરનારને સમાધિમરણ મળે ખરૂં ? ૨૯૧

**મિથ્યાત્વ**

૨૯૩ મિથ્યાત્વની વ્યાખ્યા શું છે. ? ૨૯૨
૨૯૪ બધું જ માને પણ ફક્ત એક વચન જ ન માને તોયે મિથ્યાત્વ? ૨૯૩
૨૯૫ સમજવા માટે શંકા કરે તો મિથ્યાત્વ લાગે ? ૨૯૩
૨૯૬ 'મિથ્યાત્વીના ગુણની પ્રશંસા ન થાય ?' ૨૯૪
૨૯૭ 'પણ સાથે દુર્ગુણ કહે તો ?' ૨૯૪
૨૯૮ 'હરિભદ્રસૂરિજીએ પતંજલિને 'ભગવન્' શબ્દથી સંબોધ્યા છે ને ?' ૨૯૪
૨૯૯ 'દેવભવ મળી જાય ને ?' ૨૯૫
૩૦૦ 'આ નવયુગના સાહિત્યમાં સુલસાને સ્થાન છે ?' ૨૯૬
૩૦૧ ' અંતઃકરણ એટલે ?' ૨૯૭
૩૦૨ 'કાયાથી અનુમોદન શી રીતે?' ૨૯૭
૩૦૩ 'મિથ્યાત્વ અને અજ્ઞાનમાં ફેર ખરો ?' ૨૯૮
૩૦૪ 'એવાઓમાં જ્ઞાનનો પ્રકાશ કેટલો ?' ૩૦૦
૩૦૫ 'આત્મારામજી મહારાજ અહીં આવ્યા પછી પોતાના પહેલાનાં ગુરુને પૂજ્ય માનતા હતા ?' ૩૦૦
૩૦૬ 'આમાં બંધુભાવનો નાશ નથી ?' ૩૦૧
૩૦૭ 'જેઓ બંધુભાવની આવી ઊંચી વાતોનો ડોળ કરે છે તેઓ જગતના કોઇ ૩૦૨

પણ પ્રાણી પ્રત્યેના બંધુભાવના સંહારની પ્રવૃતિ કરે ?'
૩૦૮ 'એવા શાસનના વિરોધીઓને દૂર કરવા, એ આપદ્ધર્મ ?' ૩૦૩
૩૦૯ એ તો કયારે મળે ? એના માટે તો ભવો જોઈએ ને? ૩૦૪
૩૧૦ 'અશુભોદયને લઇને અર્થકામ ન મળે એ વાત સાચી પણ એ અશુભોદયને ઊડાડવાની કોશિશ કરે તો તો અર્થકામ મળે ને ?.' ૩૦૬
૩૧૧ 'સુ' ઉદ્યમ કરે તો ?' ૩૦૬
૩૧૨ 'ઉદ્યમ નિષ્ફળ જાય ?' ૩૦૮
૩૧૩ 'પણ ક્રિયા તો ફળવતી જ હોય ને ? ' ૩૦૮
૩૧૪ 'એ તો ફળનો ભોગવટો ભલે ન થયો પણ ફળ તો મળે ને ?' ૩૦૮
૩૧૫ 'જેમ ભુંડને મિષ્ટાન્ન ખવડાવવાની મહેનત નકામી તેમ અયોગ્યને આ ઉત્તમ ધર્મ આપવાની મહેનત પણ નકામી ?' ૩૦૯
૩૧૬ 'અર્થકામની દેશનામાંથી પણ સારૂં લેવાય ને ?' ૩૧૦
૩૧૭ 'મોક્ષના જીવોને તો અજીવની જેમ બેસી જ રહેવાનું ને ?' ૩૧૧
૩૧૮ 'ગર્ભથી જ કોઇ મોક્ષે જાય ?' ૩૧૨
૩૧૯ 'સંવરની ક્રિયામાં સ્વરૂપ હિંસા ન આવે ?' ૩૧૪
૩૨૦ 'અત્યારે મોક્ષ ક્યાં છે ?' ૩૧૫
૩૨૧ ' શ્રેણિક મહારાજા તો અવિરતિના યોગે નિયમ વગરના હતા તો પણ તે આવી ઉત્તમ વ્યક્તિ તરીકે કઈ રીતે ઓળખાયા ?' ૩૧૭

**યોગ અનુષ્ઠાન 'ઈહફલસિદ્ધિ'**

૩૨૨ ઇહફલસિદ્ધિ એટલે શું ? ૩૨૨
૩૨૩ વિષાનુષ્ઠાન શા માટે ત્યાજ્ય ? ૩૨૩
૩૨૪ ગરાનુષ્ઠાન કોને કહેવાય ? ૩૨૪
૩૨૫ પ્રણિધાન, પ્રવૃતિ, વિઘ્નજય, સિદ્ધિ અને વિનિયોગ-એ ધર્મના પાંચ ૩૨૫

આશયોનો અર્થ શું ?

૩૨૬ આજે દિનપ્રતિદિન લૌકિક અને લોકોત્તર મિથ્યાત્વ આપણા સમાજમાં ખૂબ જ વૃદ્ધિ પામતું જાય છે. લૌકિક મિથ્યાત્વ સેવનારાઓ કહે છે કે- 'અમે આ લોકના જ ફલ માટે લૌકિક દેવોને માનીએ છીએ પણ તેઓને મોક્ષપ્રદ સુદેવ તરીકે ન સ્વીકારીએ તો પછી શું હરકત છે?' અને લોકોત્તર મિથ્યાત્વને સેવનારાઓ કહે છે કે -'લૌકિક ફલની પ્રાપ્તિ ખાતર જ સુદેવને આરાધીએ છીએ. એથી અમારામાં મિથ્યાત્વ શી રીતે આવી જાય ?' આ કારણે આ બે ય પ્રશ્નોનો વાસ્તવિક ઉત્તર શું છે? ૩૨૬

**રાત્રિભોજન**

૩૨૭ આજે તો કહે છે કે ઇલેક્ટ્રીક લાઇટના અજવાળામાં રાત્રે ખાવામાં પણ પાપ ? ૩૩૨

૩૨૮ 'રાત્રિભોજનમાં કયું પાપ ?' ૩૩૩

૩૨૯ 'ઘુવડો સૂર્યોદય ન જોઇ શકે.' ૩૩૩

**વિચાર સ્વાતંત્ર્ય કે વર્તન સ્વાતંત્ર્ય**

૩૩૦ જૈનદર્શનમાં કલ્પિત વિચારસ્વાતંત્ર્યની પણ છૂટ ક્યાં છે ? ૩૩૫

૩૩૧ કોઈ ખરાબ ચીજ ખાતો હોય તો ન પણ ખાવા દેવાય ને ? ૩૩૫

૩૩૨ ત્યાં તો કોઈ જાય જ નહિ ને ! ૩૩૯

૩૩૩ સાહેબ વૈરાગ્યની ચોપડીઓનાં ટ્રાન્સલેશન પણ કર્યાં છે ! ૩૩૯

૩૩૪ એવાઓની પાસે કોઈ જવાનું નથી; કોણ જવા બેઠું છે ? ૩૪૦

૩૩૫ શ્રી કૃષ્ણ મહારાજાએ દાંડી પીટાવી ત્યારે પડવા-ન પડવાનું જોયેલું ? ૩૪૪

**વિગઈ**

૩૩૬ ભક્ષ્ય વિગઇઓ કેટલી અને ભક્ષ્ય વિગઇઓના ભેદ કેટલા? ૩૪૭

૩૩૭ ઘેટી અને ઉંટડીના દૂધને કોઇએ અભક્ષ્ય તરીકે પણ જણાવેલ છે એ વાત ખરી ? ૩૪૮

૩૩૮ આ રીતિએ એક જ વાતમાં પરસ્પર વિરોધ આવે તેનું કેમ ? ૩૪૯
૩૩૯ 'સાધુ કંદમૂળ લે ? એ અકૃત, અકારિત અને અનનુમોદિત હોય તો શો વાંધો?' ૩૫૧
૩૪૦ 'વિગઈ વિના ચાલે ખરું ?' ૩૫૨

**વિષય-કષાય**

૩૪૧ 'વિષયવિરાગથી કષાયત્યાગ કે કષાયત્યાગથી વિષય વિરાગ ?' ૩૫૩

**વ્રત-પચ્ચક્ખાણ**

૩૪૨ 'હિરણ્યાદિ પરિગ્રહનો પરિત્યાગ કરીને'-એનો અર્થ શું ?' ૩૫૪
૩૪૩ ગુણવ્રત કોને કહેવાય? ૩૫૪
૩૪૪ શિક્ષાવ્રત કોને કહેવાય ? ૩૫૫
૩૪૫ 'વારંવાર નિયમ લે અને તૂટે તો ?' ૩૫૭
૩૪૬ 'પૂજા અને વ્યાખ્યાનમાં પ્રધાનતા કોની ?' ૩૫૮
૩૪૭ વ્યાખ્યાનમાં સંખ્યા કેમ ઓછી ? પૂજા કરનારા કરતાં વ્યાખ્યાન શ્રવણમાં સંખ્યા ઓછી કેમ? ૩૫૯
૩૪૮ 'જ્યાં ટોણા નથી મરાતા ત્યાં પણ સંખ્યા ઓછી શાથી ?' ૩૫૯

**સમ્યગ્દર્શન**

૩૪૯ 'સમ્યગ્દષ્ટિ પૌદ્ગલિક લાલસાથી ધર્મ કરે જ નહિ ?' ૩૬૦
૩૫૦ અર્થકામ અનર્થભૂત છે એમ તો એ માને જ ને? ૩૬૦
૩૫૧ સમ્યગ્દષ્ટિ કોઇ ધર્મક્રિયા પૌદ્ગલિક લાલસાના યોગે કરે,તો તેનું સમ્યક્ત્વ ચાલ્યું જ જાય ? ૩૬૦
૩૫૨ પૌદ્ગલિક ઇરાદાથી ધર્મ કરનારને પણ લાભ તો થઇ જાય ને? ૩૬૧
૩૫૩ અર્થકામ અનર્થભૂત છે તો ધર્મથી જે અર્થકામ પ્રાપ્ત થાય તે અર્થભૂત કે અનર્થભૂત ? ૩૬૧

| | | |
|---|---|---|
| ૩૫૪ | પાપાનુબંધી પુણ્ય ખપે ખરું ? | ૩૬૩ |
| ૩૫૫ | ભૂતકાળનો પણ વિચાર કરવો પડે ? | ૩૬૪ |
| ૩૫૬ | તો પછી "**ગતં ન શોચયેત્**" એમ કહ્યું છે, એ શાથી ? | ૩૬૫ |
| ૩૫૭ | 'વાણી સ્વાતંત્ર્યનો યુગ છે ને ?' | ૩૬૬ |
| ૩૫૮ | મેઘકુમારને એમ જ થયું ને ? | ૩૬૬ |
| ૩૫૯ | શું વર્તમાન જોવાનો જ નહિ ? | ૩૬૭ |
| ૩૬૦ | નિમિત્તવાસી જીવ છે ને ? | ૩૬૮ |
| ૩૬૧ | સમ્યગ્દષ્ટિને દુઃખ શાનું ? | ૩૬૮ |
| ૩૬૨ | 'ઈતરદર્શનમાં પણ ત્યાગ તો છે ને ?' | ૩૭૦ |
| ૩૬૩ | સમ્યગ્દર્શન સંસાર ન ગમે તો જ આવે કે સંસારને સારો ન માને તો યે આવે? | ૩૭૨ |
| ૩૬૪ | જ્ઞાન, દર્શન, ચારિત્રનો પરસ્પર સંબંધ છે. ? | ૩૭૩ |
| ૩૬૫ | જ્ઞાન વિના દર્શન હોઇ શકે ? | ૩૭૪ |
| ૩૬૬ | 'સમ્યગ્દષ્ટિ લક્ષ્મીપૂજન કરે કે નહિ ?' | ૩૭૫ |
| | **સમ્યગ્દ્રષ્ટિ** | |
| ૩૬૭ | 'સમ્યક્ત્વધરને ક્રિયાનો અમલ નહિ ?' | ૩૭૭ |
| ૩૬૮ | 'આ તો સમ્યગ્દષ્ટિ ઉપર કામી તરીકે દોષારોપ !" | ૩૭૯ |
| ૩૬૯ | 'અનુભવ વગરનું જ્ઞાન સમ્યક્ કહેવાય?' | ૩૭૯ |
| ૩૭૦ | 'લાલા લજપતરાય જેવાએ જૈનધર્મ છોડી દીધો, એ જૈનો એમને સાચવી ન શક્યા માટે અથવા તો જૈનધર્મમાં પોલાણ હશે માટે ને ? એવું સમજાવે છે તો એમાં શું માનવું ? | ૩૮૧ |
| ૩૭૧ | 'ભગવાનને કેવળજ્ઞાન પછી પણ તેજોલેશ્યા અસર કરે?' | ૩૮૨ |
| ૩૭૨ | 'ગોશાળાએ ભગવાનને પરખ્યા તો ખરા ને?' | ૩૮૩ |

૩૭૩ 'ધર્મનેતાનું સ્થાન ઊંચુ કે દેશનેતાનું ?' ૩૮૪
૩૭૪ 'એ લોકો દેશની આબાદી મુખ્ય માને છે.' ૩૮૪
૩૭૫ 'સંયોગથી તો ખરું ને ?' ૩૮૫
૩૭૬ 'લજપતરાયને આ તો ન સાચવી શક્યા પણ એ પોતે સમયધર્મ કેમ ન સાચવી શક્યા ?' ૩૮૫

**સાધુ**

૩૭૭ સાધુ કોને કહેવાય ? ૩૮૭
૩૭૮ 'ગમે તેવા પણ સાધુને ન વંદાય ?' ૩૮૮
૩૭૯ સાધુ જેલમાં જાય ? ૩૯૦
૩૮૦ એ રીતે ફસામણથી જવું પડે ? ૩૯૦
૩૮૧ 'જેલમાં જવાથી કર્મ ખપે તે સકામ નિર્જરા કે અકામ નિર્જરા?' ૩૯૦
૩૮૨ એવા મુનિને જેલમાંથી છૂટયા પછી મનાય ? ૩૯૧
૩૮૩ જે વાત મુનિ માટે તે જ શ્રાવક માટે ? ૩૯૧
૩૮૪ કાંઇક પણ ગફલતી વગર આપત્તિ આવે ? ૩૯૨
૩૮૫. સાધુ શ્રાવકનું બહુમાન ક્યારે કરે ? ૩૯૩
૩૮૬ શ્રાવકને સાધુ 'આવો, બેસો' એમ ન કહે ? ૩૯૩
૩૮૭ આદર ન મળે ત્યાં ન જવું એ નીતિ છે તો સાધુ શ્રાવકને માન ન આપે તો શ્રાવક ત્યાં જાય ? ૩૯૩
૩૮૮ જૈનદર્શનમાં રહેલા સાધુ શું જૈનોને દુઃખી જોઈ શકે ? ૩૯૫
૩૮૯ 'સંસારનું એ દુઃખ, દુઃખ નથી દેખાતું !' ૩૯૫
૩૯૦ શ્રીમંતોની કૃપણતાથી દેવદ્રવ્ય પર નજર ગઈ ને ! ૩૯૮
૩૯૧ મૂળ કારણ તરફ દષ્ટિ જતી નથી. ૪૦૦
૩૯૨ મુનિથી પ્રમાદ સેવાઈ જાય કે સેવે છે ? ૪૦૩

# પૃચ્છના સ્વાધ્યાય મહિમા ગાન

પૂછે છે ગણધરજી, જગમાં શું સાર ? પ્રભુજી ! કહો ને એકવાર
પ્રગટી છે હૈયામાં જ્યોતિ 'જય'કાર, પ્રભુજી ! કહો ને એકવાર

આપી ત્રિપદી તિહાં ત્રિલોકનાથે, વાસનિક્ષેપ કરી શાસન સ્થાપે,
એક જ પ્રશ્નોત્તરમાં સૃષ્ટિનો સાર, પ્રભુજી ! કહો ને એકવાર....પૂછે છે....

સ્વાધ્યાય તપ મહીં મહિમા છે જેહનો, પૂછતા પૂછતા ટળે કાંટો સંદેહનો,
તૃપ્તિથી છલકાયે અમીરસ ધાર, પ્રભુજી ! કહો ને એકવાર....પૂછે છે....

વિનય ધરીને પૂછે ગોયમ મહાવીરને, ઉત્તરથી શાંત કરે ભયવં ગુણધીરને,
જિજ્ઞાસા ઉઠે છે મનમાં હજાર, પ્રભુજી ! કહો ને એકવાર....પૂછે છે....

પ્રશ્નો ને ઉત્તરથી ભરીયો શ્રુતદરિયો, ખેડ્યો જેણે તેને ખજાનો મળીયો,
શ્રદ્ધા ની નાવલડી ઊભી મઝધાર, પ્રભુજી ! કહો ને એકવાર....પૂછે છે....

જ્ઞાનની વૃદ્ધિને દર્શનની શુદ્ધિ, પ્રશ્નોત્તરથી બને નિર્મળ બુદ્ધિ,
અજ્ઞાન ભેદે ને ટાળે અંધાર, પ્રભુજી ! કહો ને એકવાર....પૂછે છે....

પ્રશ્ન ચિંતામણી-પ્રશ્ન છે દીવો, પ્રશ્નોત્તર સુધાને પીવે ભવિજીવો,
પ્રશ્નો ને ઉત્તરની માળા મનોહાર, પ્રભુજી ! કહો ને એકવાર....પૂછે છે....

(રાગઃ ખુલ્લા મૂક્યા છે મેં તો દિલડાંના દ્વાર....)

(પાર્શ્વાભ્યુદય યાત્રીકોના)

**રચના : જયશ્રીબેન મુકેશભાઈ કોઠારી**

## પાર્શ્વાભ્યુદય પ્રકાશનની સાહિત્ય-યાત્રાના યાત્રી બની
## પોતાની શ્રુતભક્તિ પ્રદર્શિત કરનારા
## મહાનુભવોની શુભ નામાવલી

શ્રીમતી ગુણવંતીબેન ભવાનજી કેશવજી છેડા પરિવાર ભચાઉ (કચ્છ-ગાવડ) હાલ-મુંબઈ.
શ્રીમતી ઝવેરબેન ભગવાનજી રામજી છેડા પરિવાર ઘાઘોદર (કચ્છ-વાગડ) હાલ-મુંબઈ.

- શ્રી હેમેન્દ્રભાઈ માણેકલાલ સંઘવી - મુંબઈ
- શ્રી ભૂપેન્દ્રભાઈ શાંતિલાલ શાહ - નાસિક
- શ્રી ઉકચન્દજી જુગરાજજી સાલેચા - અમદાવાદ
- શ્રી જ્યોતીન્દ્રભાઈ જે શાહ - અમદાવાદ
- શ્રી દિપકભાઈ રમણિકલાલ શાહ - અમદાવાદ
- શ્રી કાંતિલાલ એન. શાહ - ચેન્નઈ
- શ્રી પ્રવિણચંદ્ર હિંમતલાલ વ્યાસ - અમદાવાદ
- શ્રી ધીરેન્દ્રભાઈ કાંતિલાલ પારેખ - મુંબઈ
- અ. સૌ. માનકુંવરબેન નરોત્તમદાસ મહેતા પરિવાર મોટી વાવડી, હાલ-મુંબઈ
- શ્રીમતી કલાવતીબેન સોમચંદ ત્રિભુવનદાસ દોશી પરિવાર<br>હસ્તે અનિલભાઈ સંગમનેર
- શ્રી મહારાષ્ટ્ર ભુવન ચાતુર્માસ આરાધકો<br>વિ.સં.૨૦૬૬, પાલીતાણા
- વિરતિ પરિવાર, અમદાવાદ
- અ.સૌ.ચંદ્રાવતી પુત્ર-દેવેન્દ્રના આત્મશ્રેયાર્થે<br>શ્રી શાંતીલાલ ઉમેદચંદ ચાવાલા, સુરત.
- શ્રી છબીલભાઈ અમુલકભાઈ શાહ, ઘોટીવાળા, હાલ-મુંબઈ
- સ્વ. કુસુમબેન ચીનુભાઈ પાનાચંદ, ડાભલાવાળા, હાલ-નાસીક

# 'પૃચ્છના સ્વાધ્યાય' શ્રેણીના શ્રુતભક્ત મહાનુભાવો

## સાહિત્ય સ્તંભ

- સુ. હેમેન્દ્રભાઈ માણેકલાલ ઝવેરીના આત્મશ્રેયાર્થે તથા
  શ્રીમતી અરૂણાબેન કયવન્નભાઈ ઝવેરીના આત્મશ્રેયાર્થે
  શ્રી માણેકલાલ મોહોલાલ સંઘવી, વાલકેશ્વર - મુંબઈ
- શ્રીમતી તારાબેન માણેકજી મોતા, વાલકેશ્વર - મુંબઈ હસ્તે નિશાબેન હિતેશભાઈ મોતા

## સાહિત્ય સેવક

- શ્રીમતી મંજુલાબેન કિર્તિલાલ શાહ, પાલનપુર, હાલ-મુંબઈ
- શ્રી રાજેનભાઈ કિર્તિલાલ શાહ, પાલનપુર, હાલ-મુંબઈ
- શ્રીમતી દિપ્તીબેન રાજેનભાઈ શાહ, પાલનપુર, હાલ-મુંબઈ
- શ્રીમતી બિજલબેન માલવભાઈ શાહ, પાલનપુર, હાલ-મુંબઈ,હસ્તે-મિશ્કા-અનુષ્કા
- શ્રીમતી સ્નેહાબેન બિનોયભાઈ શાહ, પાલનપુર, હાલ-મુંબઈ, હસ્તે યુવરાજ
- શ્રી બાબુલાલ મંગળજી પરિવાર, ઉંબરીવાળા હસ્તે-ચેતનભાઈ
- શ્રી નાગજીભાઈ અચલદાસ, મુંબઈ
- શ્રી ચુનીલાલજી ઘમંડીરામજી, મુંબઈ
- એક સદ્‌ગૃહસ્થ હસ્તે વીતરાગ, મુંબઈ
- શ્રી ચિમનલાલ હરકચંદ શાહના આત્મશ્રેયાર્થે
- શ્રી બાબુલાલ પુનમચંદ શાહ, મુંબઈ
- શ્રી પ્રેમચંદ ઈશ્વરલાલ શાહ, વાલકેશ્વર-મુંબઈ
- શ્રીમતી જયાબેન નરોત્તમદાસ મોદી, મુંબઈ
- શ્રીમતી દેવીબેન શશીકાંતભાઈ શાહ, પાલનપુર
- શાશ્વી સાહિલભાઈ મહેતા, એન્ટ્રોપ
- માતુશ્રી સોનાબેન તેજશી સાવલા, કચ્છ (મનફરા) હાલ-મુંબઈ
- શ્રીમતી સોમીબેન બાલુભાઈ શાહ, મુંબઈ
- શ્રી કેતનભાઈ કીર્તિભાઈ સંઘવી, મુંબઈ



## ✥ દીક્ષા ✥

**૧૮૨. સભા : રજોહરણ એટલે ?**

**પૂજ્યશ્રી** : મુનિનું એક રજોહરણ (ઓઘો) એટલે શું ' એ તમે જાણો છો? રજોહરણ એ ધર્મધ્વજ છે. એ લઇને ગમે તેમ વર્તાય નહિ. આ મુનિનાં ઉપકરણોની કીંમત જૂદી જાતની છે. એ જો ન સમજાય તો કાંઇ કામનું નથી. એક પટો પહેરી લીધો એટલે અમલદાર બની ગયો? નહિ જ, પણ વાત એ છે કે આ રજોહરણની ધર્મધ્વજ તરીકેની કીંમત હોય તો ને ? રજોહરણ ધરનારની શી જવાબદારી છે એ જોવાનોએ તમે કદીએ વિચાર કર્યો છે ? તમારામાં અને તેનામાં કાંઇ ભેદજ ન હોય ? પણ કહે છે કે આજે કમનસીબે અદેવમાં દેવબુદ્ધિ આવી, અગુરૂમાં ગુરૂબુદ્ધિ આવી અને અધર્મમાં ધર્મબુદ્ધિ આવી ! ખરેખર, એ જે આવે છે તે જ ઘણી નાશક છે.

(જિ.વ.૨/અં.૧૬+૧૭)

**૧૮૩. સભા : ભૌતિક સુખ માટે ત્યાગી થાય ?**

**પૂજ્યશ્રી** : ભૌતિક સુખના લોભેય સાધુ થાય, કેમ કે- સંસારમાં તો તે સુખ મેળવવા મહેનત-મજુરી, નોકરી-ધંધા કરવા પડે છે. અનેક અપમાન આદિપણ વેઠવાં પડે છે. મોટા ચમરબંધીઓને પણ આજે તો કામ કર્યા વિના ચાલે તેમ નથી. જ્યારે અહિં સાધુપણામાં તો ન કરવું હોય તો, કાંઇ કામકાજ છે જ નહિ. ભારે મઝા છે. પરંતુ આવી મઝા ભોગવવા જ અહિં આવે તેને અમારાથી સાધુ બનાવાય જ નહિ. વિરાગનો દેખાવ કરી, માયા કરીને અમને ઠગીને સાધુ બની જાય, તો તેને તેવો જાણ્યા પછી પણ જો અમે તેને પંપાળ્યા કરીએ, તો અમારી પણ દુર્ગતિ જ થાય. સુખને છોડવાની, સુખની સામે પણ નહિ જોવાની અને આવેલા દુઃખને મઝેથી ભોગવી લેવાની અગર તો જ્ઞાનિની આજ્ઞા મુજબ દુઃખને મઝેથી ભોગવી લેવાની અગર તો જ્ઞાનિની આજ્ઞા મુજબ દુઃખ ઉભાં કરી કરીને વેઠવાની કળા, આ ઓઘો (સાધુપણું ) શીખવે છે. આ ઓઘો હાથમાં લીધા પછી મઝેથી ખવાય-પીવાય નહિ. મઝેથી આરામ થાય નહિં અને દુનિયાના કોઇ પણ સુખનો ભોગવટો કરવાની ઇચ્છા કરાય નહિ. સાધુ તો ભૌતિક સુખ માત્રથી ગભરાય. ભૌતિક સુખ માત્ર આત્માને દુર્ગતિમાં લઇ જનાર છે. (જિ.વ.૨/અં.૧૯)

---

**૧૮૪. સભા : આઠ વર્ષ પહેલાં દીક્ષાના પરિણામ થતા નથી.' એમ શાસ્ત્ર કહે છે અને 'શ્રી અતિમુક્તક કુમાર, છ વર્ષની વયે પ્રવ્રજિત થયા છે.' તો એને અંગે, શાસ્ત્ર શું કહે છે. ?**

**પૂજ્યશ્રી** : શ્રી અતિમુક્તકકુમાર, છ વર્ષની વયે પ્રવ્રજિત થયા છે એ આશ્ચર્ય છે.' એમ શાસ્ત્રકાર પરમર્ષિ ફરમાવે છે. શ્રી ભગવતીસૂત્રમાં ટીકાકાર પરમર્ષિ આચાર્યદેવ શ્રી અભયદેવસૂરીશ્વરજી મહારાજા સ્પષ્ટ શબ્દોમાં ફરમાવે છે. તેનો ભાવાર્થ આ પ્રમાણે છે.

" તે શ્રી અતિમુક્તક મુનિ, છ વર્ષની ઉંમરે પ્રવ્રજિત થયા હતા તે કારણથી 'કુમાર શ્રમણ' કહેવાય છે. શાસ્ત્રકાર પરમર્ષિ કહે છે કે-શ્રી અતિમુક્તકકુમાર, નિર્ગ્રંથપ્રવચનને રૂચિયુક્ત કરીને છ વર્ષથી વયે પ્રવ્રજિત થયા." : શાસનમાં એ જ આશ્ચર્ય છે અન્યથા આઠ વર્ષની પૂર્વે દીક્ષા ન થાય."

આથી સ્પષ્ટ છે કે 'શ્રી અતિમુક્તકકુમારની, છ વર્ષની વયે દીક્ષા એ આશ્ચર્યરૂપ છે : કારણ કે દીક્ષાનો રાજમાર્ગ આઠ વર્ષ છે'-એ જ કારણે, આઠ વર્ષની વય વિના દીક્ષાના પરિણામ થતા નથી. અને કોઈને થાય તો તે આશ્ચર્યરૂપ ગણાય છે. (જિ.વ. ૫/અં. ૫)

---

**૧૮૫. સભા : જેણે શ્રાવકની પ્રતિમાનું વહન ન કર્યું હોય : તેને પ્રવ્રજ્યાનું પ્રદાન કરી શકાય કે નહિં ?**

**પૂજ્યશ્રી** : જરૂર કરી શકાય, પણ શરત એટલી કે તે પૃચ્છા, કથના અને પરીક્ષામાં શુદ્ધ નીવડવો જોઈએ : એ જ કારણે સુવિહિત શિરોમણિ સમર્થ શાસ્ત્રકાર આચાર્ય ભગવાન્ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા, શ્રી પંચાશકજીના મૂળમાં : અને આચાર્ય ભગવાન્ શ્રી અભયદેવસૂરીશ્વરજી મહારાજા, એની વ્યાખ્યામાં જે ફરમાવે છે તેનો ભાવાર્થ નીચે મુજબ છે. ' આ

'પ્રતિમાવહન કરવા રૂપ' પ્રકાર વિના પણ ઉચિત ગુણોને ધરનારા આત્માને, પ્રતિમાવહન કરનારની માફક શાસ્ત્રે ફરમાવ્યા મુજબની દીક્ષા થઈ શકે છે : અર્થાત્ જેમ પ્રતિમાવહન કર્યા વિનાના આત્માને પણ, જો તે દીક્ષાના ઉચિત ગુણોને ધરનારો હોય તો દીક્ષા આપી શકાય : કારણ કે પ્રતિમાવહન કરનારને, જો તે દીક્ષા લેવાને તત્પર થાય તો દીક્ષા આપવાનું જેવું વિધાન છે : તેમ 'પ્રતિમાવહન નહિ કરનારને પણ, દીક્ષાના ઉચિત ગુણોને ધરનાર કોઈ દીક્ષા લેવાને ઉત્સુક હોય તો દીક્ષા આપવાનું તેવું જ વિધાન છે.'

આ જ કારણથી સર્વદર્શી એટલે કેવલજ્ઞાની પરમર્ષિઓએ, એમ ફરમાવ્યું છે કે -

'અન્યે નહિ પણ સૂત્ર અને અર્થના વેદી ગીતાર્થ મહર્ષિએ, 'પૃચ્છા, કથના અને પરીક્ષા' આ ત્રણ વિધાનોમાં વિશુદ્ધ નિર્દોષપણાને પામેલા આત્માને સદાને માટે આદર પૂર્વક પ્રવજ્યા દેવી એ યોગ્ય છે''

પૃચ્છા, કથના અને પરીક્ષા : તેમાં પ્રથમ પૃચ્છા એટલે 'તું કોણ છો ? ક્યાંથી આવ્યો છે ? અને શા નિમિત્તે પ્રવ્રજ્યાનો સ્વીકાર કરે છે ?'

પૃચ્છા પછી કથના એટલે -

પ્રવ્રજ્યા લેવાની ઈચ્છાવાળાને, પ્રવ્રજ્યાના સ્વરૂપનું કહેવું : જેમકે - 'જે રીતિએ આરાધેલી જ જિનેન્દ્રોની આજ્ઞા, મોક્ષફલને આપનારી છે. તે જ રીતિએ વિરાધેલી આજ્ઞા, દુ:ખરૂપ સંસાર ફલને આપનારી છે.'

અને પૃચ્છા તથા કથના પછી પરીક્ષા એટલે-

'છ માસ આદિના કાલમાનવાળી અને વિનયાદિ ગુણો દ્વારા દીક્ષાર્થીની

યોગ્યતાની તપાસ.'

આ જ પ્રમાણે **શ્રી પંચવસ્તુક, શ્રી ધર્મબિન્દુ** અને **શ્રી ધર્મસંગ્રહ** આદિમાં પૃચ્છા, કથના અને પરીક્ષાનું વિધાન છે : તથા તે ગ્રંથોની અંદર પરીક્ષાના વિધાનમાં પાત્રની અપેક્ષાએ પરીક્ષાના કાળને ઓછો અધિક કરવાનું પણ સ્પષ્ટ શબ્દોમાં ફરમાવ્યું છે.

આથી સ્પષ્ટ છે કે -'પ્રતિમાવહન કરનારને જ દીક્ષા અપાય, અન્યને ન જ અપાય' એમ નથી પણ જે રીતે પ્રતિમાવહન કરનારને અપાય એ જ રીતે યોગ્ય લાગે તો પ્રતિમાવહન નહિ કરનારને પણ અપાય; કારણ કે - ઉભયને આપવાનું એક સરખું વિધાન છે. વધુમાં **શ્રી વિશેષાવશ્યકનાં** પણ પરમોપકારી પરમર્ષિઓ નીચે મુજબનું ફરમાવે છે. 'દ્રવ્યથી, જાણ્યો કે આ નપુંસક આદિ નથી : ક્ષેત્રથી, જાણ્યો કે - આ અનાર્ય નથી : કાળથી, જાણ્યો કે આ ઠંડી અને ગરમીથી પીડિત થાય તેવો નથી : અને ભાવથી, જાણ્યો કે આ રોગ અને આળસ વિનાનો છે.' આ પ્રમાણે નિશ્ચિત થયા બાદ દીક્ષાને યોગ્ય અને 'બાળ' આદિ દોષોથી રહિત એવા ગૃહસ્થને સામાયિક ચારિત્ર નિયમથી આપે પણ બાકીનાઓને ન આપે.'

આ વિધાન ઉપરથી પણ સ્પષ્ટ થાય છે કે જેણે શ્રાવકની પ્રતિમાનું વહન ન કર્યું હોય તે પણ જો ઉપર જણાવેલી યોગ્યતાને ધરનારો હોય તો તેને પણ પ્રવ્રજ્યાનું પ્રદાન કરી શકાય છે. (જિ.વ. ૫/અં. ૯)

** ભવિષ્યમાં મારે સુખ જોઈએ' એવો વિચાર આવે એટલે સર્વવિરતિ ભાગવા માંડે !*

**૧૮૬. સભા : 'દીક્ષા જેવી ઉત્તમ ચીજ માટે વર્તમાનમાં આટલો ઘોંઘાટ શા માટે ?'**

**પૂજ્યશ્રી** : દુનિયામાં એવા ઘણા છે જેઓ ઉદાર હોય, હૈયાના ઉલ્લાસ પૂર્વક દાન દેતા હોય, સામેનું પાત્ર પણ મજેનું હોય, તો પણ તેનો એક જ પડોશી એવો કૃપણ હોય કે તે જોઈને મનમાં બળતરા કરતો હોય દુઃખી દુઃખી થતો હોય મોઢેથી બબડતો હોય કે - 'કેવા ભિખારીને ભેગા કરે છે ? હું આવાના પાડોશમાં આવીને ક્યાં ભરાણો ?' જો કે પેલાના મોઢે તો આવું બોલવાની હિંમત ન હોય, અરે, પાડોશમાં રહેવું હોય તેથી સારા દેખાવા કદી પોતે પણ દેતો હોય, પણ દેવાની ભાવના નથી એટલે મનમાં તો ઉદ્વેગ જ પામતો હોય. આનો હેતુ શો ?

એ જ રીતે દીક્ષા ઊંચી. માર્ગ સુંદર, લેનાર મજેનો, આપનાર શાસ્ત્રનો જ્ઞાતા અને અપાય શાસ્ત્રાનુસારી રીતે, પછી વાંધો શો ? પરન્તુ આ ભાઈનો પ્રશ્ન એ છે કે જો, આમ જ છે તો આ બધા ઘોંઘાટનું કારણ શું ?

આઠ મહાપ્રાતિહાર્ય સાથે શ્રી જિનેશ્વરદેવ સાક્ષાત્ વિચરતા હતા ત્યારે પણ પાખંડીઓ એમને ઇંદ્રજાળી કહેતા હતા. એ કહેતા કે 'અરે' આ તો ખરો ઇંદ્રજાળીયો છે ! આમ છતાં એ પાંખડીઓને પણ સમવસરણાદિમાં જવાનું મન તો થતું જ, કારણ કે એ કાંઈ કૃત્રિમ વસ્તુ નહોતી.

** માતાપિતાનો ત્યાગ પણ કેવળ ધર્મઆરાધનાના હેતુથી કરવાનો છે પણ એ ત્યાગમાં બીજો હેતુ હોય તો મહાપાપ છે.*

**૧૮૭. સભા : દીક્ષા લેનારની વય, જ્ઞાન, યોગ્યતા પાત્રતા એ બધું તો જોવું જોઈએ ને ?**

**પૂજ્યશ્રી** : આ ભાઈના પ્રશ્નો એ બહારના વાતાવરણનો પડઘો છે. અને એ વાત પોતે પણ કબૂલે છે. સારી ચીજમાં ખામી કાઢી શકાતી નથી પરન્તુ એ વસ્તુ ગમતી ન હોય ત્યારે પછી વાત બીજી રીતે કરાય છે. દાતારના દાન માટે કૃપણ કાંઈ બોલી શકતો નથી ત્યારે એ શું કહે છે ? એ કહે કે દાન તો ધર્મ છે. દાન કરે એનો વાંધો નથી પણ એ દેનાર છે કેવો ? એ તમે જાણો છો ? હું એને સારી રીતે ઓળખું છું. એજ રીતે દીક્ષા માટે કાંઈ બોલી શકાતું નથી ત્યારે પછી વય વગેરે બીજી ત્રીજી વાતો આગળ કરવામાં આવે છે.

**૧૮૮. સભા : 'જે અણુવ્રત શું છે, એ પણ જાણતો નથી તેને મહાવ્રત કેમ અપાય ?'**

**પૂજ્યશ્રી** : એટલે, 'જે કાંઈ સમજતો નથી તેને મહાવ્રત કેમ અપાય ?' એ તમારો પ્રશ્ન છે. એ પ્રશ્નના જવાબ માટે આપણે શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાનું બંધારણ જોવું પડશે. ભગવાનની આજ્ઞાનું બંધારણ વિચારપૂર્વકનું હોય એમાં તો શંકા નથી ને ? હોય તો બોલજો ! અહિં આપણે શાસ્ત્રદષ્ટિએ વાત વિચારવી પડશે. મતિકલ્પનાની વાત નહિ ચાલે.

આઠ વર્ષની વય પહેલા અને ત્યાંથી માંડીને પછીના માટે દીક્ષા અંગે શ્રી જિનેશ્વરદેવની શી આજ્ઞા છે. તે જાણવું જોઈએ. શ્રી જિનેશ્વરદેવ કહે છે કે 'આઠ વર્ષની વય પહેલા વિરતિના પરિણામ પ્રાયઃજીવને થતા નથી.' ત્યાં

પણ 'પ્રાયઃ' શબ્દ મૂકયો છે, એટલે ક્વચિત્ કોઈને થાય તો તેનો ઈન્કાર નથી. એમ ભગવાન પણ ફરમાવે છે. આઠ વર્ષની વયથી વિરતિના પરિણામ આવે છે વિરતિના પરિણામ આવવા માટે આગમનું કે વ્રતાદિકનું જ્ઞાન જોઈએ જ એવો કાયદો નથી. તેમજ વિરતિના પરિણામ આવ્યા પછી વિરતિ લેવા માટે પણ અમુક જ્ઞાન જોઈએ જ એવો પણ કાયદો નથી. વિરતિનું સ્વરૂપ, તેના પ્રકાર, તેના ભેદ-પ્રભેદ જાણ્યા વિના પણ વિરતિ અંગીકાર કરીને, ગુરુનિશ્રાએ રહીને, અનેક આત્માઓ કેવળજ્ઞાન પામીને મુક્તિમાં ચાલ્યા ગયા અને વિરતિના સ્વરૂપાદિને જાણનારા અનેક રહી ગયા, આવા સંખ્યાબંધ બનાવો શાસ્ત્રના પાને નોંધાયેલા છે.

**દીક્ષા આપનાર કેવા જોઈએ ?**

શાસ્ત્ર કહે છે કે એક એક જ્ઞાનીની નિશ્રાએ અનંતા અજ્ઞાની તરી ગયા, સંખ્યાબંધ તરે છે અને અનંતા તરશે. એક કપ્તાનના આધારે આખી સ્ટીમર સામે પાર જાય છે ને !

---

**૧૮૯. સભા : 'કપ્તાન એટલે નિર્યામક એ નિર્યામક કેવો જોઈએ ?**

**પૂજ્યશ્રી** : આગમનો જ્ઞાતા, એમાં શંકા નહિ. જે કાળે જે આગમ વિદ્યમાન હોય તેનો જ્ઞાતા અને એને જ ચીંધનારો એ હોય, એને વીંધનારો હોય તે શાસન બહાર છે. આગમ જાણે તે જ ગીતાર્થ. એવા ગીતાર્થની નિશ્રાએ આજ્ઞાને અનુસરીને ચાલવાથી અજ્ઞાની પણ તરી જાય. શાસ્ત્ર કહે છે કે પગલું પણ ત્યાં મૂકવું કે જ્યાં જ્ઞાની કહે. જ્ઞાનીએ કહેલી જગ્યાએ વગર જ્ઞાને પણ

પગ મૂકાય. બધું જાણ્યા બાદ જ ક્રિયા થાય એમ માનીએ તો તો કેવળજ્ઞાન વિના કોઈ પ્રવૃત્તિ જ ન થાય. શાસ્ત્ર પણ વિનય પૂર્વક ભણાય પણ વિનય, વિવેક અને ભક્તિનું સ્વરૂપ પણ જણાય તો શાસ્ત્રથી ને !

**૧૯૦. સભા : 'કારણ પહેલું કે કાર્ય પહેલું ?**

**પૂજ્યશ્રી** : પહેલું કારણ, પછી કાર્ય, મુકિતએ જવાના પરિણામ એ કારણ અને પછી એને માટેની તમામ ક્રિયા એ કાર્ય, જિનકલ્પ કે પરિહાર વિશુદ્ધિ એ આજે કોઈ માગે તો કેહવું કે એ આજે નથી. જે કાળમાં જે વસ્તુનું અસ્તિત્વ હોય તે જ આરાધાય.

**૧૯૧. સભા : 'મહાવ્રત લીધેલા તો મોક્ષે જ જાય ને ? એ પડે ખરા ?'**

**પૂજ્યશ્રી** : પડે, અત્યારે પણ પડે, ભગવાન મહાવીરદેવના કાળમાં પણ પડતા હતા અને ભગવાન ઋષભદેવજીના કાળમાં પણ પડતા હતા. શાસ્ત્ર કહે છે કે જેટલા આત્માઓ મહાવ્રત પામીને મુક્તિએ ગયા તેના કરતાં મહાવ્રત પામીને પડેલા આત્માઓ અનંતગુણા મોજુદ છે. વીતરાગ જેવું ચારિત્ર પાળનારા અનંતા ચૌદપૂર્વી નિગોદમાં ગયા છે. મહાવ્રત ધારણ કર્યા અને એક કલાક રહ્યા પછી જાય, તો પણ પામ્યો નહિ એમ ન કહેવાય. મહાવ્રત પામેલો મોક્ષે જાય એ વાત ખરી પણ એ જ ભવે મોક્ષે જાય એવો કાયદો નહિ. કર્મનો એક પણ અણુ આત્માને લાગેલ હોય ત્યાં સુધી મોક્ષે જવાય તેમ નથી. સમ્યક્ત્વ પામેલો અર્ધપુદ્ગલપરાવર્તમાં મોક્ષે જાય એ વાત સાચી પણ

સમ્યક્ત્વ પામ્યા પછી અંતર્મુહૂર્તમાં હારી જાય અને એવા પણ અનેક જીવો હોય કે એ હાર્યા પછી અર્ધપુદ્ગલપરાવર્તન સુધી પામે જ નહિ. છેલ્લે વખતે જ પામી, મહાવ્રત લઈ, કેવળજ્ઞાન પામીને મુક્તિમાં જાય. માટે પામ્યો એ તો પામ્યો જ કહેવાય. એ નથી પામ્યો એમ ન કહેવાય.

માટે તો કહ્યું છે કે -

**अन्तोमुहूत्तमित्तंपि फासियं हुज्ज जेहिं सम्मत्तं ।**
**तेसिं अवड्ढ पुग्गल-परियट्टो चेव संसारो ।।**

અંતર્મુહૂર્ત માત્ર પણ જે જીવને સમ્યક્ત્વનો સ્પર્શ થયો પછી તેનો સંસાર અર્ધપુદ્ગલપરાવર્તમાં સીમિત થઈ જાય છે.'

ભગવાન મહાવીરદેવના જીવે નયસારના ભવમાં સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું. ત્યાંથી દેવલોકમા ગયા અને ત્યાંથી ચ્યવીને ઋષભદેવ ભગવાનના પૌત્ર મરીચિ થયા. એમના બધા ભવો જુઓ. ચઢ્યા અને પડયા, પામ્યા અને હાર્યા, એવું જ બનતું આવ્યું છે. જો તમે કહો છો તેમ હોય તો ચરમશરીરી જ દીક્ષા લઈ શકે, પણ એવું નથી. એવું હોય તો આજે કોઈ સાધુ હોય જ નહિ.

ઋષભદેવ ભગવાનના સાધુઓમાંથી કેટલાક મુક્તિએ ગયા તો કેટલાક દેવલોકમાં ગયા. એમની પરંપરામાં પણ એમ જ બન્યું છે. અહીં મહાવ્રત પામ્યા તે મુક્તિમાં ન ગયા ત્યારે કયાં ગયા ? વૈમાનિકમાં કે સર્વાર્થસિદ્ધિમાં. ત્યાં મહાવ્રત છે ? દેવલોકમાં તો ગુણ સ્થાનક ચોથું ને ? હવે એ મહાવ્રત પામ્યા જ નથી એમ કહેવાય ?

શાસ્ત્રના વચનો વિચારો. એ કહે છે કે :-

વિરતિધર જો મુક્તિ પામે તો ભલે પણ મુક્તિ ન પામે તો -

**नियमा वेमाणिओ होइ** । નિયમા વૈમાનિક દેવ થાય.

---

**૧૯૨. સભા : 'અભવીને ચૌદ પૂર્વ હોય ?**

**પૂજ્યશ્રી** : ના, અભવીને સાડા નવ પૂર્વથી અધિક જ્ઞાન ન હોય. ઋષભદેવ ભગવાનના ચોરાશી લાખ સાધુમાંથી મુક્તિમાં વીસ હજાર ગયા અને મહાવીર ભગવાનના ચૌદ હજાર સાધુમાંથી મુક્તિમાં સાતસો ગયા. સંયમી તે જ ભવમાં મોક્ષે જાય એવો નિયમ નથી. લીધા પછી પડે પણ ખરા. ન પડે તે ભાગ્યવાન !

**ઈચ્છા વિના દીક્ષા ન આપીએ :**

એટલે નક્કી થયું કે -

૧. વિરતિના પરિણામ આવવા માટે અમુક જ્ઞાન જોઈએ જ એમ નહિ.

૨. વિરતિના પરિણામ આવ્યા પછી વિરતિ અંગીકાર કરવા માટે અમુક ભણવું જ જોઈએ એવો નિયમ નથી.

૩. વિરતિ લીધા પછી તેના પાલન માટે અમુક જ્ઞાન જોઈએ જ અથવા અમુક જ્ઞાન ન હોય તો વિરતિનું પાલન ન જ કરી શકે, એવો નિયમ નથી.

આ ત્રણ મુદ્દા સમજ્યા પછી કોઈ જાતની શંકા નહિ રહે; પરન્તુ જ્ઞાની ગુરુની નિશ્રા જોઈએ જ, એ શરત પાક્કી.

---

**૧૯૩. સભા : 'નાની વયમાં દીક્ષા ઈચ્છાથી કે અનિચ્છાથી ?'**

**પૂજ્યશ્રી** : ઈચ્છાથી. બલાત્કારે આપીએ તો સચવાય શી રીતે ? અહિં પરાણે લઈ આવ્યા અને પછી બૂમ પાડે તો ? આજકાલ તો એવા વકીલો તૈયાર જ બેઠા છે કે જો કોઈ બાલ સાધુએ બૂમ મારી તો તરત જ ઊપાડીને લઈ જાય અને મારા હાથમાં બેડી પણ નંખાવે. આવી તો એ કાયદાબાજો રાહ જોઈને જ બેઠા છે. પણ હું એવું કરૂં શા માટે ? રાજ્યનો કાયદો નડે એવું અમારે કરવાની જરૂર શી? ઈચ્છા વિના સંયમ આપવું શા માટે ? અજ્ઞાનવયમાં દીક્ષા લેવાના પરિણામ દેખાય તો અને સારા સંસર્ગમાં મૂકવાની શાસ્ત્રની આજ્ઞા છે.

---

**૧૯૪. સભા : 'પાત્રતા જોવાની કે નહિ ?'**

**પૂજ્યશ્રી** : જરૂર જોવાની ઉત્તમ કુળ, સારા સંસ્કાર એ બધું જોવાનું. બાકી સંસાર ખરાબ લાગતો હોય અને સંયમ સારૂં લાગતું હોય એટલી જ એની પરીક્ષા. દશ વર્ષ પછી શું થશે, એની જોખમદારી હું ન લઉં, શાસ્ત્ર પણ ન લે અને જ્ઞાની પણ ન લે.

---

**૧૯૫. સભા : 'અણુવ્રત પણ ન જાણે તેને મહાવ્રતો અપાય ?'**

**પૂજ્યશ્રી** : કંઈ પણ ન જાણનારને પણ મહાવ્રતો અપાય. મહાપુરુષો તો કહે છે કે જે આત્માને માત્ર સંસાર અસાર લાગે, પૂર્વના સંસ્કારથી કે અનુભવથી કે, દુઃખ પડવાથી સંસારની નિર્ગુણતા સમજાય, તો સમ્યક્ત્વ

**ન હોય તો એનો આરોપ કરીને પણ તેને દીક્ષા અપાય. જૈનકુળમાં જન્મેલાને તો નાની વયથી જ સંસારની અસારતાના સંસ્કાર હોય.**

---

**અમે એવા વાલી બનવા તૈયાર છીએ :**

**૧૯૬. સભા : 'નાની ઉંમરવાળા માટે સરકાર મેનેજમેન્ટ મૂકે છે. એ ઉંમરલાયક ન થાય ત્યાં સુધી એને મીલકત સોંપાતી નથી. એના વાલી તરીકે જે નીમાય તેને સોંપાય છે, તો એવો કાયદો અહિં નહી ?'**

**પૂજ્યશ્રી** : એ જ કાયદો અહિં પણ ખરો, ત્યાં એને મીલકત સોંપાતી નથી પણ જે વાલી નીમાયો હોય, તે એને લાખો રૂપીયાના અલંકારો પહેરાવી શકે છે. હીરાનો હાર, વીંટી વગેરે બધું પહેરાવે. અમને પણ જે માબાપ પોતાના બાળકનું વાલીપણું સોંપે તેનું સ્વીકારીએ. અમારા વાલીપણામાં જે મા-બાપને પોતાના બાળકનું હિત જણાતું હોય તે જ અમને સોંપે છે. એ વયમાં અમને ન સોંપે તો અમે દીક્ષા હરગીજ ન આપીએ. કાયદાને બાધ પહોંચે એવું એક કાર્ય કર્યું નથી કે એવી એક પણ દીક્ષા મેં આપી નથી.

---

**૧૯૭. સભા : 'ત્યારે બહારનો ઘોંઘાટ તો બહુ જુદો છે !'**

**પૂજ્યશ્રી** : તે તમારે વિચારવાનું. પૂરતી તપાસ વિના બહારનો ઘોંઘાટ સાચો માની લેવાની ભૂલથી જ પરિણામ ખરાબ આવે છે.

---

** સર્વવિરતિના પરિણામોને જીવંત રાખવાનો પ્રાણવાયુ એનું નામ જ **સાધુપણું**.*

**૧૯૮. સભા : 'દીક્ષા આપવા માટે દેશકાળ જોવાનો કે નહિ ?'**

**પૂજ્યશ્રી** : દેશકાળ ધર્મના પ્રચાર માટે જોવાનો કે ધર્મના નાશ માટે ? કોઈ દેશ કે કાળ એવો નથી કે તેમાં ધર્મનો પ્રચાર ન કરાય, મુંબઈ જેવા શહેરોમાં કઈ રીતે ધર્મનો પ્રચાર કરવો અને તેવા કોઈ ગ્રામ પ્રદેશમાં કઈ રીતે પ્રચાર કરવો, અમુક કાળમાં કઈ રીતે ધર્મ પ્રચારવો અને અમુક કાળમાં કઈ રીતે પ્રચારવો-એ બધું જરૂર જોવું જોઈએ. શાસ્ત્રકારો તો ધર્માર્થે દેશને પણ તજવાનું કહે છે.

(આ વખતે પ્રશ્નકારે દીક્ષા અંગેની તે વખતની ધાંધલને વખોડી કાઢી હતી. તેમજ તે વખતે ચાલતી સ્વરાજની ચળવળ વગેરે પ્રવૃત્તિની રીત રસમને ખોટી જાહેર કરી હતી. )

મારો મુદ્દો એ છે કે બહાર જે કાંઈ વાતો ચાલે છે તે બને ત્યાં સુધી સાંભળવી નહિ, સાંભળી હોય તો બે પક્ષની પૂરી વાત સાંભળ્યા વિના નિર્ણય કરવો નહિ અને સત્યનો નિર્ધાર કર્યા વિના ખોટી વાતને બહાર મૂકવાથી અનેક અજ્ઞાન આત્માઓ બિચારા ઉન્માર્ગે દોરાઈ જાય.

(અહિં પ્રશ્નકારે સ્વરાજ્ય અને પુણ્ય : એ બે મુદ્દાને ચર્ચી પુણ્ય વિના કશું જ નથી માટે પુણ્ય કરવાની પ્રેરણા કરી હતી.)

જે મક્કમતાની આવશ્યકતા છે તે નહિ હોય તો કામ નહિ થાય. સમ્યગ્દર્શન મજબૂત જોઈએ. એ પીઠ પોલી ન ચાલે. એની દૃઢતા માટે પાંચ દોષોનો પરિત્યાગ કરવો જોઈએ. એ પાંચ દોષો કયા ? (૧) શ્રી જિનેશ્વરદેવના વચનમાં શંકા. (૨) અન્યમતની કાંક્ષા-અભિલાષા. (૩) શ્રી જિનેશ્વરદેવે ફરમાવેલાં ધર્માનુષ્ઠાનના ફળમાં સંદેહ (૪) મિથ્યાદષ્ટિનો

પરિચય (૫) મિથ્યામતિના ગુણોની પ્રશંસા.

દઢતા પછી રુઢતા, ગાઢતા અને અવગાઢતાનું વર્ણન આપણે કરી ગયા છીએ. આગળ એ પણ વાતો કરી કે પ્રતિસમયે વિશુદ્ધ બનતી જતી પરિણામની ધારાવાળા પ્રશસ્ત અધ્યવસાયમાં વર્તવાથી એ પીઠ રૂઢ થાય, તત્ત્વની તીવ્ર રૂચિથી એ પીઠ ગાઢ થાય અને જીવાદિ પદાર્થોના સમ્યગ્ બોધથી એ પીઠ અવગાઢ થાય. એ રીતે પીઠનું વર્ણન કરી ગયા બાદ મેખલાના વર્ણનમાં જણાવી ગયા કે ઉત્તરગુણોરૂપ રત્નોથી મંડિત (જડેલી) મૂળ ગુણ રૂપી સુવર્ણની મેખલા જોઈએ. હવે ચિત્રકૂટ એટલે શિખરનું વર્ણન કરે છે. મેરૂને જેમ સુવર્ણના શીલાતલ પર શિખરો છે અને અમુક સ્થાને ગોઠવાયેલાં છે, તેમ શ્રી સંઘમેરૂને પણ ચિત્તરૂપી શિખરો ઊંચા નિયમોરૂપી શિલાતલ પર ગોઠવાયેલાં હોય. ઈંદ્રિયો તથા મનનું જેનાથી નિયમન થાય તે નિયમ. હવે એ નિયમની વાત કરતાં પહેલાં ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજા બે શરત માગે છે. તે કઈ ? તેનું વર્ણન કરતાં કહે છે કે-

**बिभेषि यदि संसारात्, मोक्षप्राप्तिं च काङ्क्ष्यसि ।**

**तदेंद्रियजयं कर्तुं, स्फोरय स्फार पौरुषम् ।।१।।(જ્ઞાનસાર)**

સંસારનો ભય હોય અને મોક્ષની ઈચ્છા હોય તો જ જે વાત કહેવાની છે તે કહેવાય. નહિ તો કહે કોને ? માટે પહેલાં જ એ પૂછે છે કે સંસારનો ભય છે? મોક્ષપ્રાપ્તિની ઈચ્છા છે ? આ બે વાતમાં જો સામો ના પાડે તો આ ઉપકારી કહે છે કે 'તો અમે તને કંઈ કહેવા માગતા નથી. આ બે વાતમાં હા હોય તો જૈનશાસનમાં આવ, એમ આ મહર્ષિ કહે છે. ઈચ્છા તો મુક્તિની જ જોઈએ. પ્રભુનો ધર્મ એવો છે કે એનાથી મળે બધું પણ એ બધું મંગાય નહિ. માગે એને

મળે તો પણ સંસારમાં ભટકવા માટે જ.

જેને સંસાર ગમે તેને આ મહર્ષિ બહાર જવાનું કહે છે. રમતિયાળ વિદ્યાર્થીને શિક્ષક બહાર જવાનું જ કહે, 'ભણવું હોય તો અંદર બેસ ! નહિ તો બહાર ચાલ્યો જા.' એમ કહે. કલાસમાં શિક્ષક રમાડે તેમ વિદ્યાર્થીથી રમાય પણ પોતાની મરજી પ્રમાણે વિદ્યાર્થી ન રમી શકે. એકડીયા વર્ગમાં લખોટા વગેરે પણ રખાય. શિક્ષક ભણાવતાં ભણાવતાં બાળકને રમાડે, હસાવે એનો વાંધો નહિ પણ વિદ્યાર્થી પોતાની મરજી પ્રમાણે ન રમી શકે. એ જ રીતે પ્રભુનો ધર્મ એવો છે કે એ મુક્તિ જ આપે. મુક્તિ ન મળે ત્યાં સુધી નરકાદિમાં તો ન જ જવા દે અને સંસારમાં સુખી જ રાખે; પણ ધર્મ પાસે સુખ મગાય નહિ. ધર્મ કહે છે કે હું રાજ ઋદ્ધિ, સિદ્ધિ, બધું આપું પણ ન માગે તો, માગે તો ખલાસ. આપું તો ખરો પણ પછી એવો ખસી જાઉં કે એ માગનારનો પત્તો જ ન લાગે.

ધર્મના શરણે સર્વસ્વનું સમર્પણ કરી દેવું જોઈએ. 'હું અને મારૂં સર્વસ્વ તારૂં છે' એમ ધર્મને કહેવું જોઈએ. શ્રી જિનેશ્વરદેવો માતાના ગર્ભમાં આવે ત્યાંથી માંડીને છેવટ સુધી એમની તમામ ચિંતા ઈંદ્રો કરતાં. ભગવાન ક્યા બેઠા, ક્યાં ઉઠયા, ક્યાં જાય છે, શું કરે છે, એમનું મન શું છે, એ બધી ખબર ઈંદ્રોને રાખવી પડતી હતી એનું કારણ ? એમણે ધર્મનું એવું સેવન કર્યું હતું. જન્માભિષેક સમયે અથવા તો સમોસરણ રચાય ત્યારે બધા એમના સેવકો કેવી ભક્તિ કરે છે? ભગવાનનું સમોસરણ કેવું હોય ? જોનારની આંખો પહોળી થઈ જાય એવું. એમ છતાં ભગવાન એમાં જરાયે લેપાતા નથી કે રાજીપો અનુભવતા નથી.

**૧૯૯. સભા : 'મેઘમાલી પર તથા ઈંદ્ર પર બેય ઉપર સમાનતા ?'**

**પૂજ્યશ્રી** : જરૂર ! એક પોતાને કર્મક્ષયમાં સહાય કરે છે અને બીજો કર્મક્ષય નિમિત્તે ગુણ ગ્રહણ કરે છે, એમાં હાનિ શી છે ?

ઈંદ્રાદિ દેવો સમોસરણ રચે છે છતાં એમના રચેલા સમોસરણમાં બેસી ભગવાન કહે શું ?

**असारोऽयं संसारः ।**

જેના બનાવેલા સમોસરણમાં બેઠા તેમની જ ઝાટકણી કાઢે છે ને ? દેવોમાં સમોસરણ રચવાની કળા તો છે પણ એ ભગવાન માટે જ રચે અને બીજા માટે કેમ નહિ ? ત્યાં ભગવાનનું પુણ્ય એ જ કારણ છે. દેવોની એ કળામાં પણ ભગવાનનો જ પ્રભાવ છે. ચાર દિશામાંથી ભગવાન તો એક જ દિશામાં બેસે જ્યારે બાકીની ત્રણ દિશામાં ભગવાનના પ્રતિબિંબ દેવતા કરે. એ પ્રતિબિંબ પણ ભગવાન જેવાં જ જણાય તેમાં પણ ભગવાનનો પ્રભાવ છે. દેવતામાં સ્વતંત્રપણે એવા પ્રતિબિંબ કરવાની તાકાત નથી. ભગવાનનો પ્રભાવ એમાં ભળે છે માટે જ દેવો એ કરી શકે છે.

આટલી સેવા કરનાર દેવતાઓને પણ ભગવાન પ્રમાદી કહે છે. દેવતા પણ ભૂલે તો એકેંદ્રિયમાં જાય. વાવડીમાં અપ્કાય તરીકે કે વિમાનમાં પૃથ્વીકાય રૂપે ઉત્પન્ન થાય. ઈંદ્રો ભગવાનને કહે છે કે પ્રભુ ! આપ અમારા કલ્યાણને માટે જ ઉત્પન્ન થયા છો.

** શાસ્ત્રે કહ્યુ છે કે, દંભથી સાધુ પણા સુધી આવેલા જીવો પણ ઝપાટાબંધ દુર્ગતિમાં ધકેલાઈ ગયા.*

**૨૦૦. સભા : 'પ્રભુ આટલી કડક ટીકા કરે તો ઈંદ્રો સમોસરણ પાછું ખેંચી ન લે?**

**પૂજ્યશ્રી** : ઈંદ્રોમાં આજની વીસમી સદીની એ બુદ્ધિ નથી. એ તો પ્રભુના ચરણની ધૂળ પોતાના મસ્તકે ચઢાવે છે, પ્રભુને જમીન પર પગ પણ મૂકવા દેતાં નથી. ઈંદ્રો માને છે કે અમારૂં અવધિજ્ઞાન તથા દેવતાઈ ઋદ્ધિ સિદ્ધિ અને શક્તિ આજે જ સફળ થઈ.

**ધર્મ કહે છે કે 'હું આપીશ બધું, પણ માગીશ મા !'**

ભગવાન મહાવીરદેવના જીવે ધર્મ પાસે બળ માગ્યું તો ધર્મે તેમને તે આપ્યું. એ ત્રિપૃષ્ટ થયા, બળવાન બન્યા, ત્રણ ખંડના માલીક થયા, સિંહને ચીર્યો, આજ્ઞા ન પાળનારના કાનમાં તપાવેલુ સીસું રેડાવ્યું, ખૂબ ધમાચકડી કરી, પછી અંતે શું થયું ? સીધા સાતમી નરકે ગયા. ધર્મે કહ્યું કે-'માગ્યું કેમ ? હવે પધારો અને માગ્યાનાં ફળ ભોગવો.' ધર્મીને ધર્મ કહે છે કે-તમે ગભરાઓ નહિ. દેવલોક કોના માટે છે ? તમારા માટે જ છે, પણ માગો નહિ. દેવલોકમાંથી પુણ્યવાન ચ્યવે તે સારી રીતે ચ્યવે છે. બાકી પુણ્યવાન ન હોય તેને તો ત્યાંથી ચ્યવતી વખતે મહાદુઃખ થાય છે. સાગરોપમના સુખ છેલ્લાં છ મહિનામાં બળીને રાખ થાય છે.'હાય બગીચા ! અને હાય વાવડી !' ની બૂમરાણ મચાવતાં એ ચ્યવે છે. એ વખતે એમના વિમાન ઝાંખા પડી જાય છે, એમના અંગો ધ્રૂજે છે અને તરફડીયા મારતાં જ આયુષ્ય પૂરૂં કરે છે. પુણ્યવાન જીવને આવું કાંઈ થતું નથી.

** કર્મરાજાને શિક્ષા એનું નામ જ **દીક્ષા**.*

**૨૦૧. સભા : 'સાગરોપમના સુખ છ મહિનામાં બળીને રાખ ?'**

**પૂજ્યશ્રી** : બે કલાક સુધી ખા ખા કરે એ સ્વાદ, એક અજીર્ણનો ઓડકાર આવે એટલે ખલાસ. માગીને મેળવલું માર્યા વિના રહેતું નથી. માટે ધર્મ પાસે માગવાનું ભૂલી જાઓ. ધર્મનો સ્વભાવ જ એ છે કે જે એને શરણે જાય તેને એ બધું આપે અને સાથે સાથે એની રક્ષા પણ કરે. એ એને સુખમાં ફસાવા ન દે. એ માગવાનો સ્વભાવ ત્યારે જ જાય કે જ્યારે સંસારનો ભય જાગે, મોક્ષપ્રાપ્તિની ઈચ્છા જાગે અને એ માટે ઈંદ્રિયો તથા મનને જીતવાનું મન થાય.

(જિ. વ. ૧૪/અં. ૫)

**૨૦૨. સભા : અસ્પૃશ્યને અને અનાર્યને દીક્ષા અપાય ?**

**પૂજ્યશ્રી** : અસ્પૃશ્ય પણ દીક્ષિત થયા છે અને અનાર્યો પણ દીક્ષા પામ્યા છે એ વાત કાંઈ છૂપી નથી. પણ જૈનો અસ્પૃશ્ય તથા અસ્પૃશ્યતાને નથી માનતા એવું કહેનારા ગાંડા છે. જૈનશાસન તો કહે છે કે દુનિયામાં દેખાય છે તે બધું જ છે. એક પણ ચીજ એવી નથી કે જે અનાદિ અનંત સંસારમાં ન સંભવે. કર્મ મૂળ આઠ પ્રકારનાં, પેટાભેદ એકસો અઠ્ઠાવન પ્રકારના પણ પ્રતિ પ્રાણીએ તરતમતાની અપેક્ષાએ અનંતા પણ કહેવાય. એક જ્ઞાનાવરણીય કર્મનો ઉદય બધાને; પણ પ્રાય; જીવ એટલા ભેદ. કોઈ સમાન હોય એમ પણ બને. નિગોદીઆને જ્ઞાન કેટલું ? અક્ષરનો અનંતમો ભાગ. આપણને કેવલજ્ઞાનીની દષ્ટિએ તદ્દન ઓછું, કોઇ પચીસ શ્લોક કલાકમાં કરે તો કોઈ બે દિવસે એક પદ પણ ન કરે, કોઈ મિનિટમાં સમજે અને કોઈ-કલાકેય ન સમજે

માટે એ બધાય ભેદ સમજો. એ જ રીતે ગોત્રકર્મને અંગે; તીવ્ર નીચ ગોત્રકર્મ ઉદયમાં આવે. તો અસ્પૃશ્યતા પણ આવે. આજ સાંજના કરોડપતિ કાલે સવારે ભીખ માગે તેનું કારણ શું ? કહેવું જ જોઇએ કે તીવ્ર અશુભનો ઉદય. તીવ્ર અશુભોદયના યોગે આપત્તિઓ ચોતરફથી આવે, પેઢી તૂટે, માલ લુંટાય, ઘરમાં સંબંધી મરે, છોકરાને પક્ષઘાત થાય, પોતાને અશુભ થાય. તીવ્ર અશુભના ઉદયે એ બધું જ સાથે પણ થાય.

**૨૦૩. સભા : દીક્ષાના લેનાર દીક્ષા ભાંગે તો આપનારને દોષ ખરો કે નહિ?**

**પૂજ્યશ્રી** : તીર્થંકરદેવના હાથે પણ દીક્ષિત થયેલા પડ્યા છે, તે છતાં પણ એ તારકની મુક્તિ અટકી નથી. ચેલા પડવાથી કોઇ ગુરુની પણ મુક્તિ અટકી નથી. શુદ્ધબુદ્ધિથી શાસ્ત્રવિધિ મુજબ આપનારને કોઇ દોષ લાગી શકતો નથી.

**૨૦૪. સભા : સાહેબ ! લોભથી દીક્ષા અપાય તો ?**

**પૂજ્યશ્રી** : લોભી ગુરુ અને લાલચુ ચેલાને તો જૈનશાસનમાં વાસ્તવિક રીતે સ્થાન જ નથી. એ તો એક એકની ચોટલી લે એવા હોય છે. એ જ કારણે લોભ પ્રશસ્ત હોય તો સ્વીકાર્ય છે, પણ અપ્રશસ્ત લોભ સ્વીકાર્ય નથી.

**૨૦૫. સભા : શું અપ્રશસ્ત લોભ નહિ બનતો હોય ?**

**પૂજ્યશ્રી** : બને બધું. ગામ હોય ત્યાં ઢેઢવાડો પણ હોય જ. કોઇ પણ

નગર એવું નથી કે જ્યાં એક પણ દેવાળીઓ ન પાક્યો હોય, છતાં વેપાર ઓછો જ બંધ રહે- ? તેમ અભવી આત્માઓએ પણ દીક્ષા લીધી છે. ખૂનના ઇરાદે પણ દીક્ષા લેનારા થયા છે એમ પણ બને.

**૨૦૬. સભા : શિષ્યલોભ પ્રશસ્ત કે અપ્રશસ્ત ?**

**પૂજ્યશ્રી** : સંસારથી પાર ઉતારવાની ભાવનાને લોભ કહેતા હો તો એ લોભ પ્રશસ્ત છે અને પોતાની સેવા ખાતર જ શિષ્ય બનાવવાનો લોભ એ અપ્રશસ્ત છે.

**૨૦૭. સભા : ગચ્છમોહ હોય તો ?**

**પૂજ્યશ્રી** : અમારા સમુદાયમાં સાધુ વધો એ ભાવનામાં વાંધો નથી, પણ બીજે ન થાઓ એ ભાવનામાં પાપ. સેવા કરવી એ શિષ્યનો ધર્મ, પણ સેવા માગવી એ ગુરુનો ધર્મ નહિ. પધારો કહેવું એ શ્રાવકનો ધર્મ, પણ એવું ઇચ્છવું એ સાધુનો ધર્મ નહિ. એ જ રીતે દરેક વસ્તુમાં ઘટાવતાં શીખો પછી તમને કશી જ મૂંઝવણ નહિ થાય.

**૨૦૮. સભા : પોતાની પાસે પચાસ શિષ્ય હોય અને બીજા પચાસ ઇચ્છે એમાં વાંધો નહિ ?**

**પૂજ્યશ્રી** : વાંધો શો ? પચાસ શું કરવા કહો છો ? 'સવિ જીવ કરું શાસનરસી' આ ભાવનાવાળાના આપણે તો અનુયાયી છીએ ને ! પણ આ પ્રસંગે એક - બે વસ્તુઓના ખુલાસા કરવાની જરૂર છે. પ્રથમ તો એ કે એક સો

આઠ શિષ્ય એને ગણધરપદ મળે' આ એક કોરી ગપ છે એનું કારણ એ છે કે, એક કરોડ અને આઠ શિષ્યવાળા ગુરુને પણ જો એનામાં સાધુતા ન હોય, તો આ શાસનમાં સ્થાન નથી અને વગર શિષ્યે પણ જો આત્મા સાધુપણાના પરિણામવાળો હોય તો સહેલાઇથી મુક્તિ મળે છે.

શ્રી જૈનશાસનમાં ગણધર કોણ થાય ? એ ખાસ સમજો. ભગવાન શ્રી મહાવીરદેવના ગણધર કેટલા ? અગિયાર. આખી અવસર્પિણીમાં ચોવીસે તીર્થપતિના ગણધર ચૌદસો બાવન. અનેક શ્રુતકેવલી ભગવાનો અને અન્ય પ્રભાવક આદિ સૂરિપુરંદરો પણ ગણધર નથી કહેવાયા. કલિકાલ સર્વજ્ઞ ભગવાન શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજા પણ ગણધર નથી કહેવાયા. જગદ્‌ગુરુ શ્રીમદ્ વિજયહીરસૂરિજી મહારાજા પાસે બે હજાર સાધુ હતા, પણ ગણધર નથી કહેવાયા. એ પ્રભાવક સૂરિપુરંદરની પાસે અનેક ઉપાધ્યાયો હતા અને અનેક પંન્યાસો હતા છતાં પણ એ ગણધર નથી કહેવાયા. માટે સમજો કે ગણધર કોણ કહેવાય ? 'ઉપન્નેઇ વા, વિગમેઇ વા અને ધુવેઇ વા' એ ત્રિપદી ઉપરથી દ્વાદશાંગી બનાવવાની તાકાતવાળા જ ગણધર થઇ શકે અને એ તારકો ખુદ તીર્થંકરદેવના હસ્તે જ દીક્ષિત થયેલા હોય. એ કારણે એક સો આઠ શિષ્યથી ગણધરપદ મળે એ કોરી ગપ જ છે.

**અમારી પાસે ભભૂતિ છે ?**

બીજી વાત છે ભભૂતિની અને તે પણ એવી જ એક ઉપજાવી કાઢેલી ગપ છે. એ કહેવાતી ભભૂતિ દ્વારા માનો કે આજે કોઈને ભોળવ્યો, પણ પછી શું? સાધુપણું તો લેનારને જ પાળવાનું છે ને ? એ ભભૂતિથી કેમ જ પળે ?

ભભૂતિની વાતો અજ્ઞાની કરે એ તો ઠીક, પણ ભણેલાય કરે છે, પણ એમાં આશ્ચર્ય કશું જ નથી, કારણ કે એ મિથ્યાજ્ઞાનનો ઉન્માદ છે. બીજું જો જેવી કહેવાય છે તેવી ભભૂતિ હોય તો આજના વિરોધનો નાશ કરવામાં જ એનો ઉપયોગ કેમ ન કરીએ ? વિરોધીઓ ઉપર જ એનો ઉપયોગ કરી એવાઓને જ શા માટે શાંત ન બનાવી દઈએ ? આજે એવા અનેક દીક્ષાના અર્થીઓ છે કે જે હૃદયના ઉલ્લાસપૂર્વક એમ કહેવા આવે છે કે 'અમને દીક્ષા ગમે છે પણ હજી જેવો જોઈએ તેવો વૈરાગ્ય આવતો નથી માટે કાંઈ હોય તો નાખો કે જેથી અમારો ઉદ્ધાર થાય.' પણ હોય તો ને ? વળી એવી અનેકને સંસારમાંથી ઉદ્ધારનારી વસ્તુ હોય તો હરકત પણ શી? પણ આત્માના ઉદ્ધાર માટે એવી એવી વસ્તુઓ કામની જ નથી એ માટે તો આત્માના સ્વાભાવિક ગુણોની જ જરૂર છે અને તે વિના દીક્ષા લેવાનું કે પાળવાનું બની શકતું જ નથી.

(આચારાંગ ભાગ-૬)

---

**પૂર્વભૂમિકા : નાલાયક લાયક ન બને ?**

આજનો ચોર કાલે શાહુકાર થાય કે નહિ ? આજનો દરિદ્ર કાલે શ્રીમંત થાય કે નહિ ? જે માસ્તર પાસે ભણ્યો હોય એ જ માસ્તરને સલાહ આપે એવો બુદ્ધિશાળી થાય કે નહિ ? આ બધું બને છે તો કાલનો ગુનેગાર આજે જૈન થવાને લાયક ન હોઈ શકે ? પચાસ વર્ષ કુદર્શનમાં ગયા હોય, શ્રી જિનેશ્વરદેવને ગાળો ભાંડવામાં ગયાં હોય પણ પછી પશ્ચાત્તાપ થાય અને એકાવનમાં વર્ષે જૈન થવા આવે તો એ લાયક ખરો કે નહિ ?

**૨૦૯. સભા : ભગવાને પણ એવાને દીક્ષા આપીને ?**

**પૂજ્યશ્રી** : ભગવાને તો એવાની પણ લાયકાત જોઇને આપી. પણ આજના મૂર્ખાઓ નાલાયક અને લાયક કોને કહે છે તે સમજાતું નથી. 'અયોગ્ય શિક્ષા, અયોગ્ય દીક્ષાની બૂમો પાડે છે પણ સમજાવતા નથી કે અયોગ્ય શાથી? પચાસ વર્ષનો શાહુકાર એકાવનમે વર્ષે દેવાળિયો બને કે નહિ ? ભગવાનના હસ્તે દીક્ષિત થયેલા, અગિયાર અંગના પાઠી, પાંચસો શિષ્યના ગુરુ, પાંચસોને વૈરાગ્ય માર્ગે ઝીલાવનાર પણ પતિત થયા ને ? અરે નિહ્નવ થયા ને ? માટે બગડેલા સુધરે એ પણ બને, ને સુધરેલા બગડે એ પણ બને. અમે કેવળજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની, અવધિ જ્ઞાની કે કોઇ વિશિષ્ટ જ્ઞાની નથી કે ભવિષ્ય જાણી શકીએ ! અમે તો વર્તમાનનું તેનું વર્તન, ક્રિયા અને કોઇ ડાહ્યાને પૂછીગાછી તેની યોગ્યતા પરખીએ છીએ. આ રીતે બધી યોગ્યતા જોઇને આજે દીક્ષા આપીએ અને કાલે ભાગે તો એના જોખમદાર અમે નથી. એ દીક્ષા ન છોડે, સંયમ સાચવે અને સારો નીવડે એની કાળજી રાખવી. પણ તેમ છતાં ભાગે તો દોષ નથી. કોઇ શ્રીમંત કે ચક્રવર્તીને ત્યાં પણ જન્મેલું આજનું બાળક કાલે મરે છે-કે નહિ ? પ્રયત્ન જિવાડવાના હોવા જોઇએ એ વાત ખરી.

**ભગવાનની આજ્ઞાથી ખેડૂતને દીક્ષા :**

ગૌતમસ્વામીએ ભગવાનની આજ્ઞાથી ખેડૂતને દીક્ષા દીધી. ખેડૂત ભગવાનને જોઇને ભાગી ગયો, તો પણ ભગવાને કહ્યું કે 'એ પામી ગયો.' આજના જેવાઓ ત્યાં હોત તો ટીકા કર્યા વગર ન રહેત. ઇંદ્ર જરા હસ્યા અને બોલ્યા કે 'ગૌતમ સ્વામી ! શિષ્ય તો સારો ગોતી લાવ્યા !' પણ ભગવાને કહ્યું

કે 'ઇંદ્ર ! હસવા જેવું નથી. કારણ કે એ તો પામી ગયો !' ભગવાને ગૌતમસ્વામીને એ ખેડૂતને પ્રતિબોધ કરવા જવાની આજ્ઞા આપી ત્યાં ગૌતમસ્વામીએ લેશ પણ વિચાર નથી કર્યો. બીજું કાંઈ પણ જોયા વિના ભગવાનની આજ્ઞા પ્રમાણ કરી, ત્યાં જઈ ઉપદેશ દીધો. હળ, બળદ ત્યાં છોડાવ્યાં, ઘર ઘરના ઠેકાણે રહ્યું અને ખેતરમાં જ ઓઘો આપ્યો.

**૨૧૦. સભા : ભગવાને પોતે માતપિતા જીવતાં દીક્ષા ન લેવાનો અભિગ્રહ કર્યો અને બીજાને વગર રજાએ ઉપડાવ્યો !**

**પૂજ્યશ્રી** : શ્રી મલયગિરિજી મહારાજા કહે છે કે એ તો ત્રણ જ્ઞાનના ધણી હતા. એના વાદ બીજાથી ન થાય. એ તો ગર્ભમાં પણ માતૃભક્તિ ખાતર સંકોચાઈને રહ્યા હતા, તમે રહો ને ?

**૨૧૧. સભા : ગૌતમસ્વામીએ જે ખેતરમાં દીક્ષા આપી, ત્યાં તે ગામના સંઘની આજ્ઞા લીધી કે નહિ ?**

**પૂજ્યશ્રી** : જૈનશાસનમાં એવી આજ્ઞાની જરૂર નથી. દીક્ષા ગામમાં, ખેતરમાં, અટવીમાં બધે અપાય અને આપ્યા પછી ધાંધલ થશે તેમ લાગે તો ચારિત્રની રક્ષા માટે બીજે મોકલી પણ દેવાય. શાસ્ત્ર તો કહે છે કે સમય હોય તો મુહૂર્ત જરૂર જોવું પણ સમય ન હોય તો અને ઉત્સાહ વધી ગયો તો મુહૂર્ત જોવાની પણ જરૂર નથી.

** ત્યાગીનું બહુમાન ત્યાગની ભાવનાવાળો જ ખરી રીતે કરી શકે.*

**પૂર્વભૂમિકા** : દુનિયામાં કોઈ વૈદ્ય એવો નથી કે જે સાકર ખવડાવી દર્દ મટાડે. સાકરથી જો દર્દ મટતાં હોત તો વૈદ્યની જરૂર જ શી ? સાકર તો બજારમાં જોઈએ તેટલી મળે છે. વૈદ્યનાં આટલાં પાટીયાં બજારમાં ન લટકતાં હોત. શરીરમાં એવા પણ રોગ થાય છે કે જ્યારે આખું શરીર ચિકિત્સકને હવાલે કરવું પડે. સગાવાલાએ વૈદ્યને લખી આપવું પડે કે ચિકિત્સા કરતાં કરતાં દર્દી મરે તો જવાબદારી આપની નહિ. જે મા-બાપ પોતાના બાળકના શરીર માટે આવું લખી આપે તે એના આત્મા માટે કાંઈ ન કરે ?

---

**૨૧૨. સભા : વૈદ્યને શરીર સોંપતી વખતે સંઘની રજા ન લે ?**

**પૂજ્યશ્રી** : ના, ત્યાં રજા લેવાની જરૂર નહિ પણ સાધુને સોંપવો હોય તો રજા લેવી પડે એવો આજના બુદ્ધિમાનોનો દાવો છે. ત્યાં તો સંઘની સલાહ શું ! મા-બાપની પોતાની સલાહ પણ કામ ન લાગે. વૈદ્ય કહે તેમ જ કરવાનું. વૈદ્ય પણ દર્દીની એક યોગ્યતા જુએ કે એ પોતે કહે તેમ કરશે. આ વાત કબૂલે તે દર્દી યોગ્ય. દર્દી ભલે ચીડીયો હોય, એની શારીરિક અને તેને કારણે માનસિક સ્વસ્થતા બગડી છે માટે તો આવ્યો છે. પણ રોગ કાઢવાની ભાવનાવાળો એ હોવો જોઇએ. શાસ્ત્રકાર કહે છે કે સંસારને ખરાબ માનનારા બધા દીક્ષા માટે યોગ્ય છે. અમારામાં સાચવવાની તાકાત નહિ માટે અમે વધારે ગુણોની યોગ્યતા તપાસીએ. નાનો ડૉક્ટર જલદી ઓપરેશન ન કરે. નિષ્ણાતોનો અભિપ્રાય મેળવે, બીજા ડૉક્ટરને સાથે રાખે, પછી કામ કરે. તેનો હેતુ એ કે પોતાને કલંક ન લાગે. જેને સંસારની નિર્ગુણતા સમજાય, જેને આ રજોહરણમાં કલ્યાણ લાગે તે બધા દીક્ષા માટે યોગ્ય. આંધળો આવે તો ના

પાડવી પડે કારણ તે ઈર્યાસમિતિ આદિનું પાલન ન કરી શકે. એ રીતે જે અન્ય પણ ગુણ-દોષ જોવાના છે, તેની પાછળનાં ચોક્કસ કારણો છે અને એમાં એના જ હિતની વિચારણા છે. (આચારાંગ ભાગ-૭)

---

**પૂર્વભૂમિકા** : શ્રી જિનેશ્વરદેવનો સેવક કદાચ ત્યાગ સ્વીકારી ન શકે, પણ તેને રાગની વાતોમાં આનંદ ન હોય. સંસારને સેવે તો પણ લુખ્ખે મને સેવે. સંસાર છોડવા જેવો છે એમ માને અને કહે. સંસારને છોડવા માટે એ બનતી બધી ક્રિયા કરે. ગૃહસ્થ માટે એ વિધિ, તો સાધુ માટે કઈ વિધિ ? 'સંસારમાં રહો એમાં હરકત નથી'-એમ જો કોઈ મુનિ કહે તો એમને પૂછો કે-'આપે, કેમ છોડ્યો ? એટલે જો થોડી પણ તેમનામાં સમજ હશે, તો તરત જ ચૂપ થશે.

**૨૧૩. સભા : 'સંસાર છોડતાં સ્નેહીઓ રડે તેનું શું ?'**

**પૂજ્યશ્રી** : આ પ્રશ્ન પણ અસ્થાને છે. કારણ કે-એમાં ઉપાય જ નથી, અરે ! ત્રણ જ્ઞાનના ધણી, અસંખ્ય ઈંદ્રો તથા દેવોના સ્વામી તથા અનેકના ગુરુ અને ગમે તેવા રાગમાં પણ વિરાગી રહેનાર એવા તીર્થપતિ પણ પોતે કુટુંબીઓને રોતા મૂકી નીકળ્યા છે, એ કેમ નીકળ્યા ? જો સંસારમાં રહેવું એ ધર્મ હોય, તો આવા વિરાગી વળી અનેકને રોવરાવીને કેમ નીકળે ?

**શ્રી તીર્થંકરદેવ, કે જેઓના દીક્ષા મહોત્સવ કરવા ઈંદ્રો આવે છે, જેમની શિબિકા ઈંદ્રો ઉપાડે છે અને જેઓ ત્યાગી થઈને નક્કી તીર્થંકર થવાના છે એવું કુટુંબીઓ જાણે છે–છતાંયે રડે છે !** અસંખ્યાત દેવોના ઈંદ્રોના તથા ત્રણ લોકના એક સરખા નાથ થવાના છે, એવું જાણવા છતાંયે મોહના યોગે એમના કુટુંબીઓ રડે છે. જેનો મોહ ગયો એ તો નીકળે, પણ મોહ રહ્યો એ શું

કરે ? એ રડે, એ શાશ્વત કાયદો છે. મરનાર મરે. પણ જીવનાર તો પોક મૂકે. સૌ સમજે છે કે-મરવાનું હતું અને તે મર્યો, છતાં રડે છે કેમ ? મરનાર તો મર્યો, પણ બીજાને એની જરૂર છે માટે રડે છે. વિરાગી તો નીકળે, પણ રાગીની હાલત રોવાની છે એટલે એ રડે. એથી વિરાગીએ કંઈ બેસી રહેવું જોઈએ ?

**એક પણ સ્નેહીની આંખમાં આંસુ આવે તો દીક્ષા લેવી નહિ, કેમકે–કર્મબંધ થાય, ઓઘો લીધો હોય તો પણ મૂકી દેવો'–આવો કાયદો જો ભગવાન શ્રી મહાવીરદેવે કર્યો હોત, તો આ સાધુની પરંપરા હોત ? અરે, તીર્થંકર ભગવાન પોતે સાધુ થાત ?** માટે રાગી તો રડે જ ! જો એ કારણથી ધર્મી ધર્મ કરતો અટકે, તો કોઈ કાળ એવો નથી કે કલ્યાણ થાય. કોઈ આત્મા એવો નથી કે જે પ્રભુનો માર્ગ સ્વીકારી શકે. અમે નીકળ્યા ત્યારે રોનારાએ રોયું, પછી એમનું રોવું તો અટક્યું, પણ આજે પણ અમારા કારણે બીજાઓનું રોવાનું ખાતું કાયમ છે; દિ ઊગ્યે અમારા નામથી રોનારા છે, એમ કહેવાય છે; એટલે કે અમારા નામની સાથે કર્મ બાંધનારા છે, પણ એમાં અમારો ઉપાય શો ? (સં.સ્વ.દ. ભાગ-૧)

---

**૨૧૪. સભા : મુનિપણામાં ભીખ માંગવી પડે છે !**

**પૂજ્યશ્રી** : ભીખ માંગવાની છે ક્યાં ? ધર્મલાભ દેવાનો છે. યાચના પરિષહ છે એ વાત ખરી, પણ ધર્મલાભ દેવાનો છે. મળે તો સંયમપુષ્ટિ અને ન મળે તો પણ તપોવૃદ્ધિ, એ સ્થિતિ મુનિપણામાં છે.

---

**૨૧૫. સભા : એ ભાવના ન રહે તો ?**

**પૂજ્યશ્રી** : પેલી વાસનાઓ ઘર કરી ગઈ હોય માટે ન પણ રહે, એથી કાંઈ અભ્યાસ ઓછો જ છોડાય ?

---

**૨૧૬. સભા : બે-પાંચ દિ' ન મળે તો રહે ?**

**પૂજ્યશ્રી** : ન રહે. શક્તિની ખામી છે. વારુ ! વીસ આની ન રહે તો સોળ આની રહે, બાર આની રહે, એક આની તો રહે ને ? જે રહ્યું તે લાભમાં. તમારી માફક તદ્દન ખોટ તો નથી ને ? પેઢી વગરનાને ખોટ જાય કે પેઢીવાળાને ? પેઢીવાળો શ્રીમાન કહેવાય કે પેઢી વગરનો શ્રીમાન કહેવાય ? પેઢીવાળાને ખોટ પણ જાય, તકલીફ પણ વેઠવી પડે, છતાં શેઠ એ કહેવાય ? પેઢી વગરનો ઓછો જ કહેવાય ? પેઢી વગરનો તો રખડતો પચીસનો પગારદાર કહેવાય. ભેદ સમજાય છે ? ખોટના ભયથી પેઢી નહિ ખોલવાનું કહેશો ? સંપૂર્ણ અંશે એટલે શ્રી ગૌતમ મહારાજાદિ જેવું મુનિપણાનું પાલન દુષ્કર છે એમ માનીને તો કાળાનુસારી સંયમ કહ્યું છે ને ? શ્રી ગૌતમ મહારાજ જેવા આજે હોય ? લાવવા ક્યાંથી ? આજે તો જેવું આત્માનું વીર્ય હોય તેવું સંયમ હોય.

શ્રી ધન્ના કાકંદી દીક્ષા લીધા પછી છટ્ઠના પારણે આયંબિલ કરતા હતા અને આયંબિલમાં માખી પણ ન બેસે એવો આહાર લેતા હતા. નવ મહિનામાં તો શરીરને ખોખું બનાવી દીધું. બીજા મુનિઓ તેમ ન કરી શક્યા, માટે એમનામાં મુનિપણું નહોતું એમ કહેવાય ? 'વળી બાપ રે ! મુનિપણું કેમ લેવાય?' એ પ્રશ્ન થાય છે, પણ 'બાપ રે ! સંસારમાં કેમ રહેવાય ?' એ પ્રશ્ન થયો ?

**ઉપદેશ શાનો અપાય ?**

**૨૧૭. સભા : મુનિઓને ગૃહસ્થોની જરૂર છે, માટે ગૃહસ્થો રહેવા જોઈએ એવા વિચાર ન કરે ?**

**પૂજ્યશ્રી** : શાસ્ત્ર ના પાડે છે. તમારી ગરજ હોવાની કે રાખવાની શાસ્ત્ર ના પાડે છે. ગૃહસ્થ પણ સાધુ પોતાના આધારે જીવે છે, એમ ન માને. પણ એમના યોગે પોતાને જ લાભ થાય છે એમ માને. **કોઈ કાળ એવો નથી કે, જેમાં ગૃહસ્થ જ ન હોય. મુનિ ન હોય એવો કાળ આવે, પણ ગૃહસ્થ ન હોય એવો કાળ આવે ? ગૃહસ્થ તો છે જ, માટે 'મુનિનું શું થશે ?' એ શંકાને સ્થાન જ નથી. મુનિ હશે તો ઉપદેશ મળશે એ વાક્ય ઉચિત છે. કેમ કે, મુનિ ક્વચિત્ આવે છે. ગૃહસ્થ તો છે જ. ચિંતા વસ્તુની કે કાંકરાની ?** આ તો પડેલા છે. એમને કાઢવા અને અહીં લાવવા મુશ્કેલ છે. ગૃહસ્થપણું આવવામાં મુશ્કેલી ક્યાં છે ? અર્થાત્ કોઈને રૂપિયા આપો તો ના પાડે ? ના, પણ પાંચ પૈસા કાઢવામાં મુશ્કેલી છે. શાસનની રક્ષામાં મંદીને બહાને પચીસ રૂપિયા મહિને ખર્ચવાની ના પાડે, પણ એને પૂછો કે, ચા, પાનના ખર્ચામાં મંદી નડે છે ? એને કોઈ હજાર આપે તો તરત ખોળો પાથરે. શ્રીમંત બનવા સોએ સો ટકા નીકળે અને ઉદાર બનવા સેંકડે પાંચ પણ નહિ !

**જે બનાવવું મુશ્કેલ છે તેનો વિચાર હોય, જે બન્યું, બનાવવું પડ્યું છે, તેનો વિચાર શો ?** ગૃહસ્થ રહેશે કે નહિ એ શંકા છે ? લાખો મુનિવરો ભેગા થાય તોય સંસારીઓ રહેવાના. અનેક તીર્થંકરદેવો થઈ ગયા અને થશે તો પણ રહ્યા છે અને રહેશે. ઊલટા એ તો એવું કહી દે કે, 'એ તો તીર્થંકર છે, વીતરાગ

છે, વીતરાગ છે તે કહે, આપણાથી એ કરાય ? આપણે તો બધું જોવાનું.' સાધુના વ્યાખ્યાનમાં આવે ત્યારથી જ હૃદયમાં એ બેઠું હોય કે, 'એમણે તો ઘર-બાર છોડ્યાં માટે એ તો કહે, પણ આપણે તો બધું જ વિચારવાનું.' આથી જ શાસ્ત્ર કહે છે કે, સહજ વસ્તુનો ઉપદેશ ન હોય; જે સહજ ન હોય તેનો ઉપદેશ હોય.

**તરણ-તારણ જહાજ !**

આત્માનું સ્વરૂપ નક્કી કરો તો ભગવાન શ્રી જિનેશ્વરદેવોનાં વચન ઉપર, એ તારકોના પુનિત માર્ગ ઉપર, પ્રભુની એકેએક આજ્ઞા ઉપર ક્યારેય પણ શંકા ન થાય, પણ આત્મસ્વભાવના રસિયા બનો તો ! શ્રી તીર્થંકરદેવે તીર્થ સ્થાપવા માટે કંઈ કહ્યું નથી, કંઈ નવું કહેવાના ઈરાદે કહ્યું નથી. પણ જે જેવું હતું તેને તેવા સ્વરૂપે કહ્યું છે, એટલે ત્યાં શંકાને સ્થાન જ નથી. જે વસ્તુ જેવી હોય તેને તેવી કહે. એમાં શંકા પણ શી?

શાસ્ત્ર કહે છે કે, 'શંકા મોહના ઉદયથી થાય. મોહ શું? '**अहं मम**' 'હું'અને 'મારું.' એ ભાવના છૂટે તો આ ગમે. 'હું' કોણ ? એમાં ખોખાને (શરીરને) 'હું' માન્યું અને 'મારું' શું ? એમાં ઘરબાર, કુટુંબ-પરિવાર, લક્ષ્મી, બંગલા-બગીચા, હાટ-હવેલી, વાડી-વજીફા વગેરેને 'મારું' માન્યું; એને આ શી રીતે ગમે ? તમે વ્યાખ્યાનમાં નક્કી કરીને આવો કે, 'હું' અને 'મારું' જુદું છે, અને અહીં એ જુદું છે; એટલે કદી પાટલે મેળ મળતો નથી. 'હા જી' બધા કહે. પણ અમલ વખતે મોટો ભાગ ભાગી જાય.

**૨૧૮. સભા : એવો પ્રશ્ન આપની પાસે નથી કરતા, એનું કારણ કે, ડર લાગે છે.**

**પૂજ્યશ્રી** : અહીં દોરડા-બોરડાં છે ? હું તો સમજાવું. સમજે અને માંગે તો આ ઓઘો આપું. હું આવ્યો શા માટે ? અમથો જ ? તમે સાધુને લાવ્યા કેમ ? સાધુપણાનો પ્રચાર કરવા કે સાધુનું સાધુપણું છોડાવવા ? તમારી 'હા' માં 'હા' ભણાવવા કે તમને તમે હો તેવા ઓળખાવવા ?

તમે ડૉક્ટરને શા માટે બોલાવો છો ? નાડ જોઈને દરદ કહેવા અને દવા કરવા કે 'હા' એ 'હા' કરી, ગપ્પાં મારી, ફી લઈ ભળતાં પડીકાં આપવા ? કોઈ તમને પૂછે કે સાધુને માનો છો શા માટે, સાધુ પાછળ આટલા ગાંડા શા માટે; તો શું કહેશો ? કાગળમાં તો લખે કે, 'તરણ-તારણ જહાજ સમાન' તે જહાજ શું કરે ? ક્યાં આવે ?

---

**૨૧૯. સભા : બંદરે પેસેન્જર લેવા આવે.**

**પૂજ્યશ્રી** : એકલાને કે બંગલાની સાથે? વિચારો ! વિચારશો તો આપોઆપ સમજાશે કે, આજે બધી મારામારી 'હું' અને 'મારું'ની છે. હવે તો એ બધામાં પ્રવેશ્યું છે. ધર્મમાં પણ પ્રવેશ્યું છે. વિચાર પણ 'મારા !' અમલ પણ 'મારા વિચાર પ્રમાણે !' આજે એ ઉન્માદ જાગ્યો છે. એને પૂછો કે, તારા વિચાર મુજબના અમલનું ભવિષ્ય શું ? તો કહેશે કે, 'એનું શું કામ ? પ્રયત્ન કરો !' જ્યારે અહીં (ધર્મમાં) તો ભવિષ્ય નક્કી છે. આમ કરે તો આમ થાય અને આ દશામાં મરે તો આ ગતિ અને આ દશામાં મરે તો આ ગતિ, એ બધું ભવિષ્ય

નક્કી થયું છે. સંયમ પૂરું પાળે તે મુક્તિએ જાય. અધૂરું પાળે તે દેવલોકમાં જાય અને વિરાધના કરે તે ખાડામાં પણ પડે. અહીં ભવિષ્ય નક્કી છે.

જ્યાં વિચારમાં ઠેકાણું નથી, જેને વિચારના અમલના ભવિષ્યની ખબર નથી, એ વિચાર પર મારાપણાને લઈને મદાર ? અને જ્યાં ભવિષ્ય નિશ્ચિત છે, ત્યાં વિચારના મારાપણાના અભાવે એનો અમલ નહિ ? આ કારણથી જ શંકાનું ભૂત વળગ્યું છે. ખરેખર, વિચારીએ તો ખોટા મારાપણાના યોગે પાંચેય દોષનું આજે જૈનસમાજમાં કેટલેક સ્થળે સામ્રાજ્ય છવાયું છે. શંકા તો એટલી, કાંક્ષાયે એટલી, વિચિકિત્સાયે એટલી મિથ્યામતિ ગુણવર્ણનનો તો પાર જ નહિ અને મિથ્યામતિના પરિચયનું તો પૂછવું જ શું ? આ સ્થિતિમાં સમ્યગ્દર્શન રૂપ પીઠ શી રીતે બંધાય ? એના પર મેરૂ પહાડ સ્થિર શી રીતે રહે ?

સભા : સ્થિર કરો.

પૂજ્યશ્રી : સ્થિર કર્યા પણ સ્થિર થાય તેવા હોવા તો જોઈએ ને ? અમુક આત્માઓ તો એવા કે, સ્થિર કરવાનો પ્રયત્ન કરનારાઓને પણ કલંકિત કરે. આજે તમે જોઈ રહ્યા છો કે, તેવાઓનું જ્યારે કશું જ નથી ચાલતું, ત્યારે તેઓ સાધુઓ ઉપર આરોપ મૂકે છે કે, જેને તેને મૂંડી નાંખે છે ! આની સામે ખરી વાત એ છે કે, પુણ્યાત્માઓ મુંડાવા આવે છે, છતાંય પોતાને સુધારક મનાવનારા અને સાધુતાના વિરોધીઓ એવું વાતાવરણ ફેલાવે છે કે, 'સાધુઓ જેને તેને મૂંડી નાંખે છે.' હું કહું છું કે, મુંડાઈ જાય છે. એટલે કે, સાધુઓ મૂંડતા નથી, પણ મુંડાવનારા મુંડાવે છે અને જો સાધુઓના જ મૂંડ્યા મુંડાતા હોય તો હું

તમને બધાનેય કહું છું કે, 'થાઓ ઊભા, લો !' શું તમે ઊભા થશો ? નહિ જ. કારણ કે, ઈચ્છા વિના કોઈ જ આત્મા મુંડાતો નથી અને મૂંડી શકાય નહિ.

**જાહેરમાં દીક્ષા !**

**૨૨૦. સભા : જેને સાચો વૈરાગ્ય થયો હોય તેને જાહેરમાં દીક્ષા કેમ ન અપાય?**

**પૂજ્યશ્રી** : આ પ્રશ્ન જ વિલક્ષણ છે. યોગ્ય આત્માઓની હાજરીમાં જ દીક્ષા અપાય છે, પણ અયોગ્ય આત્માઓની હાજરી થઈ જાય એવી રીતે ન અપાય તે છાની ન કહેવાય અને એ રીતે છાની અપાય તો પણ શું વાંધો ? તમે બે લાખ કમાઈને આવો. હવે તમારી જ માલિકીના બે લાખ લઈને ભયંકર અટવી શી રીતે પસાર કરો ? સાથી શોધો, પણ લૂંટારાથી તો મિલ્કત બચાવીને જ ચાલો ને ?

વાઈસરોય તો સત્તાધીશ છે ને ? શહેનશાહતનો પ્રતિનિધિ છે ને? હિન્દુસ્થાનનો મહાન સૂબો, એને રક્ષણનું કારણ? દુનિયાની અહિંસાની બૂમરાણ કરે છે, છતાં પણ રાજસત્તાધીશને રક્ષણ શા માટે ?

**સભા : સાહેબ ! બોંબ વગેરે ફૂટે છે અને અનેક ઉપદ્રવો મચાવે તેવા લોકો દુનિયામાં હાજર છે એથી !**

**પૂજ્યશ્રી** : તો કહો કે, બોંબ વગેરે ફોડનારા અને ઉપદ્રવો મચાવનારા પણ કેટલાક છે; અને એટલા જ માટે તો આજે કેટલાક દેશનેતાઓને પણ હાથ ખંખેરવા પડ્યા છે. વારુ, મિલકત તમારી કમાયેલી છતાં તિજોરીને તાળું કેમ ?

કહો કે, લૂંટારાનો ભય છે માટે. શાસ્ત્ર કહે છે કે, વૈરાગ્યરૂપ મિલકત ધરાવનારને પણ લૂંટારુઓની નજરે ન પડવા દેવાય. એમનાથી ગમે તે ભોગે બચાવી લેવા. તમને ખાતરી થાય કે, એક પણ લૂંટારું નથી તો યે તમે મિલકત બહાર ન મૂકો, તો પછી વૈરાગી આત્માને લૂંટારાની નજરે કેમ પડવા દેવાય?

દીક્ષા વિરુદ્ધની બૂમરાણ નજરે દેખાતી હોય, લૂંટારાની દોડાદોડ દેખાતી હોય, છાપાંની કોલમો રોજ એવી વાતોથી ભરાયેલી વંચાતી હોય, એ સંયોગોમાં વૈરાગી આત્માને લૂંટારાની નજરે કેમ જ પડવા દેવાય ? તમને ભલે ન લાગે, પણ વિરાગી આત્માની કિંમત આ શાસનમાં ઘણી મોટી છે. (સં.સ્વ.દ.ભાગ-૧)

## દીક્ષાનો વિરોધ ક્યાંથી જન્મે છે ?

**પૂર્વભૂમિકા** : 'અણાહારી પદ'ના અર્થી આત્માઓને અનશનાદિના યોગે ક્વચિત્ થતી કાયપીડા માનસિક બાધાને પેદા ન કરે.' એ વાત શરીરના પૂજારીઓ સમજી ન શકે એ સહજ છે. શરીરની પરાધીનતામાં પડેલા આત્માઓને આનંદપૂર્વક ખાવાપીવાની વાત ઝટ ગમે, એ ગમે એટલે કુમતની અભિલાષારૂપ કાંક્ષા થાય અને પરિણામે એ આત્માઓ કુમતમાં પણ પટકાઈ પડે, એમાં કશું જ આશ્ચર્ય નથી. આજે દીક્ષાની બાબતમાં પણ એ જ બન્યું છે. ભવાભિનંદી આત્માઓને સંસારનો ત્યાગ સહેજે ખટકે. એ ખટકવાના પરિણામે એનાથી વિરુદ્ધના વિચારો તરફ તેઓનું હૃદય સહેજે ઢળે. કોઈ એમ કહે કે, 'ત્યાગ ઘણો જ સારો. ત્યાગ કોને ન ગમે ? સૌને જ ગમે. પણ એ

ત્યાગ થાય ક્યારે ?' એટલે તરત જ તે તરફ હૃદય ઢળે. 'ભુક્તભોગી થયા પછી જ અને બધા રાજી હોય તો જ ત્યાગ થાય.' આ સુમત નથી પણ કુમત છે; તે છતાં પણ ત્યાગથી ગભરાનારાઓને એ વાત ઝટ ગમે અને એ ગમે એનું નામ કાંક્ષા. એ 'કાંક્ષા' નામના દોષને વશ થવાના કારણે કુમતવાદીઓને પણ ટપી જાય તેવા કદાગ્રહી બની ગયેલાઓ આજે જાહેરમાં કહે છે કે, 'બાળકને વળી દીક્ષા શી? અને કોઈ પણ નારાજ થાય એવી રીતે દીક્ષા અપાય જ શાની?' આ ઉપરથી આપણે એ વાતમાં નિશ્ચિત થઈ શકીએ છીએ કે, 'કાંક્ષા' નામના બીજા દોષની જો ઉપેક્ષા જ કરવામાં આવે, તો તે દોષથી પરિણામે સમ્યક્ત્વ નાશ પામે છે. **જેટલા સુનય તેટલા જ કુનય. એક સારી યુક્તિ સામે ઘણી કુયુક્તિઓ ઊભી છે. માટે સમ્યક્ત્વને સાચવવા ઈચ્છનારાએ પ્રભુશાસનમાં ખૂબ જ સુદૃઢ રહેવું જોઈએ.** વાત વાતમાં જરા પણ મૂંઝાયા વિના કલ્યાણકામી આત્માઓએ તો શક્તિ મુજબ પ્રભુશાસનની આજ્ઞાઓ સમજી લેવી જોઈએ.

---

**દીક્ષા માટે શાસ્ત્રીય વિધાન :**

**૨૨૧. સભા : 'દીક્ષા માટે શાસ્ત્રની આજ્ઞા શું છે ?'**

**પૂજ્યશ્રી** : સોળ વર્ષની અંદરની ઉંમરનાને દીક્ષા આપવા માટે મા-બાપની આજ્ઞાની જરૂર છે, પણ એમાં બીજા કોઈની પણ આજ્ઞાને જરૂરી માની નથી; અને સોળ વર્ષની ઉપરનાને માટે મા-બાપની આજ્ઞા વિના ન જ અપાય એમ પણ નથી. સોળમાં પણ આઠ અને આઠની ઉપરનાને દીક્ષા અપાય જ

એમાં કોઈ હરકત નથી. મા-બાપની આજ્ઞા આઠથી સોળ વર્ષ સુધીના માટે જોઈએ એ વિધિ, પણ તે પછી પણ જોઈએ જ એવી વિધિ નહિ. સોળની અંદરની ઉંમરે દીક્ષા લેનારનાં મા-બાપની રજા હોય તો પછી બીજાઓનું કશું જ લાગતું-વળગતું નથી અને સોળ વર્ષ પછી તો અજ્ઞાન અને મોહવશ મા-બાપ, અજ્ઞાનતા ભરેલી હો-હા કરે તો તેની પણ પરવા રાખવાની નથી હોતી. આ સિવાયની કુકલ્પનાથી ભરેલી જેટલી વાતો બોલાય, તે બધી જ કુમતની અને એના તરફની અભિલાષા તે કાંક્ષાવાળી વાતો છે. જો એની ઉપેક્ષા કરવામાં આવે તો પરિણામે સમ્યક્ત્વનો નાશ થાય.

દીક્ષાના પ્રસંગોમાં મોહાધીન આત્માઓ તરફથી ઘોંઘાટ થવો અને ભવાભિનંદી આત્માઓ તરફથી તે ઘોંઘાટને ઉત્તેજન મળવું એ બધું જ સુસંભવિત છે, એટલે એથી સમ્યગ્દષ્ટિ આત્માઓને મૂંઝવણ ન જ થવી જોઈએ. વસ્તુ અને વસ્તુના મર્મને નહિ જાણનારાઓ ગમે તેમ બોલે, તેની કિંમત શાણાઓએ ન જ આંકવી જોઈએ. દીક્ષા પ્રસંગે મોહ અને અજ્ઞાનથી ઉત્પન્ન થતા ઘોંઘાટને પાપનું કારણ માનીને 'સંયમ ન લેવું જોઈએ અને ન દેવું જોઈએ' એવી માન્યતા ત્યાગને માનનાર મિથ્યા મતોની પણ નથી. છતાં પણ ભવાભિનંદી આત્માઓને એ વાત ઝટ રૂચી જાય છે અને એથી કહેવાય છે કે, 'સારા કામમાં કોઈને પણ દુઃખ શા માટે? પણ આની સામે અમે પણ એમ જ કહીએ છીએ કે,'કામ સારું છે, તો હો-હા કરનારાઓ દુઃખ કરે છે કેમ ?' પણ સમજો કે, અજ્ઞાન અને મોહવશ આત્માઓને દુઃખ ન થાય એ સંભવિત નથી. કારણ કે મોહવશતા અને અજ્ઞાનતાના યોગે એમને સારી વસ્તુ સારી લાગતી

જ નથી. એથી એ અસંભવિતને સંભવિત બનાવવાની કપોલકલ્પિત અને એક ક્ષણ પણ ન ટકી શકે તેવી દલીલો લાવીને, શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાનુસાર જે રૂઢ માર્ગ હોય તેનાથી વિપરીત વાત કરવી, એ માર્ગને બંધ કરવાની વાત છે, તેથી જ તે કુમતવાદ છે અને એમાં ઢળવું તે સમ્યક્ત્વને નષ્ટ કરનાર અનેક દોષોના પ્રગટીકરણ માટે થાય છે, કારણ કે, એવી કાંક્ષાના યોગે તરત જ એમ થાય કે, 'ભગવાનની આજ્ઞા આવી તે હોય ? એવી શંકા થાય અને તેવી શંકાના પરિણામે કુમત તરફ ઢળતાં અને કુમતને અપનાવતાં વાર લાગતી નથી.

**મમતાના તારથી ચાલતો સંસાર :**

**૨૨૨. સભા : 'સાહેબ ! પણ દીક્ષા લેનારની પાછળ અમુક રડે કરે એનું પાપ કોને ?'**

**પૂજ્યશ્રી** : વિધિ મુજબ દીક્ષા લેનારની પાછળ જેઓ રડે, તેનું પાપ રોકનારાઓને જ લાગે. જેમ મરનારો મરતી વખતે બધાને હૃદયથી વોસિરાવીને ગયો હોય, તો પાછળના ગમે તેટલું રડે તોયે એનું પાપ એને નથી લાગતું.

**૨૨૩. સભા : શું ન વોસિરાવ્યા હોય તો મરનારને પણ પાપ લાગે ?**

**પૂજ્યશ્રી** : હા ! જરૂર લાગે. અરે, દીક્ષા લેનાર પણ જો પોતાના કુટુંબમાં મમતા રાખે તો કુટુંબીના રુદનાદિનું પાપ એને પણ લાગે. સંવાસાનુમતિ શ્રાવક, માત્ર ઘરમાં ખાય પીએ, બાકી ધર્મ જ કરે. સલાહ પણ કશી ન આપે

તોયે એને સાધુ નથી કહ્યો, કેમ કે, એમાં મારાપણું બેઠું છે. મારાપણું જેમાં હોય તે ચીજ ગમે ત્યાં જાય પણ તેના પાપની ભાગીદારી બેઠી જ છે.

કંપનીમાં પચાસ ભાગીદાર હોય એમાં ભલે ઓગણપચાસ ઘેર રહેતા હોય, પણ ખોટ બધાને ભરવી પડે ને ? દૃષ્ટાંત તરીકે એક જણ ચપ્પુ મૂકીને મરી જાય. એ જો મનથી તજ્યું ન હોય તો તેનાથી થતી કાર્યવાહીનું પાપ મરનારને લાગે છે, પણ જો તજીને મરે તો ન લાગે. સમજો કે, એક ચપ્પા ઉપર તમારું નામ હોય. ભલે એ ચપ્પુ બીજા પાસે હોય અને બીજાએ એ ચપ્પાથી કોઈનું ખૂન કર્યું, ખૂની નાસી ગયો, પછી પોલીસ પકડે કોને ? પોલીસ તમને જ પકડે કે બીજાને ? પછી તમે સાબિત કરો કે દસ દિવસ પહેલાં એ ચપ્પુ બીજાને આટલા જન સમક્ષ વેચવામાં આવ્યું છે અથવા તો તમે આપ્યું કે ગુમ થયું છે અને તે વખતે તમારી માલિકી નહોતી એમ પુરવાર કરો તો જ તમે છૂટો, નહિ તો નહિ જ, કેમ કે, નામ તમારું એમાં રહ્યું છે ને ? એ જ રીતે દુનિયાની કોઈ ચીજમાં મમતા રહે તો પાછળના કાર્યની ભાગપરંપરા ચાલુ છે, માટે તો છેલ્લી વખતે ભવોભવનાં પાપનું મિચ્છામિ દુક્કડં દેવાય છે. છેલ્લે તો બધું છોડવું જ પડે છે, તો પછી હૃદયથી શા માટે ન છોડવું ?'

હૃદયથી છોડ્યા સિવાય પાપની પરંપરા છૂટતી જ નથી મરનાર, ટ્રસ્ટીને વ્યવસ્થા કહી જાય તો એના કહ્યા મુજબ લાભ-હાનિ એને; પછી ટ્રસ્ટી ફેરફાર કરે તેમાં એને લાગતું વળગતું નથી. દુનિયાની ચીજ પ્રત્યે જે મમત્વ છે તેનું જ પાપ એને છે. જેને તજીને જાય તે માટે કંઈ લાગે-વળગે નહિ.

દીક્ષા લેનારને પણ બીજાઓ મારો માનીને રૂએ છે અને દીક્ષા લેનાર પણ

તેઓને 'મારાં' માને, એટલે એ મમતાનો તાર પરસ્પર સંધાય અને એમ થાય તો એને પણ એનું પાપ લાગે જ. **મમતાના તારથી જ આત્માનો સંસાર ચાલે છે.** અવિરતિનો ઓઘ આશ્રવ નિયમ વિના બંધ થતો નથી. પાણી તમે શેર-બશેર વાપરો, પણ આખી દુનિયાના પાણીની અવિરતિ ઓઘ રીતે તમને લાગુ છે, કેમ કે માનો કે, અચાનક તમે ગમે ત્યાં પહોંચી ગયા અને તૃષા લાગી તો શું તમે નહિ પીઓ ? તૃષા ન લાગે અને ન પીઓ તે વાત જુદી, પણ લાગે તો તો પીઓ જ ને ? એથી જ અવિરતિનું પાપ બેઠું છે.

**નથી ખાતા એનો નિયમ શા માટે ?**

**૨૨૪. સભા : જૈન માંસાહાર તો ન જ કરે, છતાં પણ તેને પાપ લાગે ?**

**પૂજ્યશ્રી** : જૈન છે, માંસાહાર કરવો નથી, તો નિયમ કેમ નહિ ? અજ્ઞાન અથવા તો વિરતિને નહિ પામી શકવાની અવસ્થામાં નિયમ ન લીધો એ જુદી વાત છે, પણ સમજ્યા પછી અને યોગ્ય અવસ્થાને પામ્યા પછી પણ હેયનો નિયમ કેમ નહિ ? એ નિયમનો અભાવ જ સૂચવે છે કે, કાં તો એવા નિયમો પ્રત્યે શ્રદ્ધા નથી અથવા તો અંદર એવી ભાવના ઘર કરીને બેઠી છે કે, 'વખતે ખપ પડે તો!' દૃષ્ટાંત તરીકે સમજો કે, આજે મરજી આવે તે એક-બે શાક ખાવાનાં, પણ બાર મળે તો છોડો ? ન મળવાથી ન ખાઓ એ વાત જુદી પણ વાસના ગઈ નથી. ઘી ન મળે એથી રોટલી લૂખી ખાઓ એ વાત જુદી, પણ જમણનું નોતરું આવે તો ? નિયમ વિનાના દોડ્યા જાય પણ નિયમવાળો જાય? નહિ જ, તો પછી વિચારો કે નિયમ વગરનાને દોષ કેમ નહિ ? કહેવું જ પડશે કે, દોષ ખરો.

**શ્રાવક શ્રાવકજીવન જીવે તો ?**

**૨૨૫. સભા : કેટલાક કહે છે કે, 'રેલગાડી તો ચાલે છે, માટે એમાં બેસવામાં પાપ શું?**

**પૂજ્યશ્રી** : એ યુક્તિ જ ખોટી છે. જિંદગી સુધી રેલમાં ન બેસવું, એવા નિયમવાળાને પાપ ન લાગે. બાકી જેને છુટ્ટી છે એ તો આરંભમાં બેઠો જ છે. જો એવી કુયુક્તિ માનીએ તો તો દુનિયાની ચાલુ કોઈ પણ ચીજનો ઉપયોગ કરવામાં પાપ જ નહિ એમ થાય અને એ કોઈ પણ રીતે વ્યાજબી નથી, યુક્તિસંગત પણ નથી, તેમ જ આગમને અનુકૂળ પણ નથી. વિરતિ નથી ત્યાં સુધી અવિરતિ ઓઘે તો રહી જ છે. ગરમ પાણી પીવાનો નિયમ કરનારને બધા પાણીની અવિરતિ નહિ લાગે. આગળના શ્રાવકો અમુક કૂવો રાખતા. પોતાના ઘરમાં એ જ પાણી આવે; એમાંયે ચોમાસામાં ભરેલા ટાંકાનું જ પાણી, બીજુંય નહિ, બીજી ઋતુનુંયે નહિ ! દુનિયામાં ચીજો તો ઘણી છે પણ અમુક જ અને તે પણ આટલી એ જ ચીજ વાપરવી, અને બાકીનો નિયમ કરતા, પરિગ્રહનું પ્રમાણ બાંધતા. **શ્રાવક શ્રાવકજીવન જીવે તો પણ ઘણાં પાપોથી બચી જાય.** ઘણું પાપ તો નકામું લાગે છે.

** દુઃખથી બચવું હોય તો મોક્ષમાં જ જવું પડે,*
*પાપોથી બચવું હોય તો **દીક્ષા** જ લેવી પડે.*

**૨૨૬. સભા : 'ઘણું પાપ એમ ને એમ લાગે છે તેનું કારણ શું ?'**

**પૂજ્યશ્રી** : હૃદયના તોષના અભાવે. સંતોષના અભાવે બધી જ છૂટ. મને આ મળે તો સારું અને મને તે મળે તો સારું, એ ભાવના તો હૃદયમાં બેઠી જ છે. તો પછી પાપ નહિ એ કેમ બને ? જ્યાં સુધી આવી ભાવના બેઠી હોય ત્યાં સુધી પાપનો બંધ તો થવાનો જ. હીરા, માણેક અને પન્ના વગેરે મળતા નથી એ વાત જુદી, પણ મેળવવાની ભાવના તો છે જ ને ? હા, તો પછી પાપ કેમ નહિ ?

---

**૨૨૭. સભા : ઈચ્છા કરે તો ને ?**

**પૂજ્યશ્રી** : અરે! ભાઈ ! ઈચ્છા તો બેઠી જ છે. ઈચ્છા ન હોય તો કરો બંધ! માટે સમજો કે, ઈચ્છા છૂપી તો ગોઠવાયેલી જ છે. અરે ! ઈચ્છા તો શહેનશાહતની છે, પણ મળવાના સંજોગો નથી માટે ઈચ્છા દેખાતી નથી. અત્યારે જરા ઈચ્છા નથી પણ કોક પાંચ લાખ મળવાનું બતાવે તો છોકરાના વિવાહમાં વીસ હજાર ખરચવાની ભાવના તરત જાગે. હૃદયમાં તો એ બેઠું જ હતું, પણ તિજોરી કાણી હતી માટે એ દેખાતું નહોતું. જોષી વીસ લાખ મળવાનું કહે એટલે વીસ લાખ મળ્યા પહેલાં જ વીસસો મનોરથો કરે. 'વીસ લાખ' એ શબ્દોએ ઢંકાયેલ ભાવનાને ઉત્તેજિત કરી,'વિવાહમાં આ ભાઈથી સારો ખર્ચ કરું' એ ભાવના તો હતી જ. ગાડી મોટર નથી મળી માટે એના વિચાર બહુ નથી, પણ વેપારમાં તો એ ભાવના તો ખરી કે, ગાડી મોટર મળે એવો લાભ ક્યારે થાય ! એ વિચાર કદાચ રોજ ન થાય તો પણ ઊંડાણમાં તો છે જ.

પચાસ કે સોના પગારદારને પાંચ હજારનું પરિગ્રહ પરિમાણ કરવા કહો, થશે ઉભો ? આખી જિંદગીમાં હજાર ભેગા ન થાય એવા ઘણા છે, કેમ કે, સોની આવક હોય, લગભગ તેટલો જ ખર્ચ હોય; પાંચ પચ્ચીસ બચે તો એવો પ્રસંગ આવે ત્યારે જાય, છતાં એ પણ નિયમન ન કરે; કેમ કે, હૃદયમાં ઊંડે ઊંડે એવું છે કે, 'પાંદડું ફરે તો!' પચાસનો પગારદાર પાંચ લાખ મળે તો ન લે? લે, પણ નિયમવાળો તો લાત જ મારે. એ જ કારણે નિયમ વિનાનાનાં માથે ઓઘ અવિરતિનું પાપ બધે જ બેઠું છે; પાપ કરાય અને જેવું એ લાગે તેવું એ પાપ નહિ, બાકી પાપ તો ખરું જ.

ગામમાં લૂંટારુ હોવાની શંકા થાય એટલે સરકાર બધાની ઝડતી લે. છૂપા શાહૂકારની પણ લે ને ? કારણ કે, ત્યાં વસ્યા એ જ ગુનો ! જે લત્તામાં બે બદમાશ વસે ત્યાં વસનારાઓએ ધાડ ન આવે તો અહોભાગ્ય સમજવું. બે બદમાશની ધાડ બારસો પર આવે. સટ્ટો કરે કોક અને રસ્તે ચાલતો પકડાય; ત્યાંથી ચાલ્યો કેમ ? મારામારી જોનારને પણ સાક્ષી તરીકે પોલીસ પકડે ને ?

---

**મમતા છોડનારને કાંઈ લાગે કે વળગે ?**

**૨૨૮. સભા : 'ખાનારને ખેતીનું અને વસ્ત્ર પહેરનારને મિલનું પાપ લાગે?**

**પૂજ્યશ્રી** : નિયમ વિનાનાને બધું પાપ લાગે. પંદર કર્માદાનમાં બધું આવી જાય. શ્રાવકે પોતે એ પંદર કર્માદાનનો ત્યાગ કર્યો તો પછી એ પાપ ન લાગે. કુટુંબમાં રહેનારો પણ અમુક મિલકતનો ઉપભોગ નક્કી કરે, તો ત્યાં ગમે તેટલી મિલકત છતાં એનું પાપ ઘટે છે. જેટલો નિયમ તેટલો લાભ ! 'દશ દ્રવ્ય જ ખાવાં' એવા નિયમવાળો સો ચીજ હશે તોય અગીયાર ખાઈ શકશે ? નહિ જ, અને અંકુશ ન હોય તો બધું જ ખાય. ન મળવાથી ન ખાય એ વાત જુદી છે.

પણ મમતા રહી એટલો હિસ્સો તો છે જ. સાધુને ગૃહસ્થ ભાષા બોલવાનો પણ નિષેધ છે. કોઈને સમજાવવા કહેવું પડે એ વાત જુદી છે. સાધુ થયા પછી મમતા થાય તો એ પણ બંધાય. મમતા છોડનારને કંઈયે લાગતું વળગતું નથી. (સં.સ્વ.દ.ભાગ-૨)

**૨૨૯. સભા : 'કેવળ લોકોને પગે લગાડવાના ભાવથી લેતા હોય તો?'**

**પૂજ્યશ્રી** : એ જ ભાવના હોય તો ન અપાય. પણ બધા જ એવી ભાવનાથી લે છે. એમ માનવું એ એક ભ્રમણા છે. પગે લગાડનારના પણ પગ અકડાય છે એમ એ સમજે છે. દીક્ષા લેવી એ કાંઈ ખાવાના ખેલ નથી. ઉઘાડા પગે અને ઉઘાડા માથે ચાલવાનું છે. કલ્પના ખાતર માની લો કે અહીં મુંબઈમાં કદાચ શીરા-પુરી મળે છે પણ બીજે શું ? આ બધું એના ખ્યાલ બહાર નથી હોતું.

**૨૩૦. સભા : શ્રાવકોને વશ કરી લે એટલે ગાડી ચાલે ને ?**

**પૂજ્યશ્રી** : આ વીસમી સદીના શ્રાવકો એમ વશ થઈ જાય એવા છે ?

**૨૩૧. સભા : 'મંત્ર–તંત્ર, દોરાધાગાથી વશ ન થાય?**

**પૂજ્યશ્રી** : એ વાતમાં કાંઈ માલ નથી. એમ છતાં કોઈ એવા હોય પણ ખરા. ગામ હોય ત્યાં ઢેઢવાડો પણ હોય. પણ એ કેટલા ? ગણત્રીના. આખા સાધુ-સમુદાયમાં કોઈ અપવાદરૂપ એવા પણ હોય તેથી શું ? બધા એવા હોય એ સંભવિત નથી. આજે તો કહે છે કે, જ્ઞાનગર્ભિત વૈરાગ્ય જોઈએ. તે વિના

દીક્ષા અપાય જ નહિ. આવું કહેનારા પોતે જ અજ્ઞાન અને મૂર્ખ છે. જ્ઞાનગર્ભિત વૈરાગ્યવાળો દીક્ષા લે તે ઉત્તમ વાત છે. પણ બધા જ એવા હોય એમ ન બને. પ્રારંભમાં તો **असारोऽयं संसारः** એટલું સમજે અને આ અસાર સંસારથી ઉગારનારા આ ગુરુ ભગવંત જેમ કહે તેમ જીવવું એમાં મારું કલ્યાણ છે, આટલું જ્ઞાન હોય તો બસ છે. આવી રીતે જ્ઞાનીની નિશ્રામાં સમર્પિતભાવ કેળવીને રહ્યા અને ઉત્તમ જીવન જીવ્યા, તેવા તો અનંતા તરી ગયા. પ્રારંભમાં દ્રવ્ય ચારિત્ર પામી ગીતાર્થ ગુરુની નિશ્રામાં સમર્પિતભાવ કેળવીને રહ્યા તો પરિણામે વીર્યોલ્લાસ પ્રગટતાં કંઈકનો ઉદ્ધાર થઈ ગયો. છયે દર્શનનું અને છયે દ્રવ્યોનું પૂરું જ્ઞાન પામીને જ દીક્ષા લેનાર કેટલા ? ભગવાન તીર્થંકરદેવો સિવાય સ્વયં દ્વાદશાંગીના રચનારા શ્રી ગણધરદેવોએ પણ દીક્ષા લીધા પછી જ દ્વાદશાંગી જાણી અને રચી. ગણધરદેવને પણ ગુરુના શરણે જવું પડ્યું. ભગવાનને જોઈ ભગવત્ પ્રભાવે તે મને પૂર્વનું જ્ઞાન તાજું થાય છે. ભગવાનને તત્ત્વ પૂછે છે. ભગવાન **उपन्नेइ वा** કહે છે. ઝટ ઉત્પન્ન થતાં પદાર્થો નજરે જુએ છે. છતાં અધૂરું લાગે છે એટલે ફરી પૂછે છે. ભગવાન **विगमेइ वा** કહે છે. એ પણ નજર સામે દેખાય છે. તો પણ હજી કાંઈક અધૂરું લાગવાથી ફરી પૂછે છે. ત્યારે ભગવાન કહે છે **धुवेइ वा**. આ રીતે ભગવાનના શ્રીમુખે ત્રિપદી સાંભળતાં જ તેઓશ્રીને સમગ્ર શ્રુતજ્ઞાનનો અપૂર્વ પ્રકાશ લાધે છે અને પછી તે ગણધરદેવો દ્વાદશાંગીની રચના કરે છે.

આજે અહીં પહેલેથી બધું ભણેલા હોય એવા લાવવા ક્યાંથી ? વ્યવહારમાં ગમે તેવા હોશિયાર માટે પણ અહીં તો બધું નવું જ ને ? દીક્ષાને યોગ્ય સઘળું

જ્ઞાન પહેલેથી જ આવી જાય ? બાળકો પંડિત થયા કઈ રીતે ? વગર આવડતે નિશાળે જઈને બેઠા તો ને ? આવડે પછી નિશાળની જરૂર શી ? કક્કો બારાખડી કાંઈ જાણે નહિ; મા-બાપ કહે, 'નિશાળે જવું પડે' એટલે મને-કમને જાય. ન જાય તો પતાસું કે પીપરમેંટ આપીને મોકલે. એમ કરતાં જતું થઈ જાય. પછી તો એવી લગની લાગે કે વગર ખાધે ટાઈમસર ભાગે. એવું અહીં પણ ન બને ?

**જ્ઞાનીની નિશ્રાએ અજ્ઞાની પણ તરી જાય !**

જ્ઞાનીની પાછળ અજ્ઞાની ન તરી શકે ? પેઢીવાળાની પાછળ પેઢી વગરના નથી રળી ખાતા ? પેઢીવાળા વધારે કે પેઢી વગરના ? પેઢીવાળાની નિશ્રાએ પેઢી વિનાનાઓનાં પેટ ભરાય કે નહિ ? એક પેઢીની પાછળ અનેક માણસો નભે છે. એક કારખાનામાં હજારો માણસો નભે છે. એ રીતે એક જ્ઞાનીની નિશ્રાએ સંખ્યાબંધ આત્માઓ તરે છે. એક જિનેશ્વરદેવની પાછળ અસંખ્યાતા મુક્તિએ પહોંચે છે. ઋષભદેવ ભગવાનના શાસનના યોગે અસંખ્યાતા આત્માઓ મુક્તિએ ગયા. મુક્તિની પરંપરા ચાલી. કારણ તો ભગવાન ઋષભદેવ ને ? એમની ઉત્પત્તિ પહેલાં આ ભરત ક્ષેત્રમાં આ અવસર્પિણીમાં કોઈ મુક્તિએ ગયું ? ત્રીજા આરાને અંતે એમને કેવળજ્ઞાન થયું. પછી અંતર્મુહૂર્ત પછી મોક્ષમાર્ગ ખૂલ્યો તે જંબૂસ્વામી સુધી રહયો. એ મોક્ષમાર્ગના મૂળ નિદાન ચોવીસ તીર્થંકરદેવો. એકની પાછળ અનેક તરે. શ્રી જિનેશ્વરદેવ જેવું જ્ઞાન લઈને આવ્યાં તેવું જ્ઞાન લઈને બીજા કોણ આવે ? એવા એક જ્ઞાનીની નિશ્રાએ અસંખ્યાત અજ્ઞાની મોક્ષ પામે એમાં કાંઈ નવાઈ નથી.

સંવત્સરી પ્રતિક્રમણ બધા કરે. પણ તેમાં કંઈકને મુહપત્તિ પડિલેહતા નથી આવડતી. એને પડિકમણું કર્યું ન કહેવાય. વ્યાખ્યાનમાં આવનાર બધા સમજે છે ? કેટલાક એવા પણ આવે કે સમજે કાંઈ નહિ પણ માને કે મહારાજનું વ્યાખ્યાન સાંભળવું સારું. એવાને પણ લાભ થઈ જાય. આજે માત્ર શબ્દો સાંભળનારને આઠ-દશ દિવસે એ શબ્દો સમજવાની શક્તિ આપશે. ધીરે ધીરે બોલતા થશે અને છ મહિને સારા જાણકાર બની જશે. સમજેલા હોય તે આવે, એવો કાંઈ કાયદો બંધાય ? હું અહીં નવો આવ્યો ત્યારે સમ્યક્ત્વ એ વળી શું?' એમ ઘણા પૂછતા હતા. હવે કોઈ પૂછે છે ? સો સાધુ હોય અને કોઈ આવીને પૂછે કે, 'આત્મા શું ? તો કહે કે, 'ગુરુ પાસે જાઓ.' તે વખતે સામે એમ પુછાય કે 'તો સાધુ શું કામ થયા?' અને પૂછે તો પેલા એમ જ કહે કે 'ભાઈ ! તારી પાસે નથી થયા, ગુરુ પાસે થયા છીએ. અમને કાંઈ આવડતું નથી. પણ ગુરુ તો જાણે છે ને ?' સ્ટીમરમાં બેસનારાને સ્ટીમર કેમ ચલાવવી એ આવડે નહિ. એ તો કપ્તાન જાણે, છતાં એમાં બેસનારા બંદરે પહોંચે. બેસનારા તો અમન ચમન કરતા હોય, રમત-ગમતમાં મશગૂલ હોય છતાં સ્થાને આવી જાય ને ? એ જ રીતે જાણકાર ગુરુને શરણે આવેલો ઓછું ભણેલો પણ આરાધક બને. વિધિ છે કે ગીતાર્થ શિષ્યો ગોચરી જાય ત્યાં કોઈ કાંઈ પૂછે તો 'ગુરુ જાણે' એમ જ કહે. ગીતાર્થો પણ ગુરુને બતાવ્યા વિના ભિક્ષા ન વાપરે. ગુરુને પૂછ્યા વિના એક કદમ પણ ન ભરાય. અરે ! આંખનું પોપચું પણ ગુરુને પૂછ્યા વિના ઊંચુંનીચું ન થાય. પણ એ પૂછવાનો સમય રહેતો નથી. તેથી રોજ સવારે 'બહુવેલ સંદિસાહુ, બહુવેલ કરશું' ના આદેશ માંગવામાં આવે છે.

**૨૩૨. સભા : 'સાધુ એકલા વિહાર કરતા હોય તો પુછાય ?'**

**પૂજ્યશ્રી** : હા. જરૂર પુછાય જૈનશાસનમાં બે પ્રકારના વિહાર કહ્યા છે. એક ગીતાર્થનો, બીજો ગીતાર્થની નિશ્રાનો, એકલો હોય તો જ્ઞાની જોઈએ અને બેકલામાં એક અજ્ઞાની હોય તો પણ ચાલે. અટવીમાં એક ભીલની પાછળ બધું ટોળું અટવી પાર કરી જાય. કારણ કે ભીલ રસ્તાનો જાણકાર છે. એક દીવો બધાને માર્ગ દેખાડે - માણસ એટલા દીવા ન જોઈએ. ઘણા દીવા હોય તો સારું પણ એક હોય તો ચાલે. એ જ રીતે એક જ્ઞાની ગુરુના યોગે અનેક આત્માઓ સંસાર અટવીને લંઘી જાય.

માટે વિચારો કે દીક્ષા લેનારની યોગ્યતા કેટલી જોવાની ? 'સંસાર ખોટો, મોક્ષ સાચો અને ગીતાર્થ ગુરુની નિશ્રામાં રહી તેઓ કહે તેમ કરવું.' આટલી યોગ્યતા હોય તો બીજું બધું આપોઆપ ખેંચાઈ આવે. એ લોકો '**पढमं नाणं तओ दया**' એ સૂત્રને આગળ ધરે છે. પણ તેના રહસ્યને વિચારતા નથી. જેટલા જૈન એટલા જીવવિચાર જાણે ? જાણે એ ઉત્તમ, પણ ન જાણે તે કીડી મંકોડીની દયા ન પાળે ? જીવવિચાર ન જાણે એની કીડી મંકોડીની દયા ખોટી એમ કહેવાય ? જૈનશાસનમાં પાંચ વરસના બાળકને પણ હિંસામાં પાપ અને દયામાં લાભ ન થાય? ન થાય તો કદાચ એ ઉંમરમાં એ મરી જાય તો શુભાશુભ ગતિમાં એ કોના યોગે જાય ? સમજે નહિ એને પાપ-પુણ્ય નહિ. એમ માનો તો એની ગતિ ક્યા આધારે ? એ તો કહો ! ઓળખ્યા વિના ભગવાનને હાથ જોડાવવાથી બાળકને લાભ થાય કે નહિ ?

શાસ્ત્ર કહે છે કે વગર સમજે દયા પાળનારા સ્વર્ગે ગયા. વગર સમજે જે જે કરી ભગવાનનાં દર્શન કરનારા સ્વર્ગે ગયા. વગર સમજે 'નમો અરિહંતાણં' બોલનારા સ્વર્ગે ગયા. નમો અરિહંતાણં ગોખતાં ગોખતાં મરનારા સ્વર્ગે ગયા. આનો અર્થ એવો ન માનવો કે છતી શક્તિએ પણ સમજવાનો પ્રયત્ન ન કરે કે સમજવાની દરકાર ન રાખે તો પણ લાભ થઈ જાય.

**૨૩૩. સભા : 'બાળક દયા પાળે, દર્શન કરે વગેરે તો એના પૂર્વના પુણ્યથી ને ?'**

**પૂજ્યશ્રી** : પૂર્વના પુણ્યથી તો મનુષ્ય થયો પણ પરભવનું આયુષ્ય તો આ ભવમાં બાંધે ને ? બીજાં કર્મો એવાં છે કે આ ભવમાં ભોગવાય, પરભવમાં ભોગવાય અને લાંબા કાળે પણ ભોગવાય. પણ આયુષ્ય કર્મ એવું છે કે ગયા ભવનું આ ભવમાં ભોગવાય અને અહીં બાંધેલું આવતા ભવમાં જ ભોગવાય તો બાળક આવતા ભવની ગતિ માટેનું આયુષ્ય અહીં બાંધે ને ? આજના સુધારાવાદીઓ કાયદો કરે છે કે અઢાર વર્ષથી ઓછી ઉંમરનાને દીક્ષા ન આપવી. તો અઢાર વર્ષની અંદર મરે તેને સદ્ગતિના દ્વાર બંધ ને ? આવી વાતોથી બરાબર સાવધ રહેવા જેવું છે. (સં.સ્વ.દ.ભાગ-૨)

** છોડવા જેવો સંસાર, લેવા જેવું સંયમ, મેળવવા જેવો મોક્ષ.*



# ❖ દેવ-દેવી ❖

**૨૩૪. સભા : 'ધર્મદેવ' કોને કહેવાય અને તેમની સ્થિતિ કેટલી ?**

**પૂજ્યશ્રી** : ધર્મદેવ મુનિને કહેવાય છે અને તેમની સ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્તની હોય છે. ત્યારે ઉત્કૃષ્ટથી આઠ વર્ષે ન્યૂન એક ક્રોડ પૂર્વની હોય છે.

ધર્મદેવનું સ્વરૂપ અને તેમની સ્થિતિનું વર્ણન કરતાં શાસ્ત્રકાર પરમર્ષિઓ ફરમાવે છે કે-

''શ્રુત આદિ ધર્મે કરીને જે દેવ અથવા તો ધર્મ છે પ્રધાન જેમને એવા જે દેવ તે ધર્મદેવ કહેવાય છે : ધર્મદેવોની 'જઘન્યથી અન્તર્મુહૂર્તની સ્થિતિ' જે કહેવાય છે. તે,-'અંતર્મુહૂર્ત આયુષ્ય બાકી છે જેને એવો જે ચારિત્રને અંગીકાર કરે છે' તેની અપેક્ષાએ કહેવાય છે : અને 'ઉત્કૃષ્ટથી દેશોનપૂર્વકોટિ' જે કહેવાય છે તે તો, -'દેશોનપૂર્વકોટિ આયુષ્યવાળો જે, ચારિત્રને અંગીકાર કરે છે.' તેની અપેક્ષાએ છે : પૂર્વ કોટિની જે ઉનતા લેવાની છે તે આઠ વર્ષની લેવાની છે કારણ કે - આઠ વર્ષની ઉમ્મરનો જ પ્રવ્રજ્યા માટે યોગ્ય છે અને જે

છ વર્ષની વયે શ્રી અતિમુક્તક પ્રવ્રજિત થયા અને ત્રણ વર્ષની વયે શ્રી વ્રજસ્વામી પ્રવ્રજિત થયા તે તો કદાચિત્ બનનારી વસ્તુ હોવાથી સૂત્રાવતારી નથી.'' (જિ.વ.૫/અં.૫)

**૨૩૫. સભા : દેવદેવીની સ્થાપના શા માટે થાય છે ?**

**પૂજ્યશ્રી** : એ પ્રભુશાસનની આપત્તિ દૂર કરે છે, માટે એમને માન-સન્માન દેવામાં આવે છે. વ્યવહારમાં પણ સારું કામ કરનારનું બાવલું રખાય છે. રાજ્યમાં પણ સેનાપતિનાં બાવલાં એના શૌર્યના સ્મરણ માટે રખાય છે. **સાધુનો તથા શ્રાવકનો બધાનો હેતુ કેવળ એક જ કે મોક્ષમાર્ગને અખંડિત રાખવો. એમાં સહાય કરનાર દેવનું સ્મરણચિહ્ન પણ રખાય . બધાનો સંબંધ મોક્ષમાર્ગ સાથે છે : સંસારની સાથે તો નથી જ.** (આચારાંગ ભાગ-૩)

**૨૩૬. સભા : 'ઇંદ્ર તો અવધિજ્ઞાની છે, કેવળજ્ઞાન અરૂપી છે, તો એને કોઈને કેવળજ્ઞાન થયાની શી ખબર પડે ?'**

**પૂજ્યશ્રી** : આત્મા જેમ ઉપર ચડે તેમ એનામાં શુકલ લેશ્યા આવે. શુક્લ લેશ્યાના પુદ્ગલો પરમ શ્વેત છે; એ રૂપી પુદ્ગલો જોઈને અવધિજ્ઞાની ઇંદ્રને કેવળજ્ઞાન થયાની ખબર પડે કેવળજ્ઞાન અરૂપી હોવાથી એ અવધિજ્ઞાનનો વિષય નથી, પણ શુક્લ લેશ્યાના પુદ્ગલો રૂપી છે અને એ જોઇને ઇંદ્ર કેવળજ્ઞાન થયાનું જાણે. (આચારાંગ ભાગ-૧૦)



# ✤ ધર્મ ✤

**૨૩૭. સભા : ભગવન્ ! ધર્મ કરતાં પણ આશ્રવ તો થાય છે ને ?**

**પૂજ્યશ્રી** : ધર્મ શા માટે કરો છો ? જો તમે મોક્ષ માટે ધર્મ કરતા હો, મોક્ષના કારણભૂત સાધુપણા માટે ધર્મ કરતા હો તો તેમાં થતો આશ્રવ પણ ઉત્તમ કોટિનો છે. મુક્તિએ પહોંચવા માટે જરૂરી સામગ્રી પૂરીપાડનાર હોઈ તે આશ્રવ ઉત્તમ છે. અહીં તેની હેય તરીકે વાત થતી નથી ધર્મના નાશ વખતે ધર્મનું રક્ષણ કરવા કરાતા કષાયો, કરવા યોગ્ય કષાયો છે. તે વખતે થતા કષાયો તો હૈયામાં બેઠેલ ધર્મની લાગણીનો ઉમળકો છે. તેને કષાય કહી ન વગોવાય. અત્યાર સુધી આપણે જે રાગ-દ્વેષથી સંસારમાં ભટક્યા, તેનાથી

જ સંસાર તરવાનો છે. જે ક્રોધ-માન-માયા-લોભના યોગે સંસારમાં રખડ્યા, તેનો જ જ્ઞાનિઓની આજ્ઞા મુજબ ઉપયોગ કરીને, તેના દ્વારા સંસારનો નાશ કરવો છે. જરૂરી રાગાદિનો ઉચિત સ્થાને ઉપયોગ કરતાં નહિ આવડે તો ધર્મ નહિ થાય. તમારી પાસે બીનજરૂરી રાગાદિ ભરેલા પડ્યા છે ને જરૂરી રાગાદિ નથી, માટે તમારાથી શક્તિ મુજબ પણ ધર્મ થતો નથી. પ્રશસ્ત કષાયોથી આત્માની પરિણતિ બગડતી નથી; અને જેના આત્માની પરિણતિ બગડતી હોય તેને માટે કષાય કરવાનું વિધાન પણ નથી. (જિ.વ.૨/અં.૧૨)

---

**૨૩૮. સભા : 'જિનવાણી વર્ષ ૪ અંક ૨૦માં લૌકિક ધર્મ અને લોકોત્તર યતિધર્મ વિષેની હકીકત આવે છે. તે લૌકિક ઉત્તમ ધર્મો અને લોકોત્તર યતિ ધર્મ એટલે શું ?**

**પૂજ્યશ્રી** : લોકમાં જે બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને યતિ (સંન્યસ્ત) વિગેરે રૂઢ થયેલા ધર્મો છે તે લોકની અપેક્ષાએ ઉત્તમ ગણાતા ધર્મો છે. જ્યારે સમ્યક્ત્વ મૂળ પંચમહાવ્રત અને ક્ષમા, નમ્રતા, સરળતા - નિર્લોભતાદિ સ્વરૂપ જે શ્રમણધર્મ (સાધુધર્મ) છે, તે લોકોત્તર યતિધર્મ કહેવાય.

---

**૨૩૯. સભા : લૌકિક ઉત્તમ ધર્મો કરતા શ્રાવકધર્મ અને શ્રાવકધર્મ કરતા લોકોત્તર યતિધર્મ શ્રેષ્ઠ કેમ ?**

**પૂજ્યશ્રી** : ઈતર દર્શનોમાં પણ ત્યાગની પ્રધાનતા છે. તે દર્શનોમાં પણ

જણાવેલ છે કે જે આત્મા જીવનભર બ્રહ્મચર્યનું પાલન કરે અને બાલ્યાવસ્થાથી જે સંન્યાસનો સ્વીકાર કરે તે શ્રેષ્ઠ છે. જેની એવા પ્રકારની શક્તિ ન હોય તે પોતાના જીવનના પ્રથમ ચોથા ભાગમાં બ્રહ્મચર્યનું પાલન કરે, બીજા ચોથા ભાગમાં ગૃહસ્થ જીવન માંડે, ત્રીજા ચોથા ભાગમાં સંસારની પ્રવૃત્તિથી નિવૃત્ત બની વાનપ્રસ્થ બને અને છેલ્લા ચોથા ભાગમાં સંસારનો ત્યાગ કરી સંન્યસ્તનો સ્વીકાર કરે, જેને તેઓ યતિ કહે છે. લોકમાં આ ઉત્તમ ધર્મો ગણાય છે, પણ તેઓને શ્રી વીતરાગ પરમાત્માના શાસનની છાયા મળી ન હોવાથી તેઓ સર્વે વધુમાં વધુ મિથ્યાત્વની મંદતા પામવા સ્વરૂપ પ્રથમ ગુણસ્થાનકવર્તી હોઈ શકે છે.

જ્યારે, શ્રી વીતરાગ શાસનની છાયાને પામેલા અવિરત સમ્યગ્દષ્ટિ અને દેશવિરતિધર શ્રાવક અનુક્રમે ચતુર્થ તથા પંચમ ગુણસ્થાનકે વર્તતો હોઈ, તે લોકની અપેક્ષાએ ઉત્તમ ગણાતા ધર્મો કરતાં સમ્યક્ત્વમૂલ સ્થૂલ પ્રાણાતિપાત મૃષાવાદ-સ્તેય મૈથુન પરિગ્રહવિરમણ સ્વરૂપ પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત તથા ચાર શિક્ષાવ્રત - આ બારવ્રત રૂપ શ્રાવકધર્મ શ્રેષ્ઠ છે; પરંતુ, તેના કરતાં પણ હિંસાદિ પાપોના અને સઘળાય પાપ વ્યાપારોના મન, વચન અને કાયાથી ન કરવા, ન કરાવવા અને ન અનુમોદવા રૂપે જીવનભર સર્વથા ત્યાગ રૂપ શ્રમણધર્મ શ્રેષ્ઠ છે. (જિ. વ. ૪/અં. ૨૨)

---

**૨૪૦. સભા : ધર્મનું આપણે રક્ષણ કરવાનું કે ધર્મ આપણું રક્ષણ કરે ?**

**પૂજ્યશ્રી** : આપણા સર્વસ્વના ભોગે પણ જે જે ધર્મનો આપણે સ્વીકાર

કર્યો હોય તથા જેને જેને આપણે ધર્મ માનતા હોઈએ તેની રક્ષા કરીએ અર્થાત્ પ્રાણાન્ત કષ્ટ સહીને પણ સ્વીકૃત ધર્મનો ત્યાગ ન કરીએ તથા તે તે ધર્મ ઉપર આવતા આક્રમણોનો પ્રાણાન્ત કષ્ટ વેઠીને પણ પ્રતિકાર કરીએ , તે સર્વસ્વના ભોગે ધર્મનું રક્ષણ કર્યું કહેવાય. આ રીતે જે ધર્મનું રક્ષણ કરે તેને પાપ કર્મોની ભારે નિર્જરા થાય, પુણ્યાનુબંધી પુણ્યનો બંધ થાય અને તે તે ગુણસ્થાનકને આશ્રયીને બંધાતા કર્મો અલ્પરસ અને અલ્પ સ્થિતિવાળા બંધાય. તેથી આપત્તિના સમયે તે ધર્મ અને ધર્મથી બંધાયેલ પુણ્ય તે જીવની રક્ષા કરે છે એમ કહી શકાય. (જિ.વ. ૫/અં. ૩)

**૨૪૧. સભા : અર્થકામ અનર્થભૂત છે, તો ધર્મથી જે અર્થકામ પ્રાપ્ત થાય તે અર્થભૂત કે અનર્થભૂત ?**

**પૂજ્યશ્રી** : આ પ્રશ્ન પણ ઠીક છે. અર્થકામની પ્રાપ્તિ ધર્મના યોગે બંધાયેલા પુણ્યથી થાય છે એ વાત સાચી, પણ પુણ્ય બે પ્રકારનાં છે. પુણ્યાનુબંધી અને પાપાનુબંધી. નિરાશંસભાવે કરાએલા ધર્મથી બંધાતું પુણ્ય એ પુણ્યાનુબંધી હોય છે. અને આશંસાભાવે કરાએલા ધર્મથી બંધાતું પુણ્ય એ પાપાનુબંધી પુણ્ય હોય છે. પુણ્યાનુબંધી પુણ્યના યોગે પ્રાપ્ત થયેલા ભોગો આત્માને મુંઝવનારા હોતા નથી. પુણ્યાનુબંધી પુણ્યના યોગે પ્રાપ્ત થએલા શબ્દાદિ વિષયોના ઉપભોગો, જ્ઞાનીઓ ફરમાવે છે કે સારી રીતે તૈયાર કરેલા, મનોહર અને પથ્ય અન્નની માફક સુન્દર વિપાકવાળા હોય છે.

(જિ. વ. ૬/અં. ૫)

**૨૪૨. સભા : ધર્મ કરવા માટે કોણ યોગ્ય છે ?**

**પૂજ્યશ્રી : ધર્મ કરવા માટે અધિકારી**

- **અર્થી**
- **સમર્થ**
- **સૂત્રમાં અનિષિદ્ધ**
  - શ્રી જિનધર્મને સર્વશ્રેષ્ઠ માની તેનું બહુમાન કરનારો.
    - તત્કથાપ્રીતિ.
    - નિન્દાનું અશ્રવણ.
    - તદનુકંપા
    - સવિશેષ જ્ઞાનેચ્છા
    - ચિત્તનિવેશ
  - ઈહલોક અને પરલોક સંબંધી કાર્યોની વિધિમાં તત્પર.
    - ગુરૂવિનય.
    - કાલે ક્રિયાશીલ
    - ઉચિત આસન.
    - યુક્ત સ્વર.
    - સ્વાધ્યાય રકત.
  - શ્રી જિનધર્મથી અપ્રતિકૂળ એવી ઉચિત વૃત્તિવાળો
    - સર્વ જનવલ્લભતા.
    - અગર્હિત કર્મ.
    - આફતમાં અદીનતાં
    - યથાશક્તિ ત્યાગ અને તપ
    - સુલબ્ધ-લક્ષ્યત્વ.

* આ વસ્તુ સમજવા માટે આ આખું પ્રવચન વાંચો, કારણ કે સારો પણ ધર્મ અધિકારીને જ ફળે છે. (જિ. વ. ૬/અં.૧૩)

**૨૪૩. સભા : ધર્મ અને પુણ્યમાં કેટલો તફાવત ?**

**પૂજ્યશ્રી** : આ પ્રશ્ન સમજવા જેવો છે. કેવળ મુક્તિનાજ ઇરાદાથી કરેલો શુદ્ધ ધર્મ એ તો આત્મા ઉપર લાગેલ કર્મમળને સાફ કરે છે. એક મોક્ષના જ ઇરાદે કરાતી ધર્મક્રિયા એ ધર્મ છે. અને મુગ્ધ આત્માઓથી થતી ધર્મક્રિયા પુણ્યરૂપ બને છે. અને સીધો મોક્ષે લઇ જાય છે. એ ધર્મ કરતાં પૌદ્ગલિક પદાર્થની થોડી પણ આસક્તિ રહી જાય, તો પુણ્ય પેદા થાય, અને તે પુન્ય સારી સારી સામગ્રી પમાડી, વળાઉ રૂપે થઇને આત્માને મોક્ષમાર્ગમાં પહોંચાડી દે છે. (જિ. વ. ૬/અં. ૧૯)

---

**ધર્મથી શું મળે ?**

**૨૪૪. સભા : સાહેબ ! શ્રી ઋષિમંડલ સ્તોત્રમાં આવે છે ને કે–**

**भार्यार्थी लभते भार्यां, पुत्रार्थी लभते सुतम् ।**
**वित्तार्थी लभते वित्तं, नर : स्मरणमात्रतः ।।**

**પૂજ્યશ્રી** : અરે, પણ ધર્મથી બધું મળે એની કોણ ના પાડે છે ? શાસ્ત્રમાં કહ્યું જ છે કે - **धर्मो धनदोऽस्ति, पुत्रदोऽस्ति, स्वर्गदोऽस्ति.** વિગેરે પણ અહીં તો વાત એ છે કે-ધન, પુત્ર, સ્વર્ગ, સ્ત્રી પરિવાર કે એવા બીજા પૌદ્ગલિક સુખના ધ્યેયથી ધર્મ નહિ કરતાં, મોક્ષના ધ્યેયથી ધર્મક્રિયા કરવી જોઇએ. મળે એની ના નથી, પણ વાત ધ્યેયની છે.

**ધ્યેય ફર્યું છે ?**

બીજી વાત એ છે કે-ઋષિમંડલ આદિ સ્તોત્રો ગણનારાઓમાં જે લોકોએ આવશ્યક ક્રિયા કરવાની કહી તે છોડી અને આ પકડયું, એનું કારણ શું ?

ભગવાને કહેલી આવશ્યક ક્રિયાઓ, ધર્મસ્વાધ્યાય આદિ થાય નહિ, અને આ ગણાય, તો ગણનારનું ધ્યેય કયું ? શ્રી વીતરાગદેવ જે નિત્ય અવશ્ય કરવાનું કહે તે મુકાઇ જાય અને આવું પકડાઇ જાય, એ શું સૂચવે છે ? ધ્યેય ફર્યું છે, એમ કે બીજું કાંઇ સૂચવે છે ? (જિ. વ. ૬/અં. ૨૦)

**પૂર્વભૂમિકા : શું સંસારની પુષ્ટિથી ધર્મની પુષ્ટિ થાય ?**

જે કોઇ પોતાને સાધુ કહે તેને પૂછવું કે સંસાર કેવો ? તેમાં રહેવા માટે તમારી સલાહ શું ? તે વખતે જો એ સંસાર સારો કહે તો કહી દેવું જોઇએ કે તમને સાધુ કહ્યા કોણે ?

**૨૪૫. સભા : સંસારની પુષ્ટિ ત્યાગની પુષ્ટિ માટે ન થાય ?'**

**પૂજ્યશ્રી** : સંસારની પુષ્ટિથી ત્યાગની પુષ્ટિ થાય કઇ રીતે ? સંસાર તો પુષ્ટ જ છે. છઠ્ઠા આરામાં સંસાર બહુ પુષ્ટ, પણ ત્યાં ધર્મ નથી. સંસારની પુષ્ટિથી નહિ પણ સંસાર મોળો પડે ત્યારે જ ધર્મ થાય. અકર્મભૂમિમાં સંસાર પુષ્ટ છે પણ ત્યાં ધર્મ નથી. જો સંસારની પુષ્ટિથી ધર્મ થતો હોય તો ધર્મ જ સારી રીતે પાળવા યોગ્ય કેમ કહ્યો ? જો સંસારની પુષ્ટિથી ધર્મ થતો હોય તો તો ગૃહસ્થને પગે લાગવું જોઇએ, પરન્તુ સુધારકો પણ દેખાવ તો સાધુને જ પગે લાગવાનો કરે છે. જો સંસારની પુષ્ટિથી ધર્મ સધાતો હોય તો સાધુ થવું એ ગુનો બને. સાધુ બન્યા એ ઝુંપડી ત્યજીને નીકળ્યાને ? જો સંસારની પુષ્ટિથી ધર્મ થતો હોય તો તેમણે ઝુંપડીને મહેલ બનાવવા પ્રયત્ન કરવો જોઇએ અને એક મહેલના બે મહેલ કરવાની મહેનતમાં લાગી જવું જોઇએ.

**૨૪૬. સભા : 'કર્મે શૂરા તે ધર્મે શૂરા' એમ કહ્યું છે ને ?**

**પૂજ્યશ્રી** : કર્મશૂરને સદ્‌ગુરુનો યોગ મળે, પૂર્વે કરેલા પાપને ખોટું માને, અને સન્માર્ગમાં પોતાની શક્તિ ફોરવે તો ધર્મશૂર થઇ શકે એ વાત સાચી પણ ધર્મશૂર બનવા. માટે કર્મશૂર બનવું જ એ કાયદો નથી. શ્રીમન્ત માણસે પોતાની હવેલી સળગાવી પહેલાં દરિદ્ર બનવું અને પછી શ્રીમન્ત બનવું એમ? આ બધા કુતર્કો છે અને તે ભયંકર નુકશાનકર્તા છે. જેઓએ નિયમો નથી લીધા તે લેવા માટે વિચારે, પણ જેમણે લીધા છે તેમને કેળવણી આપી રહ્યો છું. જે પાપના ત્યાગનો નિયમ કર્યો, તે પૂર્વે સેવ્યું હોય તેનો પસ્તાવો કરો અને ભવિષ્યમાં પાપ ન વળગે તે માટે કિલ્લે બંદી કરો તો નિષ્પાપ જીવન જીવાય.

**૨૪૭. સભા : ત્યાગી પરિવારનું ઘડતર કેવું કરે ?**

**પૂજ્યશ્રી** : મેં ત્યાગ ન કર્યો તો બધાને એ ત્યાગ કરણીય કેમ ? મેં ત્રીસ વર્ષે ત્યાગ કર્યો માટે દીકરો પણ ત્રીસ વર્ષે જ કરે., ' આવું વિચારનારા ત્યાગનું કે નિયમનું સ્વરૂપ સમજી શક્યા નથી. તને ત્રીસ વરસ સુધી સત્યનું ભાન ન થયું તેથી તારા પુણ્યવાન બાળકને પણ ન થાય એમ ? તારો બાળક એનું ભાગ્ય હોય તો આઠ વર્ષે પણ ધર્મ પામે. નિયમ લેનારો તો પોતાના બાળકને પણ નિયમમાં જોડાયેલો અને રક્ત થયેલો જોવા ઇચ્છે. જો એમ ન ઇચ્છે તો પોતે જે વસ્તુના ત્યાગનો નિયમ કર્યો તેને હજી પોતે પાપ માન્યું નથી એમ કહેવું પડે. જે ચીજનો પોતે ત્યાગ કર્યો એની એવી નિંદા કરે કે એ ચીજ ફરી ઘરમાં આવે જ નહિ. ઘર ચલાવનાર નિયમધારી થાય તો જેના આધારે ઘર

ચાલે તે ઘરના બધા નિયમધારી ન થાય ? જરૂર થાય અને તે માટે શીખામણ, હુકમ અને જરૂર પડે તો વિવેક પૂર્વક બલાત્કાર પણ પોતાના આશ્રિત ઉપર થાય. પાપના હુકમ ન થાય, પાપ ત્યાગના તથા પુણ્યના હુકમ જરૂર થાય. આશ્રિતને ઉન્નત માર્ગે ચડાવવા બધું કરી શકાય. પાપ માનીને તમે જો તજ્યું હોય તો જરૂર એમ કરી શકો. જો પાપ માન્યા વિના તજ્યું હોય તો એ ત્યાગની કશી જ કિંમત નથી. મિથ્યાદષ્ટિનો તપ અજ્ઞાન તપ ગણાય છે, એનો ત્યાગ તે અજ્ઞાન ત્યાગ ગણાય છે, એની મહેનત ફોગટ મનાય છે. પાપને પાપ માન્યા વિના એનો ત્યાગ વ્યર્થ છે . મિથ્યાદષ્ટિના હાથમાં ત્યાગ વગેરે સારી વસ્તુ આવે તો ય એની કિંમત નથી. તત્ત્વની પ્રાપ્તિ થયા પછી જ કિંમત છે.

(જિ. વ. ૧૪/અં ૧૪)

** ધર્મ સુખ માટે નથી, ધર્મ મળેલું સુખ છોડવા માટે છે.*

** સુખના ભિખારી માટે ધર્મ કહ્યો જ નથી.*

** પાપ કર્યા પછી ન ઈચ્છો તોય દુઃખ આવે*
*ધર્મ કર્યા પછી ન ઈચ્છો તોય સુખ આવે.*

# ❖ ધાર્મિક વહીવટ ❖

**૨૪૮. સભા : 'ચોખા તથા બદામ વગેરે મંદિરમાં મુકાય, પછી તે વેચાય, ફરતાં શ્રાવકનાં ઘરમાં આવે ને એના પેટમાં જાય તો દેવદ્રવ્યના ભક્ષણનો દોષ ન લાગે ?'**

**પૂજ્યશ્રી** : આ બધા પ્રશ્નો મિથ્યા ભ્રમ પેદા કરનારા છે. માનો કે એક મંદિર છે. સમયનું પરિવર્તન થતાં મંદિર નષ્ટ થઈ ગયું. લક્ષ્મી એમાં રહી ગઈ. સેંકડો વર્ષો વીતી ગયાં. જમીનના માલિક બદલાતા ગયા. છેલ્લે જે માલિક બન્યો છે તેને કલ્પના પણ નથી કે પૂર્વે અહીં મંદિર હતું. એ સ્થાનની દીવાલમાંથી ધન નીકળે ને એ ભોગવે તો તેને દેવદ્રવ્યનો ભક્ષક કહેવાય ? બરાબર વિચાર કરો. ધર્મથી ખસેડવા માટે ધર્મના વિરોધીઓએ ઉપજાવી કાઢેલા આ બધા પ્રશ્નો છે. મંદિરમાં ચોખા બદામ મૂકવા જ નહિ એવું ઠસાવવાનો એમનો હેતુ છે. વસ્તુનું સંપૂર્ણતયા રૂપાંતર થઈ જાય પછી આવા પ્રશ્નો ઊભા રહેતા નથી. પણ ભોળા જનોને ભ્રમમાં નાખવા ઠાવકા મોઢે એવી વાત કરે કે 'અરે ! આ રીતે દેવદ્રવ્યનો ઉપભોગ થઈ જાય તો શી ગતિ થાય ?' પેલા બિચારા વિચારમાં પડી જાય એટલે હળવે રહીને ઠસાવી દે કે ચોખા બદામ મૂકવા જ નહિ, જેથી દોષ તો ન લાગે. માર્ગને ઉડાવવાની આ બધી તરકીબો છે. ચોખા બદામ મૂકવા બંધ થાય એટલે અક્ષત, ફળપૂજા ઊડી ગઈ. એ રીતે નૈવદ્યપૂજા પણ ઊડી જાય. અને આગળ વધતાં બીજા-ત્રીજા દોષોનાં બહાનાં ઊભાં કરી બાકીની પૂજા પણ ઉડાવી દેવાય. ભોળા લોકોને ધર્મવિમુખ બનાવી દેવા માટે ધર્મવિરોધી વર્ગે ઊભી કરેલી આ કુપ્રશ્નોની હારમાળા છે.

શાસ્ત્ર કહે છે કે સુતર્ક કરતાં કુતર્ક અનેકગુણા છે. એવા કુતર્ક કરનારાઓને બધા ઉત્તર આપવાની જરૂર નથી. ગમે તેવો તત્ત્વજ્ઞાની હોય પણ સામો પછી... પછી... પછી... એમ પૂછ્યા જ કરે તો અંતે એને એમ જ કહેવું પડે કે પછી પછીત અને આગળ ભીંત. અમે હાર્યા ને તું જીત્યો બસ ! તારા જેવાથી હારવામાં જ અમારું કલ્યાણ છે.

તમે એવા શ્રદ્ધાહીનોનાં સાહિત્ય ન વાંચો. એ તો કહે છે કે મંદિરમાં ભગવાન સામે વસ્તુઓ ધરતી વખતે આપણી જેવી કલ્પના હોય તે રીતે તેનો ઉપયોગ કરવામાં વાંધો શો ? પતાસું બાબાનું, બદામ બેબીની, સાકર ચામાં નાખવા અને પૈસાનું પાન ખાવાનું. મૂકતી વખતે જ આવી બુદ્ધિ હોય પછી એ દેવદ્રવ્ય ક્યાં રહ્યું ? બોલો, તેમની આ વાત તમને માન્ય છે ? આગળ વધીને તેમની બુદ્ધિનો વિશેષ પરિચય કરાવતા એ બુદ્ધિનિધાનો કલ્પના દોડાવે છે કે- જ્યારે મંદિરમાં લઈ ગયેલા નૈવેદ્યાદિ નથી ખપતાં તો તે જે થાળમાં લઈ જવામાં આવે છે તે થાળ કેમ ખપે ? એને પૂછો કે 'મંદિરમાં ગયેલું તારું શરીર તને કેમ ખપે ?' પછી મંદિરમાં ગયેલો પાછો કેમ આવે છે ?' આવી સ્વચ્છંદી કલ્પનાઓ કરી કરીને ભદ્રિક લોકોને ધર્મભાવનાથી પતિત કરે છે.

કહે છે કે કેસરથી પૂજા કર્યા પછી હાથ ગમે તેટલા ધોઈએ તોયે નખમાં કેસર રહી જાય અને એ પેટમાં જાય માટે કેસર વાપરવું જ નહિ. પછી તો મંદિરમાં પણ નહિ જવાય; કારણ કે ફૂલની સુગંધ નાકમાં પેસી જાય ને ? મહાનુભાવો ! ગાંડાઓએ ઉપજાવી કાઢેલી આવી કુતર્કની જાળમાં તમે ફસાતા નહિ.

કોઈ બુદ્ધિમાનો વળી એમ પણ કહે છે કે 'મંદિરમાં જવું અને ભગવાનની પૂજા કરવી એ તો આપણા કલ્યાણ માટે છે, એટલે કે આપણા સ્વાર્થ માટે છે અને મંદિર ને મૂર્તિ તો દેવદ્રવ્યથી બનેલા છે; તો પોતાના સ્વાર્થ માટે એ મંદિરમાં ન જવાય અને એ મૂર્તિની પૂજા પણ ન થાય.' સામાન્ય બુદ્ધિવાળાને પણ એમનો આશય સમજાઈ જાય તેવો છે. મંદિર, મૂર્તિ અને પૂજા એ બધું ઉડાવી દેવા માટેના જ તેમના આ બધા કુતર્કો છે.

શાસ્ત્ર કહે છે કે પૌદ્ગલિક સ્વાર્થ માટે એનો ઉપયોગ ન થાય પરંતુ આત્મિક સ્વાર્થ માટે એ સ્થાનો ઊભાં કરાયાં છે. આત્મિક સ્વાર્થ માટે તેનો ઉપયોગ કરવાની તો ભગવાનની આજ્ઞા જ છે. લાગેલો થાક ઉતારવા કે ઘડીભર ઠંડી હવા ખાવાના ઈરાદે મંદિરનો ઉપયોગ ન કરાય પણ દોઢ કલાક ભગવાન સામે દૃષ્ટિ રાખી જાપ કરવા બેસાય; એમાં હરકત છે જ નહિ.

---

**૨૪૯. સભા : 'દેવદ્રવ્યમાં પોતે આપેલા પૈસા કોઈ પાછા માગે તો અપાય?'**

**પૂજ્યશ્રી** : તમારો વ્યવહાર શું કહે છે ? નાટક જોવા પાંચ રૂપિયાની ટિકિટ લઈને અંદર પેઠા પછી એ નાટક ગમે કે ન ગમે તોયે પૈસા પાછા માગો તો આપે ? રેલવેનો ત્રણ મહિનાનો પાસ કઢાવ્યો ને મહિના પછી પૈસા પાછા માગો તો આપે ? અરે, એકને બદલે બીજાને મુસાફરી કરવાની પણ મના છે. પકડાય તો દંડ કે સજા થાય. જેમ દરેક જગ્યાએ બંધારણ હોય છે તેમ આ શાસનમાં પણ બંધારણ છે. બંધારણ વિનાનું અને મન ફાવે તેમ વર્તી શકાય તેવું આ શાસન નથી. (સં.સ્વ.દ.ભાગ-૩)

# ❖ નિયાણું ❖

**૨૫૦. સભા : નિયાણું એટલે શું ?**

**પૂજ્યશ્રી** : ધર્મના ફળ તરીકે દુનિયાની સાહ્યબી માગવી, એનું નામ નિયાણું. ધર્મનો પ્રભાવ એવો છે કે એનાથી સાહ્યબી મળે જરૂર પણ એ નિયાણું, ભવિષ્ય તથા ભૂતકાળની દૃષ્ટિને ભૂલાવે. પાપાનુબંધી પુણ્ય આ કામ કરે. ભૂતકાળને સાંભળે ખરા, વિચારે પણ ખરા, દૃષ્ટાંતો માને, પણ સંસાર છોડવાની વાતમાં જરા યે તૈયાર ન થાય. પાપાનુબંધી પુણ્યના યોગે મળેલી લક્ષ્મી એને સંસારમાંથી ખસવા ન જ દે- અરે, મળેલી ચીજ એને ધક્કો મારે તો યે ન ખસે.

---

**૨૫૧. સભા : કર્મ નિકાચિત હોય તો ?**

**પૂજ્યશ્રી** : પ્રયત્ન છતાં ન છોડી શકાય ત્યારે નિકાચિત મનાય કે પ્રયત્ન વિના જ ? આંખો મીંચી પથારીમાં પડ્યા રહો તો ચાલે ? ઊભા થાઓ છતાં આંખો મીંચાઇ જાય તો તીવ્ર દર્શનાવરણીયનો ઉદય મનાય. પાપાનુબંધી પુણ્યના ઉદયે મળેલી સાહ્યબી એવી છે કે આત્મા એમાં જ રગદોળાય. એ ભૂતકાળ સાંભળે જરૂર એ વાતો એને રૂચે પણ ખરી, સાચી વાતને એ સાચી ન માને એમ પણ નહિ. 'વિષયાસક્તિ ન તજવાથી અમુક જીવો મહાદુઃખી થયા.' એવી વાત સાંભળે અને માને પણ ખરો, વિષયના ભયંકર ભવિષ્યને પણ સાંભળે, આ બધું છતાં જીવનમાં એ બધી વાતો ઉતારવાનું કોઇ કહે તો એને અડવા ન દે. (જિ. વ. ૧૨/અં. ૮)



## ✥ પૌષધ ✥

**૨૫૨. સભા : પૌષધના પ્રકાર કેટલા ?**

**પૂજ્યશ્રી : (૧) આહાર પૌષધ :–** દેશથી અને સર્વથી એમ બે રીતે થઇ શકે છે. સર્વથી આહાર પૌષધમાં ખાવા-પીવાનો સંપૂર્ણ ત્યાગ એટલે કે ચોવિહાર ઉપવાસ કરવાનો હોય છે, અને દેશથી આહાર પૌષધ તિવિહાર ઉપવાસ, આયંબિલ, નીવી કે એકાશનથી થઇ શકે છે. રાત્રિ પૌષધ કરનારે આમાંથી કોઇ પણ એક પચ્ચક્ખાણ કરવું જોઇએ.

**(૨) શરીરસત્કાર પૌષધ –** પૌષધ લેનારે પૌષધમાં કે પૌષધ લેતા પહેલા સ્નાન-વિલેપનાદિ કાંઇ પણ શરીર સત્કાર ન કરવો તે.

**(૩) બ્રહ્મચર્ય પૌષધ :–** અબ્રહ્મનો સર્વ થા ત્યાગ.

**(૪) અવ્યાપાર પૌષધ :–** વ્યાપારાદિ સંસારની સર્વ પ્રવૃત્તિઓનો ત્યાગ.

આ ચારેય પ્રકારનો પૌષધ પર્વ દિવસે કરવાનો છે, તેમાં એકલો ઉપવાસ જ કરે તો ય તે 'આહાર પૌષધ' કહેવાય. ભગવાનની પૂજાના હેતુ વિના સ્નાનાદિ ન કરે-સાંસારિક કારણે કરવું પડે તો જયણા રાખે તો તે 'શરીરસત્કાર' પૌષધ કહેવાય છે. સદાય બ્રહ્મચર્ય પાળે તે 'બ્રહ્મચર્ય પૌષધ' અને વ્યાપારાદિથી નિવૃત્ત બની પાપકાર્યોથી મુક્ત રહે તો તે 'અવ્યાપાર પૌષધ'કહેવાય છે. એમ દરેક જુદા જુદા પણ થઇ શકે છે.

**૨૫૩. સભા : પૌષધ પૂજા કરીને કરી શકાય ?**

**પૂજ્યશ્રી** : જેને પૌષધ કરવો હોય તેને પૂજા કરવાની વિધિ નથી. પૂજા કરીને પૌષધ લેવાની વિધિ પ્રતિમાધારી શ્રાવક માટે છે. શ્રાવકની અગીયાર પ્રતિમા છે અને તે પાંસઠ મહિને પૂરી થાય છે. પ્રતિમાધારી શ્રાવકને પૂર્વપૂર્વની પ્રતિમાની સઘળી ક્રિયા સાચવવાની હોય છે. તેથી તેને માટે પૂજા કરીને પૌષધ કરવાનો વિધિ છે.

**૨૫૪. સભા : પૌષધમાં ચોવીશેય કલાક શું કરવાનું ?**

**પૂજ્યશ્રી** : પૌષધમાં રત્નત્રયીની આરાધના જ કરવાની છે. દર્શન-જ્ઞાન નિર્મળ થાય તેવો અભ્યાસ કરવાનો અને ચારિત્રની નિર્મળતા માટે પૂંજવા-પ્રમાર્જવા આદિના ઉપયોગ પૂર્વક સમિતિ-ગૃપ્તિનું પાલન કરવાનું.

**૨૫૫. સભા : પૌષધમાં કેવું સાહિત્ય વાંચી શકાય ?**

**પૂજ્યશ્રી** : પૌષધમાં કેવળ રત્નત્રયીનું પોષક સાહિત્ય જ વાંચી શકાય. આત્માના જ્ઞાન-દર્શન-ચારિત્ર ગુણને પોષણ કરે તેવું કોઈપણ સાહિત્ય કે જે સુવિહિત ગીતાર્થ મહાપુરુષોના કથનને અનુસરતું હોય તે બધું વાંચી શકાય. આપણે ત્યાં પ્રકરણો ઘણા છે. જીવાદિ નવતત્ત્વો, ભૂગોળ-ખગોળ વિગેરેનું જ્ઞાન પ્રાપ્ત થાય તેવા ઘણાં પુસ્તકો છે. આપણું સાહિત્ય એટલું બધું છે કે તમે ભણવા માંડો તો તમારા આયુષ્યના વર્ષો ઓછાં પડે. આજે તો તમારા જ્ઞાનભંડારોની શી હાલત છે તે વર્ણવી શકાય તેમ નથી.

**૨૫૬. સભા : પૌષધ સવારે ક્યારે લેવો જોઈએ ?**

**પૂજ્યશ્રી** : પૌષધ સવારે સૂર્યોદય પહેલા લેવાનો છે. સૂર્યોદય પછી જેટલો મોડો લેવાય તેટલો અતિચાર લાગે. માટે જ અતિચારમાં 'પૌષધ અસુરો લીધો, સવેરો પાર્યો કહીને મિચ્છામિ દુક્કડં' દેવામાં આવે છે.

**૨૫૭. સભા : રાત્રિપૌષધ ક્યારે લેવાય ?**

**પૂજ્યશ્રી** : પૌષધ લીધા પછી પડિલેહણ-દેવવંદન થાય અને સમયસર પ્રતિક્રમણ શરૂ કરી શકાય તે રીતે લેવાનો છે. સાંજે પૌષધ લેનારે સવારનું પ્રતિક્રમણ કરેલું જ હોવું જોઈએ તેવો એકાંત નિયમ નથી. પરન્તુ પૌષધાદિ વ્રત કરનારો શક્ય હોય ત્યાં સુધી ઉભયકાળ પ્રતિક્રમણ કરતો જ હોય.

વિધિમાં આમેય ચાલે અને તેમેય ચાલે તેમ માનનાર, નહિ કરનારા કરતાં સારા, એમ કહેવાય નહિ. કારણ કે એમાં તો વિધિની બેદરકારી અને અવિધિનું મંડન થયું.

તમે બધા પૌષધ પારતી વખતે પૌષધના અઢાર દોષની માફી માંગો છો ને? એ અઢાર દોષ ક્યા, તે જાણો છો ? દર પર્યુષણામાં તેમજ પર્વતિથિએ પૌષધ કરનારા આ અઢાર દોષના નામ પણ ન જાણતા હોય તે કેટલું અજ્ઞાન કહેવાય ?

**પૌષધના અઢાર દોષ :**

૧. પૌષધમાં વ્રત વિનાના બીજા શ્રાવકોનું પાણી પીવું.

૨. પૌષધમાં સરસ આહાર લેવો.

૩. ઉત્તરપારણામાં વિવિધ પ્રકારની સામગ્રી મેળવવી.

૪. પૌષધમાં કે પૌષધ નિમિત્તે આગળના દિવસે દેહવિભૂષા કરવી.

૫. પૌષધ નિમિત્તે વસ્ત્રો ધોવડાવવાં.

૬. પૌષધ નિમિત્તે આભૂષણ ઘડાવવા કે પૌષધમાં આભૂષણ પહેરવાં.

૭. પૌષધ નિમિત્તે વસ્ત્ર રંગાવવા.

૮. પૌષધમાં શરીર પરથી મેલ ઉતારવો.

૯. પૌષધમાં અકાળે શયન કરવું કે નિદ્રા લેવી. (રાત્રિના બીજા પ્રહરે સંથારા પોરિસિ ભણાવીને જરૂર હોય તો નિદ્રા લઈ શકાય.)

૧૦. પૌષધમાં સારી કે નઠારી સ્ત્રી સંબધી કથા કરવી.

૧૧. પૌષધમાં આહારને સારો-નરસો કહેવો.

૧૨. પૌષધમાં સારી કે નરસી રાજકથા કે યુદ્ધકથા કરવી.

૧૩. પૌષધમાં દેશકથા કરવી.

૧૪. પૌષધમાં પૂંજ્યા-પ્રમાર્જ્યા વિનાની જગ્યામાં લઘુનીતિ કે વડીનીતિ કરવી.

૧૫. પૌષધમાં કોઈની નિંદા કરવી.

૧૬. પૌષધમાં માતા-પિતા, પુત્ર, ભાઈ-બહેન, સ્ત્રી વગેરે કે જેઓ પૌષધમાં ન હોય, તેમની સાથે વાર્તાલાપ કરવો.

૧૭. પૌષધમાં ચોર સંબંધી વાર્તા કરવી.

૧૮. પૌષધમાં સ્ત્રીના અંગોપાંગ જોવા.

આ અઢાર દોષો ટાળીને પૌષધ કરવાનો વિધિ છે.

આ પૌષધના વિષયમાં ઉદાયન રાજાનું દૃષ્ટાંત શાસ્ત્રમાં આવે છે. તે રાજા મૂળથી તો ધર્માત્મા ન હતો. તેમની રાણીના યોગે ધર્માત્મા બન્યો છે. રાણી મિથ્યાદૃષ્ટિપણામાંથી રાજાને કેવી રીતે ધર્માત્મા બનાવે છે અને ધર્માત્મા બન્યા પછી રાજા કેવી સુંદર આરાધના કરે છે, પૌષધવ્રતનું કેવી રીતે પાલન કરે છે. તેમાં કેવી ભાવના ભાવે છે અને પરિણામે કેવું સુંદર ફળ મેળવે છે, એ બધું આપણને આ દૃષ્ટાંતમાંથી સારી રીતે જાણવા મળશે.

ઉદાયન રાજા ધર્મ પામ્યા પછી દર પર્વતિથિએ પૌષધ કરતા હતા અને તેના ફળ સ્વરૂપે સાધુધર્મ પામી મોક્ષે ગયા. (જિ. વ. ૬/અં. ૧-૨)

* આત્માના ગુણોને પુષ્ટ કરે તે જ સાચો પૌષધ.



## ❖ પ્રભાવક અને રક્ષક ❖

**પૂર્વભૂમિકા : પ્રભાવક અને રક્ષક બનવામાં તો જીવન હોમવાં પડશે. :**

તમે કાગળમાં અમને શું લખો ? 'સત્ય ધર્મનાં પ્રકાશક, તરણ તારણ જહાજ, ષટ્કાયના પ્રતિપાલક, શાસન પ્રભાવક, શાસક રક્ષક' - આ બધું લખો ને ? ત્યારે એ વાંચતા અમને શું થવું જોઈએ ? પ્રભાવક અને રક્ષક બનવામાં તો જીવન હોમવાં પડશે. મુનિ ત્યાં વિચારે કે'જે જનતા અમને આટઆટલા પૂજ્ય ગણે છે તેને અણીના અવસરે ન ચેતવીએ તો અમારા જેવા શાસનના નિમકહરામ કોણ ? પોતાના સો જણા 'શાહ' લખે ત્યારે એ વખતે

પોતામાં 'શાહપણું' છે કે નહિ એ વાણીયો જરૂર તપાસે, જરા ખામી જણાય તો એ મુંઝાય. પોતાને 'રા. રા. શ્રી પાંચ' તો બધા લખે પણ એ યોગ્યતા પોતામાં ન હોય તો એમ લખવાની સામાને ના કહેવી પડે. મરતાં સુધી શેઠ કહેવાય પણ જીંદગીભરમાં શેઠાઇ બતાવે નહિ તો પાછળથી બધા એને શેઠ કહે. એક માત્ર શાહનું બિરુદ સાચવવા ખાતર એક શેઠીયાએ પોતાની મૂડી ફના કરી હતી. પૂર્વના મહાપુરુષો શાસનની રક્ષા માટે જાન પણ કુરબાન કરતા હતા. ભગવાનના સાધુનું ઉપનામ પામ્યાની સાર્થકતા ત્યારે જ કે જ્યારે ડૂબતાને બચાવે, ડૂબતા માટે નાવડી રૂપ બને,ડૂબતાને નાવડીમાં બેસાડી પાર ઉતારે નાવડી ડૂબાડવા કે બહાર કાઢવા ? સ્ટીમર સુધી પહોચાડી તેમાં બેસાડવા માટે નાવડી છે.

**પૂ.શ્રી હરિભદ્રસૂરિ મહારાજાને લોહીનું પાણી કરવું પડ્યું છે**

જે ચીજ જેને માટે, તેનો ઉપયોગ તે વખતે ન થાય તો ક્યારે થાય ?

---

**૨૫૮. સભા : 'મોટા ડોક્ટરો પણ ગામમાં મરકી ફેલાય ત્યારે ગામમાં જ રહે છે.'**

**પૂજ્યશ્રી** : રહેવું જ જોઇએ. આડે દિવસે ફી લઇને મોજ કરનારા તેવે ટાઇમે ભાગે કેમ ? લોકો જ્યારે ઊંધે માર્ગે જતા હોય ત્યારે બૂમરાણ થવી ન જોઇએ. જ્યારે ચૈત્યવાસીઓનું જોર હતું ત્યારે શાસનમાં સાધુઓ ગણત્રીના જ હતા. એ વખતે શ્રી હરિભદ્રસૂરિજીને લોહીનું પાણી કરવું પડ્યું છે. એમને ઊતરવા મકાન નહોતાં મળતાં, આહાર પાણી પણ નહોતાં મળતાં. ખાનગીમાં

ચૈત્યવાસીઓ આવીને કહેતા હતા કે - 'મહારાજ ! આપ સાચા છો, પણ અમારી વાતનું ખંડન ન કરો તો અમે આપના સામૈયા કરાવીએ, લોકોનાં દેખતાં આપના ચરણોમાં ઝૂકીએ, આપના ચરણની રજ માથે ચડાવીએ, અમે બધા ચૈત્યવાસીઓ આપને બાદશાહી માનપાન આપીએ; આપ નાહક આમ હેરાન શું કામ થાઓ છો ?'

---

**૨૫૯. સભા : 'એ ચૈત્યવાસીઓ શું કરતા હતા ?'**

**પૂજ્યશ્રી** : એ લોકો મંદિરોના માલિક થઇ બેઠા હતા. મંદિરોમાં જ રહેતા, એનો જ માલ ખાતા અને કર લીધા વિના દર્શન કરવા પણ પેસવા દેતા ન હતા. એમણે શ્રી હરિભદ્રસૂરિજીને ઘણી ઘણી વિનવણી કરીને કહ્યું કે 'મહારાજ ! અમને અમારું કરવા દો, આપ આપનું કરો, પણ કૃપયા અમારું ખંડન ન કરો, અમે આપને બાદશાહી માનપાન આપીશું.' એ ચૈત્યવાસીઓ કમ ન હતા, બધું કરી જાણે એવા હતા, પણ શ્રી હરિભદ્રસૂરિજી એમનાથી લેશ પણ ડર્યા નહિ. પોતાના નિશ્ચયથી સહેજ પણ પાછા હઠયા નહિ. ચૈત્યવાસીઓને એમણે જણાવી દીધું કે - 'એવા માનપાનને અમે ઠોકરે મારીએ છીએ તમારા અપમાનમાં મરીએ તે હા, પણ પ્રભુમાર્ગનો નાશ થતો જોઇને જીવવાની લાલસાને ઠોકરે મારીએ છીએ'.વર્ષો સુધી અપમાનો અને તકલીફો વેઠીને એ મહાપુરુષ ચારે તરફ ઘૂમ્યા, ત્યારે એ સ્થિતિ પલટાવી શક્યા.

આ તો કહે છે કે બેંડ વાગતા હોય ત્યાં અમે હાજર, પણ બંડ જાગે ત્યારે અમે નહિ. પણ બેંડ વખતે તો સૌ રહે, એ કશા કામના નહિ બંડ વખતે રહે તે કામના. બેંડ વાગે ત્યારે નજીક આવનારા અને બંડ વખતે છેટે ભાગનારાને

શાસ્ત્ર એમના વાઘા ઉતારીને ખૂણે બેસવાનું કહે છે. કહેવત છે કે 'વાણીયો વરઘોડે રૂપાળો.' પણ એ કહેવત હવે કાઢી નાખો. વરઘોડામાં મહાલે અને ધાડ આવે ત્યાં ભાગે એ વરનું મોત કરાવે. એવાની જાનમાં ન જવાય, એવાના નાયક પણ ન બનાય. નાયક પણ તેના બનાય કે જે નાયકની પૂંઠે માથાં આપે. ધર્મ પાસે બીજા કશાની કિંમત ન હોય. (આચારાંગ ભાગ-૯)

૨૬૦. સભા : 'સત્યાગ્રહની વ્યાખ્યા શી ?'

પૂજ્યશ્રી : જેનાથી આશ્રવ ઘટે, સંવર વધે અને પ્રાણાતિપાત, જૂઠ, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહ એ પાંચેનું વિરમણ થાય એવી તમામ પ્રવૃતિ તે સત્યાગ્રહ; અને જે પ્રવૃત્તિથી હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહ વધે, સંવર ઘટે અને આશ્રવ વધે તે તમામ પ્રવૃતિ હત્યાગ્રહ. (આચારાંગ ભાગ-૯)

૨૬૧. સભા : 'બહિષ્કારની વ્યાખ્યા ?'

પૂજ્યશ્રી : પોતે ખરાબનો ત્યાગ કરવો તે.

આ બધું જેમને માનવું જ નથી તેમને તો **'दुर्जनं प्रथमं वन्दे'**

એ ન્યાયે હાથ જોડીએ; પણ તમે કાદવ ન ફેંકો. પ્રભુનું શાસન પામ્યા છો તો ખીલો ન ચૂકો. ધર્મકથાનું નિમિત્ત જીવને મળવું બહુ મુશ્કેલ છે.

(આચારાંગ ભાગ-૯)

**૨૬૨. સભા : 'ક્રોધ, માયા અને લોભથી માન વધે ?'**

**પૂજ્યશ્રી** : હા. માન એ રાગના ઘરનો દુર્ગુણ છે. દ્વેષથી રાગની અસર વધારે છે. દ્વેષમાં તો દુશ્મન આઘો જાય કે વાત પતી ગઈ. રાગી તો લાખો ગાઉ દૂર હોય તોયે રોવરાવે. રાગ જીત્યો કે દ્વેષ જિતાયો સમજો.

---

**૨૬૩. સભા : 'માન ઓળખવાનાં પ્રગટ ચિહ્નો ક્યાં ?'**

**પૂજ્યશ્રી** : એનો દેદાર જ ઓળખાવી દે.

---

**૨૬૪. સભા : 'તો પછી બધા ઝઘડા માનના ?'**

**પૂજ્યશ્રી** : હા, નિહ્નવો પણ માનથી પાક્યા. ઉપાધ્યાયજી મહારાજાએ કહ્યું કે 'આગમના પારગામી પણ નહિ જેવા માન ખાતર ગબડી ગયા.' નિહ્નવો મૂર્ખ ન હતા. આજના ઉત્સૂત્રભાષી તો મૂર્ખ છે. પેલા તો વાદ કરવામાં સમર્થ હતા, આગમના ઢગલા લાવીને મૂકતા, એમને ખસેડવા ભારે પડે; આ તો એવા કે વાદથી ભાગતા ફરે. દીક્ષા ખોટી, ખોટી બોલ્યા કરે, પણ આગમની વાતને અડે જ નહિ. બહુ તો ઘરની દલીલો લાવે કે - 'અમુક પડ્યો', વગેરે; પણ એ તો અમે પણ કહીએ છીએ કે ચડનારો ન જ પડે એવું આ શાસને કહ્યું નથી ભગવાને પણ એમ કહ્યું નથી; હા, એમ કહ્યું કે ચડ્યા પછી ન પડે તો ભાગ્યવાન. પડવું કાંઈ નવું નથી. (આચારાંગ ભાગ-૧૦)

---

** જેને આત્મોપકારની ભતિ જાગે તેને પરોપકારની ભતિ જાગ્યાવગર રહે જ નહિ.*

**૨૬૫. સભા : 'સંસારમાર્ગ પ્રારબ્ધાધીન અને મોક્ષમાર્ગ પુરુષાર્થાધીન, એમ જ ને ?'**

**પૂજ્યશ્રી** : સંસારમાર્ગ પણ એકલો પ્રારબ્ધાધીન નથી, ત્યાં પણ પુરુષાર્થ તો જોઇએ, જ્યારે મોક્ષમાર્ગમાં એકલો પુરુષાર્થ જ.

**સમ્યગ્દષ્ટિ પુરુષાર્થને મોક્ષમાર્ગમાં મુખ્ય કરે અને સંસારમાર્ગમાં ગૌણ કરે.**

**મિથ્યાદષ્ટિ પુરુષાર્થને સંસાર માર્ગે મુખ્ય કરે અને મોક્ષમાર્ગે ગૌણ કરે.**

**ગાઢ મિથ્યાદષ્ટિ મોક્ષમાર્ગે પુરુષાર્થ કરે જ નહિ.**

**માત્ર દુનિયાદારી માટે જ ખૂબ પુરુષાર્થ કરનારા તે બધા મિથ્યાદષ્ટિ.**

દુનિયાદારી માટે જ એકલા પુરુષાર્થમાં મથનારા અને જગતભરને તે માટે એવા પ્રકારનો જ ઉપદેશ આપનારા, એ તો મિથ્યાત્વની જડને મજબૂત બનાવે છે.બે-પાંચ-દશ-લાખ મેળવવાનો કે રાજ્યાદિક મેળવવાનો કે પારકું પડાવવાનો ઉપદેશ સમ્યગ્દષ્ટિનો ન હોય, એ ઉપદેશ તો મિથ્યાદષ્ટિનો હોય.

(આચારાંગ ભાગ-૧૩)

---

**૨૬૬. સભા : એક સૉલિસિટર મને કહેતા હતા કે– 'રામવિજયને તો દુઃખગર્ભિત વૈરાગ્ય છે, માટે એની વાણી સચોટ છે; માટે એ સંસારને દુઃખમય કહી લોકને હેરાન કરે છે અને એથી એમનામાં કાંઈ મનુષ્ય પ્રેમ નથી.'**

**પૂજ્યશ્રી** : વૈરાગ્ય ત્રણ પ્રકારના છે : તેમાંથી એ સૉલિસિટર પોતાની જ્ઞાનચક્ષુથી મારા વૈરાગ્યને દુઃખગર્ભિત વૈરાગ્ય કહે છે ! વધુમાં એ સૉલિસિટર એમ પણ કહે છે કે - 'દુઃખગર્ભિત વૈરાગ્ય છે તેથી જ વાણી સચોટ છે.' આ

એક ન સમજી શકાય તેવી હકીકત છે, કારણ કે -એ સૉલિસિટરના કહેવા પ્રમાણે તો **'જેની વાણી સચોટ તેનો વૈરાગ્ય દુઃખગર્ભિત'**-આ પ્રમાણે માનવું પડે, પણ એ બને કેમ?

શું તે સૉલિસિટર એમ મનાવવા માગે છે કે - **'જેમ જેમ વાણી વધુ સચોટ, તેમ તેમ વૈરાગ્ય પણ વધુ દુઃખગર્ભિત ?'** **જો એમ જ કહેવા માગતા હોય, તો તો સર્વથી વધુ સચોટ વાણીથી સંસારની અસારતા અને સંયમની સુંદરતા બતાવતા પરમતારક શ્રી તીર્થંકરદેવના વૈરાગ્યને સર્વથી વધુ દુઃખગર્ભિત વૈરાગ્ય કહેવાની ધૃષ્ટતા કરે છે ! ખરે જ, જો આવા પ્રકારની બુદ્ધિ તે ધરાવતા હોય તો મારી સમજ મુજબ તે એક દયાપાત્ર સૉલિસિટર છે, એમાં કશી જ શંકા નથી. આ એક બીજી વાત.**

બીજી વાત : એ સૉલિસિટર કહે છે કે-**'સંસારને દુઃખમય કહી લોકને હેરાન કરે છે અને એથી એનામાં કાંઈ મનુષ્ય પ્રેમ નથી !** આ વાત પણ એ **સૉલિસિટરને વધુ દયાપાત્ર બનાવે છે !** શું એ સૉલિસિટર એમ મનાવવા માગે છે કે :-

**૧. સંસારને દુઃખમય કહેનાર લોકને હેરાન કરનાર છે?**

**૨. જો એમ જ હોય તો એ સૉલિસિટર લોકના ઉપકારી કોને માને છે ?**

**૩. અને સંસારને દુઃખમય કહેનારમાં મનુષ્ય પ્રેમ નહિ હોવાનું કારણ શું ?**

**અસ્તુ. છોડો એ વાતને !**

હું તો ભારપૂર્વક કહું છું કે-વૈરાગ્ય આવે ત્યાં પ્રાણીમાત્ર પ્રત્યે પ્રેમ તો આપોઆપ આવે છે. જ્યાં વૈરાગ્ય જ નથી ત્યાં પ્રાણી પ્રત્યે પ્રેમ ક્યાંથી હોય ? જેના આત્મામાં વૈરાગ્ય જાગ્યો, ત્યાં પ્રાણીમાત્ર પ્રત્યે અપાર પ્રેમ જાગે છે,

આપોઆપ એ પ્રેમ આવે છે, પ્રગટે છે, પણ વૈરાગ્ય નથી ત્યાં એ સાચો પ્રેમ આવતો જ નથી. વિરાગ વિનાનો, એટલે કે સંસારરસિક આત્માનો જે પ્રેમ, તે મોહના ઘરનો છે. એટલે કે - 'રાગ' છે. અને તેની ગણના અઢાર પાપસ્થાનક પૈકીના દશમાં પાપસ્થાનક તરીકેની છે. એ રાગ તો દ્વેષાદિકનો ઉત્પાદક છે. એના યોગે જ આ સંસારની ભરમાર ચાલુ છે. તમને દ્વેષ શાથી આવે છે, એ સમજો ! નિંદા ન કરો ! કાં તો જે વસ્તુ પ્રત્યે તમને રાગ છે એની પ્રાપ્તિમાં કોઈ અંતરાય કરે તો દ્વેષ આવે, અથવા જે વસ્તુ પ્રત્યે રાગ છે તે વસ્તુ કોઈ ઝૂંટવે તો દ્વેષ આવે અથવા જે વસ્તુના તમે રાગી છો તે વસ્તુને કોઈ નુકસાન પહોંચાડે તો પણ તમને દ્વેષ આવે.

આથી સ્પષ્ટ જ છે કે-દ્વેષનું કારણ પણ રાગ જ છે ! સંપૂર્ણ રાગ જાય એટલે વીતરાગત્વ પ્રગટે અને રાગ ખરાબ લાગે એટલે વૈરાગ્ય પ્રગટે. પૌદ્ગલિક સુખ અને એનાં સાધનો પ્રત્યે દ્વેષ એ વૈરાગ્યને ઉત્પન્ન કરનાર છે, એવો વિરાગ જેને ઉત્પન્ન થયો હોય તેવા સાચા વિરાગીને તો પ્રાણીમાત્ર પ્રત્યે હિતકર પ્રેમ થાય. સંસારરસિકોને અમુક ઉપર જ પ્રેમ થાય, કુટુંબકબીલામાં જ પ્રેમ થાય અને સંસારથી વિરક્ત એવા સત્પુરુષો તો આખી વસુધા (પૃથ્વી)ને પોતાનું કુટુંબ માને આથી એમને વિશ્વના તમામ જીવો ઉપર નિર્વ્યાજ પ્રેમ પ્રગટે એ સ્વાભાવિક છે. સંસારરસિકો તો સ્નેહીઓની પાસેથી સ્વાર્થ સાધવાની ભાવનાવાળા હોય છે, ત્યારે સજ્જનો તો દરેકને સાચો સ્વાર્થ સાધવાની ભાવનાવાળા હોય છે. જૈન સાધુ દેશના શા માટે આપે ? માન માટે દેશના આપવાની શાસ્ત્રોએ ના પાડી છે. શ્રી વીતરાગ પરમાત્માનો સાધુ કેવળ સામાના સાચા ભલા માટે જ ધર્મદેશના આપે. માટે સમજો કે-કર્મથી પરવશ બનેલું જગત માગે તે આપવાનું કામ જૈનમુનિનું નથી.

**૨૬૭. સભા : એ સૉલિસિટર અગર એવાઓ તો એમ કહે છે કે – 'દુનિયાના પ્રેમીએ તો જે જેનો અર્થી હોય તેને તે આપવું.'**

**પૂજ્યશ્રી : લક્ષ્મીના અર્થીને લક્ષ્મી તથા પુત્રાદિકના અર્થીને પુત્રાદિ આપવા, એમ ? જો એમ જ તેઓ કહેતા હોય, તો હું કહું છું કે જૈન સાધુ એ નહિ આપે. જૈન સાધુ તો માત્ર 'ધર્મલાભ' જ આપે. ખરેખર, જૈનમુનિ પાસે સંસારપોષક ઉપદેશ અપાવવાની મનોવૃત્તિ ધરનારા પોતાની જાતને ઘણી જ અધમ જાત તરીકે પુરવાર કરે છે અને એથી પોતાની બહુલ સંસારિતા સાબિત કરે છે. નહિતર 'જૈન' તરીકે ઓળખાવનારાઓની આવી બુદ્ધિ હોવી ન ઘટે.** (સં.સ્વ.દ.ભાગ-૧)

છદ્મસ્થ, ત્રણ પૈસાની અક્કલવાળા, ફૂટેલી ખોપરીવાળા અને માનપાનની લાલસામાં મરી રહેલા, જેમ તેમ લવારો કરે એ ચાલે ? ન જ ચાલે. ઉત્સૂત્રભાષી દેખાડવા પૂરતું આગમ હાથમાં રાખે પણ પોતાને ફાવે ત્યાં, ફાવે ત્યારે અને ફાવે તે રીતે એ લાઈટ ફેંકે. એ દિવેલનો દીવો નહિ કે કાયમ રહે. એ તો બેટેરીની લાઈટ. બટન દબાવે એટલે ઊઘડે ને બટન પાછું કરે એટલે બુઝાય. ફાવે ત્યારે ફાવે તેમ ફેંકાય. સુધરેલી ચીજો બધી આવી ઓઘામણવાળી છે. આગમના નામે ઊંધું જ બોલે. એ કહે કે, આગમ કહે છે એ વાત ખરી પણ એનો ઉપયોગ તો અમારે કરવાનો ને ?

**સભા : 'મોઢે એમ નથી બોલતા.'**

**પૂજ્યશ્રી** : એના હૃદયમાં એ વાત છે. મોઢે બોલે તો તો ચાલે નહિ. જૈન સમાજના જૈનો તદ્દન જૈનત્ત્વહીન નથી. ભલે અમુક સંસ્કારો અમુકમાં હોય પણ બધામાં એવા સંસ્કાર માનવાને કારણ નથી. ગમે તેવા નામના જૈન પાસે કે ગામડાના રહેવાવાળા જૈન પાસે પણ જો કોઈ એમ બોલે કે - 'ભગવાનના

આગમ આ જમાનામાં ન ચાલે, પૂજા પડિક્કમણાની જરૂર શી ?' તો એ એને નહિ સાંભળે; પણ આ કાંઇ કાચા નથી. એ તો બહુ પોલિસીપૂર્વક સંભળાવીને મહીં ધીમું ઝેર એવી રીતે ભેળવી દે કે પેલો ફરી જાય કેમ કે એ તત્ત્વ સમજતો નથી. 'સૂત્રકાર કહે છે' એ શબ્દો હું તો ધીમેથી બોલું પણ પેલા જોરથી બોલે. હું એમને એક વિશેષણ આપું તો એ દશ આપે. એમાં ક્યાંય કમીના ન રાખે, પણ ધ્યેય જુદું, એટલે એ રીતે ભોળવીને હૈયામાં ઝેર રેડે. હળવે રહીને કહે કે 'ભગવાને આગમ કહ્યાં પણ તે ચોવીસસો વર્ષ (વિ. સં. ૧૯૮૬) મુજબ પહેલાં, એટલે એ સમયની દૃષ્ટિએ કહ્યા; અમારે તો વર્તમાન સમયને આંખ સામે રાખી બધું કહેવાનું.' તેમની આ જાળમાં ભોળાઓ ફસાઇ જાય.

**મહાપુરુષોની વિનમ્રતા અને આજનાઓની દુર્બુદ્ધિ :**

પૂર્વના ગીતાર્થો કહેતા કે - 'સૂત્રને અમે જે કાળે જે રીતે સંગત થાય તે રીતે કહીએ અને વર્તીએ. જેમ કે, જંબૂસ્વામીના વખત સુધી સૂક્ષ્મસંપરાય, પરિહારવિશુદ્ધિ, યથાખ્યાત ચારિત્ર વગેરે હતા, આજે તે નથી.' આ રીતે એમણે કહ્યું, પણ 'આજનું ચારિત્ર યથાખ્યાત છે' એવું એમણે કોઈએ કહ્યું ? એ મહાપુરુષો તો વાતવાતમાં કહેતા કે, 'ક્યાં તે પૂર્વના પુણ્યપુરુષો અને ક્યાં અમે ? અમે તો એમના પગલે ચાલનારા છીએ.' ઉપાધ્યાયજી શ્રી માનવિજયજી, શ્રી યશોવિજયજી મહારાજાના સમકાલીન હતા, પણ એ સ્પષ્ટ લખે છે કે - 'જો શ્રી યશોવિજયજી મહારાજાએ અમારો હાથ ન પકડ્યો હોત તો અમે માર્ગે ન રહેત. એમના હસ્તાવલંબનથી જ અમે માર્ગે ટક્યા અને આગળ વધ્યા છીએ.' ગ્રંથો લખે પોતે અને મહોરછાપ મરાવે ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજાની - આટલો એમને એમના પ્રત્યે સદ્ભાવ -

ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજ પણ પોતાના દરેક ગ્રંથમાં લખતા કે- 'ક્યાં તે પૂર્વના પંડિત પ્રવર પુણ્યપુરુષો અને ક્યાં અમે !'

આજની દશા એથી વિપરીત છે. આજ તો કહે છે કે - 'એ શું હતા ? અમે કાંઈ એમનાથી કમ નથી. એ પૂર્વાચાર્યોને તો તે કાળની હવા લાગી હતી.' આવું બોલે છે અને આજના આ બધા હવા વિનાના ! વીસમી સદીમાં આ કેવી દુર્બુદ્ધિ જાગી છે ? કંગાળના હાથમાં આ અમૂલ્ય આગમો જાય એટલે એ એનો ભયંકર દુરુપયોગ કરી સ્વ-પરનો નાશ કરે.

---

**૨૬૮. સભા : 'એ લોકો કહે છે કે, સમયે બધું ફરે, કાલિકસૂરિએ પણ પાંચમની ચોથ કરી ને ? એ રીતે દેવદ્રવ્યાદિના ઉપયોગની વ્યાખ્યા ફેરવાય. આવું કહેનારા આચાર્ય છે. તેની સામે અમે અજ્ઞાન શું કરીએ ?'**

**પૂજ્યશ્રી** : શાસ્ત્રકાર કહે છે કે, અજ્ઞાનીનો બધે મરો છે. **એમણે પાંચમની ચોથ કરી જ નથી. તિથિનો ફેરફાર કર્યો નથી તિથિ તો જે હતી તે જ કાયમ રાખી છે. માત્ર આરાધનાનો ફેરફાર કર્યો છે. જે આરાધના પહેલાં પાંચમના દિવસે થતી હતી તે ચોથના દિવસે કરવાનું ઠેરવ્યું છે.** એમને પૂછો કે, કાલિકસૂરિનો ફેરફાર શાસ્ત્રસંમત કે અસંમત ? તમે ધારો તો વ્યવહારના દાખલાથી પણ સમજાવી શકો. દેવદ્રવ્યના ઉપયોગના ફેરફારની વાત કરે એને તમે કહી શકો છો અને કહેજો કે - **'વ્યવહારમાં પણ કન્યાને આપેલો પૈસો બાપથી લેવાતો નથી, તો ભગવાનને અર્પણ કરેલું ખવાય ? ચોપડામાં પણ જેવું નામું પડ્યું હોય તે પ્રમાણે હિસાબ થાય; એમાં ફેરફાર કદી કરાતો નથી.'**

(આચારાંગ ભાગ-૮)

---

**૨૬૯. સભા : 'અકામ નિર્જરા કોને કહેવાય ?'**

**પૂજ્યશ્રી** : નિર્જરાની ઇચ્છા વિના જ નિર્જરા થઇ જાય તેને (અકામ નિર્જરા કહેવાય.) તિર્યંચો ભૂખે મરે છે, તરસ વેઠે છે, મજૂરી કરે છે, માર ખાય છે પણ એ બધાની એમને ઇચ્છા નથી હોતી. ઇચ્છા વગર પણ આ રીતે એમનો કર્મક્ષય થાય છે. એ રીતે કર્મક્ષય થાય એમાં વિશિષ્ટ ગુણ પ્રાપ્ત ન થાય. પોતાની ઈચ્છાથી કર્મક્ષય કરવામાં વિશિષ્ટ ગુણની પ્રાપ્તિ થાય છે.

**૨૭૦. સભા : 'એક વીતરાગને માને, પણ અન્ય માન્યતાઓમાં ભેદ હોય તો સંગઠન થાય ?'**

**પૂજ્યશ્રી** : માન્યતાભેદ એ મોટી ખામી છે. ક્ષત્રિયમાં પણ બે જાત હોય છે. એક એવા કે તે કહે કે - દુશ્મનને મારવો ખરો, પણ સામો આવે એને, ઊંઘતાને નહિ. ઊંઘતાને જગાડીને તથા સાધન વગરનાને સાધન આપીને પછી લડવું ; જ્યારે બીજા કહે છે કે ઊંઘતાને જ મારવો. હવે એ બે જાતનો મેળ મળે ? ન જ મળે. માન્યતા બેયની એક જ, દુશ્મનને મારવાની, પણ નીતિ બેયની જુદી, એટલે ભેગાં ન મળે. ગધેંડા સાથે ઘોડા અને ઘોડા સાથે ગધેડાં ન બંધાય. એ પરસ્પરના સંગથી ઘોડો ભૂંકતા ન શીખે તોય લાત મારતાં તો શીખે. ધોળા ઘોડા, કાળા ઘોડા સાથે પણ ભેગા બંધાય, પણ ધોળા ગધેડાં સાથે ભેગા ન બંધાય.

** જ્ઞાન વગર વિદ્વાન બનવાના કોડ હોય, માર્ગ સમજ્યાવગર જેમ તેમ મોટા બનવાની વૃત્તિ હોય તે શાસનને સાચવીને જીવી શકે નહિ.*

**૨૭૧. સભા : 'ઘોડાનો ગુણ ગધેડામાં ન જાય ?'**

**પૂજ્યશ્રી** : દુર્જનનો ગુણ એ કે સજ્જનની સજ્જનતા એ લે નહિ. કસ્તુરી અને લસણ સાથે રાખો તો ગંધની બાબતમાં લસણ જીતી જાય. કિંમતી કોણ? કાળા પણ ઘોડે બેસે એ આદમી, ધોળા પણ ગધેડે બેસે એ આદમી નહિ. પગે ચાલીને જવું એ ઠીક, પણ ગધેડે બેસીને નહિ.

**સમાનતાને નામે કચરો ભેગો ન કરાય :**

**સમાનભાવમાં સામાની હિતચિંતા હોય પણ ખોટાનો સંગ ન હોય. મહાપુરુષોએ હૃદયને શુદ્ધ રાખવા જે વાત કહી તેને નામે આજની જનતા કચરો ભેગો કરવાની વાતો કરે છે.** ભગવાનને માને તેના ઉપર પ્રેમ થાય, ન માને તેના ઉપર પણ પ્રેમ રહે, પણ મનુષ્યજાતિનો છતાં આવીને ભગવાનને ગાળ દે તો ? તો એ સહાય ? એ ન સહાય માટે મૈત્રી ગઈ ? એવાને તો કહેવું જોઈએ કે, 'તુ મારે ઘેર ન આવતો. તારી વાત સાંભળતાં પણ મને ક્લેશ થાય છે. ફરીને આવીશ તો માર્યા વિના નહિ મૂકું.' જંબૂસ્વામીના પિતાએ પોતાના સગાભાઈને જિંદગી સુધી દૂર કર્યો હતો. એ અનાચારી અને જુગારી હતો, સમજાવ્યા છતાં ન માનવાથી કાઢી મૂક્યો હતો. 'ભાઈ છે જ નહિ' એમ માનીને જિંદગી પર્યંત એને દૂર કર્યો હતો. અયોગ્ય કરણી કરવાના કારણે એક વખત બહુ માર ખાઈને રસ્તામાં પડ્યો છે, એ સમાચાર મળવાથી પોતે ત્યાં જાય છે, બચાવવા તૈયાર થાય છે, કેમકે બંધુભાવ ગયો નથી. પોતે એને ઘેર લઈ જવાનું કહે છે, ત્યારે પેલો શું કહે છે ? એ કહે છે કે, 'હું નહિ આવું, મેં બહુ પાપ કર્યા છે,

હવે કાંઈક ધર્મ આપો.' એ વખતે એ ધર્મ પામ્યો અને એનું કામ થઈ ગયું. ભલે એ જિંદગી પર્યંત ઘર બહાર રહ્યો, પણ એના ઉપર એક છાયા તો પડી ગઈ કે,'ભાઈ જબરા છે, આ ઘરમાં અધર્મ નહિ ચાલવા દે.' જો ઘરમાં રાખ્યો હોત તો અને એના યોગે બીજાને નુકશાન થયું હોત એ જુદું અને જે આ છાયા પડી તે ન પડત. ઘરમાં છોકરાં વગેરે ઉન્માર્ગે જાય તો બહાર કઢાય ને ? આ તો મોહાધીન એવા કે, ત્યાં એમ કહે કે, 'એ તો છોરું કછોરું થાય પણ માવતર કમાવતર ન થાય.' છોકરો ભૂલ કરે ત્યાં એમ બોલાય, પણ ઈરાદાપૂર્વક ધર્મનો નાશ કરે ત્યાં એવું બોલાય ?

**૨૭૨. સભા : 'ઘરમાં રાખે તો ઘરને બગાડે, બહાર કાઢે તો દુનિયાને બગાડે!'**

**પૂજ્યશ્રી** : ઘરમાં ઘરને બગાડે, ઘર પાડોશીને બગાડે અને એ દુનિયાને બગાડે, એમ નહિ ? વળી, આખી દુનિયા સાચવવાની જોખમદારી તમે સ્વીકારી છે ? ઘરનું ઠેકાણું છે નહિ અને આખી દુનિયા સાચવવાની વાતો કરે છે !

**૨૭૩. સભા : 'મરકીનો ઉંદર ઘરમાં રખાય ?'**

**પૂજ્યશ્રી** : સાંભળો આ જવાબ ! પરમાત્માની વાણીને સાંભળનારામાં આ શક્તિ આવે છે, પણ ચશ્માં સીધાં હોય તો !

**૨૭૪. સભા : 'વર્ણવ્યવસ્થા આ શાસનમાં માન્ય છે ?'**

**પૂજ્યશ્રી** : દુનિયાની ચીજો બધી માન્ય છે. દુનિયામાં બાબાશાહી પણ છે. તો તે માને કે નહિ ? વસ્તુને હોય તે રૂપમાં આ શાસન માનવા તૈયાર છે. આત્મા સ્વભાવે શુદ્ધ છે, માટે અત્યારે ચોરી કરે એને ચોર ન કહેવાય ? એક જણ કહે છે કે, 'આત્મા અનંતજ્ઞાની છે, માટે એને અજ્ઞાની ન કહેવાય, અનંતદર્શની છે માટે એને નાસ્તિક ન કહો. તમે જેને નાસ્તિક કહો છો, તેનામાં સત્તાએ તો અનંત દર્શન છે.' અમે કહીએ છીએ કે, એ પ્રગટ થશે ત્યારે હાથે જોડીશું. બધા આત્મામાં સિદ્ધના આત્માની શક્તિ છે, છતાં શ્રી અરિહંતદેવે 'નમો સિદ્ધાણં' કહ્યું પણ 'નમો લોએ સવ્વ જીવાણં' ન કહ્યું. આજના લોકો કહે છે કે, 'અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ - એમ જુદું જુદું કહેવા કરતાં'નમો લોએ સવ્વ જીવાણં' કેમ ન કહેવું ? પણ આવો શંભુમેળો એ નિર્વિવેક નથી ?

**૨૭૫. સભા : 'એ વિશાળ દષ્ટિ ન કહેવાય ?'**

**પૂજ્યશ્રી** : તો એ વિશાળ દ્રષ્ટિવાળો બધાને બાપ કહે છે ? 'નમો લોએ સવ્વ જીવાણં'માં તો વસ્તુ સ્વરૂપ ગયું. એ દશામાં આપણાથી ન જવાય. અહીં તો માબાપ પણ ધર્મમાં અંતરાય કરે તો વર્જ્ય છે.

**૨૭૬. સભા : 'વીતરાગને માને, પણ પૂજા ન કરે તો ?'**

**પૂજ્યશ્રી** : કઈ અવસ્થામાં? ઘરમાં રહે, ભોગ ભોગવે, વેપાર કરે, માલમલીદા ઉડાવે અને પૂજા માટે 'કરવાની જરૂર નથી' એમ કહે ત્યાં શાસ્ત્ર કહે છે કે, એ વીતરાગને માનતો જ નથી.

**૨૭૭. સભા : 'ઊંચી દૃષ્ટિએ પહોંચ્યો હોય તો ?'**

**પૂજ્યશ્રી** : સંસારમાં દેણદાર પર દાવા માંડે, કેસ કરે, બધું કરે અને અહીં ઊંચી દૃષ્ટિ? ઊંચી દૃષ્ટિ થઇ હોય તે પત્નીને મા કહે છે ? ઊંચી દૃષ્ટિવાળો ઘરમાં રહ્યો છે, શા માટે ? જે ભાવના માત્રથી પેટ ભરી ખાધા વિના ચલાવી શકે તે ભલે પૂજા ન કરે, પણ જેને ખાવા માટે પાટલો જોઇએ, ઉપર મોટો તાટ જોઇએ, રોટલી સાથે બીજી પચીસ વાનગીઓ જોઇએ, તે પૂજા તથા દર્શનના અખાડા કરે એને શાસ્ત્ર લુચ્ચો કહે છે.

**૨૭૮. સભા : 'પરદેશ જાય ત્યાં કેવી રીતે કરે ?'**

**પૂજ્યશ્રી** : સાચો શ્રાવક પરદેશ જાય જ નહિ કે જ્યાં મૂર્તિનો યોગ ન હોય. એવો લોભ શ્રાવકને ન હોય. કદી કમનસીબીના યોગ જવું પડે તો લાચારી માને. બને તો સાથે પ્રતિમાજી લઇ જાય. પ્રયત્ન છતાં ન બની શકે તો પોતાની કમનસીબી માને. આવા પૈસાના ગુલામ શ્રાવક ન જ બને. આપણી વાત એ છે કે, આપણી મધ્યસ્થ દૃષ્ટિ બેવકુફી ભરેલી ન હોય ; મૈત્રીમાં મૂર્ખતા ન જોઇએ.

**૨૭૯. સભા : 'એવા દેશના સંઘ કઢાય ?'**

**પૂજ્યશ્રી** : સંઘમાં સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા હોય. એ એવા પ્રદેશમાં જાય ? ત્યાં જાય એને સંઘ નહિ, પણ ટોળું કહો, ટોળું તો ધાડ પાડવા પણ જાય, જ્યારે સંઘ તો પ્રભુની આજ્ઞામાં હોય. સંઘ તો તીર્થયાત્રાએ

જાય. સિદ્ધગિરિ કે આબુના સંઘ કઢાય પણ કોઈએ વિંધ્યાચળની અટવીનો સંઘ કાઢ્યો ? જ્યાં જવાથી સંસાર-સાગર તરાય ત્યાંના સંઘ કઢાય. (આચારાંગ ભાગ-૮)

---

**૨૮૦. સભા : 'નિશ્ચય શું અને વ્યવહાર શું ?'**

**પૂજ્યશ્રી** : નિશ્ચય સાતમે ગુણસ્થાનકે છે, અપ્રમત્તાવસ્થાએ છે અને એ નિશ્ચયની પ્રાપ્તિ માટે, છઠ્ઠું, પાંચમું, ચોથું ગુણસ્થાનક છે, ત્યાંનો વ્યવહાર છે. ધર્મ આ વ્યવહારને વ્યવહાર કહે છે, ધર્મક્રિયાને વ્યવહાર કહે છે; ઘરબારના વ્યવહારને વ્યવહાર નથી કહેતો.

**પાપવ્યવહાર અને પુણ્યવ્યવહારને ઓળખો !**

અર્થ-કામને પોષે તે બધા પાપવ્યવહાર. પ્રભુના માર્ગને પોષે તે બધા પુણ્યવ્યવહાર. પુણ્યવ્યવહાર માટે પાપવ્યવહાર તજાય. પણ પાપવ્યવહાર માટે પુણ્યવ્યવહાર ન તજાય. પુણ્યવ્યવહાર ગમે તેવા સંજોગોમાં ન મુકાય અને પાપવ્યવહાર ન જ થાય, ન છૂટકે જ કરવો પડે તો દૂભાતાં હૈયે થાય. (આચારાંગ ભાગ-૯)

** હજારો આરાધકોમાંથી થોડાક **રક્ષકો** પાકે અને થોડાક રક્ષકોમાંથી થોડા **પ્રભાવક** પાકે.*

** સાચો આરાધક જ **પ્રભાવક** અને **રક્ષક** બની શકે.*

** જે **પ્રભાવક** પાકે તે સાધુઓની નિશ્રામાં હોય તે જ પાકે.*

# ❖ ભક્ષ્યાભક્ષ્ય(કેરી) ❖

**આર્દ્રા પછી કેરી ન ખવાય, પહેલાં પણ છોડે તો મહાલાભ છે :**

આજે લોકો ફાવતી વાતો પકડે છે. 'આર્દ્રા પછી કેરી અભક્ષ્ય થાય માટે પછી ન ખવાય' એમ કહેવાયું હોય એ સાંભળીને બહાર જઈને કહે કે -'મહારાજ કહે છે કે આર્દ્રા પછી કેરી ન ખવાય, આર્દ્રા પહેલાં ખાવાની છૂટ છે.' આ ખોટું નથી ? છૂટ આપી ને ? આર્દ્રા પહેલાં ત્યાગ કરે અને પાપ થાય ? નહિ જ. એને તો મહાલાભ થાય. મનુષ્યજીવન તો ધર્મની મોસમ છે, પણ એ સમજાતું નથી. ચાર દિવસ વહેલી કેરી ત્યાગ ન થાય ? પણ મનમાં એમ છે કે,'આવતી મોસમ કોણે દીઠી?' હજી લાલસા જતી નથી. ચોમાસું એ ધર્મની મોસમ છે. પોતે ખાય છે, પણ વિવેક ન ચૂકે, ખાવા જેવું ન માને અને આર્દ્રા પછી તો અભક્ષ્ય, માટે ન જ ખવાય. ગમે તેવા સંયોગોમાં વસ્તુતત્ત્વને ન ચૂકો. પંજાબમાં કેરી પછી પાકે છે, માટે ઓર્ડર તો નથી આપી રાખ્યા ને ?

**૨૮૧. સભા : 'ત્યાં આર્દ્રા પછી કેરી થાય છે.'**

**પૂજ્યશ્રી** : તે એને હવા ન લાગે ? પાંચમી તારીખે પ્લેગની હવા શરૂ થાય, ત્યાં બહારગામથી કોઈ સાતમીએ આવે એને હવા ન લાગે ? લાગે જ.

---

**૨૮૨. સભા : 'આર્દ્રા નક્ષત્રમાં જ વાંધો ને ? આર્દ્રા પછી બીજું નક્ષત્ર બેસે એટલે ખવાય ?'**

**પૂજ્યશ્રી** : એ લાલસાની વાતો છે અને એવું કોઈ માને નહિ.

**૨૮૩. સભા : 'ઝાડ ઉપરની કેરીને વાંધો ખરો ?'**

**પૂજ્યશ્રી** : કાળની ક્રિયા બધે અસર કર્યા વિના રહેતી નથી. ઝાડ ઉપર આર્દ્રા ન બેસે ? જીભની લાલસા કેવા કેવા પ્રશ્નો કરાવે છે ? કોરા તાકા પટારામાં રાખી મૂક્યા હોય અને વીસ પચીસ વરસે કાઢો તો એ વગર કાતરે ચિરાઈ જાય. પડ્યા પડ્યા સડી ગયા. એમ કેમ ? કાળ લાગ્યો માટે - એ તાકા બન્યા ત્યારથી જ જીર્ણ થવાની ક્રિયા ચાલુ હતી, કાળની ક્રિયા ચાલુ હતી. નક્ષત્ર કાળની વિક્રિયા બધાને માટે છે. હજાર ફળમાં પાંચને ન પણ લાગે તે ન ગણાય. ભગવાને કહ્યું માટે બધે સંભવિત; એ ન જ ખવાય. ઘણી વખત સૂર્યના તેવા કિરણોના યોગે તળાવ અને સરોવરના પાણી અચિત્ત થઈ જાય છે, પણ તેથી મુનિથી કે સચિત્તના ત્યાગીથી એ પીવાય ? ન જ પીવાય.

ભગવાન પોતે એકવાર વિહરતા જતા હતા. સાથે શિષ્યો હતા. એમને તૃષા પણ લાગી હતી. માર્ગમાં આવેલા સરોવરનું પાણી અચિત્ત હતું, એ ભગવાન જોઈ રહ્યા હતા.પણ એ પીવાનો ભગવાને આદેશ ન કર્યો. પ્રભુએ મૌન જ ધારણ કર્યું. કેમ કે, એ જાણે છે કે - 'આજે હું તો જ્ઞાનથી જોઈને આજ્ઞા આપું પણ એથી પાછળના તો હાંકે જ રાખે.' વ્યવહારમાર્ગનો લોપ કદી ન કરાય, આ એ શાસ્ત્ર છે. આવી કાળજી શ્રી જિનેશ્વરદેવને પોતાને હોય તો છદ્મસ્થને ન રાખવી પડે ? છદ્મસ્થને તો ઘણી કાળજી રાખવી પડે.

(આચારાંગ-૮)

** જે વસ્તુ ઉપર જેને પ્રેમ હોય તેને તેનો મહિમા ખુબ જ ગમે.*



## ✣ ભવ્ય-અભવ્ય ✣

**૨૮૪. સભા : અભવ્યની ઓળખાણ કઈ ?**

**પૂજ્યશ્રી** : એ જ્ઞાની કહી શકે. આપણાથી કોઈને નિશ્ચયથી અભવ્ય કે દુર્ભવ્ય ન કહી શકાય, તેની કાર્યવાહી પરથી અભવ્ય જેવો કહીએ એ વાત જુદી. પોતાની જાતને ભવ્ય કે અભવ્ય તરીકે ઓળખવા માટે શાસ્ત્રે એક પરીક્ષા કહી છે. ભવ્ય-અભવ્યનું વર્ણન સાંભળી, પોતાની જાત માટે જેને વિચાર આવે કે **'હું ભવ્ય હોઈશ કે અભવ્ય ? હું અભવ્ય તો નહિ હોઉં ને ? મારો મોક્ષ થશે કે નહિ'**? - તેને નિયમા ભવ્ય જાણવો. જે અભવ્ય હોય તેને 'મારી મુક્તિ છે કે નહિ' એવો વિચાર ક્યારેય આવતો નથી, આ તો જાતની પરીક્ષા માટે ઉપાય છે પણ પારકા માટે તો નિશ્ચયથી જ્ઞાની જ કહી શકે. અભવ્યો ક્રિયા તો ભવ્યથી પણ વધી જાય એવી કરે કે જેથી ગીતાર્થો પણ અભવીને પરખી શકતા નથી. (આચારાંગ ભાગ-૭)

૨૮૫. સભા : 'ઓઘાવાળાનો એકડો તો નિયત ને ?'

પૂજ્યશ્રી : ઓઘો લીધે નિયત નહિ, પણ મુનિપણું આવે તો નિયત. પૌદ્ગલિક વાસના માટે લે તો પણ નિયત નહિ; પરંતુ ઓઘો લે એ બહારથી મુનિ, માટે એને વાંદવા પડે. નિહ્નવ તે કે જે પામીને હાર્યા. એનો એકડો ખરો. માટે આજનાને નિહ્નવ કહેવાની શ્રી હરિભદ્રસૂરિજીએ પણ ના પાડી. અધર્મી, નાસ્તિક, પાપી વગેરે કહેવાય, પણ એમને નિહ્નવ ન કહેવાય.

૨૮૬. સભા : 'અધર્મી શા ઉપરથી ?'

પૂજ્યશ્રી : કહો ત્યારે છદ્મસ્થે હાથ કોને જોડવા ? ખંડન કોનું કરવું ? શી ખાતરી કે અમુક દર્શન સાચું અને અમુક ખોટું ?

૨૮૭. સભા : 'બહારના દેખાવ ઉપરથી.'

પૂજ્યશ્રી : તેમ આ પણ બહારના દેખાવ ઉપરથી, કુદેવ, કુગુરુ, કુધર્મને તેમના આચરણ ઉપરથી જ એવા કહેવાય ને ?

નિહ્નવનો એકડો નિયત, એ દૃષ્ટિએ અભવીથી નિહ્નવ સારા. ગોશાળો મહાપાપી છતાં નિયમા કેવળજ્ઞાની થશે.

૨૮૮. સભા : 'કાંગડુ કદી મગ ન જ થાય. અગ્નિ ઠંડો ન થાય, તેમ અભવીનો સ્વભાવ જ કે તે કદી મુક્તિએ ન જાય ?'

પૂજ્યશ્રી : હા, બરાબર છે. અભવી ક્યારેય મોક્ષે ન જાય.

**૨૮૯. સભા : 'પરંતુ, દીક્ષા લે અને દેવલોક મળે, દીક્ષા લે અને દેવલોક મળે એમ તો અભવીને ચાલુ રહે ને ?'**

**પૂજ્યશ્રી** : દેવલોક માટે દીક્ષા લેનાર દેવલોક ગયા પછી ક્યાં જાય છે. એ ખબર છે ? દીક્ષા અને દેવલોક એવી પરંપરા તો ભવીને મળે. અભવીએ તો કમાણી વેચી છે. મોટું સંયમ પાળ્યા પછી કરેલી કમાણી વેચીને નિયાણું કરનાર ભવીને પણ ઊંધી મુસાફરી કરવી પડે છે. તો અભવીમાં તો વસ્તુતત્ત્વ જ નથી. ભગવાન શ્રી મહાવીરનો જીવ નિયાણાના યોગે વાસુદેવ થયો. બળ મળ્યું પણ પછી ? સાતમી નરકે ગયો, ત્યાંથી સિંહ થઇ ફરીને ચોથી નરકે ગયો. આટલી ઊંધી મુસાફરી થઇ ને ? અભવી તો ઘણી વાર નરકે જાય.

**સલાહ શ્રાવકની લેવાય, જેની તેની નહિ :**

દુનિયાના પદાર્થો માટે સેવેલો ધર્મ ઈચ્છિત વસ્તુ આપ્યા પછી ધક્કો મારે છે. કામ કરાવવાના સ્વાર્થથી ચા પાનાર પરિણામે દુશ્મનાવટ વધારે છે. એક વખત તો પેલો ચાની શરમે કામ કરે, પણ પછી અવસરે અંગૂઠો બતાવે. મુક્તિ માટે ધર્મ કરનારની ધર્મ પોતે ખબર રાખે અને પૌદ્‌ગલિક પદાર્થો માટે ધર્મ કરનારની ખબર લીધા વિના ધર્મ ન રહે. 'ખબર લે' એટલે સમજ્યા ને ? સજ્જનોનો એ ગુણ કે ડાહ્યા, સીધા સાથે એ જેટલો સરળ તેટલો જ ભયંકર સામે ભયંકર. રાજ્ય પણ સજ્જનને પાળે અને દુર્જનને દંડે અને તો જ એ રાજ સારી રીતે કરી શકે. અવળો ચાલે તો લોક ઉઠાડી મૂકે. સજ્જન પેટની વાત લઈ જઈ શકે, દુર્જનનું કાંઈ ન વળે. કોને દીક્ષા આપવાનાં છો?' એમ દુર્જન પૂછવા

આવે તો ન જણાવીએ, કેમકે એ નંગને ઓળખીએ છીએ માટે. સજ્જનને બોલાવીને પણ જણાવીએ, કેમકે એ તો ધાડ વખતે રક્ષણ કરનાર છે. આ તો ધાડ આવે તો લાગ જોઈ બારણાં ખોલી ધાડપાડુને અંદર આવવાનો માર્ગ કરી આપે. એને કેમ જણાવીએ ? આચાર્ય તથા સાધુ, શ્રાવકની સલાહ લે એમાં વાંધો નહિ, પણ તે શ્રાવકની, જેની તેની નહિ.

---

૨૯૦. સભા : 'ત્યારે, સાધુ પણ માયા કરે એમ ?'

પૂજ્યશ્રી : દુર્જનથી ચેતવું એનું નામ માયા નથી. એ જો માયા છે એમ કહો તો એ વાત તમને મુબારક. કોલસાના કોથળા બહાર રાખો, અનાજના તો ઘરમાં રખાય ને રૂપિયાની થેલી ક્યાં ? તિજોરીમાં ને ? આને માયા કહેવાય ? રૂપિયા કંતાનના કોથળામાં ભરો ? ના, એની થેલીનું કાપડ જુદું. એમાં તમે પક્કા. સાધુ, શ્રાવક સંઘને પૂછે અને શ્રાવક-સંઘ સલાહ આપવા લાયક પણ ખરો, પણ શ્રાવક હોય તો. વર્તમાનમાં પણ એવાને પુછાય છે, એની સલાહ માનીને કામ બંધ પણ રખાય છે, પણ શાહુકારથી ચોટ્ટાની સલાહ લેવા ન જવાય. 'શાસ્ત્ર ગમે તેમ કહે પણ અવસર જોવો' એવું પ્રભુ શાસનનો શ્રાવક કહે ? એવા સાધુ તથા શ્રાવક શાસનના ચોર છે. માટે પૂ. ઉપાધ્યાયજી મહારાજાએ કહ્યું;

**અર્થની દેશના જે દીયે, ઓળવે ધર્મના ગ્રંથ રે;**
**પરમ પદનો પ્રગટ ચોર જે, તેહથી કિમ વહે પંથ રે.**

'જે ધર્મગુરુ ધર્મના બદલે પૈસો મેળવવા, સાચવવા, ભોગવવાના ઉપાયો બતાવે, એ માટે ધર્મગ્રંથોના ખોટા અર્થ કરે છે, તે મુક્તિમાર્ગમાં રહેલો લુંટારો છે, એનાથી મુક્તિનો માર્ગ નિર્ભય નથી રહેતો.'

ખેસમાં હાથ ઘાલી ભાવ કોનાથી થાય ? વેપારીથી. અમે પણ ખેસમાં હાથ ઘાલીએ હો ! પણ તે માણસ સાથે, ડહાપણ ડહોળતો આવે તેની સાથે નહિ. એવાને તો છેટા રાખીએ. ઘરમાં સભ્યો ઓછા હોય તો કૂતરાં ન વસાવાય. ઘોડાને બદલે ગધેડાં બંધાય? ચાલવું તે હા, પણ ગધેડે ન બેસવું. ફરી મૂળ વાત ઉપર આવો ! સાચી જિજ્ઞાસા વિના સાચી દિશાનો સાચો પુરુષાર્થ ન આવે.

શ્રી આર્યરક્ષિતને દષ્ટિવાદ ભણવાની ઈચ્છા જાગી તો સાધુ વેષ વિના એ ન ભણાય એમ જાણતાં જ સાધુ વેષ લીધો અને સાડા નવ પૂર્વ ભણ્યા.

---

**૨૯૧. સભા :** 'વાતનો મૃદ્દો તો આ જ ને ?'

**પૂજ્યશ્રી :** આ મુદ્દો સ્થિર થાય તો લહેર થાય. વર્તમાનની સુંદરતા જોવાય. પહેલાં ફલાણું આમ હતું, એ ન જોવાય. તીર્થંકર દેવના આત્માએ પૂર્વે કમ પાપ કર્યા છે ? ભગવાન શ્રી મહાવીરના આત્માએ ઉત્સૂત્રભાષણ કર્યું, ઉન્માર્ગ સ્થાપ્યો, કુમાર્ગ ચલાવ્યો, તોયે તીર્થંકર થયા, કેમ ? કર્મને લાત મારી એમ. આજનો વ્યભિચારી કાલે બ્રહ્મચારી થઇ શકે છે. (આચારાંગ ભાગ-૮)



## ✣ મરણ ✣

**૨૯૨. સભા : જીવનભર પાપ કરનારને સમાધિમરણ મળે ખરૂં ?**

**પૂજ્યશ્રી** : જો તે ડાહ્યો બને, મરવા માટે તૈયાર થાય, પોતે કરેલા પાપનો પશ્ચાતાપ કરે, જીવનમાં પુણ્ય કાર્યો ન કર્યા. તેનો પસ્તાવો કરે, ધર્મ ન કર્યાનું દુઃખ ધારણ કરે, હવે શક્ય એટલો ધર્મ કરવાનો નિર્ણય કરે, તો તેવા જીવને જીવનભર પાપ કરવા છતાંય અંતે સમાધિ મળી શકે છે.

(જિ. વ. ૩/અં. ૬)



## મિથ્યાત્વ

**૨૯૩. સભા : મિથ્યાત્વની વ્યાખ્યા શું છે. ?**

**પૂજ્યશ્રી** : મિથ્યાત્વ એટલે શ્રી જિનેશ્વરદેવે કહેલા એક પણ વચનને ખોટું માનવું તે. આખી દ્વાદશાંગી માને પણ તેમાંના એક વચનને ખોટું માને તે મિથ્યાત્વ, અથવા તત્ત્વને અતત્ત્વ અને અતત્ત્વને તત્ત્વ માનવું તે મિથ્યાત્વ, અથવા વીતરાગને કુદેવ અને રાગીને સુદેવ માનવા, સુગુરુને કુગુરુ અને કુગુરુને સુગુરુ માનવા, સુધર્મને કુધર્મ અને કુધર્મને સુધર્મ માનવો એ બધું મિથ્યાત્વ છે.

**૨૯૪. સભા : બધું જ માને પણ ફક્ત એક વચન જ ન માને તોયે મિથ્યાત્વ?**

**પૂજ્યશ્રી** : હા, એ તો દૂધના કુંડામાં વિષનો કણિયો પડ્યો, પછી તેમાંથી થોડું પણ દૂધ પીવા યોગ્ય રહેતું નથી. અમુક અંશે છોડવાનું અને અમુક અંશે પકડવાનું, એવું જૈનશાસનમાં નથી. જ્ઞાન-ક્રિયા બેય મુક્તિનાં સાધન છે. જે જ્ઞાનમાં ક્રિયાની અરુચિ તે અજ્ઞાન છે અને એકલી ક્રિયા કે જેમાં જ્ઞાન પ્રત્યે બહુમાન નથી તે પણ નકામી છે. ક્રિયાની અરુચિવાળો જ્ઞાની મુક્તિ ન પામે તેમ જ જ્ઞાન પ્રત્યે બેદરકાર બનેલો ગમે તેવી ક્રિયા કરે અને સાથે જ્ઞાનની ઠેકડી ઊડાડે તો તેની ગમે તેવી ઉત્કટ ક્રિયા પણ તેને મુક્તિ ન પમાડે.

**૨૯૫. સભા : સમજવા માટે શંકા કરે તો મિથ્યાત્વ લાગે ?**

**પૂજ્યશ્રી** : સમજવા માટે ઊભો થતો પ્રશ્ન એનું નામ શંકા નથી. એથી મિથ્યાત્વ ન લાગે. સમજવા માટે તો અનેક પ્રશ્નો થાય. એવા પ્રશ્નો કરવા એ તો ગુણ છે. સમજવાની તાલાવેલી બતાવે છે. પણ 'આ તે હોય ? આવું વળી હોઈ શકે ?' આવા પ્રશ્નો આવે ત્યાં વાંધો. ત્યાં મિથ્યાત્વ આવતાં વાર ન લાગે. આનું જ નામ શંકા નામનો દોષ.

પોતાને કોઈ વસ્તુ ન બેસે માટે જ્ઞાનીએ કહેલું ખોટું માનવું અને કહેવું, તે મિથ્યાત્વ. (આચારાંગ ભાગ-૭)

** લક્ષ્મી પુણ્યથી જ મળે છતાં એ હોંશીયારીથી મળે એમ માનવું એ જ **મિથ્યાત્વ**.*

**૨૯૬. સભા : 'મિથ્યાત્વીના ગુણની પ્રશંસા ન થાય ?'**

**પૂજ્યશ્રી** : ગુણની અનુમોદના હૃદયથી કરાય, પ્રશંસા કરો તો એમાં રહેલા સો દુર્ગુણોથી, તમારી પ્રશંસા સાંભળીને જનારને નુકશાન થાય, એ દુર્ગતિ પામે એ જોખમદારી કોની ?

---

**૨૯૭. સભા : 'પણ સાથે દુર્ગુણ કહે તો ?'**

**પૂજ્યશ્રી** : તો હરકત નથી પણ એ બનશે જ નહિ. દુર્ગુણ કહ્યા પછી ગુણની કિંમત રહી ક્યાં ? ફલાણો રૂપાળો, હોંશિયાર, ચાલાક એમ કહ્યા પછી 'પણ વ્યભિચારી' એટલું કહો એટલે ખેલ ખલાસ. પછી એની પાસે કોઇ ન જાય. વેશ્યા રૂપાળી, સ્વચ્છતાની મૂર્તિ, ટાપટીપ કરનારી પણ વ્યભિચારની ગટર એમ સાથે કહેવાની હિંમત છે ?

---

**૨૯૮. સભા : 'હરિભદ્રસૂરિજીએ પતંજલિને 'ભગવન્' શબ્દથી સંબોધ્યા છે ને ?'**

**પૂજ્યશ્રી** : ત્યાં ખુલાસો કર્યો છે, એ વાંચ્યો ? **मोक्षमार्गबोधबाधकमलाभावात्** ' મોક્ષમાર્ગનો બોધ થવામાં બાધક, નડતરભૂત એવા કર્મમળનો એમનામાં અભાવ હોવાથી એમને ભદંત કહ્યા છે. આવા કારણે એમને ભદંત કહેનારા પૂ. આ.શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે એમને મિથ્યાદષ્ટિ પણ કહ્યા અને એમની તમામ ખોટી વાતોનું ખંડન કર્યું. જેટલા ગુણ પ્રશંસા યોગ્ય એટલા અનુમોદવા યોગ્ય ખરા પણ જેટલા અનુમોદવા યોગ્ય એટલા ગુણ પ્રશંસવા

યોગ્ય નહિ. ગુણ માત્રની ચિત્તથી અનુમોદના એ સમ્યક્ત્વની બીજી પ્રમોદભાવના અને મિથ્યાદષ્ટિના ગુણનું વર્ણન એ સમ્યક્ત્વનો ચોથો દોષ. એ બે વાત સાથે વિચારાશે તો ગફલત ન થાય, ત્યાં કદી સર્વસ્વ નહિ કલ્પાય.

**પ્રભુ મહાવીરનાં જ્ઞાન–ચારિત્ર શા માટે ?**

ગુણાનુરાગના નામે તો આજે ભયંકર પાપ ઘૂસ્યું છે. સમ્યક્ત્વને છિન્નભિન્ન કરી નાંખવામાં આવ્યું છે. એ શાથી બન્યું? દર્શન વિનાના જ્ઞાની તથા ચારિત્રી થયા માટે. એ ભલે સેંકડો પુસ્તકો ભણે પણ એ દર્શનહીન એમાંથી ઊંધું જ તારવે કેમ કે એ દેખે જ ઊંધુ. સમ્યગ્દર્શન વિનાનાં જ્ઞાન-ચારિત્ર એદીને નકામાં અને ઉદ્યમીને હાનિકર. દર્શન વિના ગમે તેટલું જાણે અને ગમે તેટલું સંયમ પાળે તોયે એની ભવવૃદ્ધિ થવાની.

---

**૨૯૯. સભા :** ‘દેવભવ મળી જાય ને ?’

**પૂજ્યશ્રી :** એટલે કુપથ્ય ખાઈ લે, પણ પછી ? પંદર દિવસ સુધી મહેનત કરીને વૈદ્ય દર્દીના શરીરનો કાંટો ઠેકાણે લાવે પણ પછી દર્દી સ્વાદ માટે કુપથ્ય ખાઈ જાય તો ? પાછું શરીર બગડે, વૈદ્ય ચેતવણી આપી ફરી દવા આપે પણ પાછો કુપથ્ય ખાય તો ? એ કુપથ્યના યોગે કીંમતી ઔષધનો ગુણ માર્યો જાય. પોતાને જ્ઞાની ગણાવતા અને ધર્મક્રિયા કરવાનો દેખાવ કરનારાઓ જ્યાં ત્યાં પ્રભુ મહાવીરના સંયમ તથા ચારિત્રનો આરોપ કરે છે, એનું કારણ બીજ બળી ગયું છે માટે. પ્રભુ મહાવીરનાં જ્ઞાન-ચારિત્ર શા માટે હતાં એ કહો.

---

સભા : 'જગતના ઉદ્ધાર માટે.'
'પૌદ્ગલિક ભલા માટે અહિંસા, સંયમ, તપ ક્યાંય હોય તા?'

પૂજ્યશ્રી : સુલસાની વાત યાદ છે કે ભૂલ્યા ?

---

**300. સભા : 'આ નવયુગના સાહિત્યમાં સુલસાને સ્થાન છે ?'**

**પૂજ્યશ્રી** : ક્યાંથી હોય ? એમના યુગમાં તો ભગવાન મહાવીરને પણ સ્થાન નથી, પછી ? હિંસકોને ઘેર દયાને સ્થાન હોય ? ન જ હોય. મિથ્યાદષ્ટિને ત્યાં સુલસાને સ્થાન ન હોય એમાં આશ્ચર્ય નથી, સ્થાન હોય તો આશ્ચર્ય. 'ભગવાન મહાવીર સિવાય બીજો કોઇ પણ ગમે તેવો દેખાવ કરીને આવે તો એને મારે જોવો પણ ન કલ્પે' એવા નિશ્ચયવાળી મહાસતી સુલસાને માનવી આ સ્વચ્છંદવાદીઓને પાલવે ? ન જ પાલવે. એવાઓ એને સતી કહે? ન જ કહે. એને સતી કહે તો નાટક સિનેમા બધું જોવું બંધ થાય. દુનિયાદારીમાં મહાલતાને આવી બહેનો ન પાલવે . તીર્થંકરના સમવસરણનો દેખાવ થયો, આખી નગરી ત્યાં ગઇ અને ઝૂકી પણ આણે ઇનકાર કર્યો. એવી સુલસાના જીવનને જોવું કે વિચારવું, એની વાત કરવી, એ નિશ્ચલતાને આગળ ધરવી એ આજના જમાનાવાદીઓને પાલવે ? ન જ પાલવે. અજ્ઞાની હિંસામાં જ અહિંસા, અસંયમમાં જ સંયમ, અસત્યમાં જ સત્ય માને અને કહે. જો એમ ન કરે તો દુર્ગતિમાં જાય શી રીતે ? સમ્યગ્દર્શન ગયા પછીનાં જ્ઞાન-ચારિત્ર ભયંકર કોટીનાં છે. એમાંથી બચે તે ભાગ્યવાન, બાકી ડુબનારા ઘણા.

(આચારાંગ ભાગ-૮)

**૩૦૧. સભા : 'અંતઃકરણ એટલે ?'**

**પૂજ્યશ્રી** : આત્મામાં મનોવર્ગણાના પુદ્‌ગલો ગ્રહણ કરવા દ્વારા થતા વિચાર. ( સં. સ્વ. દ. ભાગ-૩)

---

**૩૦૨. સભા : 'કાયાથી અનુમોદન શી રીતે ?'**

**પૂજ્યશ્રી** : મોઢે બોલે નહિ પણ માથું હલાવીને અથવા ઇશારાથી અથવા ખોંખારાથી સંમતિ આપે, મોઢું મલકાવીને સમજાવી દે. એ બધી કાયાની અનુમોદના છે. પૌષધમાં પણ શ્રાવક એ જાતની અનુમોદના કરી નાખે છે ને ?

સાધુને ભંગ તો અનાચારથી જ થાય છે. જો અતિક્રમથી જ ભંગ થતો હોય તો તો કોઈ મોક્ષમાં જઈ શકે જ નહિ. છદ્મસ્થ અનાદિકાળથી કર્મની આધીનતાથી ટેવાયેલો, એ શરૂઆતથી જ અતિક્રમ વિના સંયમ પાળે એ **न भूतो न भविष्यति** । એના પર કાબૂ મૂકતો મૂકતો પરિણામે અપ્રમત્ત બની શ્રેણી માંડી, સઘળાં કર્મ ખપાવી, કેવળજ્ઞાન પામી મુક્તિમાં જાય.

જેને વિષની ટેવ હોય તેને ચઢે તો નહિ પણ ઊલટો સાપ પણ એને કરડે તો એ સાપ મરે. જંગલમાં તાપ વાણિયાને લાગે, ભીલને ન લાગે. કાંટા વાણિયાને લાગે, ખેડૂતને ન લાગે. ખેડૂત તો કાંટા પણ પગથી ભાંગે. મિથ્યાત્વ એ ઝેર તો છે જ ; હવે એમાં નવું ઝેર ચઢવાનું છે ક્યાં ? એટલે એને તો જે લાભ થાય તે ખરો.

---

** ત્યજવા લાયક ચીજને લેવા લાયક માનવી એનું નામ **મિથ્યાત્વ.***

**૩૦૩. સભા : 'મિથ્યાત્વ અને અજ્ઞાનમાં ફેર ખરો ?'**

**પૂજ્યશ્રી** : લગભગ બંને સરખા, પણ મિથ્યાત્વ યોગે અજ્ઞાન છે. મિથ્યાત્વ કારણ છે અને અજ્ઞાન એ કાર્ય છે. મિથ્યાત્વની હયાતીમાં જ્ઞાન પણ અજ્ઞાન છે અને મિથ્યાત્વ જવાથી અજ્ઞાન પણ જ્ઞાન બને છે. સમ્યગ્દષ્ટિને તો વિષની છાયા પણ મારી નાખે. શેઠિયાના દીકરાને જાડી રોટલી, જાડા ભાત કે જાડી દાળ પણ ન પચે.

મિથ્યાદષ્ટિને તો રોમ રોમ વિષ પરિણમ્યું હોય એમાં સારી ચીજથી લાભ થવો હોય તે થાય ; પણ સમ્યગ્દષ્ટિ એ જ લોકોત્તર મિથ્યાત્વથી ધર્મ હારી જાય અને માર્યો જાય. મિથ્યાદષ્ટિ પણ ગમે તેમ ખીચડો બાફે તો એ ન ચાલે. માણસને ખાવા જોગું ખાય ત્યાં સુધી તો ઠીક પણ ઢોરનું ખાણું ભેગું નાખે તો એ પણ માંદો પડે. મિથ્યાદષ્ટિનો ગુણ અનુમોદાય પણ તેની પ્રશંસા ન થાય. ચોરની હોશિયારી જોઈ મનમાં થાય કે આ હોશિયારી સજ્જનમાં હોય તો ઠીક હતું; પણ હોશિયારીના ઢોલ ન પીટાય. ગુણ ગાતાં પહેલાં વ્યક્તિ જોવી જોઈએ. ( સં. સ્વ. દ. ભાગ-૩)

** મળેલી અનુકૂળતાઓ ગમી જાય અને એ ગમે તેનું દુઃખ પણ ન થાય તે જ **મિથ્યાત્વ.***

** **મિથ્યાત્વ** જીવ પાસે ધર્મનાં બધાં કામ કરાવે પણ એમાં ધર્મને પેસવા દે નહિ.*

# ❖ મૈત્રીભાવના ❖

**પૂર્વભૂમિકાઃ–** વિ.સં. ૧૯૮૬ જેઠ સુદ ૮ ના રોજ શ્રીમદવિજયાનંદ-સૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજાની સ્વર્ગતિથિ ઉજવી. એમાંથી અમુક અર્ધા શબ્દો પકડીને કહે છે-'મહારાજે જૈનત્વને ઉલટાવી નાંખ્યું. પ્રભુની બંધુત્વ ભાવના ઉડાવી દીધી. આમ કહીને શાસ્ત્રવચન ટાંકતાં પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજાના શબ્દો યાદ દેવડાવે છે કે **'અપરાધીશું પણ નવિ ચિત્ત થકી, ચિંતવીયે પ્રતિકૂલ; સુગણ નર.'**

હવે આપણે શું કહ્યું હતું એ વિચારો ! નિગોદના જીવોમાં પણ આપણો મૈત્રીભાવ રહેલ છે. ત્યાં પણ કોઈ જીવ પ્રત્યે બૂરી ભાવના નથી. પણ આપણો મૈત્રીભાવ કે બંધુભાવ એવો ગમાર ન હોય કે પ્રભુમૂર્તિને ગાળ દેનારને પણ આપણે ભેટીએ. આમાં વાંધો છે? એનું ભૂંડું ન ઈચ્છાય, પણ એને ઓળખાય-ઓળખાવાય નહિ? એમાં બંધુભાવ કાંઈ જતો નથી.

ભગવાનશ્રી મહાવીરદેવે જમાલીને દૂર કર્યો, ત્યાં એમનો બંધુભાવ ઊડી ગયો ? તે દિવસના પ્રસંગના વક્તવ્યમાંથી અર્ધું વાક્ય લઈને એ લોકો લખે છે કે - 'મહારાજે જૈનત્વનો દ્રોહ કર્યો, ભગવાન શ્રીમહાવીરના બંધુભાવનો સંહાર કર્યો.' આવાઓના આશયને સમજો ! મુદ્દો એ છે કે, આવાઓ આગમને પોતાના ખિસ્સામાં રાખે છે. અર્થાત્ આગમને શરણે પોતે નથી થતા પણ પોતાને શરણે આગમને રાખે છે. એમની દૃષ્ટી કઈ છે, તે અંગે હું તમને ચેતવવા માગું છું.

૩૦૪. સભા : 'એવાઓમાં જ્ઞાનનો પ્રકાશ કેટલો ?'

પૂજ્યશ્રી : પ્રકાશ જ નથી. વ્યવહારમાં પણ તમારો બંધુભાવ ક્યાં સુધી? ગમે તેવો બંધુભાવ ધરાવતા હો, પણ કોઇ તમારી માતા કે ભગિનીને ગાળ દે તો એને ભેટો ? ન જ ભેટો. એને ભેટનારને દુનિયા પણ બેવકુફ કહે છે.

સભા : 'આ તો માતાનું શિયળ લૂંટનારને પણ બાપ કહે એવા છે.'

પૂજ્યશ્રી : જેઓ માતાનું શિયળ લૂંટનારને બાપ કહેતા હોય તેવાઓ ભલે ભગવાનને ગાળ દેનારને બંધુ માને. જેને માતા માટે કાંઇ ન લાગે તેને ભગવાન માટે લાગે? પણ એવો કોઇ દાખલો વ્યવહારમાં તો બન્યો નથી. અધમમાં અધમે પણ એમ કહ્યું નથી.

ખરી વાત એ છે કે એ લોકો પણ સમજી ગયા છે કે - 'જો આખો જૈન સમાજ શાસ્ત્રને અનુસરતા બંધુભાવને વળગશે અને હાલના બંધુભાવના પડદા ચિરાશે તો સમાજ અમને દંડો જેમ ગિલ્લીને ઉડાવે તેમ ઉડાવી દેશે.' આવું સમજી ગયા છે, માટે એ ગભરાયા છે. પોતાનું સ્થાન નહીં રહે એવા ભયનો આ પોકાર છે.

---

૩૦૫. સભા : 'આત્મારામજી મહારાજ અહીં આવ્યા પછી પોતાના પહેલાનાં ગુરુને પૂજ્ય માનતા હતા ?'

પૂજ્યશ્રી : જો પૂજ્ય માનતા હોય તો ત્યાગ કેમ કર્યો ? પૂજ્યનો ત્યાગ થાય? પોતાના ગુરુને પણ કહી દીધુ કે, 'આપ ઉન્માર્ગે છો, મારી સાથે સન્માર્ગે ચાલો તો સેવા કરવા તૈયાર છું.'

**૩૦૬. સભા : 'આમાં બંધુભાવનો નાશ નથી ?'**

**પૂજ્યશ્રી** : ગાંડાઓને લાગે તો ભલે. પોતે ત્યાગ કર્યો માટે પૂજ્ય માનતા નથી એ વાત નક્કી છે. દુર્ભાવના નથી. એ વિચારે છે કે - 'એ અજ્ઞાનીઓએ મને ડુબાડ્યો. પણ ખેર ! એ તો અજ્ઞાની હતા. મને જો જ્ઞાન થયું તો બની શકે તો મારે એમને બચાવવા, ન માને તો આત્માનો બચાવ તો કરી જ લેવો.'

દુશ્મનનું બૂરું ન ઈચ્છાય પણ એને પડખે ન જવાય, એને પોતાની ગાદી ઉપર ન બેસાડી દેવાય; એમાં બંધુભાવને વાંધો નથી. ધર્મની રક્ષા માટે ધર્મના દુશ્મન સાથે દુશ્મનાવટ કરવામાં હરકત નથી; એ તો ધર્મ છે. હા, એનું બૂરું ન ચિંતવાય. કામ પડે તો શિક્ષા પણ કરાય. ત્યાં પણ એની અને બીજાના ભલાની ભાવના છે. જમાલી જેવા સમર્થને પણ બહાર મૂકી દીધો, ત્યાં બંધુભાવ ન ગયો. ચોરને ચોરી ન કરવાની શિખામણ આપવી એમાં મૈત્રીનું ખંડન નથી. આ લોકો તો મૈત્રી તથા બંધુભાવ એવો કરવા માગે છે કે, ગાંડા તથા ડાહ્યાને એક જ હોસ્પિટલમાં રાખવા; પણ એમ રખાય? વાંદરાની જાતનો-ન્યાય છે કે, એક વાંદરાને જો ઘા પડે તો એનું મોત. બધા વાંદરા જોવા આવે ને મહીં આંગળી ઘાલી ઘાલીને ઘાને પહોળો કરે. જેટલાં નંગ આવે એટલાં એ જ ધંધો કરે.

** આપણા હૈયામાં **મૈત્રીભાવ** પેદા કરે તેનું નામ મિત્ર.*

**૩૦૭. સભા : 'જેઓ બંધુભાવની આવી ઊંચી વાતોનો ડોળ કરે છે તેઓ જગતના કોઈ પણ પ્રાણી પ્રત્યેના બંધુભાવના સંહારની પ્રવૃતિ કરે ?'**

**પૂજ્યશ્રી** : એ વાતને ન અડો. અર્થ-કામના રસિયા એમને, બંધુભાવની પડી છે જ ક્યાં ? એમને તો જૈનશાસનનું ખંડન કરવું છે. જો બંધુભાવની પડી હોય તો મારો વિરોધ કેમ કરે ? હું જ પૂછું છું કે, - જો તમારામાં બંધુભાવ છે, તો મારો જ વિરોધ શા માટે કરો છો ? ત્યાં તો એક કહે છે કે 'એમનો વિરોધ તો કરવાનો, કરવાનો ને કરવાનો જ' - કહો ! બંધુભાવ ક્યાં છે ? નથી જ એવાઓ જે વાતની પોતે સ્થાપના કરે છે, એનું પોતે જ ખંડન કરે છે, એનું એમને ભાન નથી; પણ એ ભાન એમનામાં ન જ હોય.

**સાચો બંધુભાવ :**

બંધુભાવ આખી દુનિયા પ્રત્યે હોય પણ એવો બંધુભાવ ન કરાય કે જેથી બેયનો નાશ થાય. કોઢિયાની સેવા કરાય પણ એના ભાણામાં સાથે બેસીને ખવાય ? એને પ્રેમથી ભેટાય ? એને ભેટવાનો જેને ભાવ થાય એવાને બાંધી રાખવો પડે. કેમકે એમ ન કરીએ તો એક ને બદલે બે કોઢિયા થાય. એવા પ્રેમીને બાંધવા પડે. રોગી ભેટવાની હઠ કરે તો એને પણ બાંધવો પડે. કેમકે આમ કરવાથી કાંઈ બંધુભાવ જતો રહેતો નથી. બંધુભાવ તો પ્રાણીમાત્ર પ્રત્યે છે જ.

ભગવાનની જમાલીને તારવાની બુદ્ધિ હતી કે ડુબાડવાની ? તારવાની જ. પણ બીજાના બચાવ માટે એને બહાર કરવો જ પડ્યો. શિક્ષકની ઈચ્છા તો બધા જ વિદ્યાર્થીઓને ભણાવવાની જ હોય પણ બે-પાંચ ઠોઠ નિશાળિયા

હોય તેમની તો એ પણ ઉપેક્ષા કરે છે. જો એમની પાછળ એ સમય બગાડે તો બધાનું બગડે છે. તેથી એવાની તો ઉપેક્ષા કરવી જ પડે. શાસ્ત્ર કહે છે, પ્રભુશાસનના વિરોધ કરનાર, એના સિદ્ધાન્તોને આડે આવનાર, એ સિદ્ધાન્ત વિરુદ્ધ ખોટા પ્રચાર કરનાર, એ ગમે તેવા મોટા હોય તો પણ, જોકે એમનું યે અહિત ન ચિંતવવું તો પણ, એમનો વિરોધ કરવો; એમને અલગ કરવા પડે તો કરવા; એ જેવા હોય તેવા જગતમાં એમને જાહેર કરવા અને એમની નામનાને કલંકિત કરવી એ પરમ ધર્મ છે. ત્યાં બીજાને બચાવવાની બુદ્ધિ છે અને એ પણ સમજે તો એની પ્રત્યે પણ હિતબુદ્ધિ એમાં સમાયેલી છે.

**૩૦૮. સભા : 'એવા શાસનના વિરોધીઓને દૂર કરવા, એ આપદ્ધર્મ ?'**

**પૂજ્યશ્રી** : ના, એ કાયમ ધર્મ. કોઢિયા દરેક કાળે હોય ત્યાં આપદ્ધર્મ કેવો ? નિહ્નવો, ઉન્માર્ગગામીઓ દરેક કાળે હોય માટે એ કાયમધર્મ. જેમ આહાર જરૂરી તેમ આ પણ જરૂરી. સંયમપુષ્ટિ માટે આહાર પણ જરૂરી છે. તેમ આ પણ કાયમધર્મ છે. સત્ય કહેવામાં અસત્યને ખાંડવું જ પડે, ત્યાં ખોટાને દુઃખ થાય જ પણ એને દુઃખ આપવાનો ઈરાદો નથી. એ શાશ્વત ધર્મ છે. મુનિને એ ખ્યાલ રહેવો જ જોઈએ કે પોતાની પાસે આવીને કોઈ સંસારને સારભૂત ન માની જાય. (આચારાંગ-૮)

** સઘળાય જીવોની હિતની ચિંતા કરવી એનું નામ **મૈત્રી ભાવના !***

# ❖ મોક્ષ ❖

**પૂર્વભૂમિકા** : જયાં જન્મ, જરા, મરણ, રોગ, શોક આદિ કશું યે નહિ એવું સ્થાન તો એક મોક્ષ જ છે.

**૩૦૯. સભા : એ તો કયારે મળે ? એના માટે તો ભવો જોઈએ ને ?**

**પૂજ્યશ્રી** : આરાધના ન કરનારને ન મળે. મામુલી આરાધના કરનારને, ભવો જોઈએ પણ બરાબર આરાધનારને તરત મળે. અહીંથી મરીને મહાવિદેહમાં જાય. ત્યાં આઠમે વર્ષે દીક્ષા અને નવમે વર્ષે કેવળજ્ઞાન થાય. મહેનત કર્યા વિના તો પૈસા પણ મળતા નથી. એટલે તો તમે પથારીમાં પડી રહેતા નથી. કેટલી મહેનત કરો છો? એમ આરાધના કરો તો મોક્ષ પણ તરત મળે.

**સભા : આવી મહેનત કરનાર તો કોઈક !**

**પૂજ્યશ્રી** : તમે એ 'કોઈક' થાઓને ? તમે તમને એ 'કોઈક' થી જુદા માનો છો શું કામ? મોક્ષ પ્રત્યે તેવો પ્રેમ જાગ્યો નથી માટે એમ મનાય છે. દુનિયાના પદાર્થો પ્રત્યે તમારૂં ખેંચાણ છે પણ એ ખેંચાણથી છૂટ્યા વિના રસ્તો નથી.

સમ્યગ્દૃષ્ટિની સમ્યક્ત્વની રૂઢતા માટેની પ્રતિસમયની ભાવનાની વાત ચાલે છે. તે સદાય વિચારે કે-

**जन्ममृत्युजराव्याधिरोगशोकाद्युपद्रुत : ।**
**क्लेशाय केवलं पुंसामहो भीमो भवोदधिः।।** **શાસ્ત્રવાર્તા સમુચ્ચય**

અર્થ : જન્મ, મૃત્યુ, જરા, વ્યાધિ, રોગ, શોક વગેરે ઉપદ્રવવાળો ભયંકર આ સંસારરૂપ મહાસાગર પુરુષોને માટે માત્ર દુઃખનું જ કારણ છે.

(જિ. વ. ૧૨/અં. ૧૧)

પૂર્વભૂમિકા : 'મોક્ષ તો માત્ર પુરુષાર્થથી સાધ્ય છે'

અર્થકામના નામે તો આજે પણ કંઈકને ભેગાં કરી શકાય છે. પચાસ ક્રોડનો ઢગલો કરી દરેકને પાંચ પાંચ હજાર આપવા માંડીએ તો જૈન થવા આવનારની કમીના ન રહે. દીક્ષા લે એને બે હજાર આપવાનું જાહેર કરીએ તો અનેક દીક્ષા લેવા આવે. એ મનમાં વિચારે કે એકવાર તો બે હજાર ઘર ભેગા કરી દીક્ષા લઈ લો, પછી જોયું જશે. થોડા દિવસ પછી ક્યાં ઘર ભેગા નથી થવાતું ? પણ પછી એ લીધેલાં ટકે કેટલા ? અર્થકામ પુરુષાર્થથી મળે ભલે પણ એ મળે જ એમ નહિ; ત્યાં કેવળ પુરુષાર્થ જ કારણ નથી. એ કર્માધીન છે, પૂર્વના શુભોદયને આભારી છે, પુદ્ગલમય છે. મુખ્યતયા પુરુષાર્થ જ કારણ હોય તો તે એક મોક્ષ માટે જ છે. એટલે તો સમ્યગ્દષ્ટિના માટે પાંચ કારણમાં ઉદ્યમની પ્રધાનતા રાખી, સમ્યગ્દષ્ટિનું ધ્યેય મોક્ષપ્રાપ્તિનું છે અને મોક્ષ મુખ્ય તથા પુરુષાર્થસાધ્ય જ છે. સમ્યગ્દષ્ટિને પુરુષાર્થથી જે ગુણ પેદા થાય; ક્ષયોપશમ, ક્ષય કે ઉપશમ ભાવે જે ગુણ પ્રગટે, તે મુક્તિ માટે જ થાય. જેમ જેમ કર્મો દબાય કે વિખરાય તેમ તેમ ગુણ પ્રગટે. સંપૂર્ણ કર્મક્ષય થવામાં મુખ્યપણે આત્માના પુરુષાર્થની જ જરૂર છે, ત્યાં બીજા કશાની જરૂર નથી.

ત્યાં તો માત્ર કર્મોને ઝાટકવાનું જ કામ છે. અર્થકામની સાધનામાં એવું નથી. ત્યાં એકલો જ પુરુષાર્થ કારણભૂત નથી. જો ભાગ્ય હોય તો જ એ પુરુષાર્થ ફળે. અર્થકામ સંયોગાધીન છે, એનો વિયોગ નિયમા છે; મુક્તિનું સુખ સંયોગજન્ય નથી માટે એનો વિયોગ પણ કદી નથી. પુરુષાર્થ છતાંય શુભોદય વિના અર્થકામ ન મળે.

**૩૧૦. સભા : 'અશુભોદયને લઇને અર્થકામ ન મળે એ વાત સાચી પણ એ અશુભોદયને ઊડાડવાની કોશિશ કરે તો તો અર્થકામ મળે ને ?.'**

**પૂજ્યશ્રી** : અશુભોદય ઊડાડવાની જ કોશીશ કરે તો ને ? ખરેખર એમ કરે તો તો સ્થિતિ જરૂર ફરી જાય. બાકી તો અશુભોદય ઊડાડવા જતાં બીજા કેઇ એવા અશુભ કર્મો બાંધે કે જેથી અર્થકામ ઊલટા દૂર ભાગી જાય.

**૩૧૧. સભા : 'સુ' ઉદ્યમ કરે તો ?'**

**પૂજ્યશ્રી** : મોક્ષની ભાવનાથી જ કરાતો ઉદ્યમ એ 'સુ' ઉદ્યમ કહેવાય. એવો 'સુ' ઉદ્યમ આરંભે તેને તો પછી અર્થકામ એ ઘાસતુલ્ય છે, ફળતુલ્ય નથી, ફળ તો મુક્તિ જ છે. ઉદ્યમની પ્રધાનતા કેવળ મુક્તિ માટે જ છે. મુક્તિ માટે તો એક જ ક્રિયા કે શુભ તથા અશુભ એ બેય કર્મોને કાઢવાનાં, બેયને ઝાટકવાનાં, બેયને ખંખેરવાનાં અને અંતે બેયને વિખેરવાનાં જ છે. જ્યારે અર્થકામ માટેના ઉદ્યમમાં તો સિદ્ધ ત્યારે થાય કે પહેલાં તો અશુભ કાઢવાં પડે,

એ કાઢ્યા પછી શુભ ઘાલવાં પડે અને એ ઘાલ્યા પછી પણ એ ઉદયમાં આવે ત્યાં સુધી રાહ જોવી પડે. શુભકર્મો ઉદયમાં આવે ત્યારે જ અર્થકામ મળે. તે પણ ઉદયમાં આવે તો જ મળે ઉદયમાં પહેલાં જ જો વિખરાઇ જાય તો બાજી ખલાસ.

મુકિત માટેના પ્રયત્નમાં તો બેયને કાઢવાની જ વાત છે. માટે તો સંથારા પોરિસીની ગાથામાં સાધુઓ અને શ્રાવકો બોલે છે કે -

**''संजोगमूला जीवेण, पत्ता दुःखपरंपरा ।**
**तम्हा संजोग संबंधं, सव्वं तिविहेण वोसिरियं ।।''**

**અર્થ :–** ''જીવે દુઃખની પરંપરા સંયોગના કારણે પ્રાપ્ત કરી છે તેથી સર્વ પ્રકારના સંયોગ સંબંધને મન-વચન કાયાથી વોસિરાવું છું.''

દુઃખ સંજોગથી જ થાય છે, પછી તે સંજોગ શુભ યા અશુભ ગમે તેવા હોય, શુભ પણ સારૂં ક્યારે ? મુક્તિ માટે એ મેળવે તો અથવા જે શુભ દ્વારા મુક્તિમાર્ગે આત્મા જાય તે શુભ સારૂં. કેવળ ઉદ્યમથી જો અર્થકામની પ્રાપ્તિ થતી હોય તો આ દુનિયામાં ઉદ્યમ કે ઉદ્યમીઓની કમીના નથી. એવા કૈંક ઉદ્યમીઓને કપાળે હાથ મૂકવા પડે છે. મળેલા અર્થકામ છતે ઉદ્યમે ચાલ્યા પણ જાય છે. અને કૈકને રોવું પડે છે, બુદ્ધિમાનની બુદ્ધિ પણ ત્યારે બહેર મારી જાય છે. એના ઉદ્યમમાં કમીના નહોતી, ટેલીફોનનું ભુંગળું એના હાથમાંથી એક મીનીટ માટે પણ ખસતું નહોતું, ખાવાની પણ ફુરસદ નહોતી, ચાર ચાર મોટરો દોડતી હતી, એવા પણ ગઈ કાલના કોટ્યાધિપતિ આજે નાદાર બની

જાય છે, એ શું ? ઉદ્યમમાં ખામી ન હોય, મોટરમાં પેટ્રોલના કેન પણ સાથે રાખ્યા હોય કેમકે કેટલા માઇલની શેઠને મુસાફરી કરવાની હોય એ નક્કી નહિ અને એટલી દોડધામ છતાં દેવાળું આવે, એ શાથી ?

**૩૧૨. સભા : ‘ઉદ્યમ નિષ્ફળ જાય ?’**

**પૂજ્યશ્રી** : જરૂર જાય. આંખો ખુલી રાખીને જુઓ તો એ નજરે દેખાય તેમ છે.

**૩૧૩. સભા : ‘પણ ક્રિયા તો ફળવતી જ હોય ને ?’**

**પૂજ્યશ્રી** : હા. માટે જ એ ક્રિયા સ્વર્ગ કે નર્ક કંઇક તો ફળ આપે જ. એ નિષ્ફળ જાય જ નહિ. શ્રેષ્ઠતા કે દીનતા, આશાપૂર્તિ કે નિરાશા, શુભ કે અશુભ કાંઇક તો ફળ આપે જ. પત્થર લઇને માથું ફોડે તો લોહી તો નીકળે જ, એ પણ નિષ્ફળ ન જાય. પ્રયત્ન કરતાં રોટલો મળે છતાં ખવાય નહિ એમ પણ બને.

**૩૧૪. સભા : ‘એ તો ફળનો ભોગવટો ભલે ન થયો પણ ફળ તો મળે ને ?’**

**પૂજ્યશ્રી** : ફળનો ભોગવટો ન મળે અને ફળ પણ ન મળે, એવુંયે બને. અર્થકામની પ્રાપ્તિ કેવળ ઉદ્યમાધીન નથી પણ ભાગ્યાધીન પણ છે. અશુભ કર્મના ઉદયથી તો એ મળતા જ નથી. પણ શુભ કર્મ કર્યા હોય તેના ઉદયથી

પણ રાહ જોવી જ પડે. શુભકર્મનો પણ ભોગવટો ન આવડે તો એ જ સંહારક બને. દુર્ધ્યાન કરે તો દેવતા લક્ષ્મી વરસાવે ખરા ? દાહ જ્વરની તૃષા પાણીથી કદી ન શમે. તૃષા શમાવનાર પાણી પણ ઊલટી એની તૃષાને વધારે. એના પર પાણીનાં બેડાં છંટાય તો ય એ એને ઊલટો બાળે. ઊલટો એ વહેલો મરે. આકરા તાવમાં માથે મૂકેલા પાણીનાં પોતાં પણ ગરમ થઇ જાય છે, એટલે તો ત્યાં ઢગલાબંધ બરફ વપરાય છે. સારી ચીજ પણ કર્મયોગે ખરાબ થઇ જાય છે. એક આદમી પાસે લાખ હોય તે સુખે જીવે છે અને બીજા પાસે લાખ હોવા છતાં મનમાં બળ્યા જ કરતો હોય છે; શાથી ? એક જ રૂપ, એકને સારૂં લાગે છે ને બીજાને દઝાડે છે, શાથી ? એક જ આદમી તરફ એકને પ્રેમ થાય છે ને બીજાને દ્વેષ થાય છે; શાથી ? કામાંધ બનેલો કુબ્જા પર રાગ કરે અને રૂપવતી પર દ્વેષ કરે; એનું કારણ ? ભૂંડને મિષ્ટાન્ન આપો તો ન ખાય અને ઉકરડે જઈ વિષ્ટા આરોગે, કારણ ? અશુભ પુદ્‌ગલનો જ એને યોગ છે. એવા પ્રકારનો એને અંધાપો છે. કર્મયોગે સારી ચીજ પણ નઠારી અને નઠારી ચીજ પણ સારી લાગે છે. આ બધું સમજીને શ્રી જૈનશાસનની સોડમાં બેસાય, એના સિદ્ધાન્તોને અનુસરાય, એના આચારો સેવાય, તો અરધી પાપપ્રવૃતિ તો આપોઆપ પલાયન થઇ જાય.

---

**૩૧૫. સભા : 'જેમ ભુંડને મિષ્ટાન્ન ખવડાવવાની મહેનત નકામી તેમ અયોગ્યને આ ઉત્તમ ધર્મ આપવાની મહેનત પણ નકામી ?'**

**પૂજ્યશ્રી** : હા. એવી મહેનત ન જ કરાય. શ્રી જિનેશ્વર-દેવોએ પણ અયોગ્ય જીવો માટે એવી મહેનત કરવાની ના કહી છે. વિતંડાવાદી સાથે વાદ

કરવાની મના કરી છે. ભયંકર પરિણામવાળા શુષ્કવાદનો નિષેધ કર્યો છે. તમને પણ જિજ્ઞાસુ અને યોગ્ય માનીને હું આ બધી મહેનત કરી રહ્યો છું. જેનામાં યોગ્યતા ન દેખાય તેના માટે અમારાથી મહેનત કરાય જ નહિ.

**૩૧૬. સભા : 'અર્થકામની દેશનામાંથી પણ સારૂં લેવાય ને ?'**

**પૂજ્યશ્રી** : શાસ્ત્ર કહે છે કે અર્થકામની દેશનાની જરૂર જ નથી. જે હિતકર હોય તેને માટે શાસ્ત્રનો ઉપદેશ જરૂરી છે. અર્થકામ તો અહિતકર છે અને તેને માટે સ્વાભાવિક રીતે જ પ્રત્યેક સંસારી જીવોની પ્રવૃત્તિ ચાલુ છે માટે શાસ્ત્રકારો એના ઉપદેશની પ્રવૃત્તિ કરતા જ નથી. જે શાસ્ત્રકારો એવી પ્રવૃત્તિ કરે છે તે અજ્ઞાન છે વળી તમે એમાંથી સારૂં લેવાની વાત કરો છો તો તમને સાર લેતાં કેટલો આવડે છે તે હું જાણું છું. લાખની સોનાની લગડી પડેલી દેખાય તો હાથકડીના ભયને ઘોળી પીઇ જઇને ખીસ્સામાં નાંખે એવા ઘણા છે. પછી પોલીસ તપાસ આવે ત્યારે પસ્તાવો થાય તે વાત જુદી. એ પસ્તાવો પણ વસ્તુ ઉપાડ્યાનો નહિ પણ આ ધાડ ક્યાંથી આવી, તેનો હોય. આવી મનોદશાવાળા સાર ગ્રહણ કરે ? સ્વાર્થ હોય ત્યાં સુધી ગુણ ગાય અને સ્વાર્થ ન સરે તો ગાળો દે એવા પણ કૈંક જોયા છે. પાગલ બનીને પ્રશંસા કરનારા પાગલ બનીને ગાળો દેતાં થઇ ગયા છે અને એવાને કહ્યું પણ છે કે 'ભલા માણસ ! જે મોંએ પાન ચાવ્યાં તે મોંએ કોલસા ચાવતાં શરમ પણ નથી આવતી ? લાલસા પોસાઇ ત્યાં સુધી સ્તુતિ કરે અને પછી તરત ગાળ દેનારા તમે તે કાંઇ માણસ છો ? એવાઓની ઢગલાબંધ ગાળો સાંભળી લીધી છે. એની નોંધ પણ રાખવાની ન હોય. (જિ. વ. ૧૪/અં. ૨૨-૨૩-૨૪)

**૩૧૭. સભા : 'મોક્ષના જીવોને તો અજીવની જેમ બેસી જ રહેવાનું ને ?'**

**પૂજ્યશ્રી** : આ પ્રશ્ન જ અજ્ઞાનતાનો છે. પુદ્ગલની આધીનતાવાળાને બેસી રહેવું પડે, ઊઠવું પડે, નાચવું પડે, બધુંય કરવું પડે, પણ મુક્તિ એટલે તો પુદ્ગલના સંસર્ગમાત્રનો અભાવ, એટલે કે કેવળ સ્વસ્વરૂપમાં રમણતા. ચાલતાં થાકે અને બેસે, ત્યાં તો બેસી રહેવું પડે એમ કહેવાય પણ સ્વસ્વરૂપની રમણતામાં એમ કેમ કહેવાય ? સ્વસ્વરૂપની રમણતામાં લીન આત્માઓ માટે એવી શંકાનો જ અભાવ છે : કારણ કે સંપૂર્ણપણે પોતાના સ્વરૂપને પામેલા આત્માઓમાં કોઇ પણ જાતની ઇચ્છા જ હોતી નથી. ઇચ્છા, લાલસાથી જન્મે છે : અને લાલસા, અજ્ઞાન અને મોહ આદિથી જન્મે છે : ત્યારે અજ્ઞાન અને મોહ આદિનો સર્વથા અભાવ થયા વિના મુક્તિ મળતી જ નથી. જે આત્મા મોક્ષના અનુષ્ઠાનમાં ઓતપ્રોત થઇ જાય છે, તે આત્માને તો મુક્તિની પણ ઇચ્છા નથી રહેતી. અને એટલા જ માટે કહેવાય છે કે-

**''भवे मोक्षे समो मुनिः''**

આનો અર્થ એ નથી કે આવા મુનિવર 'સંસાર' અને 'મોક્ષ' એ બેયને સારા માને છે : પણ એ મહાપુરુષ સાધનામાં એવા એકતાન હોય છે કે જેથી તેમની સર્વ ઇચ્છાઓ શાંતપ્રાયઃ થઇ જાય છે. હવે કોઇ પૂછે કે, 'તો પછી તે ત્યાં જાય છે કેમ ? અહીં કેમ ન રહે ?' 'બોજો નીકળી ગયો માટે સ્વભાવતઃ જાય છે.' જાય ક્યાં સુધી ? જવાય ત્યાં સુધી. કેમ જાય ? એ પ્રશ્ન જ નથી. એથી ઉપર કેમ ન જાય ? સાધન નથી માટે. જેમ કાદવથી લેપાયેલી અને કાંકરાથી ભરાયેલી અને એથી જ સાગરને તળિયે રહેલી તુંબડીનો કાદવ

ધોવાઇ જાય, અને કાંકરા નીકળી જાય, કે ઝટ સાગરની સપાટી ઉપર આવે. હવે નીચે જવાની સામગ્રી નથી, અને ઉપર જવા માટે સાધન નથી. હવે એ તુંબડી એવે સ્થાને આવી કે કચરો સ્પર્શી શકે તેમ નથી. આ જ રીતે ઉપરની વાતમાં પણ સમજી લેવાનું છે.

દુનિયામાં સુખમાં દુ;ખનો અંશ પણ આવે, ત્યારે ભલે નભાવી લેવાય અને મન મનાવી લેવાય, પણ હૃદય તો કહે કે, બધું બગડી ગયું. લાડુ ખાતાં ખાતાં ગોળ કે સાકરનો ગાંગડો આવી જાય તો પણ તરત મન બગડે, અવાજ પણ થાય, આકૃતિ પણ ફરે, મન, વચન અને કાયા વિકૃત થાય. આથી સ્પષ્ટ છે કે તમારા આચાર, વિચાર તથા ઉચ્ચાર સૂચવે છે કે તમારે દુઃખના અંશ વિનાનું સુખ જોઇએ છે : અને તે સુખ, મુક્તિ સિવાય અન્યત્ર નથી જ.

(આચારાંગ ભાગ-૨)

**૩૧૮. સભા : 'ગર્ભથી જ કોઇ મોક્ષે જાય ?'**

**પૂજ્યશ્રી** : કેવળજ્ઞાન તથા મોક્ષ આઠ વર્ષ પછી જ. અભિસંબુદ્ધ તથા અભિનિષ્ક્રાંત થવાની યોગ્યતા જોઇએ. આઠ વર્ષ સુધીના બાળકમાં તો ચંચળતા બહુ હોય, માટે ત્યાં સુધીનાને શાસ્ત્રે ગબડતો ગોળો કહ્યો છે. યોગ્યતા વિના કેવળજ્ઞાન ન આવે. ઇન્દ્રિયો સંપૂર્ણપણે કાબૂમાં આવે, ત્રણ યોગની સંપૂર્ણ ગુપ્તિ થાય ત્યારે કેવળજ્ઞાન આવે. બાળકને ગુપ્તિ ક્યાંથી આવે? જે સાધનની જરૂર તેને માનવાનો ઇનકાર નથી. પ્રથમ સંહનન વિના કેવળજ્ઞાન ન જ થાય.

સભા : 'ભગવાને તો ગર્ભમાં અંગોપાંગ ગોપવ્યા હતા !

પૂજ્યશ્રી : એ તો ભગવાન હતા; અને મુનિપણામાં જે રીતે ગોપવે તે રીતે તો નહિ જ. શ્રી જિનેશ્વરદેવ પણ સંયમ વિના મુક્તિ ન પામે. જનતાના કલ્યાણ માટે એ તો તીર્થ સ્થાપવાના છે. એ જે ઉપદેશ આપવાના હોય તે પોતે જાતે અમલમાં મૂક્યા વિના ન દે. દાન દીધા વિના એ દીક્ષા ન લે, શીલ પણ પાળે, તપ પણ કરે અને ભાવનામાં એ મક્કમ રહે. જે ધર્મ પોતે દુનિયાને કહેવાના છે તે એ જાતે અનુભવે, માટે જ શ્રી જિનેશ્વરદેવની છાયા સર્વત્ર પડે છે. બીજાએ તો એમની નિશ્રાએ કેવળજ્ઞાન લેવાનું છે. માર્ગમાં આવ્યા પછી જ અરિહંત થવાય.

ગૃહસ્થને કેવળજ્ઞાન થાય, પણ ગૃહસ્થ આચાર્ય, ઉપાધ્યાય ન બની શકે. જે આચાર પાળે અને પળાવે તે જ આચાર્ય થાય. જે સૂત્ર ભણે અને ભણાવે તે જ ઉપાધ્યાય થાય. વિશિષ્ટ પદો જીવનમાં અમલ વિના નથી મળતાં. મનુષ્ય જન્મમાં આવીને અભિસંબુદ્ધ ન બને તથા અભિનિષ્ક્રમણ ન કરે તો તેનો એ ભવ એળે ગયો કહેવાય. અભિનિષ્ક્રમણ એટલે જ દીક્ષા. જે દીક્ષા લે એ અભિનિષ્ક્રાંત થયો કહેવાય.

શાસ્ત્રે શરીરને અસાર કહ્યું, પણ તે દ્વારા સંયમની સાધના કરવી છે, માટે એની રક્ષા અને પોષણની આજ્ઞા કરી. શરીરને ત્યાજ્ય કહેવા છતાં રક્ષા ન કરવી એમ મુનિને ન કહ્યું. શરીરને સાચવવાનું પણ, ત્યાજ્ય માનીને; ઉપાદેય માનીને સાચવો તો ભારી પડે. જવાનું એને મૂકવાનું માનીને જે રીતે એની પાસે કામ લઈ શકાય તે રીતે વર્તો ! કામ સંવરનું જ લેવાનું હો !

**૩૧૯. સભા : 'સંવરની ક્રિયામાં સ્વરૂપ હિંસા ન આવે ?'**

**પૂજ્યશ્રી** : મુનિને ન આવે કેમકે એને માટે દરેક ક્રિયા અકૃત, અકારિત અને અનનુમત છે. જેને તેવી ધર્મક્રિયા કરવી પડે કે જેમાં આરંભ હોય તેને તે સ્વરૂપ હિંસા, કે જે પ્રવૃતિની શ્રાવકને આજ્ઞા છે, મુનિને તે નથી. શ્રાવકને હેતુ હિંસા ચાલુ છે જ. વિષય-કષાય માટે જેટલી ક્રિયા થાય તે હેતુ હિંસામાં જાય. મુનિને તે ક્રિયા નથી. સ્વરૂપ હિંસાની પ્રવૃત્તિ કરવાની મુનિને આજ્ઞા નથી અને હેતુ હિંસા કરવાની મુનિને જરૂર નથી; ગૃહસ્થને સ્વરૂપ હિંસાની આજ્ઞા છે અને હેતુ હિંસા વિના એને ચાલતું નથી મુનિને પણ અકૃત, અકારિત, અનનુમત લેવામાં ત્રુટિ આવે તો અતિચાર લાગે, એનાથી ચારિત્ર મલિન થાય અને એ જો રોજ સેવાય તો પરિણામે સંયમનો નાશ થાય. હેતુ હિંસાની ક્રિયા સ્વરૂપ હિંસામાં ન જ જાય. મુક્તિ માટે કરાતી ક્રિયામાં અશક્ય હિંસા એ જ સ્વરૂપ હિંસા. હેતુ હિંસામાં રાચે તો અનુબંધ હિંસા આવે અને એની પ્રશંસા કરે તો મિથ્યાત્વ આવે.

**મનુષ્ય જીવનની સફળતા ક્યારે ?**

ગર્ભમાં આગળ વધવામાં જ મનુષ્યભવની સફળતા નથી. પુણ્યશાળી માતા-પિતા પાળે અને જન્મે એટલા માત્રથી પણ એ જીવનની સફળતા નથી. જન્મીને ખાઇ-પી, પહેરી-ઓઢીને મરી જાય એમાં પણ માનવજીવનની સફળતા નથી. અનાર્ય દેશમાં મનુષ્યો તો ઢગલાબંધ છે. આર્ય દેશમાં પણ અનાર્ય ઘણા છે, પણ એથી સફળતા નથી. આર્ય જાતિમાં પણ અનાર્ય તરીકે

જીવન જીવનારાના જીવનની સફળતા નથી. એ મનુષ્યજીવન દુર્લભ કોટિમાં નહિ. અભિસંબુદ્ધ અને અભિનિષ્ક્રાંત છેલ્લી બે કોટિમાં આવે ત્યારે દુર્લભ માટે ઉત્તરાધ્યયનમાં કહ્યું કે - **માણુસત્તં** મનુષ્યપણું દુર્લભ છે, મનુષ્યની આકૃતિ દુર્લભ નથી. સંમુચ્છિંમ મનુષ્ય તો ઘણી વાર થયા એમાં વળ્યું શું ? જન્મીને મરવું એમાં દુર્લભતા શી ? સાધીને મરાય એ જીવનની કિંમત છે.

(આચારાંગ ભાગ-૯)

**૩૨૦. સભા : 'અત્યારે મોક્ષ ક્યાં છે ?'**

**પૂજ્યશ્રી** : મોક્ષ ભલે નથી પણ મોક્ષમાર્ગ તો છે ને ? જેને ન આરાધવો હોય તેને માટે તો ચોથા આરામાં પણ મોક્ષ બંધ જ હતો, એ વખતે આરાધના કરવાથી બે પાંચ ભવે મુક્તિએ જવાતું તેમ અત્યારે પણ તથાવિધ આરાધના કરવાથી બેં પાંચ ભવે મુક્તિએ જવાય. મોક્ષ તો માર્ગની પૂરી આરાધના થાય ત્યારે મળે પણ મોક્ષમાર્ગ તો ચાલુ જ છે, સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા મોક્ષમાર્ગે ચડ્યાં તે તે જ ભવે મોક્ષે ગયાં એવું બધા માટે બનતું નથી. ભલે એ તે ભવે મોક્ષે જતાં નથી પણ એ મોક્ષની આરાધના કરતાં નથી એમ ન કહેવાય.

જે ભવમાં મોક્ષમાર્ગ આરાધે તે જ ભવમાં મોક્ષે જાય એવું તો શ્રી જિનેશ્વરદેવના આત્મા માટે પણ નથી. મોક્ષમાર્ગ આરાધે તે જ ભવમાં મોક્ષે જનારનું દૃષ્ટાંત તો શ્રી મરૂદેવા માતા જેવું કોઈક જ. અરે, એ એક જ કે જે અચ્છેરારૂપ છે? અનંતી ઉત્સર્પિણી અવસર્પિણીએ એવાં આશ્ચર્યો થાય છે.

મોક્ષમાર્ગ મળ્યો, કર્મક્ષય થયો, આત્મા એવો લઘુકર્મી થયો કે તે જ ભવમાં કેવળજ્ઞાન પામી મુક્તિમાં ગયો એવું જીવદળ તો કોઈક જ. શાસ્ત્રકારોને મરૂદેવી માતાનું દૃષ્ટાંત લખ્યા પછી કહેવું પડ્યું કે આવું દૃષ્ટાંત તો એ એક જ. જે ભવમાં મોક્ષમાર્ગની આરાધના કરી તે જ ભવમાં મોક્ષે ગયાં એવા કોઈ શ્રી જિનેશ્વરદેવ, શ્રી ગણધરદેવ, આચાર્ય, ઉપાધ્યાય કે સાધુ ભગવંત છે ? મોક્ષ તો એક, બે, પાંચ, પચીસ કે અનંતા ભવે પણ મળે પણ માર્ગ હોય તો ને ? મોક્ષમાર્ગ વહેતો હોય તો આરાધના થાય ; પછી ભલે કોઈ સાધુ થાય, કોઈ સાધ્વી, કોઈ શ્રાવક થાય કે કોઈ શ્રાવિકા થાય. જેને મોક્ષમાર્ગ સાધવો જ ન હોય તે તો સંઘ બહાર જ સમજવા. તે સંઘમાં રહીને કરે પણ શું ? જે કહે કે **'હમણાં મોક્ષની વાત નહિ' તો તેને કહેવું જ પડે કે 'હમણાં તું સંઘમાં પણ નહિ.'**

**શ્રી સંઘમાં હોય તે શું માને ?**

ખોટી સંખ્યા વધારવાનો આપણને શોખ નથી. રહેવું સંઘમાં અને મોક્ષમાર્ગની આરાધનામાં વિઘ્નો ઊભાં કરવાં તે ચાલે ? સંઘમાં હૃદય તો નિયમોથી બંધાયેલાં હોય. ' ગમે ત્યારે ઊઠું, ગમે ત્યારે બેસું, ગમે ત્યાં જાઉં, ગમે તે ખાઉં, અને ગમે ત્યારે સૂવું, મારે કોઈ બંધન જ નહિ ' આવું કહેનાર સંઘમાં નથી. જે એમ કહે કે–**'અમે તો મધ્યસ્થ ગમે તે દેવ, ગમે તે ધર્મને માનીએ; અરે સર્વદેવ, સર્વગુરુ, સર્વધર્મને પણ માનીએ; પૂજા બને તો કરીએ, ન કરીએ તો વાંધો શો ?' આવું આવું બોલે તે આ સંઘમાં ન ચાલે.** સંઘમાં હોય તે શું કહે ? ' દેવ તો અરિહંત જ, બીજા દેવને ન નમીએ; ગુરુ તો

નિર્ગ્રંથ જ; પરિગ્રહીને ગુરુ ન માનીએ અને ધર્મ તે જ કે જેનાથી વિષયકષાયની વાસના ઘટે અને જે આત્માને મુક્તિ ભણી ખેંચે. એથી વિપરીત હોય તેને ધર્મ ન જ માનીએ. તેમજ જિનપૂજા વિના ન જ રહેવાય, રાત્રે ન જ ખવાય, વ્યસનો ન જ સેવાય' આવું આવું કહે તે સંઘ કહેવાય.

**શ્રી શ્રેણિક મહારાજાની ઉત્તમતા :**

**૩૨૧. સભા : ' શ્રેણિક મહારાજા તો અવિરતિના યોગે નિયમ વગરના હતા તો પણ તે આવી ઉત્તમ વ્યક્તિ તરીકે કઈ રીતે ઓળખાયા ?'**

**પૂજ્યશ્રી** : ડગલે ને પગલે ઓળખાય, દુશ્મનને પણ ઓળખાય એવું એમનું વર્તન હતું. દેવ, ગુરુ, ધર્મની આરાધના જ એવી હતી કે છૂપી ન રહે. ભગવાન મહાવીરદેવના સમાચાર સાંભળે કે સિંહાસન પરથી ઊભા થઈ જાય, જે દિશામાં ભગવાન હોય તે દિશામાં સાત-આઠ ડગલાં આગળ જઈને ત્રણ વખત મસ્તક ભૂમિએ અડાડી ચૈત્યવંદન કરતા અને પછી પાછા ફરી સિંહાસને બેસતા. સમાચાર આપનારને ન્યાલ કરી દેતા. ધર્મી ધર્મી તરીકે ન કેમ ઓળખાય ? સંઘમાંનું રત્ન છૂપું કેમ રહે ?

**'પોતાની મરજી આ શાસ્ત્રમાં ન ચાલે' :**

શ્રી જિનેશ્વરદેવના સંઘમાં રહેવું અને બંધન ન જોઈએ તો એ ન નભે. બંધનહીનને આ સંઘમાં સ્થાન નથી. દુધાળું એક પણ જાનવર એવું નહિ કે જેને ખીલો ન હોય, વાડો ન હોય. દુધાળાં જાનવરને ખીલો કે વાડો હોય તે ઉપરાંત ગળામાં સાંકળ પણ હોય અને બહુ વહાલાં જાનવરને તો વળી ગળામાં

સુંદર પટ્ટો પણ હોય. જો દુધાળું ઢોર કદી તોફાની થાય તો માલિક એના ગળામાં મોટું લાકડું ઘાલે કે જેથી ક્યાંય દૂર ભાગી ન શકે, કારણ કે એ એને કીમતી માને છે. કયા જાનવરને છોડીને છૂટાં મૂકી દેવાય તે હું તમને ઘણી વાર સમજાવી ગયો છું. એવાં ઢોરને બંધાય જ નહિ. એને છૂટાં જ રાખવાં પડે. શ્રી જિનેશ્વરદેવના સંઘમાં રહેનાર બંધનહીન હોય તે ન બને. દરેક કાર્યમાં પોતાની મરજી એ આ શાસનમાં ન નભે ! વસ્તુનો નાશ કરવાની મરજી ન ચાલે ? શાસનના મુખ્ય મુખ્ય સિદ્ધાંતો માનવા ન માનવામાં મરજી ચાલે ? ' મને પાલવે તો જીવ માનું નહિ તો ન પણ માનું ' એવી પોલ અહીં ન ચાલે.

**જૈનસંઘમાં ખોટી ચર્ચા ન હોય :**

શ્રી જૈનસંઘમાં ખોટી ચર્ચા ન હોય. વિધવાવિવાહની વાતો આ શાસનમાં ન જ હોય. કોઈ શીલ ભાંગે માટે બધાને ભાંગવાની છૂટ, એવી વાહિયાત વાતો આ સંઘમાં ન હોય. કંદમૂળમાં અનંતા જીવ ક્યાંથી ? એ સમજવા માટે પૂછે તો વાત જુદી પણ 'એ હોય જ નહિ' એમ ઠસાવવા માટેની ખોટી ચર્ચાને અહીં સ્થાન નથી. સંઘ બનનારે તો બંધનમાં આવવું જ પડે. સંઘના હૃદયમાં તો જ્ઞાનીએ નિયત કરેલા સિદ્ધાંતોનું મજબૂત સ્થાન હોવું ઘટે.

**શ્રી સંઘની સ્થાપના શા માટે ?**

**શ્રી જિનેશ્વરદેવે શ્રી સંઘની સ્થાપના કરી તે મોક્ષમાર્ગ ચાલુ રાખવા; તો તેને આરાધવાનું, પ્રચારવાનું, ટકાવવાનું અને દીપાવવાનું કામ પણ શ્રી સંઘનું છે.** શ્રી તીર્થંકરદેવની ગેરહાજરીમાં શ્રી સંઘનું આ સિવાય બીજું કામ શું હોય ? ભગવાન તો વીતરાગ હતા. પોતાની પાછળ પોતાને મારનાર ટોળું

કાયમ રહે એવી મનોકામના એમને ન હતી. ત્યારે પ્રશ્ન થાય છે કે એવા શ્રી વીતરાગદેવે સંઘની સ્થાપના કેમ કરી ? શાસ્ત્ર કહે છે કે એ પણ શ્રી તીર્થંકર-નામકર્મના વિપાકના યોગે કરી છે. શ્રી સંઘની સ્થાપના તેમણે પોતાની ઇચ્છાથી નથી કરી કેમકે વીતરાગદેવને ઇચ્છા હોતી નથી. શ્રી તીર્થંકર થયા તે પૂર્વેના ત્રીજા ભવે 'સવિ જીવ કરું શાસનરસી'- એ ભાવનાના યોગે એમણે શ્રી તીર્થંકર નામકર્મ નિકાચ્યું છે. આ ભાવના સમસ્ત વિશ્વના સઘળા જીવો માટે એ મહાપુરુષે કરી, કેળવી અને ગમે તેવી આપત્તિ સહીને પણ ઠેઠ કેવળજ્ઞાન થતાં સુધી પોષી, એના યોગે કેવળજ્ઞાન બાદ શ્રીસંઘ સ્થપાયો. શ્રી તીર્થંકરદેવ દેશના દે છે તે પણ તીર્થંકર નામકર્મના ભોગવટા માટે. વિશ્વ પ્રત્યે ઉપકારની ભાવના તો પહેલાં કરી અને એ ભાવના સિદ્ધ કરવા એ મહાપુરુષે દુનિયાની અનેક તકલીફો સહેવામાં ઓછપ ન રાખી. કેવળજ્ઞાન થાય ત્યાં સુધી બધી આપત્તિ વેઠીને એ ભાવના એ મહાન આત્માએ આબાદ સાચવી, અને પરકાષ્ઠાએ પહોંચાડી પણ કેવળજ્ઞાન થયા પછી શું ?

**– પછી તો ધોધ વહ્યે જ જાય :**

તળાવમાં પંપ ગોઠવી પાઈપ નાખી પાણી વહેતું કરવાની યોજના કરી પછી પાણી માટે નળના મૂળ સ્થાને પાણી નાખવા જવું ન પડે. નળની ચકલી ફેરવો કે પાણી આવે જ . **શ્રી જિનેશ્વરદેવના આત્માએ પણ એ ભવમાં એ ભાવના એવી કેળવી છે કે કેવળજ્ઞાન થયા પછી તો એ ધોધ વહ્યે જ જાય. ગણધર ભગવંતો, દ્વાદશાંગી, સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ બધું એ ધોધમાંથી જન્મે છે. કેવળજ્ઞાન થયા પછી તો એ આત્મા કેવળ ઉદાસીન**

**હોય છે, ઇચ્છામાત્રનો તેમનામાં અભાવ હોય છે, રાગદ્વેષનો અંશ પણ એમનામાં હોતો નથી.** હવે જે ભાવનાથી તેમણે તીર્થંકર નામકર્મ નિકાચ્યું અને એના યોગે શ્રી સંઘની સ્થાપના કરી તે ભાવના શ્રી સંઘની એક એક વ્યક્તિમાં પેઠેલી હોય કે નહિ ? જે ભાવનાના યોગે તીર્થંકર નામકર્મની નિકાચના થઈ, શ્રી તીર્થંકર પદવી મળી, શ્રી સંઘની સ્થાપના થઈ, તે ભાવના જેનામાં ન હોય તેમને શ્રી સંઘ માનવો એ મૂર્ખાઈ ખરી કે નહિ ?

**ઊંચામાં ઊંચી દયા :**

શ્રી જિનેશ્વરદેવ પોતે બંધનવાળા કે બંધન વગરના ? એમને પણ 'સવિ જીવ કરૂં શાસનરસી'ની એ ભાવના આવી ક્યારે ? શ્રી તીર્થંકર થયા એ પૂર્વેના ત્રીજા ભવમાં એ ભાવના આવી તે વાત તો સાચી પણ ક્યા સંયોગો અને કઈ વિચારણાના યોગે આવી ? બીજા બધા વાતારવણથી દૂર જઈને અમુક વાતાવરણમાં આવ્યા ત્યારે ને ? શાસ્ત્રમાં કહ્યું છે કે -

**अहो चित्रमेतद् यत्सत्यपि परमेश्वरे प्रवचने स्फुरत्तेजसि दुःखपरीतचेतसो जन्तवः संसारगहने महामोहान्धकारविलुप्तसत्पथे मूढमनस्का उच्चैः परिभ्रमन्ति, तदहमेतानतः संसारदनेन प्रवचनेन यथायोगमुत्तारयामीति । एवं च चिन्तयित्वा स महात्मा सदैव परार्थव्यसनी करुणादिगुणोपेतः प्रतिक्षणं परार्थकरणप्रव-र्द्धमानमहाशयो यथा यथा परेषामुपकारो भवति तथा तथा चेष्टते । ततः इत्थं सत्वानां तत्कल्याणसम्पादनेनोपकारं कुर्वंस्तीर्थंकरनाम समुपार्ज्य परं सत्त्वार्थसाधनं तीर्थंकरत्वमाप्नोति ।** પંચસંગ્રહ ટીકા

અર્થ : "અહો ! આ કેવું આશ્ચર્ય છે કે - સ્ફુરાયમાન તેજવાળું પ્રભાવશાળી પરમેશ્વરનું શાસન વિદ્યમાન હોવા છતાં પણ દુઃખથી વ્યાપ્ત ચિત્તવાળા જીવો સંસારઅટવીમાં મહામોહના અંધકારથી સન્માર્ગ લોપાઈ જવાના કારણે મૂઢ મનવાળા બનીને ભટકી રહ્યા છે; તેથી હું આ જીવોને આ પ્રવચનના યોગે યથાયોગ્ય રીતે આ સંસારથી પાર ઉતારું" આ રીતે વિચારીને સદૈવ પરોપકાર કરવાના સ્વભાવવાળા, કરુણાદિ ગુણોથી યુક્ત, પ્રતિક્ષણ પ્રવર્તમાન પરોપકાર કરવાના મહાન આશયવાળા તે મહાત્મા જે જે રીતે બીજાનો ઉપકાર થાય તે તે રીતે પ્રવૃત્તિ કરે છે. તે પછી આ રીતે જીવોના આત્મકલ્યાણનું સંપાદન કરવારૂપ ઉપકારને કરતા તીર્થંકર નામકર્મનું ઉપાર્જન કરીને જીવોનું ઉત્કૃષ્ટ આત્મહિત સાધનાર તીર્થંકરપણાને પામે છે. (સં.સ્વ.દ ભાગ-૩)

** મોક્ષના આશયવાળો જીવ ગમે ત્યાં પડ્યો હોય*
*તોય તે વિતરાગનો સેવક છે,*
*પછી ભલે તેણે વીતરાગનું મોઢું પણ ન જોયું હોય.*



## ✣ યોગ અનુષ્ઠાન 'ઈષ્ટફલસિદ્ધિ' ✣

**૩૨૨. સભા : ઇષ્ટફલસિદ્ધિ એટલે શું ?**

**પૂજ્યશ્રી : શ્રી લલિતવિસ્તારામાં આચાર્ય ભગવાન શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે**

इष्टफलसिद्धिः – अविरोधिफल निष्पत्ति :।

ઈષ્ટફલસિદ્ધિ એટલે અવિરોધિ ફલની નિષ્પત્તિ. સુંદર મન દ્વારા ઉપાદેય સ્વરૂપ મોક્ષમાર્ગની જે આરાધના કરવી છે તેમાં વિરોધ કરનાર ન બને એવા ફલની પ્રાપ્તિ, - એનો ભાવ એ છે કે, **'હે વીતરાગ ! મને સુખ અને સુખની સામગ્રી મળો તો એવી જ મળો કે, જે પુણ્યાનુબંધી પુણ્યના ઉદયથી મળતી હોય, પણ પાપાનુંબંધીપુણ્યના ઉદયથી મળતું સુખ અને સુખની સામગ્રી ન જ મળો. અને દુઃખ અને દુઃખની સામગ્રી મળો તો એવી જ મળો કે જે પુણ્યાનુંબંધીપાપના ઉદયથી મળતી હોય, પરંતુ પાપાનુંબંધીપાપના ઉદયથી મળતું દુઃખ અને દુઃખની સામગ્રી ન જ મળો.'** (જિ.વ.૧/અં.૧૯)

**૩૨૩. સભા : વિષાનુષ્ઠાન શા માટે ત્યાજ્ય ?**

**પૂજ્યશ્રી** : દુનિયાનું વિષ દ્રવ્ય પ્રાણને હણે અને આલોકના ઈરાદાથી કરાતું ધર્માનુષ્ઠાન ધર્મપ્રાણને હણે. આ વસ્તુને દર્શાવતા શાસ્ત્રકાર મહારાજા ફરમાવે છે કે-

**स्थावर जंगमं चापि, तत्क्षण भक्षितं विषम् ।**
**यथा हन्ति तथेदं सच्चित्तमैहिकभोगतः ।।१।।**

અહિફેણાદિ એ સ્થાવર વિષ છે અને સર્પાદિથી ઉત્પન્ન થએલ જંગમ વિષ કહેવાય. એ સ્થાવર અગર જંગમ વિષ, તેના ભક્ષકને તત્ક્ષણ એટલે થોડીવારમાં હણે છે : એજ રીતિએ, વિષાનુષ્ઠાન એહિક ભોગ રૂપ ફલ માત્રના દાનથી અને તેની આશાના દોષથી, શુભ મનોભાવને હણે છે - ઉત્પન્ન થવા દેતું નથી. શુભ મનોભાવને ઉત્પન્ન થવા ન દે, એ ઓછું નુકશાન છે ? શુભ મનોભાવના અભાવથી આત્મા આ સંસારમાં રખડયા કરે છે. શુભ મનોભાવ આવીને ટક્યો હોત તો હજુ સંસારની રખડપટ્ટી ચાલુ શાની હોત ? શુભ મનોભાવ આવે અને ટક્યો રહે તો કામ થાય : એથી તો શુભ મનોભાવ એ ધર્મનો પ્રાણ છે. વિષાનુષ્ઠાન, એ શુભ ભાવનો નાશ કરે છે-ઉત્પન્ન થવા દેતું નથી, માટે એ અનુષ્ઠાન ત્યાગ કરવા યોગ્ય છે, એમ જ્ઞાનિઓ ફરમાવે છે. (જિ.વ.૨/અં.૧૮)

** જૈનનો તો સિદ્ધાન્ત હોય કે ભીખ માંગીને પેટ ભરવું સારૂ પણ દેવ-ગુરૂ-ધર્મની પાસે જઈને માગવું જરાય સારૂ નહિ.*

**૩૨૪. સભા : ગરાનુષ્ઠાન કોને કહેવાય ?**

**પૂજ્યશ્રી** : 'ગરાનુષ્ઠાન કોને કહેવાય'- એ વસ્તુને દર્શાવતાં શાસ્ત્રકાર મહારાજા ફરમાવે છે કે-

"दिव्यभोगाभिलाषेण, कालांतरपरिक्षयात् ।
स्वादृष्टफलसंपूर्ते-र्गरानुष्ठानमुच्यते । १ ।"

દેવલોકના ભોગોની અભિલાષાથી જે ધર્મ કરાય તે **ગરાનુષ્ઠાન** કહેવાય. એવા આત્માને પ્રાર્થિત ફલની પ્રાપ્તિ થઇ ગયા બાદ, ભવાંતરમાં એ ગરાનુષ્ઠાન બહુ અનર્થકર નિવડે છે. પરલોકનાં પૌદ્‌ગલિક સુખોની અભિલાષાથી થતી મોક્ષપ્રાપક ક્રિયા એ ગરાનુષ્ઠાન કહેવાય છે. એનાથી પુણ્ય બંધાય અને સામગ્રી આપી રવાનાં થઇ જાય : પછી આત્માનું સત્યાનાશ નીકળે. સીધું વિષ તરત મારે, ગર કાલાન્તરે મારે. બેય આત્માને પાયમાલ કરનાર છે, એમાં મતભેદ નહિ. એ જ વસ્તુને સમજાવતાં શાસ્ત્રકાર મહારાજા ફરમાવે છે કે -

यथा कुद्रव्यसंयोग-जनितं गरसंज्ञितं ।
विषं कालांतरे हन्ति, तथेदमपि तत्त्वतः ।।२।।

કુદ્રવ્યના સંયોગથી જનિત જે ગર નામનું વિષ, તે જેમ કાલાંતરે હણે છે, તેમ આ ગરાનુષ્ઠાન પણ કાલાંતરે પરમાર્થથી આત્માના વિનાશને કરે છે.

(જિ.વ.૨/અં.૧૯)

** ધર્મ કરીએ તો પુણ્ય બંધાય જ, પણ પૌદ્‌ગલિક સુખની લાલચથી પુણ્યની ભીખ ન મંગાય.*

**૩૨૫. સભા : પ્રણિધાન, પ્રવૃતિ, વિઘ્નજય, સિદ્ધિ અને વિનિયોગ–એ ધર્મના પાંચ આશયોનો અર્થ શું ?**

**પૂજ્યશ્રી** : કર્ત્તવ્યપણાનો ઉપયોગ એ પ્રણિધાન કહેવાય છે. પ્રણિધાન, પ્રવૃતિ, વિઘ્નજય, સિદ્ધિ અને વિનિયોગ-એ પાંચ ધર્મના આશયો છે. જે ધર્મવ્યાપારમાં આ પાંચ ભાવોનો સંબંધ હોય તે જ ધર્મવ્યાપાર વિશુદ્ધ ગણાય છે.

પોતે જે ધર્મસ્થાનમાં હોય તેના કરતાં હીનગુણી ઉપર પરોપકારની વાસનાથી વિશિષ્ટ અને દ્વેષના અભાવરૂપ એવો અધિકૃત ધર્મસ્થાનમાં કર્ત્તવ્યતાનો ઉપયોગ એ **પ્રણિધાન** કહેવાય છે.

અધિકૃત ધર્મસ્થાનના ઉદ્દેશથી, ક્રિયાસમાપ્તિ શીઘ્ર થાય એવી ઉત્સુકતાથી રહિત એવો જે પ્રયત્ન તે **પ્રવૃત્તિ** કહેવાય છે.

પછી વિઘ્ન આવે ને ? ત્યારે એ ધાર્મિક પ્રવૃત્તિમાં થતા અંતરાયનું નિવારણ કરનારો જે પરિણામ તે **વિઘ્નજય.**

વિઘ્નો રસ્તામાં પડેલાં કાંટા જેવાં પણ હોય, જ્વર જેવાં પણ હોય અને દિશાભ્રમ જેવાં પણ હોય. એ ત્રણે પ્રકારનાં વિઘ્નોને જીતે તો ધર્મની સિદ્ધિ થાય. ધર્મકાર્યની સિદ્ધિને પામેલો ગુરૂ આદિ વડિલો પ્રત્યે વિનયાદિ ભાવવાળો હોય, હીનગુણી તથા નિર્ગુણી તરફ પણ અનુકંપાદિ ભાવવાળો હોય અને મધ્યમ ગુણવાળા પ્રત્યે પણ એની ઉપકારબુદ્ધિ જીવતી ને જાગતી હોય.

ધર્મ પ્રવૃત્તિની આમ સિદ્ધિ થઇ, પણ તે પછીથી શું ? વિનિયોગ. પોતાને પ્રાપ્ત થએલા ધર્મસ્થાનને યથાઉપાય પરને પણ પ્રાપ્ત કરાવવું તે વિનિયોગ છે. (જિ.વ.૨/અં.૨૩+૨૪)

**૩૨૬. સભા : આજે દિનપ્રતિદિન લૌકિક અને લોકોત્તર મિથ્યાત્વ આપણા સમાજમાં ખૂબ જ વૃદ્ધિ પામતું જાય છે. લૌકિક મિથ્યાત્વ સેવનારાઓ કહે છે કે–'અમે આ લોકના જ ફલ માટે લૌકિક દેવોને માનીએ છીએ પણ તેઓને મોક્ષપ્રદ સુદેવ તરીકે ન સ્વીકારીએ તો પછી શું હરકત છે?' અને લોકોત્તર મિથ્યાત્વને સેવનારાઓ કહે છે કે –'લૌકિક ફલની પ્રાપ્તિ ખાતર જ સુદેવને આરાધીએ છીએ. એથી અમારામાં મિથ્યાત્વ શી રીતે આવી જાય ?' આ કારણે આ બે ય પ્રશ્નોનો વાસ્તવિક ઉત્તર શું છે?**

**પૂજ્યશ્રી** : 'આજે લૌકિક અને લોકોત્તર મિથ્યાત્વનું સેવન ખૂબ જ વધતું જાય છે-' એ વાતમાં કશી જ શંકા નથી અને સમ્યક્ત્વની શુદ્ધિ અને રક્ષા માટે તો તે અટકવું જ જોઈએ એમાં કોઈ પણ જૈનની આનાકાની ન જ હોવી જોઈએ. લૌકિક અને લોકોત્તર મિથ્યાત્વનું સેવન કરનારાઓ, તમારા કહેવા મુજબનો બચાવ કરે છે એ ખરેજ ભયંકર હાનિને કરનારો પણ છે અને ખોટો પણ છે. તમો પૂછો છો એવી જાતિનો જ પ્રશ્ન ઉભો કરી લૌકિક મિથ્યાત્વના સંબંધમાં આરાધ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ રત્નશેખરસૂરીશ્વરજી મહારાજાએ, **'શ્રી શ્રાદ્ધ પ્રતિક્રમણ સૂત્ર'** ના વિવરણમાં ઘણું જ સુંદર અને વિસ્તારપૂર્વક સમાધાન કર્યું છે અને 'લોકોત્તરદેવ અને ગુરૂની આરાધના પણ જો આ લોકના સુખાદિ

માટે કરે તો લોકોત્તર મિથ્યાત્વ લાગે' એવો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે.

પ્રથમ આપણે એ મહાપુરુષે લૌકિક મિથ્યાત્વના સમાધાનમાં ઉભા કરેલા પ્રશ્ન અને ઉત્તરને જોઈએ.

**પ્રશ્ન :** 'જેમ વ્યાધિના પ્રતિકાર આદિને માટે ધન, ભોજન અને વસ્ત્રના પ્રદાન આદિ દ્વારા 'વૈદ્ય' આદિનું બહુમાન કરીએ છીએ તેમ આ લોકના ફલ માટે પ્રભાવ સંપન્ન યક્ષ અને યક્ષિણી આદિની પૂજા અને ઉપચાચિંત આદિમાં દોષ શું ? કારણ કે મિથ્યાત્વ તો તોજ લાગે કે જો 'આ મોક્ષપ્રદ છે' આ પ્રમાણે દેવપણાની બુદ્ધિથી આરાધના કરવામાં આવે, જે કારણથી ઉપકારીઓ ફરમાવે છે કે-

સમ્યક્ત્વના વિપર્યયથી એટલે 'અદેવમાં જે દેવબુદ્ધિ, અગુરૂમાં જે ગુરૂબુદ્ધિ અને અધર્મમાં જે ધર્મ બુદ્ધિ' તેનું નામ મિથ્યાત્વ છે અને સંભળાય છે કે-વિશુદ્ધ અને દઢ સમ્યક્ત્વને ધરનારા શ્રી રાવણ, શ્રી કૃષ્ણ મહારાજા, શ્રી શ્રેણિક મહારાજા અને શ્રી અભયકુમાર આદિએ પણ, શત્રુઓનો જય અને પુત્રની પ્રાપ્તિ આદિ આ લોકના કાર્ય માટે વિધ વિધ દેવતાદિકનું આરાધન કરેલું છે; તે કારણથી આ લોકને માટે યક્ષાદિકનું આરાધન કરવામાં મિથ્યાત્વ કેમ લાગે?'

**ઉત્તર :** પ્રશ્નનો આંશિક સ્વીકાર કરીને સૂરિમહારાજા ફરમાવે છે કે-'અદેવનું દેવપણાની બુદ્ધિથી આરાધન કરવાથી જ મિથ્યાત્વ લાગે છે. આ વાત સાચી છે તો પણ યક્ષાદિકનું આરાધન પ્રસંગ આદિ અનેક દોષોનો સંભવ હોવાથી

શ્રાવકોને વર્જવા યોગ્ય જ છે; પ્રાયઃ હાલમાં જીવો વિશેષે કરીને મંદ, મુગ્ધ અને વક્રબુદ્ધિવાળા છે, તેઓ એ પ્રમાણે જ વિચારે છે કે-જો વિશુદ્ધ સમ્યક્ત્વને ધરનારા એવા આ મહાત્મા દ્વારા 'યક્ષ' આદિનું આરાધન કરાય છે તો નિશ્ચિત છે કે-'આ પણ મોક્ષ આપનાર તરીકે સારી રીતિએ આરાધવા યોગ્ય છે' ઈત્યાદિ પરંપરા દ્વારા મિથ્યાત્વની વૃદ્ધિ અને સ્થિરીકરણ આદિનો પ્રસંગ થાય છે. આથી એ વાત સ્પષ્ટ છે કે આ લોકના ફલ માટે જ યક્ષાદિકનું આરાધન કરનારને પણ પરલોકમાં બોધિ એટલે સમ્યક્ત્વ દુઃખે કરીને પ્રાપ્ત થાય. આ વાતનું સમર્થન કરતાં ઉપકારીઓએ કહેલું છે કે-

'જે મૂઢ આત્મા, અન્ય સત્વોને મિથ્યાત્વ પમાડે છે, તે, તે નિમિત્ત દ્વારા; શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલ બોધિને પામતો નથી.' અને શ્રી રાવણ અને શ્રી કૃષ્ણ મહારાજા આદિએ તે સમયે ઈતર ધર્મોથી શ્રી અરિહંત પરમાત્માએ પ્રરૂપેલા ધર્મનું અતિશયપણાએ કરીને સર્વપ્રસિદ્ધપણું હોવાથી જો અપવાદપદે વિદ્યારાધન કિંચિત્ કરેલું છે તો પણ તેનું આલંબન ગ્રહણ કરવું એ ઉચિત નથી કારણ કે-જે પડવાના આલંબનો ગ્રહણ કરે છે તે મિથ્યાદૃષ્ટિ છે.

આ ઉપરથી સ્પષ્ટ થશે કે યક્ષ, યક્ષિણી, મિથ્યાત્વના સ્થાપક અને પ્રચારક દેવો, તથા મિથ્યાદૃષ્ટિ દેવ દેવીઓ તેમજ મિથ્યાત્વના સેવક અને પ્રચારક ગુરૂઓની પૂજા આદિ આ લોકના ફલને માટે પણ કરવી, એ પણ મિથ્યાત્વના પ્રચાર આદિના પ્રસંગ આદિ અનેક દોષોનું કારણ હોવાથી શ્રાવકે અવશ્ય કરીને વર્જવા યોગ્ય છે. તાત્ત્વિક અને અતાત્ત્વિકના વર્ણનનો ઉપયોગ પૌદ્ગલિક સિદ્ધિ માટે કરનારાઓ અનેક મંદ, મુગ્ધ અને વક્રબુદ્ધિને

ધરનારાઓને મિથ્યાત્વ પમાડનારા હોઈ મિથ્યાત્વની વૃદ્ધિ અને મિથ્યાત્વના સ્થિરીકરણ આદિનો પ્રસંગ ઉભો કરી પોતાની બોધિને દુર્લભ બનાવનારા થાય છે. પૌદ્‌ગલિક લાલસાને પરવશ બની જેઓ, તાત્વિક વ્યાખ્યાને અવલંબીને 'અમારા નિમિત્તથી અન્ય આત્માઓનું શું થશે.' એનો વિચાર કર્યા વિના, આદિ પ્રસંગો ઉભા કરીને અન્ય આત્માઓને મિથ્યાત્વ પમાડે છે, તેઓ શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલા સમ્યક્ત્વરત્નને તે નિમિત્તથી પામતા નથી. કલ્યાણકામી આત્માઓ માટે આ કાંઈ નાનું-સુનું નુકશાન નથી. જે આત્માઓ 'પોતાને બોધિની પ્રાપ્તિ સુલભ બની રહે' એમ ઈચ્છતા હોય તેઓએ મિથ્યાત્વની વૃદ્ધિ અને મિથ્યાત્વનું સ્થિરીકરણ, એ બે દોષોથી બચવું જોઈએ : એ દોષોથી બચવા માટે પૌદ્‌ગલિક લાલસાઓને આધીન ન થઈને, આલોકના ફલને માટે પણ મિથ્યાત્વને ખીલવનારા દેવાદિકની પૂજા આદિથી દૂર જ રહેવું જોઈએ. સમ્યક્ત્વની રક્ષા માટે લૌકિક દેવાદિકની ઉપાસના આદિથી બચવાની આજ્ઞા તરફ ધ્યાન નહિ આપતા, પૌદ્‌ગલિક લાલસા પોષવા ખાતર, શ્રી રાવણ આદિનું દૃષ્ટાંત લેનારા તો હાથે કરીને સમ્યક્ત્વનો નાશ કરનારા છે, કેમકે પડવાના આલંબન લેનારા તો મિથ્યાદૃષ્ટિ છે, એમ શાસ્ત્રકારો સાફ સાફ ફરમાવે છે. શ્રી રાવણ આદિના સમયમાં તો શ્રી અરિહંત પરમાત્માનો ધર્મ સર્વ ધર્મો કરતાં અતિશયવંતો હતો અને એથી સર્વ પ્રસિદ્ધ હતો અને એવા સમયે પણ તે મહાપુરુષોએ જે કાંઈ *વિદ્યારાધનાદિ કરેલ છે તે પણ અપવાદરૂપે કરેલું છે, નહિ કે ઉત્સર્ગપદે;* માટે કલ્યાણના અર્થીઓએ એ મહાપુરુષોના દૃષ્ટાંતોથી પડવાની કારવાઈ કરી

મિથ્યાત્વ પામવાને બદલે સમ્યક્ત્વ સાચવવું અને વધુમાં તેને નિર્મલ કરવા માટે મિથ્યાત્વની વૃદ્ધિ આદિને કરનારા પ્રસંગોથી દૂર રહીને અનંતજ્ઞાનીઓએ ફરમાવેલી અનેકાનેક શાસન પ્રભાવક સમ્યક્ત્વની કરણીઓને આચરવા દ્વારા 'પોતાના સમ્યક્ત્વને નિર્મલ કરવાની અને અનેક ભવ્ય આત્માઓ પૈકીના કેઈ આત્માઓ પામેલા સમ્યક્ત્વમાં સ્થિર અને સુદઢ બને, કેઈ આત્માઓ સમ્યક્ત્વને પામે અને કેઈ આત્માઓ સમ્યક્ત્વની સન્મુખ થાય' એવી એવી પ્રવૃત્તિમાં પ્રયત્નશીલ થવું એ જ સુશ્રાવકો માટે શ્રેયસ્કર છે.

હવે આપણે બીજી બાબતમાં એટલે લોકોત્તર મિથ્યાત્વની બાબતમાં પણ એ પરોપકારી સૂરિપૂરંદર શું ફરમાવે છે એ જોઈએ. બે ય પ્રકારના લોકોત્તર મિથ્યાત્વનું સ્વરૂપ વર્ણવતાં સ્પષ્ટ શબ્દોમાં એ સૂરિપુરંદર ફરમાવે છે કે-

'લોકોત્તર મિથ્યાત્વ બે પ્રકારનું છે : એક લોકાત્તર દેવ ગત અને એક લોકોત્તર ગુરૂગત : તેમાંથી,

૧. પરતીર્થિકોએ સંગૃહીત કરેલ શ્રી જિનેશ્વરદેવના બિંબનું અર્ચન આદિ કરવું તે અને ઈચ્છિત વસ્તુ આપવાને ખાત્રીલાયક શ્રી શાંતિનાથસ્વામી અને શ્રી પાર્શ્વનાથસ્વામી આદિની પ્રતિમાઓની આ લોકને માટે યાત્રા, ઉપયાચિત અંતે માનતા આદિ કરવી એ લોકોત્તર દેવગત મિથ્યાત્વ કહેવાય છે.


૨. અને લોકોત્તરલિંગને એટલે મુનિવેષને ધરનારા પાસત્થા આદિને ગુરૂપણાની બુદ્ધિથી વંદન આદિ કરવું તે અને આ લોકના ફલને માટે ગુરૂસ્તુપાદિકની યાત્રા અને ઉપયાચિત આદિ કરવું તે લોકોત્તર ગુરૂગત મિથ્યાત્વ કહેવાય છે'

આ કથનથી સ્પષ્ટપણે સમજાશે કે-પરતીર્થિકોએ ગ્રહણ કરેલ જિનમૂર્તિની અર્ચા-પૂજા કરવી એ જેમ લોકોત્તર મિથ્યાત્વ છે તેમ ખાત્રી લાયક એટલે ઈચ્છિત આપનાર તરીકે પ્રસિદ્ધ થયેલ શ્રી શાંતિનાથસ્વામી અને શ્રી પાર્શ્વનાથસ્વામી આદિ તીર્થપતિઓની પ્રતિમાઓની આ લોકને માટે, યાત્રા, ઉપયાચિત (ભૌતિક પદાર્થની માગણી) અને માનતા આદિ કરવી એ પણ લોકોત્તર મિથ્યાત્વ છે. એજ પ્રમાણે મુનિવેષમાં રહેલા પાસત્થા આદિને ગુરૂપણાની બુદ્ધિથી વંદન આદિ કરવું એ જેમ લોકોત્તર મિથ્યાત્વ છે તેમ આ લોકના ફલ માટે 'ગુરૂસ્તુપ' આદિની યાત્રાએ જવું અને બાધા આદિ કરવું એ પણ લોકોત્તર મિથ્યાત્વ છે.

સમ્યક્ત્વની શુદ્ધિના અર્થીએ જેમ લૌકિક મિથ્યાત્વને પણ ત્યજવાનું છે, તેમ લોકોત્તર મિથ્યાત્વને પણ ત્યજવાનું જ છે. ઉપકારી પરમર્ષિઓએ ચારે પ્રકારનાં એટલે બે પ્રકારનાં લૌકિક મિથ્યાત્વને અને બે પ્રકારનાં લોકોત્તર મિથ્યાત્વને ત્રિવિધે ત્રિવિધે ત્યજવાનો ઉપદેશ આપ્યો છે; કારણ કે-સમ્યક્ત્વને અકલંકિત રાખવાનો એ જ અમોઘ ઉપાય છે.

(જિન. વ. ૫/અં. ૧-૨)

** સુખમાં વિરાગની અને દુ:ખમાં સમાધિની પ્રાપ્તિ,*
*એ ઈષ્ટફળ સિદ્ધિનો પરમાર્થ છે.*



## ✥ રાત્રિભોજન ✥

**૩૨૭. સભા : આજે તો કહે છે કે ઈલેક્ટ્રીક લાઇટના અજવાળામાં રાત્રે ખાવામાં પણ પાપ ?**

**પૂજ્યશ્રી** : હા, એમાં પણ જરૂર પાપ; બાકી આ વીસમી સદીની વાત બધી અજબ છે.

૩૨૮. સભા : 'રાત્રિભોજનમાં કયું પાપ ?'

પૂજ્યશ્રી : સૂર્યાસ્ત પછી સંપાતિમ જીવોની ઉત્પત્તિ ચાલુ જ છે. કેવળજ્ઞાની પણ એ પાપની ભયંકરતાનું વર્ણન કરવા જાય તો પણ પુરું વર્ણન કરી શકતા નથી. જ્યાં સૂર્યકિરણો ન પ્રવેશે ત્યાં એ જીવોની ઉત્પત્તિ દિવસે પણ ચાલુ છે. માટે દિવસે અજવાળે બનાવેલી ચીજ પણ જો અંધારે ખાય તો રાત્રિભોજનનો દોષ લાગે. સૂર્યાસ્ત પછી સૂર્યોદય સુધી તો સૂર્ય તદ્દન છે જ નહિ માટે તે જીવો કાયમ છે જ. સૂર્યોદય પહેલાં શ્રાવકથી ચૂલો ન સળગાવાય, કચરો ન કઢાય, પાણી ન ગળાય, આ વિધિ છે. શ્રાવક સૂર્યોદયથી ચાર ઘડી પહેલાં ઊઠે, સામાયિક વગેરે કરે, સૂર્યોદય પછી જ ઘરના બધા કામ કરે. પહેલાના શ્રાવક આમ જ વર્તતા. અત્યારે પણ ઉપયોગ રાખનારા રાખે છે. તમે કાળજી ન રાખો તે તમારો દોષ છે.

૩૨૯. સભા : 'ઘુવડો સૂર્યોદય ન જોઈ શકે.'

પૂજ્યશ્રી : એટલે તમે એમ કહેવા માંગો છો કે રાત્રે ખાનારા બધા ઘુવડ છે એમ ને ? આજની ઈલેકટ્રીક લાઈટો કરતા પણ તે કાળમાં મણિરત્નોનો પ્રકાશ વધારે હતો. ઈલેકટ્રીકમાં સામેથી પાવર આવે ત્યારે કામ થાય. પેલા શ્રીમંતો તો ઘરના મણિરત્નોમાંથી એક મણિ બહાર મૂકે બધે અજવાળા થઈ જાય. પણ એમણે એવો તર્ક ન કર્યો કે 'રાત્રે આ પ્રકાશમાં ખવાય કે નહિ ? આજે તો કમનસીબીની અવધિ છે. (આચારાંગ ભાગ-૧૨)

## ❖ વિચાર સ્વાતંત્ર્ય કે વર્તન સ્વાતંત્ર્ય ❖

આજે હવે કહેવાય છે કે - 'અમારે વિચારસ્વાતંત્ર્ય સામે વાંધો નથી, પણ વર્તન સ્વાતંત્ર્ય સામે વાંધો છે.' આના આ જ લોકો તરફથી પહેલી વાત એમ થતી હતી કે - 'વિચારભેદના અંગે સંઘબહાર ન મુકાય. ત્યારે પ્રશ્ન એ થયો કે- 'અમુક ગામોમાં એમ કેમ થયું ?' એના બચાવમાં કહે છે કે - 'વર્તનસ્વાતંત્ર્ય સામે વાંધો છે.' આપણે બધી વાત હવે અત્યારે એમની જ દષ્ટિએ કરીએ છીએ,તે ખ્યાલમાં રાખો. આ વાતથી એમની જ દષ્ટિએ એ સાબિત થાય છે કે - 'વિચારીને અમલમાં મૂકે તેને સંઘબહાર મુકાય.' આ વાત એ કબૂલ રાખે છે. હવે એ બોલ્યા એટલું પાળે, તો તો કહી શકાય કે એ એટલી દષ્ટિએ પણ સજ્જન કોટિના માનવી છે : એટલી પણ સભ્યતા એમનામાં આવે તો જરૂર ખુશી થવું જોઈએ. વિચાર ક્યાં સુધી કહેવાય ? હૈયે હોય ત્યાં સુધી. હોઠે આવે, બહાર આવે એટલે શું થયું ? પછી તો થયું વર્તન. એ બધા લખનારા એટલા તો ડાહ્યા છે કે - આટલું પણ નથી સમજી શકતા ? પોતાના વિચારોને જણાવવા માટે અને એ વિચારોનો જનતામાં પ્રચાર કરવાને માટે લેખો લખે એ શું અમલ નથી ? પોતાના વિચારનો અમલ કરાવવા રાજ્યોને અરજી કરે, એ શું વર્તન નથી ?

પોતાનો એવો વિચાર હોય કે - આઠ વર્ષનાને દીક્ષા ન અપાય તો ભલે પોતે ન લે, અઢાર વર્ષ પહેલાં દીક્ષા ન અપાય એવો વિચાર તેમનો હોય, તો ભલે પોતે એ વિચાર ધરાવે, પણ આ તો બીજાને અટકાવવા પ્રયત્ન કરે,

એટલે તો એ વર્તન જ થયું; અર્થાત એમણે પણ પોતાના વિચારને વર્તનમાં મૂક્યો તો તેઓને શ્રી સંઘ, સંઘબહાર મૂકે, તેમાં કાંઈ પણ વાંધો છે ? એ પોતાના વિચારના પ્રચારને વર્તન ન ગણે અને બીજાઓ પોતાના વિચારને પ્રચારે એને વર્તન ગણી પોતાના ટોળાથી અલગ કરે, એ કઈ જાતનો ન્યાય ? એવા વિલક્ષણ ભેજાંવાળાઓને શ્રીસંઘ શાસ્ત્રાજ્ઞાનુસાર પોતાના વ્યવહારથી દૂર કરી શકે છે.

**૩૩૦. સભા : જૈનદર્શનમાં કલ્પિત વિચારસ્વાતંત્ર્યની પણ છૂટ ક્યાં છે ?**

**પૂજ્યશ્રી** : નથી જ, પણ હું કહી ગયો છું કે આ વાત આપણે એમની જ દૃષ્ટિએ કરી રહ્યા છીએ, એટલે એ પ્રશ્ન ઊઠી શકતો નથી. ઘરમાં પચ્ચીસ ચીજ ખાવાની કરી હોય, પોતે ખાવા બેઠો હોય અને પોતાને એક ચીજ ન ખાવી હોય તો ન ખાય પણ બીજાને ન ખાવા દેવાનો અગર તો તે ચીજ ઝૂંટવી લેવાનો તેનો શો અધિકાર છે ?

**૩૩૧. સભા : કોઈ ખરાબ ચીજ ખાતો હોય તો ન પણ ખાવા દેવાય ને ?**

**પૂજ્યશ્રી** : વળી તમે ભૂલ્યા. હું કહું છું કે - આ વાત એમની દૃષ્ટિએ કરું છું. આપણે તો માનીએ છીએ કે અયોગ્ય કાર્ય કરતાં યોગ્ય આત્માને જરૂર અટકાવાય; પણ આ તો એમની નજરે વાત કરીએ છીએ કે - 'બીજાની ચીજ ઝુંટવવાનો અધિકાર નથી, તેમ જ બીજાને એક ચીજ ન ખાવી હોય તો પરાણે ખવરાવવાનો પણ અધિકાર નથી.' ન ખાવી હોય તો એના ગળામાં ન નંખાય.

અહીં તો સાધુપણા વગેરેનો ઉપદેશ દેવાય; સર્વવિરતિ, દેશવિરતિ, સમ્યક્ત્વ કે માર્ગાનુસારીપણું, વગેરે ધર્મનો ઉપદેશ અપાય, જેને રૂચે એ લે, ન રૂચે તો એની મરજી પણ જેને એ ન રૂચે તેને બીજાને ગાળો દેવાનો અધિકાર નથી. દેવ, ગુરુ, ધર્મને જેને માનવા હોય તે માને, જેને ન માનવા હોય તે ન માને, એ એમની મરજી પણ માનનારની આડે દીવાલ ઊભી કરવાનો શો હક્ક છે ? એ લોકો પોતાના ખોટા વિચારનો પ્રચાર કરે, તો સાચા વિચારવાળા પોતાના વિચાર બહાર મૂકે. એમાં અટકાયત શી ? એમાં ગભરામણ થાય એનું કારણ શું ? જો એ બધું થતું હોય, તો એ લોકો વિચાર-સ્વાતંત્ર્યના જ ઉપાસકો નથી. પણ વર્તનસ્વાતંત્ર્યનાય ઉપાસકો છે, એ વાત નિશ્ચિત થાય છે. છતાં અમારે 'વિચારસ્વાતંત્ર્ય સામે વાંધો નથી પણ વર્તનસ્વાતંત્ર્ય સામે વાંધો છે' આમ કહેવાની મૂર્ખાઈ કરવી, એ કેમ નભે ? કહેવું જ જોઈએ કે ન જ નભે.

**સંયમના અર્થીના પરીક્ષક કોણ?**

સમાજમાં પોતાને વકીલ, પ્રોફેસર કે સૉલિસિટર કહેવરાવનારા એટલી સાદી વાત પણ  ન સમજે, એ કેવી આશ્ચર્યજનક બીના છે ? લખતી વખતે થોડું પણ સમજવા તો થોભવું જોઈએ કે નહિ ? વિચારસ્વાતંત્ર્ય તથા વર્તનસ્વાતંત્ર્ય કોને કહેવાય ? એ સમજ્યા વિના જ લખવું, એ ડહાપણ તો નથી જ. ડાહ્યા હોય તો દલીલપૂર્વક લખે, સામે આવે પણ એ તો કરવું નથી. અયોગ્ય વિચાર જ્યારે એ પ્રચારે ત્યારે સુયોગ્ય વિચારવાળાની પણ ફરજ છે કે 'શાસ્ત્રીય વિચાર બહાર મૂકી, એવા અયોગ્ય વિચારથી જનતાને થતી હાનિ

અટકાવવી.' એક ટોળું ઠરાવ કરે કે 'અઢાર વર્ષની વય સુધી દીક્ષા ન દેવાય' ત્યારે શાસ્ત્ર કહે છે કે - 'દઈ શકાય.' અયોગ્ય વિચાર જાહેરમાં મુકાય તો સુંદર વિચાર જાહેરમાં કેમ ન મુકાય ? એ સંયમ લેનારને અટકાવવા મહેનત કરવાનો હક્ક લઈ બેઠા, તો તમે સંયમ લેનારને સહાય કરવાનો હક્ક ધરાવો છો ને ! આટલો કાયદો પણ શું એ ન સમજે ?

જ્યાંની ડીગ્રી છે, ત્યાં જો એ લોકો આવી વાતો ન કરી શકે, તો અહીં વગર ડીગ્રીએ આવી વાતો કેમ કરતા હશે ? એ લોકો દીક્ષા લેનારની કાનપટ્ટી પકડવા જાય, તો તમે એમને તેમ કરતાં અટકાવી શકો છો, આટલું પણ શું ડીગ્રીધરો ન સમજે ? એ લોકો સંયમધર થનારની પરીક્ષા લેવા માગે છે ! પરીક્ષક ડીગ્રીધર હોય કે વગર ડીગ્રીનો ? ડીગ્રીધરને પરીક્ષા દેવાય કે રખડતાને ? નાલાયક પરીક્ષક આવે તો વિદ્યાર્થી પણ કહી દે કે - 'એવાને પરીક્ષા આપીને આબરૂ બગાડવી નથી.' જેને વૈરાગ્ય પ્રત્યે સદ્ભાવ નથી, તે વૈરાગ્યને પીછાણે શી રીતે ? જે પોતે સંસારને સારો માને, જેને વૈરાગ્ય ન ગમે, તે વિરાગીની પરીક્ષા શી રીતે કરી શકે ? અરે ! ન પરણનારને જે પરણાવવાનો કાયદો કરવા માગે છે, એ દીક્ષા લેનારની પરીક્ષા શી રીતે કરી શકે ?

આવા નાલાયકોની વિચારસરણી આજે કુળવાન વિધવાઓને પણ મૂંઝવે છે. એ વિધવાઓ તો કહે છે કે - ''એ નાલાયકો અમને કેમ બદનામ કરે છે ? એમના ઘરમાં મા-બેન વિધવા હોય અને તેમની ભાવના જો પરણવાની થઈ હોય, તો તે એમને નામે વાત કરે, પણ અમારા બધાના નામે કેમ વાત કરે છે ? કોઈ કુલવતી વિધવા બહેનોએ એમને અરજી કરી છે ? ના, તો પછી નાહકના

એ નફરખંદાઓ કૂદાકૂદ કેમ કરે છે. ?'' આ રીતે ઘણી કુલવાન બાઈઓનો એમની સામે પોકાર છે. કઈ વિધવા એમને કહેવા બહાર આવી ? અને કોઈ આવે તો ભલે એ એને ફાવે તેમ કરે. તેને રોકે છે કોણ ? પણ જેઓને ભાવના જ એવી ન હોય, તેઓના નામે હિલચાલ શા માટે ?

મૂળચંદભાઈએ જામનગરના સંઘને રોકડવું પરખાવ્યું હતું કે, સંઘની આજ્ઞા માનવા તૈયાર છીએ. પણ જે શાસ્ત્રને માને તે સંઘ.'

ત્યારે પેલાઓએ કહ્યું કે - 'શાસ્ત્રને આઘાં મૂકો !'

મૂળચંદભાઈએ તો પણ એ જ જણાવ્યું કે - 'શાસનને માને તે જ સંઘ.

મૂળચંદભાઈને આવું કહેવાનો હક્ક શું ન હતો ? હતો જ. પણ 'શાસ્ત્રને આઘાં મૂકો !' એ કહેવાનો હક્ક જૈન કહેવરાવનારાઓને કોણે આપ્યો ? એક સમુદાય કહે છે -

'અમારી રજા વિના દીક્ષા ન લેવી' તો તે વાતને કંઈ બધા ઓછી જ માને ? શાહુકાર કદી કહે કે - 'મારી સલાહથી વેપાર કરવો' તો તો બધા માને. પણ શાહુકારી વિનાનો કહે તો કોણ માને ?

**સભા** : જેને દેવાળું કાઢવું હોય તો !

**પૂજ્યશ્રી** : સંયમ લેનારની પરીક્ષા લેનાર કોણ હોય ? વૈરાગ્ય વિનાનાઓ પાસે કોઈ પરીક્ષા આપવા જાય, તો તેઓ કેવું સર્ટિફિકેટ આપે ?

** દંભી માણસ સાપની માફક અવિશ્વાસ્ય છે.*

**૩૩૨. સભા : ત્યાં તો કોઈ જાય જ નહિ ને !**

**પૂજ્યશ્રી** : બરાબર છે. જે સંયમનો સાચો અર્થી હોય તે તો એવાઓની પાસે જાય જ નહિ, પણ કલ્પના કરો કે જાય, તો એ લોકો તો કહે કે -'સત્તર વર્ષનો આદમી દીક્ષા લેવા અરજી તો કરે છે પણ હજી સ્ત્રી પરણ્યો નથી તે બ્રહ્મચર્યમાં શું સમજે ?' વળી પહેલાં તો જનારને એમ જ પૂછે કે - 'અલ્યા ! તને વૈરાગ્ય થયો શી રીતે ? અમે કૉલેજની ચોપડીઓ ફાડી, સ્ટેજ પર મોટાં સુધારાનાં ભાષણો કર્યાં, છતાં અમને વૈરાગ્ય ન થયો અને તને કેમ થયો ?'

**ઝેરના અખતરા ન હોય :**

**૩૩૩. સભા : સાહેબ વૈરાગ્યની ચોપડીઓનાં ટ્રાન્સલેશન પણ કર્યાં છે !**

**પૂજ્યશ્રી** : અને એમાં લખ્યું છે કે 'માતાના સંબંધ ખોટા, પિતાના સંબંધ ખોટા.' આવા તરજુમા કરનારા - 'અમને વૈરાગ્ય ન થયો અને તને કેમ થયો ? તેઓ આવા યદ્વા તદ્વા પ્રશ્નો કરી શકે ખરા ? અને એવા પ્રશ્નો કરનારા પરીક્ષકો કેમ બને ?

એક વખત એક સરળ અમલદારના - 'મને વૈરાગ્ય ન થયો અને તને કેમ થયો ?' આવા પ્રશ્નનો એક બાળકે ઉત્તર આપ્યો હતો કે 'હું પુણ્યવાન છું માટે મને વૈરાગ્ય થયો, તમે પુણ્યવાન નહિ માટે તમને વૈરાગ્ય ન થયો.' આ ઉત્તર સાંભળી જૈનેતર હોવા છતાં ખુશ થઈને તે અમલદારે તે બાળકને વૈરાગ્યભાવનામાં ઘણો જ ઉત્તેજિત કર્યો હતો.

વ્યવહારમાં પણ કોઈ કહે કે - 'વર્ષોથી મહેનત કરું છું તોય મને લાખ ન મળ્યા અને તને ચાર દિવસમાં લાખ શી રીતે મળ્યા ?' તો પેલો કહે કે 'તું કમભાગી માટે ન મળ્યા, તારું કપાળ કોડિયા જેટલું માટે ન મળ્યા અને મારું કપાળ મોટું અને નસીબ જાગતું માટે મને મળ્યા ! એમાં પ્રશ્ન શો ?' ચાર દિવસની પેઢીવાળો લક્ષાધિપતિ બની જાય અને ચાલીસ વર્ષની પેઢીવાળો એવો ને એવો જ રહે, એ શું નથી બનતું ? જરૂર બને જ છે.

---

**૩૩૪. સભા : એવાઓની પાસે કોઈ જવાનું નથી; કોણ જવા બેઠું છે ?**

**પૂજ્યશ્રી** : ન જ જાય; પણ કલ્પો કે જાય, એટલે પેલા તો એ જ પૂછે કે - 'તને વૈરાગ્ય થયો શાથી ?' જનાર જવાબ આપે કે 'શાસ્ત્રના વચન ઉપર મને શ્રદ્ધા છે અને શાસ્ત્ર કહે છે કે - સંસાર અસાર છે અને સંયમ જ શ્રેષ્ઠ છે, કારણ કે - સંયમના યોગે જ શાશ્વત સુખના ધામરૂપ મોક્ષ મળી શકે છે; માટે મને સંયમ લેવાના ભાવ થયા છે અને સંસાર ઉપરથી વૈરાગ્ય થયો છે.' તરત પેલા કહી દે કે - 'અંધશ્રદ્ધાળું ' અને પછી સમજાવે કે 'ગાંડા !' વસ્તુના અનુભવ વિના વસ્તુને ખોટી કહેવાય કેમ ? એટલે પાછો વિરાગી કહે કે 'એવો રિવાજ વ્યવહારમાં પણ નથી. ઝેર ખરાબ જાણીને જ નથી ખવાતું, કાંઈ એનો અનુભવ કે અખતરો કોઈ કરતું નથી.' એટલે તરત કહી દે કે 'ગમાર ! એવી ખોટી દલીલ હોય ? જા ! જા ! તને વાત કરતાં પણ નથી આવડતી. તું દીક્ષાને માટે નાલાયક છે !' આવાઓ પરીક્ષક કેમ બની શકે ? કહેવું જ પડશે કે 'ન જ બની શકે.'

**હીરાની પરીક્ષા ઝવેરી જ કરે :**

ખરેખર, વાણીસ્વાતંત્ર્ય, વર્તનસ્વાતંત્ર્ય, વિચારસ્વાતંત્ર્ય કોને કહેવાય એનો પણ તેઓને ખ્યાલ નથી, શાસ્ત્ર તો કહે છે કે *"તત્ત્વવેદી તે કહેવાય કે જેને ખોટો વિચાર જ ન આવે; કદાચ વિચાર આવી જાય તો પણ એને બહાર તો ન જ મૂકે; કદાચ તેવો વિચાર બહાર મુકાઈ જાય તોયે એનો અમલ તો તે ન જ કરે ! જો તે તેવા વિચારનો અમલ કરે તો એનું તત્ત્વવેદીપણું નાશ પામી જાય છે." આ તો એવી વાતો કરે છે કે - 'એમના જ વિચારો એમને જ ગળે વળગે છે.'

જામનગરની તથા પાટણની કાર્યવાહીનો એક પુણ્યવાન બચાવ કરે છે કે - 'એ કાર્યવાહીમાં અમારા સિદ્ધાંતને બાધ નથી, માટે અનુમોદન કરીએ છીએ.' પણ એવા અનુમોદનની કિંમત શી ? કારણ કે 'જેવી જાતના ભેગા થાય તેવા અવાજ નીકળે એ તો નિયમ જ છે.'

**સ્વતંત્રતાની વાતો કરનારા પોતાને માટે ઈચ્છાનુસાર વર્તવાની છૂટ માગે છે અને બીજાઓને ના પાડે છે, એમનો આ સ્વતંત્રતાવાદ કેવો ?**

---

***" तावत् तत्त्वविदुषामेष मार्गो यदुत तेषां कल्याणभिनिवेशितया निष्प्रयोजनी विकल्पो न चेतसि विवर्त्तते, अथ कदाचिदभावितावस्थायां विवर्त्तेत तथापि ते न निर्निमित्तं भाषन्ते, अथ कदाचिदतत्त्वज्ञजनान्तर्गततया भाषेरन् तथापि न निर्हेतुकं चेष्टन्ते, यदि पुनस्ते निष्कारणं चेष्टेरन् ततोऽतत्त्वज्ञजनसार्थादविशिष्टतया तत्त्ववित्ता विशीर्येत ।" ઉપમિતિ ભવ પ્રપંચા કથા પ્રસ્તાવ – ૧**

એમને સંયમ ન ગમે તો ભલે પણ લેનારને આડખીલી શું કામ કરે ? પોતાને પૂજા ન ગમે તો ન કરે, પણ પૂજા કરનારને કનડે શું કામ ? ખરેખર શબ્દો સિવાય સ્વતંત્રતાનો વાદ છે જ ક્યાં ?

એ લોકો કહે છે કે - 'દરેક આદમીએ બાળકને છૂટ આપવી જોઈએ !' કબૂલ, પણ કેવી છૂટ ? ન આપવા લાયક આશ્રવમાં છૂટ અને સંવરમાં નહિ, એનું શું કારણ ? જેમની પાસે કોઈ સંયમ લેવા આવે છે, એમના ઉપર તો આગમનો અને વેષનો અંકુશ પણ છે; અંકુશ આઘો કરે તો ચાર જણ કહેનાર પણ મળે; છતાં ત્યાં એ લોકો અંકુશની વાત કરે છે અને

જે સર્કલમાં વાત જ તદ્દન જુદી છે ત્યાં નિરંકુશતા માગે છે, એનું કારણ ? વિચાર કરશો તો સમજી શકાશે કે સ્વાતંત્ર્યનો એમનો અર્થ વાજબી જ નથી. સંઘમાં રહેનારે પણ હવે એ નક્કી કરી લેવું જોઈશે.

હું અને તમે સંઘમાં ભેગા છીએ, પણ જો ભેગા રહીએ તો ! ભેગા કોણ રહી શકે ? 'સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા.' આ ચાર જ. જેનામાં સાધુપણું કે શ્રાવકપણું ન હોય, તે તો ભેગા ન જ રહી શકે. છતે સૂર્યે અંધકારમાં અટવાવું એ કેમ પાલવે ? યોગ્ય રસ્તો સ્વીકાર્યા વિના ઉદય નથી.

એ સંસારરસિક લોકો કહે છે કે 'દીક્ષા લેનારની પરીક્ષા અમે લઈએ.' ત્યારે શાસ્ત્ર જાણનાર કહે કે - 'વૈરાગ્ય અને વૈરાગ્યના પ્રેમ કે જ્ઞાન વિનાનાઓ વૈરાગ્યની પરીક્ષા કરે શી રીતે ?' હીરાની પરીક્ષા ઝવેરી જ કરે કે હાંલ્લાનો ઘડનાર પણ કરે ? જ્યૂરી (પંચ) તો સજ્જનની જ હોય, પણ મૂર્ખાઓની ન

હોય. ન્યાયાધીશ પણ ન્યાય ચૂકવતાં પહેલાં જ્યૂરીને આખો કેસ સમજાવે, કાયદાની બારીકી સમજાવે, ત્યાર પછી જ્યૂરી બોલે. જ્યૂરી એમ ન કહે કે 'જજનું સાંભળવું જ નહિ.' જજ આખો કેસ સમજાવે અને પછી કહે કે - 'મારો અભિપ્રાય એવો છે, આ કેસમાં આટલી કાયદાની બારીકી છે, એ બધું ધ્યાનમાં લઈ ન્યાયબુદ્ધિથી અભિપ્રાય આપો.' જજની સમીંગ અપ સાંભળ્યા પછી જ્યૂરી બોલે ; પહેલાં બોલે તો ઘેર જવું પડે. જ્યૂરીમાં બેસવું ને જજને સાંભળવા નહિ, એ કેમ ચાલે ?

**સ્ટીમરો ઘણીયે ડૂબી પણ મુસાફરી અટકી ?**

આથી સ્પષ્ટ થાય છે કે સંયમના અર્થીની પરીક્ષા શાસ્ત્રજ્ઞ સંયમધર કે સંયમના પ્રેમી જ કરી શકે પણ અન્ય કોઈ ન કરી શકે. બાલદીક્ષા આદિ માટે આજનાઓ જે જે વિકલ્પો કરે છે તે વિકલ્પોનું જ્ઞાન શાસ્ત્રકારોને પૂરેપૂરું હતું. દુનિયામાં ખોટ જ ન હોય એવો કયો વેપાર છે ? ખોટ આવે માટે વેપાર કેમ અટકે ? દુનિયામાં કોઈ નિસરણી એવી નથી કે જેના ઉપરથી કોઈ પડ્યું ન હોય. ઘણાએ ઘણીવાર પડ્યા હોય પણ પડેલાને એ નિસરણી જ ચડાવે. શાસ્ત્રકારો કહે છે કે દુનિયાનો કોઈ મોક્ષમાર્ગ એવો નથી કે, જ્યાં ચડીને કોઈ પણ આત્મા પડ્યા ન હોય. શ્રી તીર્થંકરદેવના કાળમાં પણ ચડનાર આત્માઓ પડતા હતા કે નહિ ?

** જે વખતે જે વાણીની જરૂર હોય તે વખતે કોઈથી ન ગભરાઈને સાચેસાચી વાત કહેવી તે **વાણીસ્વતંત્ર્ય** છે.*

**૩૩૫. સભા : શ્રી કૃષ્ણ મહારાજાએ દાંડી પીટાવી ત્યારે પડવા-ન પડવાનું જોયેલું ?**

**પૂજ્યશ્રી** : શ્રીસંઘ એવું એવું જોવાને તૈયાર નહોતો. શ્રીસંઘ તો વસ્તુની કિંમત આંકતો અને અનેકને સન્માર્ગે ચડાવવા એ જ તેનું એક ધ્યેય હતું ! પ્રભુના સમયમાં પણ ચડનારા પડતા હતા. કોઈવાર પડાય, ત્યારે કોઈવાર ચડાય. પડવાની બીકે બાળકને ચાલવા કે ચડવા ન દેનાર માબાપ એ બાળકના હિતના ઘાતક છે. એ તો ચાલતાં પગ પણ છુંદાય, ઢીંચણ પણ છુંદાય, નાક પણ છુંદાય, અને કપાળ પણ ટિચાય તોય ચલાવાય તો જ ચાલતાં આવડે; એ રીતે મોક્ષમાર્ગે ચડનારને, પડવાની બીકે નહિ ચડવા દેનારા, એના આત્મહિતના ઘાતક છે.

જે વાત ન બેસે તે અહીં બોલજો; બહાર જઈને બીજાઓ વાતને વિરુદ્ધ રૂપમાં ફેલાવે છે, માટે સૂચવું છું કે તમે ભ્રમમાં ન પડો. પૂછવાની દરેકને છૂટ છે. ચોથા આરામાં તો ધર્મની આરાધના સહેલી હતી; અત્યારે તે કઠિન છે; કેમકે સારા વિચાર ટકવાનો સંભવ ઓછો છે. આ બે કલાકના વિચારને, પછીના બાવીસ કલાક અને તેમાં પણ વિરુદ્ધ વાતાવરણ ફેરવે નહિ તે માટે રોજ ભલામણ કરું છું કે ન સમજાય તે પૂછજો. પચાસ જણ ચડતા હોય એમાંથી એક પડે, એ જોઈને બીજા એમ કહે કે ભાઈ ! સાચવીને ચડો.' પણ એમ ન કહી શકે કે 'ચડો જ નહિ!' કારણ કે એમ કહેવું એ મુર્ખતા છે. સ્ટીમરો ઘણીયે ડૂબી, પણ દરિયાની મુસાફરી કંઈ અટકી ? રેલ્વે તથા મોટરોના અકસ્માત આજે ઘણાયે થાય છે, પણ એ બધાની મુસાફરી ચાલુ જ છે. મુસાફરીમાં સાવધ

રહેવાનું કહે છે પણ મુસાફરી બંધ કરવાનું કોઈ જ નથી કહેતું. જ્યાં ડૂબી મરવાનું છે, ત્યાં તો બચાવ કરે છે કે - 'ડૂબનારનું ભાગ્ય.' અને અહીં તો કહે છે કે વસ્તુ જ ન જોઈએ.' આવી બુદ્ધિવાળાઓને કહેવા કેવા ?

ધર્મીની દલીલ તો એ હોય કે 'ભાઈ ! પડ્યા ? હોય, કર્મોદયથી પડાય, પણ પડતાં પડતાં પણ ચડો. ચડવાનું ચાલુ રાખો !' પણ આ તો દલીલ જ જુદી. એવી કોલસાની દલાલી કોણ કરે ? કોઈ દેખાતો ઝવેરી પણ વિપરીત દલાલી કરતો હોય, તો માનવું કે એ કોલસાનો વેપારી છે.

વર્તનસ્વાતંત્ર્ય ઉપર જો મદાર બાંધતા હોય, તો તેઓ પોતે જ સંઘ બહારની શિક્ષાને યોગ્ય છે. કેમ કે-વિચારને બહાર મૂક્યા એ વર્તન છે. ખોટા વિચાર ફેલાવવાનું વર્તન કરનારાઓ સંઘમાં જ ક્યાં છે કે જેથી તેઓ સાચાઓને સંઘબહાર મૂકવાની ભયંકર ધૃષ્ટતા કરે છે ? એવી ધૃષ્ટતા કરનારાઓ તો પોતાના જ હાથે પોતાની જાતને સંઘબહારની જાત તરીકે જાહેર કરે છે. સંયમ નહિ લઈ શકનારા જ્યારે સંયમ લેનારને હેરાન કરવાનો પ્રયત્ન કરે છે, ત્યારે તેઓ ગ્રહોની ગણતરીમાં પણ નથી આવતા, પણ અંધકારની ઉપમાને જ લાયક થાય છે.

**સંઘ કોની પડખે રહે ?**

શ્રી જિનેશ્વરદેવના શાસનની સેવામાં રક્ત શ્રીસંઘરૂપ સૂર્ય ઉદય પામે, ત્યારે કુમતવાદી રૂપ ગ્રહોની પ્રભા પણ નાશ પામે અને અંધકાર પણ નાશ પામે. અંધકાર જેવાં ટોળાંઓને ટેકો આપનાર શ્રીસંઘમાં નથી. શ્રીસંઘ કોની

પડખે રહે ? *ભગવાન શ્રી વજ્રસ્વામીજી વખતે શ્રીસંઘ કોના પક્ષમાં હતો ? માતાના કે ગુરુના ? દીકરો કોનો ? માતાનો કે ગુરુનો ? છતાં સંઘ ગુરુના પક્ષમાં કેમ ? એનો ઉત્તર એ જ કે તે સંઘ હતો માટે ! શ્રી વજ્રસ્વામીજીની વય ઘણી નાની હોવા છતાં સંઘ કોના પક્ષમાં ? માતાના પક્ષમાં ગયો હોત તો એ સંઘ ન રહેત. ગુરુનો સંગ તજી માતા પાસે બાળક જાત, તો તેના આત્મગુણો હણાઈ જાત. ત્યાં જવામાં બાળકના આત્મજીવનની હાનિ હતી; ગુરુ પાસે જવામાં લાભ હતો.

તમારા છોકરા સંસારમાં રહે તો સારા કે અહીં આવે તો સારા ? તમને મોહ થાય અને ન મોકલી શકો એ વાત જુદી, પણ તમે માનો છો શું? તમારે તો એમ કહેવું જોઈએ કે ‘અમારા દીકરા સંસાર છોડે એમાં અમારો જ ઉદય છે પણ એ કમનસીબ છે કે નીકળી શકતા નથી. અગર અમે મોહાંધ છીએ કે એને એ માર્ગે વાળી શકતાં નથી.’ દીકરો જજ કે વકીલની ખુરસી પર બેસે તો ના ન પાડે; માત્ર અહીં જ ના કેમ ? એ જ કારણ કે ‘વસ્તુ વસ્તુરૂપે સમજાઈ નથી.

આ માન્યતાવાળા શ્રીસંઘરૂપી સૂર્યે હવે દીક્ષાનો વિરોધ કરનારા બધા ઘુવડોને કહી દેવું જોઈએ કે ‘ અમારા પ્રકાશને તમે ન દેખો એ ગુનો અમારો નથી પણ તમારો છે, કારણ કે, પૂર્વના પાપના યોગે અમારો પ્રકાશ એ તમને અંધકારરૂપ લાગે છે.’ (સં.સ્વ.દ.ભાગ-૧)

---

* **ततः सुनन्दा लोकेन, सहिता नृपपर्षदि ।**
**जगाम सङ्घसहिता, श्रमणा अपि ते ययुः।।१०६।।**

**પરિશિષ્ટ પર્વ**/સર્ગ-૧૨

# ❖ વિગઈ ❖

**૩૩૬. સભા : ભક્ષ્ય વિગઈઓ કેટલી અને ભક્ષ્ય વિગઈઓના ભેદ કેટલા?**

**પૂજ્યશ્રી** : 'દૂધ, ઘી, દહી, તેલ, ગોળ અને પકવાન્ન' આ છ વિગઈઓ ભક્ષ્ય છે અને એ છ ભક્ષ્ય વિગઈઓના ભેદ એકવીશ છે.

અનંત ઉપકારી આચાર્ય ભગવાન શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ રચેલ જે '**પ્રત્યાખ્યાનભાષ્ય**' તેની અવચૂરિમાં એ વસ્તુનો સ્પષ્ટ કરતો ઉલ્લેખ છે. આ રહ્યો એ ઉલ્લેખનો ભાવાર્થ.

'દૂધ આદિ છ વિગઈઓ ભક્ષ્ય છે : તે વિગઈઓના ક્રમસર એટલે (૧) દૂધ વિગઈના પાંચ ભેદો છે, (૨) ઘી વિગઈના ચાર ભેદો છે, (૩) દહીં વિગઈના ચાર ભેદો છે, (૪) તેલ વિગઈના ચાર ભેદો છે, (૫) ગોળ વિગઈના બે ભેદો છે, અને (૬) પકવાન્ન વિગઈના પણ બે ભેદો છે : આ પ્રમાણે 'દૂધ' આદિ છ ભક્ષ્ય વિગઈઓના એકવીશ ભેદો થાય છે : તે એકવીસે ભક્ષ્ય વિગઈઓને વ્યક્ત કરીને કહેતાં ફરમાવે છે કે

(૫) 'ગાય, ભેંસ, ઉંટડી, બકરી અને ઘેટી' આ પાંચેયના દૂધ.
(૪)-'ઊંટડી' વિના-'ગાય, ભેંસ, બકરી અને ઘેટી' આ ચારનું ઘી.
(૪)-'ઊંટડી' વિના-'ગાય, ભેંસ, બકરી અને ઘેટી' આ ચારનું દહીં.
(૪)-'તલ, સરસવ, અળસી અને બટ્ટ (કાબરી)' આ ચારનું તેલ.
(૨)-'નરમ ગોળ અને કઠણ ગોળ' આ બે જાતનો ગોળ.
(૨)-'તેલથી તળેલું અને ઘીથી તળેલું - આ બે જાતિનું પકવાન્ન.

આ પ્રમાણે છ ભક્ષ્ય વિગઈઓના એકવીશ ભેદો થાય છે.

**૩૩૭. સભા : ઘેટી અને ઉંટડીના દૂધને કોઈએ અભક્ષ્ય તરીકે પણ જણાવેલ છે એ વાત ખરી ?**

**પૂજ્યશ્રી** : હા, ખરી : કારણ કે-શ્રીમાન્ સમયસુંદરોપાધ્યાયે, **'વિશેષશતકમ્'** નામના પોતાના ગ્રંથમાં ***પિંડનિર્યુકિતની** ગાથાની એક શ્રી વીરર્ષિકૃત વૃત્તિનો પાઠ અને બીજો **શ્રી મલયગિરિજી મહારાજાએ** કરેલી +વૃતિનો પાઠ એમ બન્નેય પાઠો મૂકીને : પોતે જણાવ્યું છે તેનો ભાવાર્થ આ પ્રમાણે છે.

ભાવાર્થ : 'અહિ વીરર્ષિએ કરેલી વૃત્તિના અભિપ્રાયથી ઘેટી અને ઉંટડીના દૂધ આદિનું પણ શ્રી જિનશાસનમાં અભક્ષ્યપણું અપેયપણું કહેલું દેખાય છે અને શ્રી મલયગિરિજીની વૃત્તિના અભિપ્રાયથી તો-'વેદાદિ શાસ્ત્રોમાં ઘેટી અને ઉંટડીના દૂધોનું અભક્ષ્યપણું છે પરંતુ શ્રી જિનશાસનમાં નથી.' (એમ કહેલું જણાય છે) પછી તત્ત્વ તો કેવલજ્ઞાની પરમર્ષિઓ જાણે.'

વળી, ઉંટડીના દૂધને તો અભક્ષ્ય તરીકે જણાવનારા બીજા ઉલ્લેખો, પણ વિદ્યમાન છે : જેવા કે

૧) એક પ્રાચીન મુનિવરના કરેલા **શ્રી આવશ્યક સૂત્રના** બાલાવબોધમાં લખવામાં આવ્યું છે કે 'દૂધ પાંચ પ્રકારનું ગાય, ભેંસ, ગાડર, ઉંટડી, બકરી એ

---

*"अविला१ करही२ खीरं लसुण पलंडू३ सुरा४ य गोमंसं ॥५॥"
वेयसमए वि अमयं किंचि अभोज्जं अपेयं च ।

+ यथा वेदे अविलाकरभीक्षीरादिकम् अभोज्यम् अपेयं च ।

પાંચ દૂધ એ માંહી ઉંટડીનું દૂધ સાધુ શ્રાવકને અયોગ્ય.'

આવો ઉલ્લેખ, જે બાલાવબોધમાં છે તેની પ્રતિજૂની લખેલી છે અને તે વયોવૃદ્ધ પરમતપસ્વી પૂજ્યપાદ આચાર્ય શ્રામદ્ વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજાના ભંડારમાં પણ છે.

૨- એ જ રીતિએ એક મુનિવરના કરેલા **શ્રી આવશ્યકસૂત્રના** ટબામાં પણ ઊંટડીના દૂધને અંગે લખવામાં આવેલું છે કે-

'દુધના પાંચ પ્રકાર ગાય, ભેંસ, બકરી, ગાડરી અને ઉંટડી. એ પાંચમાંહી ઉંટડીનું દૂધ સાધુ શ્રાવકને અયોગ્ય.'

આ પ્રકારનો ઉલેખ જે **શ્રી આવશ્યક સૂત્રના** ટબામાં છે તેની પ્રતો મહેસાણા શ્રી સંઘના ભંડારમાં પણ છે.

---

**૩૩૮. સભા : આ રીતિએ એક જ વાતમાં પરસ્પર વિરોધ આવે તેનું કેમ ?**

**પૂજ્યશ્રી** : આવી વાતોમાં, શાસ્ત્રદષ્ટિને દૃષ્ટિ સમક્ષ રાખીને સમાધાન કરી શકાય છે : અને તે એ 'રીતિએ કે-જે દૂધને અભક્ષ્ય કહેલ છે, તે દૂધમાં ઘણા જ અલ્પકાલમાં જીવોની ઉત્પત્તિ થઇ જતી હોવી જોઇએ' એમ માની, જ્યાં ભક્ષ્ય કહેલ છે. ત્યાં અલ્પ કાળ ભક્ષ્ય છે એવી વિવક્ષા કરી છે અને જ્યાં અભક્ષ્ય કહેલ છે ત્યાં એ અલ્પકાલની વિવક્ષા નથી કરી.' આ રીતનું સમાધાન કરી શકાય એમ લાગે છે પછી તો જ્ઞાની મહારાજા જાણે.

વધુમાં આ સ્થળે એ પણ એક વાત સમજી લેવી આવશ્યક છે કે

'ભક્ષ્ય પદાર્થને અભક્ષ્યની શંકાથી કોઇ ઉપયોગમાં ન લે તેને નુકશાન નથી અને અભક્ષ્યપણાની શંકા છતાં ભક્ષ્ય માનીને લેનારને દૂષણ લાગે છે. માટે જે પદાર્થો માટે અભક્ષ્ય હોવાનો ઉલ્લેખ મળતો હોય તે પદાર્થોનો સ્વીકાર ન કરવો એ શ્રેયસ્કર છે. (જિ.વ.૫/અં.૪)

'શ્રી જિનેશ્વરદેવ એટલા ઉપકારી કે જેમણે મોક્ષની સાધનાના હેતુભૂત સાધુના શરીરની રક્ષા માટે પાપરહિત એવી વૃત્તિ (ભિક્ષાચર્યા) બતાવી છે.' મુનિ ભિક્ષા લાવીને રોજ આ ભાવના ભાવે એવી વિધિ છે. સાધુનું શરીર મોક્ષની સાધનામાં જ હેતુભૂત છે, તેથી એને માટે અસાવદ્ય એવી ભિક્ષા શ્રી જિનેશ્વરદેવે પણ કહી. સાધુ સઘળાં પાપથી વિરમેલા છે. હિંસા, જૂઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહ એ પાંચે પાપ અથવા અઢારે પાપસ્થાનક તેમણે વોસિરાવેલા છે. દુનિયાની કોઈ પણ ચીજ અકૃત (પોતે નહિ કરેલી), અકારિત, (પોતે નહિ કરાવેલી) અને અનનુમત (એટલે પોતે નહિ અનુમોદેલી, એને પોતે સારી નહિ કહેલી) હોય તો એ ચીજ મુનિ લે, છતાં એના પાપનો અંશ પણ એને ન લાગે. જે શબ્દો બોલ્યો તે બરાબર યાદ રાખજો.

**ભોજનમાં છએ કાયની વિરાધના :**

ભોજન બનાવવામાં છએ કાયની વિરાધના છે. અગ્નિ વિના તો રસોઈ થાય જ નહિ. અગ્નિ એ ચોધારું શસ્ત્ર છે. ચોતરફ જીવોને બાળે છે. ઊંચે, નીચે, આજુબાજુ દરેક તરફ એનાથી અનેક જીવો બળી મરે છે. રસોઈ

પકાવવામાં પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય અને ત્રસકાય એ છએ કાયની વિરાધના રહેલી છે. હજી આગળ વિચારો ! એક રોટલી પણ બને ક્યારે ! અનેક પાપસ્થાનક ભેળાં થાય ત્યારે એક રોટલી બને. વિચારે તેને આ વાત દીવા જેવી સમજાય તેમ છે; પણ વિચારે કોણ ? ખેડૂત અને ખેતી વિના ઘઉંની રોટલી બને ? મા-બાપ વિના ખેડૂત હોય ? લગભગ બધાં પાપસ્થાનક એક રોટલીમાં રહ્યાં છે છતાં, પોતે નહિ કરેલ, નહિ કરાવેલ, નહિ અનુમોદેલ રોટલી સાધુ લે છે અને તેથી એને દોષ લાગતો નથી. સાધુ પણ વહોરીને આવ્યા પછી એ રોટલીનાં વખાણ કરે, લાવેલી ગોચરી ઉપર રાગ કરે, તો એને પણ પાપનો અંશ લાગે.

**૩૩૯. સભા : 'સાધુ કંદમૂળ લે ? એ અકૃત, અકારિત અને અનનુમોદિત હોય તો શો વાંધો ?'**

**પૂજ્યશ્રી** : ના,ત્યાં પાપ છે. એ ચીજ જ નિષિદ્ધ છે અને એ ચીજ વિષયને વધારનારી છે. ઘી, દૂધ, કાંઈ તામસી કે રાજસી પ્રકૃતિ કરતાં નથી, ઊલટી સાત્ત્વિક પ્રકૃતિ કરે છે; જ્યારે અનંતકાય તો વિષયને વધારનારાં છે. સાધુને અમુક હેતુ માટે જેમ ઘી-દૂધનો નિષેધ છે, તેમ અમુક હેતુ માટે ઘી-દૂધની છૂટ પણ છે. જ્ઞાનીની દૃષ્ટિએ તો વિગઈ માત્ર વિકારક છે. મુનિ માટે વિગઈનો પ્રતિબંધ છે. મુનિ કારણ વિના કદી વિગઈનો ઉપભોગ ન કરે.

** બલાત્કારે દુર્ગતિમાં લઈ જાય તેનું નામ વિગઈ.*

**૩૪૦. સભા : 'વિગઈ વિના ચાલે ખરું ?'**

**પૂજ્યશ્રી** : જરૂર ચાલે; ન કેમ ચાલે ? મહાપુરુષોએ બરાબર ચલાવ્યું છે. ધન્ના કાકંદી જેવા ભરપૂર સાહ્યબીવાળા પુષ્પની શય્યામાં પોઢનારાએ પણ દીક્ષા લીધા પછી જાવજ્જીવ છઠ્ઠને પારણે છઠ્ઠ કર્યા છે. પારણે આયંબીલ અને એ આયંબીલમાં આહાર પણ એવો કે જેના પર માખી પણ ન બેસે. નવ મહિનામાં તો શરીર એવું થયું છે કે ખુદ ભગવાને શ્રીમુખે કરેલી એમની પ્રશંસા સાંભળીને, વનમાં કાઉસ્સગ્ગ ધ્યાને રહેલા એ મુનિને શોધવા નીકળેલા રાજા શ્રેણિકને, પોતાની નજરે પડવા છતાં એ ઓળખાયા નથી. માથું તૂંબડા જેવું, શરીર હાડપીંજર જેવું, જીભ પલાશના પાંદડા જેવી, આંખો ઊંડી ઊતરી ગયેલી, જાણે વૃક્ષનું ઠૂંઠું ઊભું હોય એવા એ લાગતા હતા. રાજા શ્રેણિકે માંડ માંડ એમને શોધ્યા છે.

**આ શરીર ગધેડાની જાતનું છે :**

આપણી પામરતાનો દોષ વસ્તુ પર ન કરાય. આપણે ન કરીએ તે ખામી આપણી છે. વિગઈ વગર ન જ ચાલે એમ નથી. દુનિયામાં ઘણાને વિગઈ નથી મળતી, છતાં અલમસ્ત શરીરવાળા દેખાય છે અને મોજથી જીવે છે. આ શરીર તો ગધેડાની જાતનું છે. પંપાળો તેમ આડું ચાલે ને પથ્થર મારો તો ઠેકાણે આવે. એને જેમ સાચવો તેમ એ ઢીલું થવાનું અને એના ઉપર જેમ કડકાઈ કરો તેમ એ કામ આપવાનું, એ એનો નિયમ છે. ચાર દિવસ તડકામાં ચાલતાં અમૂંઝણ થાય પણ પાંચમે દિવસે એની મેળે એ ઠેકાણે આવે. અનંતજ્ઞાનીઓની એકેય આજ્ઞા એવી નથી કે જેથી અહિત થાય. (સં.સ્વ.દ.ભાગ-૩)

# ❖ વિષય-કષાય ❖

**૩૪૧. સભા : 'વિષયવિરાગથી કષાયત્યાગ કે કષાયત્યાગથી વિષય વિરાગ ?'**

**પૂજ્યશ્રી** : બેયનો પરસ્પર કાર્ય-કારણનો સંબંધ છે. અનંતાનુબંધીના કષાયો આદિનો ઉપશમ આદિ થયા વિના સમ્યગ્દર્શન થાય ? નહિ. સમ્યક્ત્વ માટે જરૂરી અનંતાનુબંધીના કષાયો આદિનો ઉપશમ આદિ થતાં પહેલાં અમુક પ્રકારનો વિષયવિરાગ થાય કે નહિ ? થાય. વિષયવિરાગ થવામાં કષાયત્યાગ કારણ અને કષાયત્યાગ થવામાં વિષયવિરાગ કારણ જેમ મન જીત્યા વિના વચન-કાયા કાબુમાં ન આવે તે સાચું, પણ મન જીતવા વચન-કાયાનો કાબુ જરૂરી, ઉન્માર્ગે જતાં મનને નબળું પાડવાનો ઉપાય બળાત્કારે પણ વચન કાયાનો કાબૂ રાખવો. એ આત્મામાં કષાયને પ્રગટ કરનાર કોણ ? વિષયની વાસના. વિષયની વાસના જ ન હોત તો કષાયો પ્રાયઃપ્રગટત જ નહિ. વિષયવિરાગ પછી જે કષાય ત્યાગની વાત લીધી છે, તે વિષયસામગ્રીથી પેદા થતા કષાયોને અંગે છે. કષાયો મહીં પડ્યા હોય, પણ વિના નિમિત્તે કરે શું ? કષાયને ઘણુંય સળગવું હોય પણ વિના નિમિત્તે સળગે શી રીતેએ ? અને કષાયો પૂરા હોય તો વિષયરાગ ન હોય એ બને કેમ ? છતાં કેટલેક સ્થળે શાસ્ત્રકાર પરમર્ષિઓએ વિષયવિરાગને પણ પ્રધાનતાં આપી છે. પાપથી બચવું હોય તો શું કરવું ? પહેલાં તો પાપની સામગ્રીથી આઘા રહેવું, એ પાપથી બચવાનો ઉપાય ખરોને ? ખરો. (જિ.વ. ૩/અં. ૨-૪)



## ✣ વ્રત-પચ્ચક્ખાણ ✣

**૩૪૨. સભા : 'હિરણ્યાદિ પરિગ્રહનો પરિત્યાગ કરીને'-એનો અર્થ શું ?'**

**પૂજ્યશ્રી** : હિરણ્ય એટલે સુવર્ણ અને આદિપદથી હીરા માણેક-મોતી-રૂપું-ઘર-ધન-ધાન્ય આદિ વસ્તુઓનો જે પરિગ્રહ-તેનો ત્યાગ કરીને.

(જિ. વ. ૫/અં. ૩)

**૩૪૩. સભા : ગુણવ્રત કોને કહેવાય?**

**પૂજ્યશ્રી** : પાંચ અણુવ્રત પછી ત્રણ ગુણવ્રત. એ ત્રણ વ્રતોને ગુણવ્રત કેમ કહ્યાં ? અણુવ્રતોને એ ગુણ કરનારાં છે માટે અણુવ્રતોના વિકાસમાં ગુણવ્રતોનું પાલન સહાય કરનારૂં છે. ગુણવ્રત અણુવ્રતરૂપ ધર્મને વેગ આપનારાં છે.

**૩૪૪. સભા : શિક્ષાવ્રત કોને કહેવાય ?**

**પૂજ્યશ્રી** : હવે ચાર શિક્ષાવ્રત. શિક્ષા એટલે અભ્યાસ. અહીં શિક્ષાનો અર્થ એ લેવાનો છે કે - પરમ પદપ્રાપિકા ક્રિયા. પરમપદ એટલે મોક્ષ : એને પ્રાપ્ત કરાવનારી જે ક્રિયા તેની છે પ્રધાનતા જેમાં તે શિક્ષાવ્રત. એ ક્રિયાદિથી સમતાદિનો લાભ થાય છે. (જિન. વ. ૬/અં.૭)

પૂ.આચાર્ય ભ. **શ્રી સેનસૂરિ મહારાજાને** પ્રશ્ન પૂછ્યો કે :-

એક જણે બ્રહ્મચર્યવ્રત લીધું પણ પાછળથી ભાંગ્યું. અને બીજાએ ભાંગવાના ભયથી લીધું જ નહિ, તો બેમાં લઘુકર્મી કોણ ?

પૂ. આચાર્ય ભ. એ કહ્યું કે લેનારો લઘુકર્મી છે, નહિ લેનારો ગુરુકર્મી છે.

**નિયમથી થયેલો લાભ :**

જેણે નિયમ લીધો તેની લેતી વખતની ભાવનાની શુદ્ધિ, પરિણામની શુદ્ધિ, બોધિબીજનો લાભ, સ્વર્ગાદિ આયુષ્યનો બંધ, (જો આયુષ્યનો બંધ થાય તો) એ લાભ તો થયો જ છે. જેટલો કાળ નિયમ પાળ્યો તેટલો લાભ થયો. નિર્જરા થઈજ. ત્યાં ખેડુતનું દૃષ્ટાંત આપે છે.

ગૌતમ મહારાજાએ પ્રતિબોધેલો ખેડુત સંયમ લે છે. એ કાંઈ બીજું જાણતા નથી પણ ગૌતમ મહારાજા 'આ બધું પાપ છે' એમ સમજાવે છે તે વાત માની લઈને તરત સંયમ લે છે અને એમની સાથે સાથે ભગવાન પાસે આવે છે, પણ ભગવાન મહાવીર દેવને જોઈને એ તરત પાછો ભાગે છે. આ જોઈ ઈંદ્ર મહારાજા હાંસી કરે છે. ત્યારે ખુદ ભગવાન કહે છે કે 'હાંસી કરવી યોગ્ય નથી,

એ જીવ પામી ગયો.' ફકત અહીંથી ત્યાં આવ્યો ને તરત પાછો ભાગી ગયો એને માટે ભગવાનને 'પામી ગયા'નું પ્રમાણપત્ર આપી દીધું. સંયમ લેતી વખતની પરિણામ શુદ્ધિનું એ ફળ હતું.

અશુભ કે શુભ જે બંધ નિયત થયા તે થયા. શ્રી શ્રેણિક મહારાજા કે કૃષ્ણ મહારાજાને ક્ષાયિક સમ્યક્ત્વનો જે લાભ થયો તે જેમ નિયમ છે તેમ પૂર્વે નરકાયુનો જે બંધ પડેલ છે તે પણ નિયમ છે. પહેલા નરકે જવું જ પડ્યું. સારી કરણીનું ફળ ચોક્કસ, પણ નરકે ગયા વિના છુટકો ન થયો. કર્મવશ જીવ નિયમ ભાંગે પણ ખરો પણ પાછો તે પાપની નિંદા કરે, ગર્હા કરે અને શુદ્ધ થાય. શ્રી નંદીષેણ મુનિનું દૃષ્ટાંત એ માટે પ્રસિદ્ધ છે.

પણ એ રીતે શુદ્ધ કોણ થાય ? પામેલો કે નહિ પામેલો ? મહાત્મા શ્રી નંદીષેણ મુનિવરે પોતાના વ્રતનો ભંગ ન થાય માટે આત્મઘાત કરવાના તમામ પ્રયત્ન કર્યા, પણ ભોગાવલી તીવ્ર હતું. દેવીએ તમામ પ્રયત્નો નિષ્ફળ કર્યા. ફાંસો ખાધો તે પણ છૂટી ગયો, કર્મોદય નડયો, વેશ્યાને ત્યાં ગયા, વેશ્યાના વચનથી અભિમાન આવ્યું, તરણું તોડી સોનૈયાની વૃષ્ટિ કરી, વેશ્યા આધીન થઈ અને તીવ્ર કર્મોદયે પોતે ત્યાં રહ્યા, પણ તે જ વખતે રજોહરણ સાચવીને ઊંચે મૂક્યું. મનમાં થયું કે 'મેં વ્રત ભાંગ્યું ! વ્રત લીધું હતું તો 'ભાંગ્યું' એમ થયું ને?

(જિ.વ.૧૪/અં.૧૨)

*પૈસો ભૂંડો ન લાગે ત્યાં સુધી પરિગ્રહ પરિમાણનું સાચું પચ્ચક્ખાણ ન થાય.*

**૩૪૫. સભા** :'વારંવાર નિયમ લે અને તૂટે તો ?'

**પૂજ્યશ્રી** : આ તો જન્મ્યાં પહેલાં જ મરવાની વાત કરે છે. તૂટે કેમ ? મન કાબૂમાં કેમ નથી ? ગમે તેમ થાય તોયે નિયમથી ખસવું જ નથી એ નક્કી કરો. 'મન કાબૂમાં નથી રહેતું' એવાં ગપ્પાં ન મારો પણ કાબૂમાં નથી રાખતા એમ કહો. લાખોની પરવા છોડીને પણ નિયમ પાળવો, એ મક્કમતા જોઈએ. મોટી ક્રિયામાં તમારા બચાવો ચાલે પણ સામાન્ય ક્રિયામાં એ ન માનું. એમ કહો કે 'અમે શરીરના પૂજારી છીએ, આત્માના પૂજારી નથી.' આત્માના પૂજારી બનો તો દી' ઊગે નિયમ ભાંગે એ બને ? કોઈ વખત પાપોદયે તેવા સંયોગે એવું બને એ વાત જુદી પણ રોજ નિયમ ભાંગે એ ન બને. ભાંગે તો એનું પ્રાયશ્ચિત્ત કરો. એને માટે પા અર્ધો કલાક રુઓ. લાખ જાય તો પોક મૂકો ને ? લાખ જતાં હૈયાને જે ઘા પડે તેવો અહીં પડવો જોઈએ. અહીં પણ રુઓ. જરા ડાહ્યા બનો. તમને વસ્તુ તરફ સદ્ભાવ જાગ્યો નથી. સદ્ભાવ જાગ્યા પહેલાં તમને કોઈએ કઠિનતાનો 'હાઉ' વળગાડી દીધો છે. અનંતાનંત સુખ આપનારી ક્રિયામાં તમને કઠિનતાનું ભૂત કોઈએ ભરાવી દીધું છે.

દુનિયાની ખાવા-પીવાની બધી ક્રિયા થાય અને ધર્મક્રિયા જ ન થાય એનું કારણ ? એ કાંઈ ઝેર છે ? જેને ગમે તે અને જ્યારે ફાવે ત્યારે એ કરે એમ ? તો તો આ એક મામૂલી ચીજ થઈ ગઈ. તમારે એને એવી બનાવવી છે ? એવી બનાવી તો, દેવ મંદિરમાં, ગુરુ ઉપાશ્રયમાં, ધર્મ આગમોમાં અને બહુ બહુ તો પૂર્વના મહાપુરુષોનાં હૈયામાં પણ તમારામાં શું ? જૈનકુળમાં જન્મેલા માટે પૂજા

કઠિન ? પૂજા માટે નિયમ આપવા પડે ? જે પૂજા વગર નિયમે કરવાની ત્યાં નિયમ આપવા પડે એમાં કાંઈ શોભા છે ? કોઈ નિયમ લે તોય એમાં મહિનામાં દસ દિવસ ખુલ્લા રાખે, આ કઈ દશા ? કંદમૂળની બાધા લે ત્યાંય દસ શેર ખુલ્લું રાખે અને તેય પાછું જુદું જુદું, આ હાલત કઈ ?

---

**૩૪૬. સભા : 'પૂજા અને વ્યાખ્યાનમાં પ્રધાનતા કોની ?'**

**પૂજ્યશ્રી** : બેયની. બેય કરવાનાં. તેના ટાઈમે ટાઈમે તે કરવાનાં. ગપ્પાં મારવાં, ખાવું-પીવું, મોજ-શોખ કરવા, ઊંઘવું તથા બાળબચ્ચાં રમાડવામાં કેટલો ટાઈમ મળે છે ? તો આને માટે ન મળે ? બેય સમાન કોટિના છે. પૂજાને સમજાવનાર વ્યાખ્યાન છે. પૂજા એ શ્રાવક માટે નિત્યનું વિધાન છે. જિનવાણીનું શ્રવણ એ પણ શ્રાવકનું હંમેશનું કર્તવ્ય છે. શાસ્ત્રે શ્રાવક શબ્દની વ્યુત્પત્તિ કરતાં કહ્યું કે,

**शृणोति इति श्रावकः**

**અર્થ :** હંમેશ જિનવાણીનું શ્રવણ કરે તે શ્રાવક.

બેમાંથી કોને કઢાય ? એકેયને નહિ. રોટલી અને શાકમાંથી કોને કઢાય ? શાક વગર એકલી રોટલી ખાય તોયે એ 'ખાધી' એમ ન કહે પણ 'ખાધી હવે' એમ મોં બગાડીને કહે.

---

** પંચ મહાવ્રતની લાલસાવાળાને જ ૧૨ વ્રતના પચ્ચક્ખાણ આપવા જોઈએ.*

**૩૪૭. સભા : વ્યાખ્યાનમાં સંખ્યા કેમ ઓછી ? પૂજા કરનારા કરતાં વ્યાખ્યાન શ્રવણમાં સંખ્યા ઓછી કેમ?**

**પૂજ્યશ્રી** : ત્યાં ભગવાન બોલતા નથી, અહીં સાધુ બોલે છે, એમના એ ટોણા સંભળાતા નથી માટે.

**૩૪૮. સભા : 'જ્યાં ટોણા નથી મરાતા ત્યાં પણ સંખ્યા ઓછી શાથી ?'**

**પૂજ્યશ્રી** : ત્યાં રસ નથી આવતો. એ જિનવાણી શ્રવણના રસ વગરના પૂજા પણ બીજા હેતુથી કરે છે. વ્યાખ્યાન પહેલું કે પૂજા પહેલી એ પ્રશ્ન જ ધર્મદષ્ટિએ ન ઊઠે તેવો છે. કોઈ તદ્દન અશક્ત, વૃદ્ધ, ગ્લાન, દીન આદિના અપવાદની વાત જુદી છે. ટાઈમ ન મળે એ બચાવ ન ચાલે. શેઠને ત્યાં માનો કે સવારે આઠ વાગે જાઓ છો અને રાત્રે દસ વાગે છોડે છે, એ જ શેઠ સવારે સાત વાગે બોલાવે અને રાત્રે અગિયાર વાગે છોડે તો એ ટાઈમ સાચવો કે નહિ? ટાઈમ નહોતો તો એ બે કલાક ક્યાંથી લાવ્યા ? જેટલાં બહાના કાઢો એટલાં બધાં ખોટાં છે. ધર્મમાં અમને ટાઈમ નથી મળતો એવું કહેનારા પોણી સોળ આની ખોટા છે અને માયામિશ્રિત મૃષા બોલનારા છે. પા આની કોઈ પુણ્યવાન અપવાદમાં હોય એને માટે રાખવી પડે. (આચારાંગ ભાગ-૮)

** નિયમ વિનાનો માનવી લગામ વગરના ઘોડા જેવો છે.*

# ❖ સમ્યગ્દર્શન ❖

**૩૪૯. સભા : 'સમ્યગ્દષ્ટિ પૌદ્ગલિક લાલસાથી ધર્મ કરે જ નહિ ?'**

**પૂજ્યશ્રી** : સમ્યગ્દષ્ટિ પૌદ્ગલિક લાલસાથી ધર્મ કરે જ નહિ, એમ ન કહેવાય. બનવા જોગ છે કે-બાધક કર્મ જોરદાર હોય તો એને ધર્મ કરતાં તેવી લાલસા આવી પણ જાય.

---

**૩૫૦. સભા : અર્થકામ અનર્થભૂત છે એમ તો એ માને જ ને?**

**પૂજ્યશ્રી** : જે અર્થકામને પરમાર્થ દૃષ્ટિએ અનર્થભૂત ન માનતો હોય, તેનામાં સમ્યદ્દર્શન હોય જ નહિ અને એથી જ તેને ધર્મમાં પૌદ્ગલિક લાલસા આવી જાય તો ખટકે. એ જાણે છે કે-ધર્મ મોક્ષને માટે જ છે.

---

**૩૫૧. સભા : સમ્યગ્દષ્ટિ કોઇ ધર્મક્રિયા પૌદ્ગલિક લાલસાના યોગે કરે,તો તેનું સમ્યક્ત્વ ચાલ્યું જ જાય ?**

**પૂજ્યશ્રી** : સમ્યગ્દષ્ટિ આત્મા કોઇ ધર્મક્રિયા પૌદ્ગલિક લાલસાના યોગે કરે, એટલા માત્રથી જ એનું સમ્યક્ત્વ નિયમા ચાલ્યું જ જાય એમ નહિ : પણ એ વસ્તુ સમ્યક્ત્વને મલિન કરનારી છે. પૌદ્ગલિક અભિલાષાથી લોકોત્તર ધર્મની આરાધના કરવી, તે વિષાનુષ્ઠાન અને ગરાનુષ્ઠાનમાં જાય છે, તથા તેનાથી પરિણામે ઘણું નુકશાન થાય છે. (જિ.વ.૬/અં.૫)

---

**૩૫૨. સભા : પૌદ્‌ગલિક ઈરાદાથી ધર્મ કરનારને પણ લાભ તો થઇ જાય ને?**

**પૂજ્યશ્રી** : મુગ્ધ જીવોને માટે વાત જુદી છે. એ બીચારાઓને માલૂમ નથી. તેઓ જાણી જોઇને તેમ કરતા નથી. તેમને ખબર નથી કે-મોક્ષને માટે ધર્મ કરવો જોઇએ. એ તો સાંભળે કે-ધર્મથી કલ્યાણ : એટલે ધર્મ તરફ વળે. પછી એને જ્યારે માલૂમ પડી જાય તો જેનું ભાવિ સુન્દર છે તેવા મુગ્ધ આત્માઓ માર્ગે વળી ગયા વિના રહે નહિ. એવા મુગ્ધ હોય છે કે-ધર્મ કલ્યાણકારી છે એમ સાંભળીને આવે. પૂછીએ તો કહી દે કે-દુઃખી છું, ધર્મથી કલ્યાણ થાય એમ સાંભળ્યું માટે આવ્યો છું. આપણે એને કહીએ કે-જો , તેં સાંભળ્યું તે સાચું છે. ધર્મથી જ કલ્યાણ થાય છે. કલ્યાણ માત્રનું મૂળ ધર્મ છે, પણ ધર્મ આવા પૌદ્‌ગલિક ઇરાદે ન થાય, પણ નિરાશંસભાવે થાય. એટલે ઝટ કહે કે-સારૂં ત્યારે, હવે તેમ કરીશ. ભોળા જીવો આ રીતે પહેલાં ઢળે છે, કારણ કે-તેમણે મોક્ષ જાણ્યો નથી અને અર્થ કામ પરમાર્થે અનર્થભૂત છે તે ખ્યાલમાં નથી.

(જિ. વ. ૬/અં. ૫)

---

**૩૫૩. સભા : અર્થકામ અનર્થભૂત છે તો ધર્મથી જે અર્થકામ પ્રાપ્ત થાય તે અર્થભૂત કે અનર્થભૂત ?**

**પૂજ્યશ્રી** : આ પ્રશ્ન પણ ઠીક છે. અર્થકામની પ્રાપ્તિ ધર્મના યોગે બંધાએલા પુણ્યથી થાય છે એ વાત સાચી, પણ પુણ્ય બે પ્રકારનાં છે. પુણ્યાનુબંધી અને પાપાનુબંધી. નિરાશંસભાવે કરાએલા ધર્મથી બંધાતું પુણ્ય

એ પુણ્યાનુબંધી હોય છે અને આશંસાભાવે કરાએલા ધર્મથી બંધાતું પુણ્ય એ પાપાનુબંધી પુણ્ય હોય છે. પુણ્યાનુબંધી પુણ્યના યોગે પ્રાપ્ત થએલા ભોગો આત્માને મુંઝવનારા હોતા નથી. પુણ્યાનુબંધી પુણ્યના યોગે પ્રાપ્ત થયેલા શબ્દાદિ વિષયોના ઉપભોગો, જ્ઞાનીઓ ફરમાવે છે કે-સારી રીતે તૈયાર કરેલા મનોહર અને પથ્ય અન્નની માફક સુન્દર વિપાકવાળા હોય છે.

(જિ. વ. ૬/અં. ૫)

---

**પૂર્વભૂમિકા** : જન્મથી સમ્યકત્વ યોગે વિરકત ભાવનાવાળા સંસારમાં રહેલા આત્માઓ સહજ નિમિત્ત પામતાં તરત સંસારથી ખસે છે. નિમિત્ત મળ્યા પછી જરાયે ઊભા રહેતા નથી. ધનાજીને સ્ત્રીઓએ એટલું જ કહ્યું કે -'કહેવું સહેલું છે, કરવું કઠિન છે' તો એટલી વાતમાં એ ચાલી નીકળ્યા. કહી દીધું કે-આટલી જ વાર, લો, કરી બતાવું. !' સ્ત્રીઓએ કહ્યું કે 'આ તો મશ્કરી હતી.' ધનાજી કહે 'આપણી મશ્કરી પણ આવી - એ નિષ્ફળ ન જાય' તમને તો સ્ત્રીઓ ગમે તેવાં કઠોર વચનો સંભળાવે તો એ નઠોર બની સાંભળી લો પણ ત્યાંથી જરાયે ખસો નહિ ને ?

ઉત્તમ આત્માઓ દુનિઆના ગમે તે પ્રસંગને જોઇને વૈરાગ્ય પામે છે. આજ તો કબૂલ કરી લે કે-'અમે ગુરુકર્મી' છીએ' આમ પોતાને ભારે કર્મી મનાવવામાં પણ ભય ન હોય ત્યાં વાત શી કરવી ? સામો વાત કરનારો આગળ વધે જ નહિ ને ? વર્તમાન સુખમાં મજેથી પડેલા માટે ધર્મની આરાધના અશક્ય નહિ તો દુઃશકય છે. વર્તમાન સુખમાં સુખની માન્યતાવાળાને સમ્યકત્વ થવું દુઃશક્ય

છે. વર્તમાન સુખ નહિ છોડવાની ભાવનાવાળા માટે ધર્મની આરાધના થવી દુષ્કર છે. મિથ્યાદષ્ટિને સમ્યકત્વની પ્રાપ્તિ દુષ્કર છે, કારણ કે, એ વર્તમાન કાળની સાહ્યબીમાં જ સુખ માને છે. સુખ સાહ્યબીમાં ફસાયેલા આત્મા માટે ધર્મની આરાધના દુષ્કર છે, કેમ કે, એ વર્તમાન સુખમાં ફસાયો છે.

આંખનો રોગ જવાથી વસ્તુ વાસ્તવિક સ્વરૂપે દેખાય છે, તેમ મિથ્યાત્વ રોગ જવાથી સંસાર જેવો છે તેવો દેખાય છે અને સંસાર છે તેવો સમજાય તો જ ધર્મની આરાધના માટે સાચો ભાવ જાગે.

---

**૩૫૪. સભા : પાપાનુબંધી પુણ્ય ખપે ખરૂં ?**

**પૂજ્યશ્રી** : પરિણામની તેવી ધારાથી જરૂર ખપે, પણ એ ધારા સાચી હૈયાની હોવી જોઇએ. માત્ર હોઠેથી બોલ્યે ન ચાલે. ભૂમિકા એવી સ્વચ્છ બનાવો કે ચિત્ર આપોઆપ ઉપસી આવે. મલિન ભૂમિકા હોય તો પીંછી પણ ખરાબ થાય, રંગ બગડે અને મહેનત નકામી જાય. સ્વચ્છ ભૂમિકા ઉપર ચિત્રામણ સુંદર થાય અને જોનારને આકર્ષણ થાય. એ જ રીતે હૈયાને સ્વચ્છ અને નિર્મળ બનાવો શી રીતે ?

### अनित्यमेतद् भविनां शरीरम्

શરીર અનિત્ય છે ને ? અનિત્ય શરીરની, શાશ્વત હોય એ રીતે સેવા કરે ત્યાં શું થાય ? એવી સેવા ભગવાનની મૂર્તિની કરે તો ? નહાતી વખતે પોતાના શરીરને નખ ન વાગે એની કેટલી કાળજી ? અહીં પૂજામાં ભગવાનને નખ ન અડે એની કાળજી રખાય છે ? શાશ્વત કોણ ? શરીર કે પરમાત્મા ? આ

શરીરને અનિત્ય કહેવાનું કે માનવાનું પણ ખરૂં ? એક વાર શુદ્ધ માન્યતા આવવી જોઇએ.

શ્રેણિક મહારાજાને ભગવાન શ્રી મહાવીરદેવના નામ શ્રવણથી રોમરાજી વિકસ્વર થતી અને ભગવાનના સમાચાર રોજ મેળવવા માણસો નિયત કર્યા હતા. રોજ સમાચાર મળતા અને સમાચાર આપનારને રોજ દાન દેવાતા. એમની ભાવના એવી હતી કે મારા ભગવાનના સમાચાર આપનારને દાન દેવું જ જોઇએ. સમાચાર ઊભા થઇ સાંભળતા. પછી પાંચ સાત કદમ આગળ જઇ વંદન કરી પછી સિંહાસને બેસતા હતા.

આજે તો કહે છે કે 'આ જમાનામાં પૂજા, સામાયિક, પડિક્કમણાના ટાઇમ હોય ?' આજના વેપાર જુદા, રીતભાત જુદી, રાતના અગિયાર, બાર, એક વાગે આવે. સવારે આઠ વાગે ઊઠે, બે ગરમા-ગરમ ચાહના ગ્લાસ પેટમાં રેડી આ ચાલ્યા, આવી રીત છે. એવાને સંસારમાં ન રમવાની વાત ગમે ? સંસારમાં કોણ ન રમે ? જે એને બરાબર જોઇ શકે તે. પણ કોણ જોઇ શકે ? જે માત્ર વર્તમાનને ન જોતાં ભૂત અને ભવિષ્યનો વિચાર કરે તે.

---

**૩૫૫. સભા : ભૂતકાળનો પણ વિચાર કરવો પડે ?**

**પૂજ્યશ્રી** : વર્તમાનકાળ એ ભૂતકાળની મહેનતનું ફળ છે અને વર્તમાનની કરણીનું ફળ ભવિષ્ય છે. ભૂતકાળના બળે જ આજની સ્થિતિ છે. ભૂતકાળની કિંમત સમજાય તો જ ભવિષ્યની વિચારણા થાય.

**कोऽहं ? कुत : समायातः ?** એ ભૂતકાળની વિચારણા છે.

**૩૫૬. સભા : તો પછી "गतं न शोचयेत्" એમ કહ્યું છે, એ શાથી ?**

**પૂજ્યશ્રી** : આત્માને આર્તધ્યાન થાય તેવા પ્રસંગે, આર્તધ્યાનથી બચવા માટે એ વિચારવાનું છે. બાકી તો ભૂતકાળની વિચારણા ખાસ કરવાની છે. ભૂતકાળની વિચારણા કરવાથી જ ભૂતકાળની ભૂલોને અને એના પરિણામોનો ખ્યાલ આવે અને ભવિષ્યમાં એવા પરિણામોથી બચવા વર્તમાનમાં તેવી ભૂલો ન થાય તેની કાળજી જન્મે. વળી ભગવાન શ્રી મહાવીરદેવ વગેરે ચોવીસેય તીર્થંકરદેવોનું તથા તેમની આજ્ઞાનું સ્મરણ એ પણ ભૂતકાળની જ વાત છે ને ?

**સભા : 'એ સ્વાધ્યાય છે.'**

**પૂજ્યશ્રી** : તો એ જ રીતે 'હું' કોણ ? ક્યાંથી આવ્યો ? વગેરે વિચારણા એ પણ સ્વાધ્યાય છે, માટે ગભરાવાની જરૂર નથી.

ભૂતકાળની વિચારણા ભૂલાઈ માટે તો ભવિષ્ય તરફ નજર જતી નથી. 'મારું ઘર, મારી લક્ષ્મી ' કરે છે પણ શાસ્ત્ર કહે છે કે એ તારૂં નથી. એ તારૂં શાથી ? આવ્યું ક્યાંથી ? એ વિચાર. એ વિચારવા માટે ભૂતકાળ તરફ નજર દોડાવવી પડશે. ભૂતકાળના ઉપકારોનો વિચાર ન કરે તો બાળક માતાપિતાને હાથ જોડે ? ભૂતકાળની વિચારણાની કિંમત બહુ છે. ન માને અને ગમે તેમ બોલે તે જુદી વાત પણ વિચાર કરે તેને માન્યા વિના ચાલે જ નહી.

** સમ્યગ્દર્શન પામેલ આત્માની પ્રવૃત્તિ હજી મેલી હોઈ શકે, પરંતુ હૃદય તો મેલું ન જ હોય.*

**૩૫૭. સભા : 'વાણી સ્વાતંત્ર્યનો યુગ છે ને ?'**

**પૂજ્યશ્રી** : એવા વાણી સ્વાતંત્ર્યને આ શાસનમાં સ્થાન નથી. દુનિયાના પદાર્થોમાં પણ આવું વાણી સ્વાતંત્ર્ય ચાલતું નથી. ત્યાં પણ વસ્તુને ઉદ્દેશીને જ બોલાય છે. માલ લીધા દીધાની વાત તિજોરીમાં પૈસા હોય તો બોલાય છે ને ? ન હોય ને બોલે તે ભીખ માગે. ભૂતકાળની આવી મહેનતનું આ ફળ છે. એ દૃષ્ટિ હોય તો જ ભવિષ્યનો વિચાર કરાય. વગર કમાયે જેને લક્ષ્મી મળે, તેને તેની કિંમત નથી હોતી પણ જેની પાસે પહેલાં ન હોય અને પછી ઘણી મહેનતથી મળે તે તો સાત વીસે સો માને છે. પાંચ વીસે નહિ પણ સાત વીસે સો માને એનો અર્થ એ કે એને એની મુશીબતના અનુભવનો પૂરો ખ્યાલ છે.

**આસ્તિકતા–નાસ્તિકતા :**

ભૂતકાળને સમજ્યા વિના ભવિષ્યકાળને સુધારવાનું મન ન થાય. મનુષ્યજીવન એ શાનું પરિણામ? ભૂતકાળ કેવો હશે ત્યારે આ ભવ મળ્યો? એ જો વિચારો તો ભવિષ્યની ચિંતા જાગે અને ત્યાગદશા જાગે.

---

**૩૫૮. સભા : મેઘકુમારને એમ જ થયું ને ?**

**પૂજ્યશ્રી** : બધાને મોટા ભાગે એવું જ બને છે. ભૂતકાળના થોડા ધર્મને અને એના વર્તમાન પરિણામને વિચારે તો ભવિષ્યમાં અધિક કરે. ભૂતકાળને ન વિચારનારા ભવિષ્યનો વિચાર કરી શકતા નથી. ભૂત અને ભવિષ્ય બંને કીંમતી છે. પણ ભવિષ્યની જરૂર સમજાય ક્યારે ? ભૂતકાળ સારો હશે માટે જ

વર્તમાન સારો છે એમ વિચારાય, સમજાય અને મનાય તો ને ? એય દષ્ટિ સામે રાખવી પડશે. એક પણ દષ્ટિને બાજુ પર નહિ મૂકાય.

વર્તમાનનાં દષ્ટાંતો તમને એટલી પ્રેરણા નહી આપે. 'જોયો એને હવે !' એમ જ થશે. ભૂતકાળનાં દષ્ટાંતોથી હેરત પમાશે. એ દષ્ટાંતો અનુકરણીય મનાશે, તો એ દષ્ટાંતોના અવલંબને આત્મા ઊંચો આવશે. આસ્તિકતા મેળવવી હોય તો ભૂત-ભવિષ્ય વિચારવાં પડશે અને વર્તમાનને ગૌણ કરવો પડશે. સાધુ, દેશવિરતિ, વ્રતધર, નિયમધર ક્યારે થવાય ? સુખસામગ્રીનો ત્યાગ ક્યારે થાય ? ભૂત ભવિષ્યનો ખ્યાલ કરાય તો. કેવળ વર્તમાન દષ્ટિવાળો તો મળ્યું એને ભોગવવાનું માને છે અને કહે છે; જ્યારે ભૂત-ભવિષ્ય દષ્ટિવાળો મળ્યું એમા ન મુંઝાવામાં માને છે અને કહે છે.

આસ્તિકે ભૂત-ભવિષ્ય લક્ષ્યમાં રાખી વર્તમાનને ગૌણ કરવો પડશે, સુખ મૂકી દુઃખ સ્વીકારવું પડશે.

---

**૩૫૯. સભા : શું વર્તમાન જોવાનો જ નહિ ?**

**પૂજ્યશ્રી** : વર્તમાનને જોવાનો પણ તે ભવિષ્યને ઉજ્જવળ બનાવે તે રીતે. વર્તમાનનો ઉપયોગ જીવનને વિરાગ માર્ગે વાળવા માટે છે. વર્તમાનમાં લાખ મળતા હોય ત્યાં ધ્યાન રાખવું કે નીતિ છૂટી ન જાય. નીતિ રહેતી હોય તો ભલે, નહિ તો લાખ પાછા જવા દેવા, વર્તમાન આ રીતે જોવાય. પૂર્વની સારી કાર્યવાહીથી આ મળ્યું છે માટે ભવિષ્યની સાધના માટે વર્તમાન કેવો ગાળવો એ ત્યારે જ વિચારાય. એ વિચાર વિના બંગલા બગીચામાં પડેલાને ધર્મ ગમે ? નાસ્તિકતાનું મૂળ અહીં છે.

નાસ્તિકતા તો બધે બેઠેલી છે. આસ્તિકતા એવી છે કે એને લાવવાની મહેનત કરવી પડે, આવ્યા પછી જાળવવાની મહેનત કરવી પડે, જાળવતાં ન આવડે તો ચાલી જતા વાર ન લાગે, અને તરત નાસ્તિકતા આવે. આજના આસ્તિક ક્યારે નાસ્તિક થાય એ ન કહેવાય. ધર્મ કરતાં જરા આપત્તિ આવી એટલે નાસ્તિકતા આવીને ઊભી રહે આજની આ દશા છે.

**૩૬૦. સભા : નિમિત્તવાસી જીવ છે ને ?**

**પૂજ્યશ્રી** : માટે તો કહે છે કે સારાં નિમિત્તો મેળવવાની ઉતાવળ કરો ! પૂજા કરવા ગયો અને આપત્તિ આવી કે તરત બોલે કે 'ધર્મમાં શું છે ? એટલે નાસ્તિકતા આવી. શાસ્ત્ર કહે છે કે પૂજા કરવા આવ્યો એ તો ખરૂં પણ પૂર્વે ઊંધું વાળીને આવ્યો છે એનું શું ? (જિ.વ.૧૨/અં.૮)

**૩૬૧. સભા : સમ્યગ્દષ્ટિને દુઃખ શાનું ?**

**પૂજ્યશ્રી** : સમ્યગ્દષ્ટિ આત્મા પોતાના અનુષ્ઠાનથી સાધ્યની સમ્યગ્ પ્રકારે સિદ્ધિ ન થાય તો દુઃખ પામે.

કહ્યુ છે કે -

**उपादेयविशेषस्य, न यत् सम्यक्प्रसाधनम् ।**
**दुनोति चेत्तोऽनुष्ठानं, तद्भावप्रतिबन्धतः ।।१६।।**
**ततश्च दुष्करं तन्न, सम्यगालोच्यते यदा ।**
**अतोऽन्यद् दुष्करं न्यायद्धेयवस्तु प्रसाधकम् ।।१७।।**

જેમ કોઇ પણ પદાર્થ ઉપાદેય લાગી જાય તો તેને મેળવવા માટે ગમે તેટલું કષ્ટ વેઠવું પડે તો પણ તે પદાર્થ પ્રત્યેના રાગના કારણે મન દુઃખી બનતું નથી, તેમ મુક્તિ પ્રત્યે અનુરાગ પ્રગટી જાય અને એના સાચા ઉપાયો બરાબર સમજાઇ જાય તો તે ઉપાયરૂપ અનુષ્ઠાનો કદી દુષ્કર લાગતા નથી. આ સિવાયની બીજી બધી જ પ્રવૃતિ કે જે, મુક્તિ આપવા અસમર્થ હોય અને હેય એવા અર્થ કામ વગેરે આપવા સમર્થ હોય તેવી દરેક પ્રવૃતિ એને કષ્ટકર લાગે છે. એ પ્રવૃત્તિમાં એનું મન દુઃખનો અનુભવ કરે છે.''

આ ઉપરથી સમ્યગ્દષ્ટિ આત્માને દુઃખ શામાં અને સુખ શામાં, એ બરાબર સમજી શકાય તેમ છે. સમ્યગ્દષ્ટિ આત્માને મોક્ષસાધક ધર્મપ્રવૃતિથી કદી દુઃખનો અનુભવ ન થાય. ધર્મપ્રવૃત્તિમાં દેખાતું દુઃખ પણ એને સુખનો અનુભવ કરાવે. કારણ કે એ જેમ જેમ ધર્મપ્રવૃતિ કરતો જાય તેમ તેમ એનો મોક્ષ નજીક આવતો દેખાય છે. એ આત્માને દુઃખ સંસારની પ્રવૃતિ કરતાં થાય છે. કારણ કે એનાથી એને મોક્ષ દૂર થતો દેખાય છે. જે ક્રિયાથી મોક્ષ દૂર થતો દેખાય, એ ક્રિયાથી સમકિતીને થાકનો અને દુઃખનો અનુભવ થાય એ સહજ છે.

આથી સમજી લો કે ખાલી વાતો કરવાથી કામ નહિ ચાલે. ''હું સમ્યગ્દષ્ટિ છું'' એવું કહેવડાવતાં પહેલા વિચાર કરો કે તમારી આવા પ્રકારની દશા છે? એ દશા ન હોય તો એ દશા પામવાની ભાવના પણ છે ? જો ના, તો સમજો કે કેવળ વાતો કે નામની વિદ્વત્તા અને કેવળ બાહ્ય આડંબર, આ બધું શાસનમાં ટકે તેમ નથી.

સમ્યગ્દર્શન ન થાય ત્યાં સુધી ગમે તેવા જ્ઞાનને અજ્ઞાન કહ્યું. ભલે હજારો

પુસ્તકો ભણીને એ પંડિત બન્યો હોય પણ જો એનામાં સમ્યગ્દર્શન નથી તો શાસ્ત્રકારો એને અજ્ઞાની કહે છે. કારણ એ કે, એ જ્ઞાન એને સંસારમાં રાચવા માચવામાં સહાય કરે છે, ઈચ્છાનુસાર વર્તવાની એને છૂટ આપે છે અને જ્ઞાનનું ફળ જે વિરતિ છે, એ વિરતિરૂપ ફળથી આત્માને વંચિત રાખે છે. એ મિથ્યાજ્ઞાનરૂપ અજ્ઞાન પણ જ્ઞાનરૂપ બની શકે છે, પણ ક્યારે ? જ્યારે સમ્યગ્દર્શન આવે ત્યારે. કોઈ કહે કે મને સમ્યગ્દર્શન થયું, તો પૂ. આચાર્ય **શ્રી હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજા ફરમાવે છે કે-એને પૂછો કે-'સંસાર તને ગમે છે?' જો હા, કહે તો સમજવું કે એની વાત ખોટી છે. કેવો સુંદર ક્રમ ? કેવી સરસ મજાની ચાવી ?

એક ત્યાગનું ધ્યેય જરા બાજુ પર મૂકાય તો અનુષ્ઠાન રહે પણ એમાંથી જૈનશાસન નાશ પામે. આ શાસનની ક્રિયામાત્રમાં ત્યાગ અને ત્યાગની ભાવના ઠાંસી ઠાંસીને ભરેલ છે. અહીં તો શબ્દે શબ્દે અને વાતે વાતે ત્યાગ છે. એક એક આચરણા ત્યાગથી ઓતપ્રોત છે અને ત્યાગની ભાવનાને બાજુ પર રખાય તો જૈનશાસન ગયું સમજો.

---

**૩૬૨. સભા : 'ઈતરદર્શનમાં પણ ત્યાગ તો છે ને ?'**

**પૂજ્યશ્રી** : છે, પણ જે દૃષ્ટિએ અહીં છે તે દૃષ્ટિએ ત્યાં નથી. ત્યાગ ત્યાગમાં પણ ઘણો ભેદ પડે છે. વેપારી પણ ત્યાગ નથી કરતો ? કરે છે. પણ ત્યાં એની દૃષ્ટિ કમાવવાની છે. દુન્યવી દરેક વસ્તુની સાધનામાં ત્યાગ તો છે જ. ત્યાગ વિના એ સાધના પણ ક્યાં છે ? પરંતુ એક ત્યાગ દુનિયાની વસ્તુ

સાધવા માટે છે અને બીજો ત્યાગ દુનિયાથી સર્વથા છૂટવા માટે છે, પચાસ-સો રૂપિયાનો પગારદાર નોકર ખાવાનો ત્યાગ કરી કામ કરવા દોડે છે ને ? પરંતુ એનો એ ઉપવાસ ત્યાગમાં ગણાય ?

ઘણા કહે છે કે મહારાજ રોજ ત્યાગનું વ્યાખ્યાન જ વાંચે છે. પણ હું પૂછું છું કે એક શ્લોક, એક ગાથા, એક પદ પણ એવું લાવો કે જેમાં ત્યાગની વાત ન હોય. આ શાસ્ત્રમાં એવી એક પંક્તિ નહીં મળે.

**સમ્યગ્દર્શન વિનાનું જ્ઞાન–અજ્ઞાન :**

સમ્યગ્દર્શન રૂપી પીઠને રૂઢ બનાવવાની વાત ચાલે છે. પહેલી વાત એ છે કે સમ્યગ્દર્શન ન હોય ત્યાં સુધી દુનિયાનું બધું જ્ઞાન અજ્ઞાન છે. સમ્યગ્દર્શન વિનાના સમર્થ જ્ઞાનીને પણ આ શાસનમાં 'બીચારા' કહે છે, કેમ કે ત્યાં સમ્યગ્દર્શન નથી. સાવદ્યાચાર્ય અભિમાનથી એક જ વાતમાં ફેરફારવાળું બોલ્યા કે એને માટે શાસ્ત્રે અનંત સંસાર વધાર્યાનું લખ્યું અને ઈંદ્રભૂતિએ ભગવાનને ઈંદ્રજાલીયા, ઠગ, ધૂર્ત વગેરે બધું કહ્યું તોયે એમને માટે એવું ન લખતાં ફકત અજ્ઞાન કહ્યા.

ઈંદ્રભૂતિ વિદ્વાન એવા કે સામે ઊભો રહે એવો એક પંડિત તે વખતે ન હતો. યુક્તિથી એમને પરાજીત કરવાની કોઈનામાં તાકાત ન હતી. ઈંદ્રભૂતિ આદિ અગિયારેય સરખા વિદ્વાન હતા. દરેકના હૃદયમાં એક એક શંકા હોવા છતાં, તે પરસ્પર જણાવ્યા વિના દરેક પોતાને જગતમાં સર્વજ્ઞ મનાવતા હતા. પોતે પોતાને ખુશીથી સર્વજ્ઞ માનતા હતા, આમ છતાં શાસ્ત્રે એમની ટીકા-

ટીપ્પણ ન કરી. કેમકે, દુનિયાદારીનું ગમે તેટલું ભણેલા એ બીચારાને વસ્તુનું વાસ્તવિક જ્ઞાન કયાં છે?' એવું આ શાસ્ત્રકાર જાણતા હતા. જ્યારે એ અગિયારેય ભગવાન પાસે આવ્યા, ભગવાનને મળ્યા, શંકાથી વિરામ પામ્યા, વસ્તુનું જ્ઞાન પામ્યા, ભગવાનનું શરણું સ્વીકાર્યું, ઉપન્નેઈ વા-વિગમેઈ વા-ધુવેઈવા એ ત્રિપદી પામી દ્વાદશાંગી રચી, ત્યારે એમને જ, એ જ શાસ્ત્રકારે સમ્યગ્દષ્ટિ અને જ્ઞાની કહ્યા. સમ્યગ્દર્શન વિનાના ગમે તેવું ભણેલાને પણ આ શાસ્ત્રકાર અજ્ઞાની કહે છે.

---

**૩૬૩. સભા : સમ્યગ્દર્શન સંસાર ન ગમે તો જ આવે કે સંસારને સારો ન માને તો યે આવે?**

**પૂજ્યશ્રી** : શાસ્ત્રકાર ભગવંતે શું કહ્યું? **भवोदधौ न रमते** 'સંસાર સાગરમાં ન રમે'-કોણ ન રમે ? સંસાર ગમે તે ન રમે? કે સંસાર ન ગમે તે ન રમે ? જેને સંસાર ગમે તે સંસારમાં રમ્યા વિના ન રહે? અને જેને સંસાર ન ગમે તે સંસાર સાગરમાં કેમ રમે? ઝેરને પ્રાણનાશક માન્યા પછી કોઈ ખાય છે ખરો ? કેશર, કસ્તુરી, એલાયચી, પીસ્તા, જાયફળ વગેરે મસાલાથી ભરપૂર, કઢેલા અને સુગંધી દૂધનો કટોરો હાથમાં લઈ પીવા માટે મ્હોં સુધી લઈ ગયા, હોઠે અડાડ્યો અને કોઈએ કહ્યું કે એમાં ઝેર છે તો તરત હાથમાંથી ગબડી જાય ! એને મૂકી દેવો ન પડે પણ એની મેળાએ જ પડી જાય ને? કેમ માન્યું છે કે '**विषं प्राणनाशकम्**' – 'વિષ પ્રાણનો નાશ કરનાર છે.'

જે એવો દાવો કરે કે-મને સમ્યગ્દર્શન થયું છે. તત્ત્વની શ્રદ્ધાથી હું પવિત્ર થયો છું, તો તેને પૂછો કે તને સંસાર ગમે છે ? જો એ 'હા' કહે તો તેને કહી દો કે તારામાં સમ્યગદર્શનના ફાંફાં છે. સમ્યગ્દર્શન રસ્તામાં નથી પડ્યું કે એમ આવી જાય.

---

**૩૬૪. સભા : જ્ઞાન, દર્શન, ચારિત્રનો પરસ્પર સંબંધ છે. ?**

**પૂજ્યશ્રી** : ઘણા કહે છે કે તત્ત્વ સમજ્યા પછી ગમે તેમ વર્તવામાં હરકત શી ? આવું જે એ બોલે છે એ જ સૂચવે છે કે હજુ એને તત્ત્વ સમજાયું જ નથી. સમ્યગ્દર્શનના વર્ણનમાં ત્યાગ અને ત્યાગની ભાવનાને બાજુ પર મુકાય ? સમ્યગ્જ્ઞાનના વર્ણનમાં ત્યાગની વાત સાથે જ હોય કે બાજુ પર ? સમ્યક્ચારિત્રમાં તો ત્યાગ છે જ. એ ત્રણેમાં મોક્ષમાર્ગ છે. **તત્વાર્થ સૂત્રકારે** શું કહ્યું ? 'सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्ग : દર્શન, જ્ઞાન અને ચારિત્ર ત્રણેને ભેગાં બહુવચનમાં લીધાં અને મોક્ષમાર્ગ એક વચનમાં. એ વચન ભેદથી જણાવ્યું કે ત્રણેય ભેગાં થાય ત્યારે જ મોક્ષમાર્ગ બને છે.

સમ્યગ્દર્શન તથા સમ્યક્ચારિત્ર વિના સમ્યગ્જ્ઞાન મુક્તિમાર્ગ થાય ? સમ્યક્ચારિત્રમાં બાકીના બે ન હોય તો મુક્તિ સધાય ? સમ્યગ્દર્શનમાં પણ સમ્યક્ચારિત્ર ન હોય તો ચાલે ? સમ્યદર્શન એકલાથી જ મુક્તિ, સમ્યગ્જ્ઞાન એકલાથી જ મુક્તિ અગર સમ્યક્ચારિત્ર એકલાથી જ મુક્તિ કહેનારા સમ્યગ્દૃષ્ટિ કે મિથ્યાદૃષ્ટિ ?

જ્યાં સમ્યગ્દર્શન હોય ત્યાં બીજરૂપે જ્ઞાન ચારિત્ર પડેલાં જ હોય : જ્યાં સમ્યક્જ્ઞાન હોય ત્યાં બીજરૂપે દર્શન-ચારિત્ર પડેલાં જ હોય : જ્યાં સમ્યક્ચારિત્ર હોય ત્યાં બીજરૂપે જ્ઞાન-દર્શન હોય જ.

આટલું સમજ્યા પછી સમ્યગ્દર્શનમાં ત્યાગની વાતનું શું કામ-એ હવે કહેવાય ? ન જ કહેવાય. સાધુ આ ત્રણ સિવાય ચોથી વાત ન કહે : સામાયિકમાં રહેલા મુનિ સામાયિકની જ વાત કરે, બીજું ન કહે. સામાયિક એટલે ? જેનાથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રનો લાભ થાય તે સામાયિક. આમાં કોઇ ચોથી વાત છે ? સાધુ શું વાંચે તો આ ત્રણ ન આવે? કાંઇ પણ વાંચે એમાં એ આવે જ. માટે સમ્યગ્દર્શનના નિરૂપણમાં ત્યાગ વિના ચાલે ? સમ્યગ્જ્ઞાન કે ચારિત્રના વર્ણનમાં ત્યાગ ન આવે એ બને ? એવું કોઇ શાસ્ત્ર બતાવો કે જેમાં આ ન આવે. (જિ. વ. ૧૨/અં. ૧૮)

---

**૩૬૫. સભા : જ્ઞાન વિના દર્શન હોઇ શકે ?**

**પૂજ્યશ્રી** : હા ! જ્ઞાન વિના દર્શનશુદ્ધિ ન થાય એ વાત ખરી, પણ જ્ઞાન વિના દર્શન ન આવે એવું નથી. જ્ઞાન વિના પણ દર્શન (શ્રદ્ધા) હોઇ શકે. માટે તો લખ્યું કે

**भावेण सद्दहंतो अयाणमाणे वि सम्मत्तं ।**

**અર્થ :** ભાવથી શ્રદ્ધા કરે તે નહિ જાણનારમાં પણ સમ્યકત્વ હોય.

સમ્યકત્વ બોલો, દર્શન બોલો, દરેકનો અર્થ એક જ છે. એટલે જ્ઞાન વગર

દર્શન આવી શકે પણ દર્શન વિના જ્ઞાન આવે જ નહિ. દર્શન પહેલાનું જ્ઞાન એ *બધું અજ્ઞાન છે. દર્શનની શુદ્ધિ કરવી, દર્શનની સ્થિરતા ટકાવવી એ જ્ઞાનને* આધીન પણ દર્શન વિના જ્ઞાન છે જ નહિ.

દર્શન વિનાનો જ્ઞાની એ પોતાના જ્ઞાન કે ચારિત્રથી સ્વપરનાશક વસ્તુ પેદા કરશે. એને સીધું દેખાય જ નહિ, એ ઊંધું જ દેખે. સંયમના સંહારમાં એને સંયમ દેખાય, જ્યાં ચારિત્રનો છાંટો ન હોય ત્યાં એને ચારિત્રના વિજયડંકા દેખાય, કેમ કે એની દૃષ્ટિ જ ખોટી છે. કમળો થયો હોય તેને બધું પીળું જ દેખાય. ધોળુ પણ એને પીળું ભાસે. કમળાના રોગનો એ ગુણ છે. દર્શનના અભાવે મિથ્યાત્વરૂપી રોગની હયાતીમાં જ્ઞાન, ચારિત્ર ઊંધું જ બતાવે. જૈનશાસન એવું સાધકયંત્ર છે કે જે વસ્તુને જેવી હોય તેવી બતાવે. એ સૂક્ષ્મદર્શક યંત્ર નથી કે જે હોય તેથી અધિક બતાવે અને ક્યારેક ન હોય તે પણ બતાવે માટે એ યંત્ર તો નાશક છે. દર્શનનો એ ગુણ કે જ્યાં જેટલા ગુણ હોય તેટલા જ જુએ અને એ અનુમોદના યોગ્ય કે પ્રશંસા યોગ્ય-એનો વિવેક કરે.

(આચારાંગ ભાગ-૮)

---

**૩૬૬. સભા : 'સમ્યગ્દષ્ટિ લક્ષ્મીપૂજન કરે કે નહિ ?'**

**પૂજ્યશ્રી** : ન જ કરે,; પણ આજે તો ધનતેરસે મુહૂર્ત જુએ, ગાયનું ચોકખું દૂધ લાવે અને ચોઘડિયું જોઈને ધનની પૂજા કરે. આ રીતે એક દિવસ પણ ભગવાનની વિધિપૂર્વક પૂજા કરે તો કામ થઈ જાય. લક્ષ્મી પૂજામાં ચોખ્ખું

દૂધ અને અહીં ભગવત્પૂજનમાં પાણી જેવું દૂધ ! આ ભિખારીપણું નથી ? ભગવાનની પૂજામાં પાશેર જ દૂધ ? વધારે વપરાય તો ચીકાશ થઇ જાય ? એ ચીકાશ કાઢવાના તો અનેક રસ્તા છે. ઇંદ્રો તો ક્ષીરસમુદ્રના પાણી લાવે છે. ઘી-સાકર નાંખી ઉકાળેલું હોય એવું એ પાણી છે. આ તો પાશેર દૂધ અને પાંચ શેર પાણી, એ કેવું દૂધ કહેવાય ?

**તમારા ઘરમાં ધર્મની સામગ્રી કેટલી ?**

આગળ એવા શ્રીમાનો હતા કે પોતાના માટે જાનવર નહોતા રાખતા, પણ ભગવાનની ભક્તિ માટે રાખતા. એ ગાયનું તમામ દૂધ પ્રભુનાં પખાલમાં જતું. પોતાના માટે બગીચા નહોતા રાખતા, પણ મંદિર માટે બગીચા રાખતા હતા. હજારો પુષ્પોથી પ્રભુપૂજા કરતા. અનેક આત્માઓ એનાં દર્શન કરી સમકિત નિર્મળ કરતા. આજે તમારા ઘરોમાં ફર્નિચર કેટલું અને પૂજાની સામગ્રી કેટલી? ફર્નિચર જોનારને રાગ પેદા થાય અને પૂજાની સામગ્રી જોનાર ધર્મની અનુમોદના કરે. ધર્મીને ત્યાં ધર્મની એક એક સામગ્રી એવી હોય કે જોનારને જોવાનું મન થાય. દરેક ચીજ એવી હોય કે ઊડીને આંખે વળગે. સંસારી છે એટલે ઘરમાં સંસારની સામગ્રી હોય, પણ ધર્મની સામગ્રી એને ટપે તેવી હોય.

(આચારાંગ ભાગ-૧૦)

** સમકિતી આત્મા દેવલોકમાં પણ ફસાતો નથી અને નરકગતિમાં પણ મુંઝાતો નથી.*



## ❖ સમ્યગ્દ્રષ્ટિ ❖

**૩૬૭. સભા : 'સમ્યક્ત્વધરને ક્રિયાનો અમલ નહિ?'**

**પૂજ્યશ્રી** : એવું કોણે કહ્યું ? ચોથે ગુણઠાણે પાંચમા છઠ્ઠાની ક્રિયા નથી કરી શકતો પણ ત્યાં ચોથાની ક્રિયા તો છે જ. સમ્યગ્દષ્ટિ તદ્દન નિષ્ક્રિય નથી. એની મન, વચન, કાયાની અપૂર્વ ક્રિયા છે. એ સમજાવવા તો પૂ. ઉપાધ્યાયજી મહારાજએ ગુજરાતી ભાષામાં સજ્ઝાયની રચના કરી છે. સમકિતના સડસઠ બોલની એ સજ્ઝાયમાં સડસઠ સ્થાન કહ્યાં-ભગવાનને માને, આગમોને માને, એના માટે કશી કાર્યવાહી ન હોય એવું હોય ? પ્રભુપૂજા, જિનવાણીનું શ્રવણ, દેવગુરુની ભક્તિ, આ બધી ક્રિયા એનામાં ન હોય ? આ બધી પ્રવૃત્તિ એ ક્રિયા નથી ? દેશવિરતિ તથા સર્વવિરતિ સ્વીકારવાના વિચારો તેને આવતા

જ હોય. શ્રવણ કર્યા બાદ તેની વિચારણા અને ભાવના એ કાંઈ નાનીસૂની ક્રિયા નથી જો આ ક્રિયામાં રૂઢ થાય તો એ આત્મા, દ્રવ્યથી સર્વવિરતિપણું સ્વીકાર્યા વિના પણ કેવળજ્ઞાન પામી જાય. બાહ્ય પદાર્થોમાં મૂંઝાયા વિના આ ભાવનામાં રૂઢ થનાર આત્મા, અપ્રમત્તપણામાં આવી જાય તો ત્યાં જ કેવળજ્ઞાન પામી આયુષ્ય પૂર્ણ થાય તો તત્કાળ સિદ્ધિપદે પણ પહોંચી જાય, કારણ કે ચિંતન અને તેમાંથી પેદા થતું ધ્યાન એ અંતિમ ક્રિયા છે ને?(સ.સ્વ.દ.ભાગ-૨).

**પૂર્વભૂમિકા** : શ્રીમાન હરિભદ્રસૂરિ મહારાજા કહે છે કે-

"સમ્યગ્દષ્ટિ જે અનુષ્ઠાન કરે તે ક્ષુદ્ર માટે દુષ્કર છે." ક્ષુદ્રો એ ન જ કરી શકે, પણ એ ન કરી શકે માટે સમ્યગ્દષ્ટિએ મૂંઝાવું નહિ. સમ્યગ્દષ્ટિના અનુષ્ઠાન માટે આ મહાત્મા દષ્ટાંત આપે છે કે જેમ કામનો રસિયો પરસ્ત્રીમાં આસક્ત થયો હોય ત્યારે એની દષ્ટિ એ તરફ જ ખેંચાયા કરે, એને બીજું કશું ભાન તે વખતે રહેતું નથી. ઘર-બાર, કુટુંબ-પરિવાર, કુળ-મર્યાદા, પોતાની આબરૂ, એ બધું ભૂલી જાય છે. જ્યારથી એની દષ્ટિ ત્યાં ગઈ ત્યારથી એ માણસ જ મટી ગયો, એને પૂછો તો એ પોતે કહેશે કે 'મારું હૃદય ત્યાં છે. જે ક્ષણો જાય છે તે ભયંકર સ્થિતિમાં વીતે છે' - એને ખાવું-પીવું, બેસવું-ઊઠવું, બોલવું-ચાલવું એ કશું ગમતું નથી. એ વખતે પોતાના વ્યક્તિત્વનું પણ તેને ભાન રહેતું નથી. સામાની ગમે તેવી ગુલામી કરવા પણ તૈયાર થઈ જાય છે. રામાયણમાં પણ આ જ હાલત આવે છે. રાવણની હાલત કેવી હતી તે જોયું ને !

આ મહાત્મા કહે છે કે કામીને જેવો અન્ય વનિતામાં રાગ છે તેવો સમ્યગ્દષ્ટિને મુક્તિરૂપી વનિતામાં રાગ હોય. કેવું બંધબેસતું દૃષ્ટાંત!'

૩૬૮. સભા : 'આ તો સમ્યગ્દષ્ટિ ઉપર કામી તરીકે દોષારોપ !''

પૂજ્યશ્રી : આવો દોષારોપ સ્વીકારવા તૈયાર છીએ. આ દૃષ્ટાંત જેવું તેવું નથી-ગ્રંથકારો-સૂત્રકારો દુનિયાના સ્વરૂપને નથી સમજી શકતા એમ નહિ માનતા. આ ગ્રંથોમાં બધું ભર્યું છે-કામનું સ્વરૂપ, કામીઓની હાલત. તમે ન જાણો તેટલી આ મહાપુરુષો જાણે છે-પણ જ્ઞાનનો ઉપયોગ તેઓ સાચી દિશાએ કરે છે માટે તેઓ જ્ઞાની અને તમે ઊંધી દિશાએ કરો છો માટે તમે અજ્ઞાની-

૩૬૯. સભા : 'અનુભવ વગરનું જ્ઞાન સમ્યક્ કહેવાય?'

પૂજ્યશ્રી : તમે તો અનુભવ યોગ્ય પણ નથી. વનિતાને વશ થઈ જાય તે અનુભવી નથી. અનુભવી તો તે કહેવાય કે જે અયોગ્ય સ્થાનમાં ફસાય નહિ ગમે તે પ્રકારે તેનાથી બચે એ અનુભવી છે. માર્ગને નહિ જોતાં પણ આંખો મીંચીને ચાલે તો યે સીધો જ ચાલે તે અનુભવી કહેવાય પણ ડગલે ને પગલે ભૂલે તે અનુભવી શાનો ? જેવો કામીને પેલી સ્ત્રી પર રાગ તેવો સમ્યગ્દષ્ટિને મુક્તિ પર રાગ હોય. જેમ પેલો બધું ભાન ભૂલી જાય છે તેમ સમ્યગ્દષ્ટિ મુક્તિ પ્રત્યેના રાગને કારણે સંસારનું બધું ભાન ભૂલી જાય છે. એની તમામ સંસારની ક્રિયાઓ લુખ્ખી હોય માટે જ એનું સામાયિક, એનું પ્રતિક્રમણ, એની પૂજા, એ બધાં સુંદર બને. આ મહાપુરુષે આપેલા દૃષ્ટાંતમાં જ રહેનારા બહાર

નીકળવાના નહિ. આજે ઉદયથી વાતો કરનારા માર્ગ ભૂલેલા છે. તેમના વિચારો મલિન બની ગયા છે. નહિ તો શ્રી જિનેશ્વરદેવના આગમો માટે ખોટા વિચારો કરે ? એલફેલ બોલે ?

નાનામાં નાના જંતુને પણ ન હણાય, કીડી-મંકોડી પણ પગ તળે ન કચરાઈ જાય એની કાળજીના સંસ્કાર જે કુળોમાં જન્મથી હોય તેવાં કુળોમાં જન્મ્યા છતાં જેમને પંચેન્દ્રિય જીવોની કતલથી કંપારી ન થાય એ કયા સંજોગોમાં જીવતા હશે ? એમનાં જીવન કેવાં હશે ? એ વિચારો -

**જૈન જીવન :**

શ્રી જિનેશ્વરદેવના શાસનમાં જન્મેલા, જૈન તરીકે ગણાતા, જૈનોના સામાન્ય આચારો પણ સેવે-પાળે તોયે દુનિયાનાં ઘણાં પાપોથી બચે-જોઈને ચાલતાં શીખેલો શ્રાવક કેટલી હિંસાથી બચે ? પગ નીચે ઘાસ, જંતુ કે કાગળનો ટુકડો ન આવે એવી કાળજી એ ન રાખે ? આવી કાળજી રાખે તેને કેટલો લાભ ? **જૈનજીવન એટલે પેઢીવાળું કે ધાંધલ–ધમાલવાળું જીવન નહિ -** લાખ દીધા ને લાખ લીધા કરનારું જીવન નહિ-એ જીવન તો ન છૂટકેનું વ્યવહારુ જીવન છે. પણ ત્યાં વ્યવહારમાં પણ જૈનજીવન જુદું જ તરી આવે, દુનિયાની કાર્યવાહીથી ન્યારો થઈને વર્તનારો અનેક પાપોથી બચી જાય છે ગ્રાહક માટે માલ કાઢીને બતાવે ને તરત ખોટા ભાવ કહે ? ન જ કહે એ તો કંપે અને વિચારે કે આ બધું કોના માટે ?

** સંસારમાં કર્મના યોગે જ બેસેલો સમકિતી,*
*સંસારની પ્રવૃત્તિ કરે તે પણ ધર્મ માટે જ કરે.*

**૩૭૦. સભા : 'લાલા લજપતરાય જેવાએ જૈનધર્મ છોડી દીધો, એ જૈનો એમને સાચવી ન શક્યા માટે અથવા તો જૈનધર્મમાં પોલાણ હશે માટે ને ? એવું સમજાવે છે તો એમાં શું માનવું ?**

**પૂજ્યશ્રી** : એ ઈરાદાપૂર્વક તમને ઊંધુ સમજાવે છે. તમે એમની ચાલમાં ફસાતા નહીં-એ લોકો કહે છે કે -'જો સાધુઓ દુરાગ્રહી ન બન્યા હોત, 'આમાં પાપ-તેમાં પાપ' એવું તેમણે હાંક્યે ન રાખ્યું હોત, તુચ્છ મનોવૃત્તિ ન રાખી હોય તો આવા દેશનેતાને જૈન ધર્મે ન ગુમાવ્યો હોત, બોલો ! આ કેવી વિચિત્ર વાત છે ? હું પૂછું છું કે-ભગવાન મહાવીર તમારે અમારે તો પરોક્ષ છે પણ ગોશાળાને તો પ્રત્યક્ષ હતા ને ? તો એણે ભગવાનને કેમ છોડ્યા ? આપણે તો ભગવાન મહાવીરનો ધર્મ પરંપરાએ પામ્યા પણ ગોશાળાને તો એ સાક્ષાત્ મળ્યા હતા ને? છતાં એ કેમ ન પામ્યો ? (મરતાં મરતાં સમ્યકત્વ પામ્યો એ જુદી વાત છે પણ આ તો પહેલાંની વાત છે) ગોશાળો જેવો તેવો હતો ? અગિયાર લાખ તો એનો પડ્યો બોલ ઝીલે એવા ભક્તો હતા. આજના દેશનેતા પાછળ તો એવા અગિયારસો પણ નહિ હોય આવા ગોશાળાએ ભગવાન મહાવીર જેવાને કેમ તજ્યા ? શું ભગવાન એને સાચવી ન શક્યા માટે?

**સભા : 'એ લોકો તો એમ જ કહે છે.'**

**પૂજ્યશ્રી** : એ તો બધું કહેશે પણ તમે તમારું મગજ ઠેકાણે રાખો. એ તો કહે છે કે 'ગોશાળા જેવા વિદ્વાનને આવો ચીતરવામાં શાસ્ત્રકારોએ ભૂલ કરી છે.' હું કહું છું કે આવું કહેનારને જૈનશાસનનું કશું જ્ઞાન જ નથી, એના સ્વરૂપનું કાંઈ ભાન જ નથી. આ શાસન જેવું નિષ્પક્ષ શાસન દુનિયાભરમાં

બીજું નહિ મળે. ભગવાન મહાવીર દેવને ભયંકર વેદના દેનાર, તેજોલેશ્યા મૂકી પ્રભુને છ છ મહિના વ્યાધિ રહે એવું ભયંકર વર્તન કરનાર, જે તેજોલેશ્યા ભગવાન પાસેથી શીખ્યો એનો ભગવાન પર જ ઉપયોગ અને તે પણ મારી નાંખવાના ઈરાદે, એવો એ ભયંકર પાપાત્મા પણ મરતાં મરતાં મિથ્યાત્વનું આવરણ ખસવાથી ભગવાન મહાવીરને ઓળખી શક્યો અને સમ્યક્ત્વ પામી ગયો-એના મરણ બાદ શ્રી ગૌતમસ્વામી ભગવાનને એની ગતિ પૂછે છે અને ભગવાન સ્વયં કહે છે '**प्राप्तं तेन सम्यक्त्वं**' -એ પામી ગયો-લાવો દુનિયાભરમાં આવી નિષ્પક્ષતા. સાત દિવસ તેજોલેશ્યાની તીવ્ર વેદના સહન કરી અકામ નિર્જરાના યોગે મિથ્યાત્વનું આવરણ ખસી જવાથી સમ્યક્ત્વ પામ્યો.

**૩૭૧. સભા : 'ભગવાનને કેવળજ્ઞાન પછી પણ તેજોલેશ્યા અસર કરે ?'**

**પૂજ્યશ્રી** : કરે, નિરૂપક્રમી આયુષ્ય હોવાથી મરે નહિ પણ તાપ તો લાગે ને ? શરીર શરીરનો ધર્મ બજાવ્યા વિના ન રહે. અહીં વિચારવાનું એ છે કે આવા ભયંકર પાપી માટે પણ કેટલો નિષ્પક્ષપાત ! ભગવાનના સેવક છતાં જે ભૂલ્યા ત્યાં આ ગ્રંથકરો ભૂલ્યા લખે છે. અરે ! ભગવાનના જીવનમાં એમના પૂર્વભવોમાં એમની પણ ભૂલો ગ્રંથકારો બતાવ્યા વિના રહ્યા નથી. આ બધું વાંચવું નહીં અને ગમે તેમ ગપ્પાં ચલાવવાં એ ચાલે ?

ગોશાળાને અંગે શું કહેશો ? ભગવાન મહાવીર એને સાચવી ન શક્યા, કે એ પામર ભગવાનને પારખી ન શક્યો ? એની ભૂલનો આરોપ ભગવાન પર મુકાય ? તેવી રીતે કોઈ સંસારનો કીડો શ્રી જિનેશ્વરદેવના ધર્મનો ત્યાગ કરે

ત્યાં ધર્મની ખામી બતાવાય ? એ બતાવનારો સમુદાય અને એના નાયક કઈ જાતના હશે તે વિચારી લો-સંસ્કારો નષ્ટ થાય તેનું જ આ પરિણામ છે નહિ તો આવા વિચાર કેમ આવે ?

---

**૩૭૨. સભા : 'ગોશાળાએ ભગવાનને પરખ્યા તો ખરા ને?'**

**પૂજ્યશ્રી** : છેલ્લે મરતી વખતે પરખ્યા, પહેલાં તો નહિ જ-પહેલાં તો ખીર માટે, માલપાણી માટે જ પરખ્યા હતા. ભગવાનની તીર્થંકરપણાની ઋદ્ધિ જોઈને એ તો એવું પણ બોલ્યો છે કે 'આટલી આટલી ઋદ્ધિ છતાં હજી આ સંતોષ પામતો નથી.' ભગવાનને પરખ્યા હોય તો આવું બોલે ? ભગવાનને ગાળો દે ? મારવા જાય ? તેજોલેશ્યા મૂકે ? પોતાની તેજોલેશ્યા પોતાને વળગી, તીવ્ર વેદના અનુભવી, એથી અકામ નિર્જરાના યોગે મિથ્યાત્વનું આવરણ ખસ્યું અને મરતાં મરતાં સમકિત પામ્યો, ભગવાનને ત્યારે ઓળખ્યા, ખૂબ પસ્તાવો કર્યો આ બધું કોઈ જાણતું ન હતું પણ ભગવાને પોતે કહ્યું કે 'એ પામી ગયો.' આવો નિષ્પક્ષપાત બીજે ક્યાં મળવાનો ?

આજની વાત જુદી છે. શાસ્ત્રોમાંથી પણ ફાવતું લેવું છે, બીજાને અડવું નથી. માની, પ્રંપચી મિથ્યાદષ્ટિ આત્માઓનું એ લક્ષણ છે કે ફાવતું લેવું. જે વાત એને ન ફાવે ત્યાંથી એનું અભિમાન અને મિથ્યાત્વ એને આઘો ખસેડે. માન વિનય ન આવવા દે. વિનયના અભાવે એ સજ્જનના શરણે ઝૂકે નહિ-એથી સજ્જન એને ઓળખાય નહિ. શ્રી જિનેશ્વરદેવને તથા એમના ધર્મને ઓળખવામાં વર્તમાનની કેળવણી નકામી છે. પુસ્તકોના ઢગલા વચ્ચે આળોટે

તોય એ ભગવાનને કે એમના ધર્મને ન ઓળખી શકે. બહાર પડેલાં લખાણોથી સ્પષ્ટ માલૂમ થાય છે કે જેને જૈનધર્મનું જ્ઞાન નથી, એના સ્વરૂપની ખબર નથી એવા કદી જૈનધર્મને છોડી ગયા તો એમાં ધર્મનો દોષ ? આવું બોલનારા, સાંભળનારા, લખનારા, વાંચનારા અને એવાને તાળીઓ પાડીને વધાવનારા એ બધો કઈ જાતનો સમુદાય છે એ ઓળખી લેજો. પહેલાંના પાખંડીઓ આવા ન હતા. એ તો પંથ કાઢીને બેઠા હતા-અનુયાયીઓનાં ટોળાં ધરાવતા હતા. દલીલો અને યુક્તિઓથી ટક્કર લે એવા હતા. એવા પણ ભગવાનને ન પારખી શક્યા તો એમાં ભગવાનની ખામી ?

**૩૭૩. સભા : 'ધર્મનેતાનું સ્થાન ઊંચુ કે દેશનેતાનું ?'**

**પૂજ્યશ્રી** : મને પૂછો છો ? તમે શું માનો છો ? દેશની આબાદીથી ધર્મની આબાદી કે ધર્મની આબાદીથી દેશની આબાદી ? તમે જીવો છો તે દુનિયાની સામગ્રીના યોગે કે પુણ્યના યોગે ?

**૩૭૪. સભા : 'એ લોકો દેશની આબાદી મુખ્ય માને છે.'**

**પૂજ્યશ્રી** : એમની વાત છોડો. તમારી વાત કરો એ લોકો બહુ આગળ વધ્યા છે - 'મહાવીરને ઉત્પન્ન કરનારા પણ આપણે' એમ એ તો માને છે. મહાવીર પેદા કરવા માટે કયે ટાઈમે, કેવી રીતે કામ ભોગ કરવા એની યોજનાઓ ઘડી રહ્યા છે. માટે એમની વાત જ ન કરો. કામની કરણીના આધારે મહાવીર પેદા થાય ? તમે એ માનો છો ?

**૩૭૫. સભા : 'સંયોગથી તો ખરું ને ?'**

**પૂજ્યશ્રી** : સંયોગ તો બધાને ચાલુ છે. સિદ્ધાર્થ મહારાજા અને ત્રિશલા રાણી કરતાં કંઈક ગુણા બળવાનના સંયોગો ચાલુ ન હતા ? છતાં મહાવીર કેમ પેદા ન કરી શક્યા ? ગાંડાઓની દુનિયાની વાતો ગાંડી જ હોય તમે એની પાછળ તણાવાની ગાંડાઈ ન કરો.

---

**૩૭૬. સભા : 'લજપતરાયને આ તો ન સાચવી શક્યા પણ એ પોતે સમયધર્મ કેમ ન સાચવી શક્યા ?'**

**પૂજ્યશ્રી** : એ તો કહેશે કે અમે તો હમણાં પાક્યા ને ? જવાબ બધા આપશે. આવો દેશનેતા જૈન ધર્મ અંગીકાર કરતો નથી પણ ધર્મ તજે છે એટલા માટે ધર્મમાં ખામી આમ કહેવું એ ન્યાય છે ? તો તો બત્રીસ ક્રોડની વસતીમાં પાંચ લાખ જ જૈનો છે માટે ધર્મની કિંમત નથી, એવું કહે તો પણ એને કોણ રોકી શકે ? હું તો કહું છું કે ધર્મની મહત્તા જ એ છે કે પામરો એમાં પેસી શકતા નથી ફલાણા ધર્મમાં કેમ ન ટક્યા ? તો કહેવું પડે કે એમનાં અપલક્ષણોથી. જેનામાં ભયંકર ત્રૂટિઓ હોય તે કદી ધર્મ સેવી ન શકે.

ભગવાન મહીવીર પાસે ગોશાળો કાયમ રહ્યો, ભગવાનનું ઉત્કટ સંયમ એણે નજરે નિહાળ્યું (આપણે તો એ શાસ્ત્રથી જાણીએ છીએ), ભયંકર ઉપસર્ગોમાં ભગવાનનું સ્થૈર્ય એણે જાતે જોયું, જ્યારે દવ લાગ્યો ત્યારે 'ભગવાન્ ! ભાગો !' એવી બૂમ મારીને એ ભાગ્યો, ભગવાન ઊભા રહ્યા, દવ

નજીક આવ્યો, ભગવાનના પગ બળ્યા, દવ બુઝાયો, ભગવાન ધ્યાનમાં અડગ રહ્યા; આવા ઉપસર્ગોમાં પણ ભગવાનની આવી અડગતાને નજરે જોનાર ગોશાળો ભગવાનને કેમ ન પારખી શક્યો ? આટલું આટલું નજરે જોવા છતાં એ પાપાત્માને ભગવાનની સેવાનું મન થતું નથી તો આજના પાપી જીવોને ન થાય ત્યાં નવાઈ શી ? ભગવાન પ્રત્યક્ષ છતાં એ ગોશાળાને ભક્તિરાગ ન થયો તો શાસ્ત્રની વાતોથી અજ્ઞાન એવા આજના કમનસીબ જીવો ન પામી શકે તેમાં કાંઈ નવાઈ છે ?

વળી એવા કેટલાક જે જૈનધર્મને તજી ગયા એમાં આજના ભણેલાઓનો જ પ્રતાપ છે, જૈનશાસનનો એ પ્રતાપ નથી. આજના ભણેલાઓ જૈનશાસનને બૂરી રીતે ચીતરે છે, મોહની દૃષ્ટિએ ધર્મની સ્થિતિ મૂલવે છે, ધર્મની વાતમાં મોહનું સામ્રાજ્ય સ્થાપવા માગે છે. 'અયોગ્ય દીક્ષા' એમ એ લોકો કહે છે. હવે વિચારો કે એ વાત બરાબર છે ?

**વ્યક્તિની અયોગ્યતા વસ્તુને લાગુ ન પડાય :**

શાસ્ત્રે દીક્ષા લેનાર વ્યક્તિની અયોગ્યતાનું વર્ણન કર્યું છે પણ દીક્ષાને અયોગ્ય કહી નથી; જ્યારે આ નામદારો દીક્ષાને જ અયોગ્ય કહે છે. શાસ્ત્રે કહ્યું કે ચોટ્ટા, બદમાશ, ઉઠાવગીર એ બધા દીક્ષાને માટે અયોગ્ય છે. પણ પછી કાયમ માટે અયોગ્ય, એવું તો ન જ કહેવાય ને ? જે દિવસે એના પરિણામ પલટાય, ચોટ્ટાપણાને બદલે શાહુકારીનો પરિણામ આવે ત્યારે એની અયોગ્યતા મટી જાય છે. (સં.સ્વ.દ.ભાગ-૨)



## ❖ સાધુ ❖

**૩૭૭. સભા : સાધુ કોને કહેવાય ?**

**પૂજ્યશ્રી** : એક રત્નત્રયીની જ આરાધના દ્વારા અનંતજ્ઞાની શ્રી વીતરાગ પરમાત્માએ પ્રરૂપેલા મોક્ષ માર્ગની જે સાધના કરે તેમને સાધુ કહેવાય છે. દુનિયાભરની સઘળી પણ પ્રવૃત્તિઓનો ત્યાગ કરીને જે આત્માઓ માત્ર એક મોક્ષ માર્ગની જ પ્રવૃત્તિનો સ્વીકાર કરે, તે સાધુ કહેવાય. સાધુ થનાર આત્માને મોક્ષ માર્ગ સિવાયની બીજી કોઇ પણ પ્રવૃત્તિની સાથે સબંધ હોય નહિ. સાધારણ રીતે એમ કહેવાય છે કે - **साध्नोति इति साधुः।** સાધે તે સાધુ : પરન્તુ સાધુની જો આટલી જ વ્યાખ્યા કરવામાં આવે તો એમાં સૌ કોઇ આવી જાય કારણ કે દુનિયાના સઘળા જીવો કોઇ ને કોઇ સાધનામાં તો પડેલા જ છે !

કેટલીક વખતે એમ પણ કહેવાય છે કે - **मोक्षमार्गं साध्नोति इति साधुः।** મોક્ષમાર્ગને જ સાધે તે સાધુ : પરન્તુ 'સાધુ' શબ્દની આ વ્યાખ્યા પણ હજુ સ્પષ્ટીકરણ માગી રહી છે : કારણ કે-દેશવિરતિધર આદિ પણ મોક્ષ માર્ગની યથાશક્તિ આરાધના-સાધના તો કરે જ છે : માટે 'મોક્ષમાર્ગને સાધે તે સાધુ' એટલું જ માત્ર પકડી રાખો તો કામ નહિ ચાલે. એ વ્યાખ્યા રીતસર સમજાઇ જવી જોઇએ : માટે જ અહીં સ્પષ્ટ રીતે કહ્યું છે કે-

**जं दंसणनाणचरित्तरुवरयणत्तएण इक्केण ।**
**साहंति मुक्खमग्गं ते सव्वे साहुणो वंदे ।१।**
**ये एकेन दर्शन-ज्ञान-चारित्ररूप-रत्नत्रयेण**
**मोक्षमार्गं साधयन्ति तान् सर्वान् साधून् अहं वन्दे ।**

ભાવાર્થ : જેઓ એક માત્ર દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રયી વડે મોક્ષમાર્ગને સાધે છે તે સર્વ સાધુઓને હું વન્દું છું. (જિ.વ.૭/અં.-૧૪)

---

**૩૭૮. સભા : 'ગમે તેવા પણ સાધુને ન વંદાય ?'**

**પૂજ્યશ્રી** : વેશ્યાને ત્યાં જતા સાધુને વંદાય ? થોડો ઘણો પણ સંયમી હોય એને વંદાય. થોડું ભણ્યો હોય તે ચાલે, સંયમ થોડું પાળે તે ચાલે, વ્યાખ્યાન વાંચતાં ન આવડે - બોલતાંયે ન આવડે તે નભે, પણ હાથ જોડો એને એ કહે તો 'ધર્મલાભ' જ ને ? કે 'અર્થલાભ ! પુત્રલાભ !' કહે ?

એ માન્યું કે, ગુસ્સો પણ એને આવી જાય. માન પણ આવે, અરે ! માયા પણ આવે અને વસ્ત્ર-પાત્ર પુસ્તકનો લોભ પણ થાય, તોય એ નભે, પણ

'અર્થ-લાભ દે તો ?' તો એ ન નભે. બે-ત્રણ વખત ખાય અને છ કલાક ઊંઘે એ ચાલે પણ 'અર્થલાભ' ન દે અને ગૃહસ્થને સારો ન કહે. પાંચમો આરો છે, સંયમ સરાગ છે, જીવો પાપના સંયોગવાળા છે એટલે જ્ઞાનીએ બીજું બધું નિભાવ્યું પણ મૂળ તો સારું જોઈએ ને ? એ સડેલું ન ચાલે.

'ગૃહસ્થને વેપાર કરવામાં શો વાંધો ? એ વેપાર ન કરે તો સાધુઓને વહોરાવશે કોણ ?' એવું મુનિ કહે ? અને કહે તો મુનિ કહેવાય ? ના, એ તો ભિખારીથી પણ ગયો. ભિખારી પણ અન્ન દાતા કહે અને મુનિ પણ અન્નદાતા કહે ? મુનિ ઓછું પાળે તે નભે પણ આડું-અવળું બોલે કે મૂળમાં ઢીલો થાય તે ન નભે. તમારો લેણદાર તમને ન આપે, ન આપવા માટે પોતાની અશક્તિ જાહેર કરે તો તમને રહેમ પણ આવે, પણ તમને કહે કે, 'તમે માગો છો શું કામ?' એમ કહીને તમાર ચોપડા જ ખોટા ઠરાવે તો તમારે કોર્ટે જવું પડે ને ? તે વખતે તમે કોર્ટ ન જાઓ તો લોકો તમને જુઠ્ઠા માને ; કેમ કે લેવા ગયા ત્યાં પેલાએ આવો જવાબ આપ્યો એ બધાએ જાણ્યું ; છતાં તમે કોર્ટે ન જાઓ તો લોક તમને જુઠ્ઠા માને. રૂપિયાના રૂપિયા જાય, ચોપડા ખોટા ઠરે અને તમે જુઠ્ઠામાં ખપો, એ પાલવે ? એવા પણ નંગો પડ્યા છે કે, જેથી સારા માણસને પણ કોર્ટે જવું પડે. એ જ રીતે સમજો કે, સાધુ પણ એદી નભે, પણ માર્ગથી ભ્રષ્ટ થયેલો ન નભે. (આચારાંગ ભાગ-૮)

** સાતમે ગુણઠાણે રહેલા મુનિ ભગવંતો સંસાર અને મોક્ષમાં સમાન બની જાય છે.*

**૩૭૯. સભા : સાધુ જેલમાં જાય ?**

**પૂજ્યશ્રી** : સાધુ જેલમાં જવાની ક્રિયા ન કરે છતાં જવું પડે તો ઓઘો વગેરે વેષ દૂર કરીને જાય. જેલમાં જાય તેવી ક્રિયા કરે તો સંયમ જાય. ફસાયાથી જવું પડે તો સંયમ ન જાય.

**૩૮૦. સભા : એ રીતે ફસામણથી જવું પડે ?**

**પૂજ્યશ્રી** : અશુભોદયે બધું બને. ઝાંઝરિયા મુનિવર પર રાજગુનાનો આરોપ આવ્યો હતો. સુદર્શન શેઠને ફાંસીની સજા થઇ હતી. ભગવાન મહાવીરદેવને સાત સાત વાર ફાંસીને માંચડે ચડવું પડ્યું હતું, દત્તરાજાએ કાલિકસૂરિજીને સાત દિવસ નજર કેદ રાખ્યા હતા. સત્ય બોલતા, પ્રભુમાર્ગનું નિરૂપણ કરતાં, સંયમનું પાલન કરતાં જેલ આવે એને વધાવી લે પણ જેલમાં જવા જોગી ક્રિયા એ ન કરે.*

**૩૮૧. સભા : 'જેલમાં જવાથી કર્મ ખપે તે સકામ નિર્જરા કે અકામ નિર્જરા?'**

**પૂજ્યશ્રી** : સમ્યકત્વ પામ્યા પછી અકામ નિર્જરાની ક્રિયા બેવકૂફ કરે. પછી તો સકામ નિર્જરાની જ વાત હોય. છતે માલે રોટલાનો ટુકડો કોઇ ખાય ? છતે ઘીએ આટો ફકાય ? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સકામ નિર્જરા

*શ્રી માનતુંગસૂરિજી મ.ને પણ પરીક્ષા કરવા રાજાએ જેલમાં પૂર્યા હતા. બૌદ્ધમતને માનતા હતા ત્યારે શ્રેણિક મહારાજાએ પણ જૈનસાધુને મંદિરમાં પૂર્યા હતા.

ઢગલાબંધ છે તો, અકામ નિર્જરા કરવા કયો બેવકૂફ જાય ? અનંત સિદ્ધિ મેળવવાનું મૂકી દઈ ક્ષુદ્ર સિદ્ધિ મેળવવા કોણ દોડે ? આપત્તિ આવે તો મુનિ સહે બધી પણ આપત્તિ આવે એવી ક્રિયા એ એક પણ ન કરે. જેલ એ પાપનું ફળ છે. પાપની ક્રિયા મુનિથી ન થાય. પૂર્ણ સંવર પાલન કરવા છતાં પૂર્વના પાપોદયે દુર્ભાગ્ય યોગે, પાખંડીથી ફસામણના યોગે એ આપત્તિમાં મુકાય એમાં બાધ નથી.

**૩૮૨. સભા : એવા મુનિને જેલમાંથી છૂટયા પછી મનાય ?**

**પૂજ્યશ્રી** : હા, એવા મુનિને મનાય તેમ જ આખી દુનિયાથી એને પુજાય. એવા કામ કરી ઈરાદાપૂર્વક જેલમાં જાય તેને નહિ. દુર્જનની દુનિયામાં રહેવું અને સજ્જનતા સાચવવી એ મુશ્કેલ તો છે જ.

**૩૮૩. સભા : જે વાત મુનિ માટે તે જ શ્રાવક માટે ?**

**પૂજ્યશ્રી** : હા, એમ જ.

**દુનિયા દુર્જનની છે, સજ્જનની નથીઃ**

મુનિ પર આપત્તિ આવે એમાં નવાઈ નથી. દુનિયા દુર્જનની છે સજ્જનની નથી. એ દુર્જનોની વચ્ચે રહેવું, ધર્મને આરાધવો અને આપત્તિ ન આવે એ બને ? દુઃખદ સ્થિતિ આવે તો હસતે ચહેરે ભોગવાય, પણ આપણો મુદ્દો એ એ છે કે તાકાત ન હોય તો કાયાથી ન કરવા જોગી ક્રિયા થઈ જાય, વચનથી બોલાઈ જાય પણ હૈયાથી રતીભાર પણ તેમાં સાથ ન પુરાવાય. દર્શનના ભોગે

**જ્ઞાન–ચારિત્ર ન સચવાય. ચારિત્ર અને જ્ઞાનના ભોગે દર્શન સચવાય. દર્શન હશે તો જ્ઞાન–ચારિત્ર ખેંચાઈને આવશે પણ એ નહિ હોય તો હશે એ પણ જશે.**

સમયે પોતાનાથી સત્ય ન કહેવાય તો મૌન રહે અને ત્યાં એટલી નબળાઈ કબૂલે તો વાંધો નહિ. 'બોલીને ક્યાં રહેવું?' એ ભાવના આવી એ જ નબળાઈ, પણ 'ના પણ બોલીએ, એમાં શું થઈ ગયું ?' એવું ન બોલાય. 'બોલવાનો સમય છે, બોલવાની જરૂર છે પણ કૌવત નથી' એમ કહે તો માર્ગથી ન જાય પણ ત્યાં ખોટો બચાવ ન ચાલે.

**૩૮૪. સભા : કાંઈક પણ ગફલતી વગર આપત્તિ આવે ?**

**પૂજ્યશ્રી** : પૂર્વના પાપોદયે બધું આવે. ભગવાને શી ગફલતી કરી હતી ? સુદર્શન શેઠનો શો ગુનો હતો ? આ તે જ ભવની વાત છે હો ! પૂર્વભવનો અશુભોદય માન્ય છે. ગજસુકુમાળ, ઢંઢણઋષિ તથા ઝાંઝરીઆ મુનિવરનો આ ભવમાં કાંઈ વાંક હતો ? મેતાર્યમુનિએ ચોરી કરી હતી ? નહિ જ, છતાં ચોરીનો આરોપ કેમ આવ્યો ? ખંધક મુનિએ પૂર્વાવસ્થામાં કોઈની સ્ત્રી ઉપર કુદૃષ્ટિ કરી હતી ? છતાં આરોપ આવ્યો ને ! કહોને કે 'કાંઈક હશે !' કેમ ? એ કાંઈક હશે ! વાળી વાતે તો ગજબ કર્યો છે.

આટલી આટલી વાતો સાંભળ્યા પછી આવા પ્રશ્નો હજી થાય છે એ જોઈ આશ્ચર્ય થાય છે. તમે તે સાંભળો છો કે ઘાસ કાપો છો ? અશુભ કર્મના ઉદયથી બધું થાય એ માન્ય છે. (આચારાંગ ભાગ-૮)

**૩૮૫. સભા : સાધુ શ્રાવકનું બહુમાન ક્યારે કરે ?**

**પૂજ્યશ્રી** : સાધુ શ્રાવકનું બહુમાન કરે એ એનો આચાર છે? આ તો ભગવાન અમારી પૂજા ક્યારે કરે ? એના જેવો પ્રશ્ન છે. અસંભવિત વસ્તુના પ્રશ્ન ન હોય . કયો શ્રાવક આવે ત્યારે સાધુ ઉભા થઇ તેનું સન્માન કરે, એમ પૂછો છો ? વિનય કોણે કોનો કરવાનો ? શ્રાવક વડીલ કે સાધુ ? કોઇ શ્રાવકે સાધુને પડતો બચાવ્યો હોય તો ઉપકાર દૃષ્ટિએ એને નમે, પરંતુ તે પણ સ્થાને , જયાં ત્યાં વંદના કરવા ન મંડી પડે.

---

**૩૮૬. સભા : શ્રાવકને સાધુ 'આવો, બેસો' એમ ન કહે?**

**પૂજ્યશ્રી** : આવવા તથા બેસવાની ક્રિયા કેવી? લાડુમાં શેરે શેર ઘી નભે પણ શેરે શેર સાકર ન જોઈએ. સજ્જન પ્રમાણમાં મીઠું બોલે, દુર્જનના વચનમાં શેરે શેર સાકર જ હોય. અરિહંત પરમાત્માની કરડી વાણી પણ મીઠી જ.

---

**૩૮૭. સભા : આદર ન મળે ત્યાં ન જવું એ નીતિ છે તો સાધુ શ્રાવકને માન ન આપે તો શ્રાવક ત્યાં જાય ?**

**પૂજ્યશ્રી** : માનનો પ્રશ્ન પણ સ્થાને શોભે. તમે કોઇ ગૃહસ્થને ત્યાં જતા હો અને તમારૂં અપમાન થતું હોય, છતાં ત્યાં જાઓ તો તમે બેવકુફ : પણ સાધુ પાસે એમને વાંદવા આવો છો કે વંદાવા ? પ્રભુને પૂજવા આવો છો કે પૂજાવા ? સ્થાનનો ભેદ નહિ ? ડાકણ પણ એક બે ઘર તો છોડે. બધે જ માન ઈચ્છશો

તો મરી જશો. બધા વેપારીમાં માન પામનારો મુનિમ પણ પોતાના શેઠને તો સલામ જ કરે. કડવું સાંભળવાની શકિત નહિ કેળવો ત્યાં સુધી સજ્જનની વાણી તમને નહિ ફળે ; એનો સંગ તમને નહિ ફાવે.

તમે ગમે તેટલું સારું કર્યું હોય પણ તમારામાં જરા વાંક આવે તો સજ્જનને ગુસ્સો આવે જ. સો વર્ષના આયુષ્યવાળી સતી સ્ત્રી નવાણું વર્ષ, અગીયાર મહિના, ઓગણત્રીસ દિવસ, ત્રેવીસ કલાક, ઓગણસાઠ મીનીટ અને ઓગણસાઠ સેંકડ સતીપણું પાળે અને પછી ખંડે તો એ અસતી જ કહેવાય. જે સતીપણું પાળ્યું તેનો મળનાર લાભ ભલે મળે, પણ કહેવાય તો અસતી જ ભલે આખો હોય પણ કાના કુટલો ઘડો ખંડિત જ કહેવાય. તમે પણ જે સારું કર્યું હોય તે બદલ તમને ધન્યવાદ, પણ ભૂલ કરો તેને તો ભૂલ જ કહેવાય; ત્યાં ખોટી રીતે પંપાળાય નહિ. શ્રી જિનેશ્વરદેવે કહ્યું કે જે આખી દ્વાદશાંગી માને, પણ એમાંનો એક અક્ષર ન માને તે પણ મિથ્યાદષ્ટિ. તમે ભલે રોજ વાંદો, પણ એક દિવસે જરા અધર્મ કરો તો સાધુને ગુસ્સો આવે જ. ભગવાન પણ રોજ આવનારને, એવી ભૂલ 'બિચારા' કહીને દરગુજર નથી કરતા, કેમકે એમ કરવાથી તો પેલા રખડી જાય. આ તો સાધુને કહે છે કે 'મહારાજ ! ભૂલી ગયા? મહિનો બંગલામાં રાખ્યા હતા એ ભૂલી ગયા ? ' મહિનો રાખ્યાનું સાધુ પાસે ભાડું -બાડું લેવું છે?

(આચારાંગ ભાગ-૯)

* *સંસારના કોઈ પણ કામમાં જે કામ ન લાગે તે ભગવાનનો સાચો સાધુ.*

**૩૮૮. સભા : જૈનદર્શનમાં રહેલા સાધુ શું જૈનોને દુઃખી જોઈ શકે ?**

**પૂજ્યશ્રી** : જૈનદર્શનના સાધુ તો આખી દુનિયાને દુઃખી જોઈ રહ્યા છે. બીજી વાત એ છે કે જૈનદર્શનને પામેલા આત્માઓ ક્યાં દુઃખી છે ? નાડીપરીક્ષક એ જ સાચો વૈદ્ય બાકી દરદીનું ગાયું ગાય તે સાચો વૈદ્ય નથી. નિદાન કરે તે સાચો વૈદ્ય પણ દરદી કહે તેમ કહે તે સાચો વૈદ્ય નથી. દરદીના કહેવા પર નાડીવૈદ્ય આધાર ન રાખે. હવે વિચારો કે, દુઃખ શાથી અને દુઃખી કેમ ? ધર્મીનું કામ છે કે, ધર્મીની ભક્તિ અને સામાન્ય-દુઃખીને સહાય કરે, એનું રક્ષણ કરે, શાંતિ આપે, એને ઉચ્ચ દશાએ ચડાવવા યોગ્ય પ્રયત્નો કરે, પણ પેલો કહે તેમ કરવા કોઈ ઓછું જ બંધાયેલ છે ? નિર્ધન જ દુઃખી છે એમ માનવું એ પણ મૂર્ખાઈ છે. પૈસાવાળા પણ દુઃખી છે. ધનવાનને પણ દુઃખ, નિર્ધનને પણ દુઃખ, મોટાને પણ દુઃખ, નાનાને પણ દુઃખ, પત્નીવાળાને પણ દુઃખ અને પત્ની વગરનાને પણ દુઃખ, અર્થાત્ સંસારમાં એક ધર્મ સિવાય સુખ છે જ ક્યાં ?

---

**સુખ ક્યાં છે ?**

**૩૮૯. સભા : 'સંસારનું એ દુઃખ, દુઃખ નથી દેખાતું !'**

**પૂજ્યશ્રી** : નથી દેખાતું તો ઊંધા ચશ્મા પહેર્યા હશે ! જોઈએ એ સદ્‌ગુણ નથી અને વિષયકષાય ઉપર અંકુશ નથી, એ જીવનમાં સુખ ક્યાંથી મળે ?

સો આદમી સલામ ભરે અને એક આદમી સલામ ન ભરે ત્યાં પણ દુઃખ

થાય છે, કારણ કે, માની માણસ સો આદમીની સલામને ભૂલી જાય છે ! અને એક માણસે સલામ ન ભરી તે તેને યાદ આવે છે. જન્મ્યો ત્યારે પાઈ નહોતી અને પચ્ચીસ લાખ ભેગા કર્યા છતાં એમાં એક લાખની ખોટ ગઈ એટલે મોટી પોક મૂકે પણ ચોવીસ લાખ છે એ ન જુએ !

બે બંગલાવાળાને ત્રીજો બંગલો નથી એ દુઃખ છે !! પચીશવાળાને પચાસ, પછી સો, બસો, પાંચસો હજાર એમ ઈચ્છા વધતી જાય છે, વિચારો કે, સુખ છે કયાં ?

પત્ની નહોતી મળતી ત્યારે બૂમ મારનારો પરણ્યા પછી પણ પોક મૂકે છે કે, 'ફાવતું નથી' કહો સુખ ક્યાં છે ?

શાસ્ત્ર તો કહે છે કે, 'આત્મા પર કાબૂ રાખો તો જ શાંતિ મળે. દુનિયાની અમુક વસ્તુના અભાવમાં દુઃખ કે સદ્ભાવમાં સુખ નથી. દુઃખના નાશનો રસ્તો તો સંતોષ જ છે, વિરાગ છે. લાખમાં સુખ નથી. બધાને રાજ્ય મળે તો એ સુખ ક્યાં છે ? બધાને રાજ્ય મળે તોય સુખ ન આવે કેમ કે પાપ છે.

શ્રી શ્રેણિકરાજા તથા શી શાલિભદ્ર બેય સુખી હતા એનું કારણ વિચારો. શ્રેણિક મહારાજે શ્રી શાલિભદ્રની રિદ્ધિ જોઈને કહ્યું કે, 'ક્યાં આ અને ક્યાં હું ! ભગવાને પુણ્યના અનેક પ્રકાર કહ્યા છે. આનું ભોગપુણ્ય એ ભોગવે છે, મારું રાજપુણ્ય હું ભોગવું છું.' આવી ભાવનાના યોગે એમને દુઃખ ન થયું, નહિ તો લૂંટવાની ભાવના ન થાત ? માટે વિચારો કે, સુખનો આધાર શાના ઉપર છે ?

પુણ્ય તેમ જ પાપ, બેયનો ભોગવટો કરતાં ન આવડે તો સુખ નથી, દુઃખ

જ છે. પુણ્ય અને પાપ બેય પર માને, એના યોગે મળેલી સામગ્રીથી પોતાને જુદો માને તો એ બેયનો ભોગવટો કરતાં આવડે અને છોડતાંય આવડે એના અભાવે બધા જ દુ:ખી છે. આવી ભાવનાવાળો સાધર્મિક છે અને એની ભક્તિ કરવી તે તો ધર્મની જ ભક્તિ છે. શક્તિ હોવા છતાં આવા જે સાધર્મિકની ભક્તિ ન કરે તે અનુપમ ધર્મની આરાધનાથી વંચિત રહે છે.

સભા : **'સાહેબ ! સાધર્મિક વાત્સલ્યનો અભાવ છે.'**

**પૂજ્યશ્રી** : સાધર્મિકપણાનો પણ અભાવ છે ને ! સાધર્મિકપણું કેળવો એટલે વાત્સલ્ય આપોઆપ ઊભરાશે. પાપાનુબંધી પુણ્યના પ્રતાપે બનેલા શ્રીમાનો, લક્ષ્મીના લોભી છે અને પાપાનુબંધી પાપના યોગે દરિદ્રી બનેલાઓ, લક્ષ્મીના અર્થી છે, બેયમાં આ ખામી છે. શાસ્ત્રકારો કહે છે કે, **શ્રીમાનો જો લક્ષ્મીની ગુલામી મૂકી દે અને દરિદ્રી જો એનું અર્થીપણું મૂકી દે તો તરત બધુંય ઠેકાણે પડે.** આજે મોટે ભાગે બેમાંથી એક પણ પ્રશંસાપાત્ર નથી; એકેનાં વખાણ થાય કે ગુણ ગવાય તેમ નથી. ઉભયમાં યોગ્યતા આવે તો આજે પણ બધું યે છે; માટે આ દુ:ખી છે એટલો જ માત્ર વિચાર કરી ઉન્માર્ગે દોરાઈ જવા જેવી વિચારણાઓને હૃદયમાં સ્થાન આપવું એ કોઈ પણ રીતે યોગ્ય નથી. દુ:ખનું નિદાન એવું કરો કે જેથી રિબાવું ન પડે. ઘરબાર, કુટુંબ, લક્ષ્મી વગેરેના અભાવમાં મિથ્યાદષ્ટિ તો દુ:ખ માને પણ શ્રાવકોય માને ? અજ્ઞાનો જેને દુ:ખ માને છે, તે દુ:ખ માનવા-મનાવવામાં સાધુ ભેગા કેમ ભળે ? દરદીનો સન્નિપાત વૈદ્યને ઓછો જ થાય ?

સન્નિપાતના દરદીને તો વૈદ્ય દોરડે બાંધવાનું પણ કહે. સંબંધીઓ બાંધવાની ના કહે તો પણ વૈદ્ય તો કહી દે કે, ' ઊઠશે, માથું ભટકાશે અને દરદી રિબાઈને મરશે, દોરડે બાંધવાથી ભટકાવું વગેરે નહિ બને અને એથી પડ્યો પડ્યો ભલે ધ્રૂજે પણ વધારે રિબાશે નહિ.' એ જ રીતે અહીં પણ સાચા ચિકિત્સકો કહી દે કે, 'લક્ષ્મી ન મળે, સુખ ન મળે તો સંતોષ પકડવો, માનવું કે ભાગ્ય નથી અને વધુમાં વિચારવું કે મળવાથી ફાયદો પણ શું છે ?' આ વિચારથી આત્માને અપૂર્વ શાંતિ થાય છે અને સાચું જૈનત્વ ખીલી ઊઠે છે, પણ આ વિચારો આજે પસંદ જ શાના પડે ? આજે તો આવક થોડી અને ખરચા ઘણા પછી સુખ મળે જ શાનું ? સાધન ન હોય તો ખરચા ઓછા કરવા જોઈએ અને સાચા સંયમી બનવું જોઈએ. પાન, બીડી, સિગારેટ, હોટલ, ચાહ, નાટક, ચેટક, એ બધું શા માટે ? ખીસ્સાં ખાલી છે અને ખરચવું ઘણું છે માટે દુઃખ છે. વગર પૈસે ખરચવાની ભાવના એ જ દુઃખ.

---

**૩૯૦. સભા : શ્રીમંતોની કૃપણતાથી દેવદ્રવ્ય પર નજર ગઈ ને !**

**પૂજ્યશ્રી** : એ ન્યાય ક્યાંનો કે કોઈની ઉદારતાના અભાવે બીજો દેવાળું કાઢે ? કોઈ લક્ષ્મીવાન છે પણ પાપોદયે એનામાં ઉદારતા નથી માટે બીજો પાપ કરે ? એને એના ગુનાનો આરોપ બીજે ? બધાં જ પાપ શ્રીમાનોના જ માથે ? કોઈ શ્રીમાનને કહે કે,'આપ ! નહિ તો મંદિરનું દ્રવ્ય ખાઈ જઈએ છીએ અને એનું પાપ તને !' એમ કહીને દેવદ્રવ્ય ખાઈ જાય એનું પાપ શ્રીમાનને લાગે કે

એ પાપાત્માને લાગે ? જે જે આત્મામાં તેટલી ખામી છે એમ સમજાઈ જાય તો બધી જ પંચાત ટળી જાય. વળી કેવળ રોટલાની વાત જ આજ ક્યાં છે ? ધર્મના અર્થી હોય અને કેવળ રોટલાની જ અપેક્ષા હોય તો તો બધા રસ્તા છે. પણ એવું ક્યાં છે ?

**સભા : 'પત્ની, પરિવાર, ઠાઠમાઠ બધું જોઈએ છે.'**

**પૂજ્યશ્રી** : હવે સમજ્યા ! અરે ! રોટલા ખાનારા, સહાય લેનાર પણ આજે કહે છે કે, 'અમે તમારું માનવા બંધાયેલા નથી. અમે ભણ્યા ભલે, તમે અમને ભણાવ્યા પણ તમે કહો તેમ વર્તવાને અમે બંધાયેલા નથી. મરજી આવે તેમ વર્તવાના !' કહો ક્યાં છે સાધર્મિકપણું ? પાપના યોગે ગમે તે અવસ્થામાં પણ અર્થ-કામના અભાવની ફરિયાદ દેવગુરુધર્મ પાસે લઈ જવાય ? કેટલાક તો એવી વાત કરે છે, કહે છે કે, 'દેવ પૈસા અપાવે એવા ચમત્કારી જોઈએ અને ગુરુ બેકારી ટાળે એવા જોઈએ. પણ એ વિચાર નથી આવતો કે પાપના યોગે આવેલી બેકારીને કોઈ પણ શી રીતે કાઢે ? ભણેલા ગણાતાઓ પણ પોતાની સહીના મેનીફેસ્ટા બહાર પાડે છે કે, 'જૈન સાધુઓએ જૈનસમાજની બેકારીનો સવાલ ચર્ચ્યા વિના છૂટકો નથી. હું કહું છું કે સાધુ કદી એ સવાલ ન ચર્ચે.' બેકારી પાપના યોગે આવી છે માટે પાપ ખસેડો, લોભ ટાળી સંતોષ આદરો અને વિષયકષાયને મૂકી દો.

** જેઓ એક માત્ર દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રયીવડે મોક્ષમાર્ગને સાધે તે જ સાધુ.*

**ખરેખર દુ:ખ શામાં છે ?**

**૩૯૧. સભા : મૂળ કારણ તરફ દષ્ટિ જતી નથી.**

**પૂજ્યશ્રી** : આજે તો એવા લોકો દુનિયાના સવાલોને ધર્મદષ્ટિએ વિચારવા માંગે છે, અનાચારમાં ધર્મની છાપ મરાવવા માંગે છે ! પણ તેઓને એ વિચાર નથી આવતો કે, પાપમાં ધર્મની છાપ કેમ હોય ? એક માણસ એમ કહે છે, 'મારે મરી જવું છે, મને ઝેર લાવી આપ, નહિ લાવી આપે તો ખંજરેથી મરીશ માટે ઝેર આપે.' તો એને લાવી આપવું ? નહિ જ. કારણ કે, એને સૂઝે તેમ એ કરે પણ એને ઝેર લાવીને કેમ જ અપાય ? એ રીતે ઉન્માર્ગે ચઢેલાઓ તેમને ફાવે તેમ કરે પણ તેવાઓને ધર્મદષ્ટિએ વિચારીને ઉત્તેજન કેમ અપાય ? ધર્મદષ્ટિએ ઉન્માર્ગ કેમ જ પોષાય ? કોઈને પોતાને જ નરકે જવું હોય તો એને સ્વર્ગે મોકલવાની આપણી તાકાત નથી.

એ લોકો તો એમ કહે છે કે, 'દેવ તો અમને આપે એવા ચમત્કારી જોઈએ, અને સમાજની ચિંતા ન કરે તે ગુરુ નહિ અને બધી વાતની જેમાં હા ન હોય તે ધર્મ નહિ' શું આ ખરું છે ? નહિ જ. કારણ કે શાસ્ત્ર તો કહે છે કે, 'દેવ તો વીતરાગ જ, એ દેવ ભક્તિ કરે તેના ઉપર રાગી ન થાય અને ગાળ આપે એના ઉપર દ્વેષી ન થાય, ગુરુ તે કે જેને ઘરબાર નહિ અને દુનિયાને પણ ઘરબાર વગેરે છોડવા જેવું છે એમ જ સમજાવનારા અને દુનિયાને એટલે વિષય કષાયરૂપ સંસારને ખોટો સમજાવવાની જેમાં વાત તે ધર્મ; અર્થાત્ વિષયના વિરાગને, કષાયના ત્યાગને, ગુણના અનુરાગને અને એ ત્રણેય કરનારી જે ધર્મક્રિયા, તેમાં અપ્રમત્તપણું લાવે તે ધર્મ.

અર્થાત્ શ્રી જિનેશ્વરદેવના ધર્મના અભાવમાં ચક્રવર્તીપણું પણ મારે ન જોઈએ અને જ્યાં શ્રી જિનેશ્વરદેવનો ધર્મ હોય ત્યાં દારિદ્રય હોય તો પણ ભલે હોય. 'એ ધર્મ પામ્યા પછી હું દાસ નથી.' એ ભાવના છે. આ ભાવના આવી ત્યાં દુઃખ હોય જ શાનું ? ધર્મ હોય તો દરિદ્રતાનોય એને વાંધો નથી પણ ધર્મરહિતપણામાં તો ચક્રવર્તીપણાનોય એ ઈન્કાર કરે છે. એટલે કે નથી માંગતો, અને ધર્મની હયાતીવાળા દારિદ્રયપણાનો પણ એને વાંધો નથી. સમ્યગ્દષ્ટિની આ ભાવના હોય છે. ચક્રવર્તીપણામાં સુખ હોત તો ધર્મરહિતપણે એ ન માગ્યું તે કેમ બનત ? આથી સમજો કે, 'ચક્રવર્તીપણામાં સુખ નથી અને દારિદ્રયમાં દુઃખ નથી.' 'સુખ તો ધર્મમાં છે અને દુઃખ ધર્મના અભાવમાં છે,' એ નિશ્ચિતપણે સમજો !

આ પ્રકારનો જો નિશ્ચય થઈ જાય તો પ્રભુશાસનમાં અવિચળ શ્રદ્ધા થઈ જાય અને એ શ્રદ્ધાના પ્રતાપે, નહિ તો શંકા થાય કે નહિ તો કાંક્ષા થાય. 'કાંક્ષા' દોષ પ્રભુશાસનની રુચિ ઘટાડીને ઈતર શાસનની અભિલાષા પેદા કરે છે. એથી બચવા માટે સાચા વિવેકી બનવું જોઈએ અને એ વિવેક દ્વારા વસ્તુમાત્રના સ્વરૂપનો વિચાર કરી પ્રભુશાસનમાં ખૂબ દઢ બનવું જોઈએ. (સં.સ્વ.દ.ભાગ-૨)

**પૂર્વભૂમિકા :** મુનિ છઠ્ઠે ગુણઠાણે છે. એ ગુણસ્થાનકનું નામ જ પ્રમત્ત ગુણસ્થાનક છે. મુનિ પ્રમાદ સેવે એ નભે પણ પ્રમાદ સેવવા જેવો છે એમ કહે તો એ નભે ? ન જ નભે.

દેવ પોતાના ભક્તોને લાખો આપે, ગુરુ સંસારનો ઉપદેશ આપે અને ધર્મ વિષયકષાયની છૂટ આપે એવું અહીં કોઈએ કહ્યું જ નથી. સૌમાં સુખી થવાની શક્તિ છે પણ એવો પ્રયત્ન થાય તો. ઉપાય દુઃખી થવાના થાય ત્યાં સુધી સુખી થવાય જ શી રીતે ? સુખી થવાની ભાવના હોય તો 'ગૃહસ્થપણામાં રહેવાની શ્રી જિનેશ્વરદેવે છૂટ તો આપી નથી જ' એ ગોખો. એ ઉપકારીઓએ ગૃહસ્થધર્મ જરૂર કહ્યો છે. પણ ગૃહસ્થાશ્રમમાં રહેવું એમ નથી કહ્યું. સાધુ થવું એ પરમધર્મ છે.

સાધુ થવું હોય તેણે પાંચ મહાવ્રતો પાળવાં જોઈએ, જેનાથી એ ન બને તે ગૃહસ્થપણામાં પાંચ અણુવ્રતો, ત્રણ ગુણવ્રતો અને ચાર શિક્ષાવ્રત પાળે, દાન દે, શીલ પાળે, તપ કરે અને ભાવના ઊંચી રાખે.

વિચારો - 'ગૃહસ્થનો ધર્મ દાન કે લક્ષ્મી ? ગૃહસ્થનો ધર્મ શીલ કે સદાચાર ? ગૃહસ્થનો ધર્મ તપ કે ખાવું ? ગૃહસ્થનો ધર્મ સારી ભાવના કે નરસી ? સારી ભાવના કઈ ? 'લાખ મેળવું, કંપની કાઢું, બંગલો બંધાવું' એ શું સારી ભાવના છે ? કહેવું જ પડશે કે નહિ, તો વિચારો કે, સમ્યગ્દૃષ્ટિની ભાવના કઈ ? કલિકાલસર્વજ્ઞ ભગવાન શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા શ્રાવકે કરવાની ભાવનામાં ફરમાવે છે કે -

*"શ્રી જિનેશ્વરદેવના ધર્મથી રહિત એવો હું ચક્રવર્તી પણ ન થાઉં અને શ્રી જિનેશ્વરદેવના ધર્મથી વાસિત એવો હું દાસ પણ થાઉં અને દરિદ્ર પણ થાઉં."

---

* "जिनधर्मविनिर्मुक्तो, मा भूवं चक्रवर्त्यपि ।
स्यां चेटोऽपि दरिद्रोऽपि, जिनधर्माधिवासितः ।।१।।"

**૩૯૨. સભા : મુનિથી પ્રમાદ સેવાઈ જાય કે સેવે છે ?**

**પૂજ્યશ્રી** : સેવે છે જે વાત જેવી હોય તેવી ખુલ્લી કરવાની. એ ગુણસ્થાનકનું નામ જ પ્રમત્તગુણસ્થાનક છે. 'સેવાઈ જાય' એવું ક્યાં કહેવાય? ભગવાન મહાવીરદેવ માટે એ કહેવાય. સાડા બાર વર્ષના છદ્મસ્થ કાળમાં બે ઘડીની નિદ્રા આવી ગઈ, ત્યાં સેવાઈ જાય એમ કહેવાય. એ બે ઘડીની નિદ્રા લીધી નથી પણ આવી ગઈ છે. જ્યારે અહીં તો રોજ ચાર-છ કલાક ઊંઘવા જોઈએ, રોજ એ રીતે ઊંઘીએ ત્યાં સેવાઈ જાય એમ કેમ કહેવાય? 'સેવીએ છીએ' એમ જ કહેવું પડે. ઊંઘવા માટે તો સૂઈએ છીએ ને ! જાગવા સૂઈએ કે ઊંઘવા ? કહેવું જ પડે કે ઊંઘવા.

શ્રી ઋષભદેવ ભગવાનને એક હજાર વર્ષમાં એક અહોરાત્રિની નિદ્રા. ત્યાં 'સેવાઈ જાય' એમ કહેવાય. ભ. મહાવીરદેવ માટે એમ કહેવાય. પણ અમે મુનિઓ તો રોજ ઊંઘીએ, રોજ ઊંઘવા જોઈએ, ત્યાં નિદ્રા સેવીએ છીએ એ ખુલ્લી વાત છે. પ્રમાદ જરૂર સેવીએ છીએ. છઠ્ઠા ગુણઠાણાનું નામ જ પ્રમત્તગુણસ્થાનક છે. ભગવાનનું ગુણસ્થાનક પણ છઠ્ઠું પણ તે ઉચ્ચ કોટિનું. સાતમાની સાથે ગેલ કરતું હોય એવું, એ છઠ્ઠું પણ સાતમાં જેવું, એમ કહેવામાં વાંધો નથી. એકેક મહિનો, બબ્બે મહિના, ચાર-ચાર મહિના કે છ-છ મહિના અરે બાર મહિના સુધી આહાર-પાણીની પરવા વિના વિહરનારા અને એક સ્થાને મહિનાના મહિનાઓ સુધી અડગપણે ધ્યાનમાં ઊભા રહેનારા, એ તારક પરમાત્માઓની વાત શી કરવી ? તોયે ત્યાં ગુણસ્થાનક તો છઠ્ઠું જ કહ્યું. અને રોજ ચાર-છ કલાક ઊંઘનાર મુનિનું ગુણસ્થાનક પણ છઠ્ઠું કહ્યું.

એ જ રીતે બાર વ્રત પાલન કરનારનું તેમ જ ઓછાં વ્રત યાવત્ એક વ્રત પાલન કરનારનું પણ ગુણસ્થાનક પાંચમું કહ્યું.

શ્રી જિનેશ્વરદેવ જેવા અથવા એવા મહાપુરુષો માટે પ્રમાદ સેવાઈ જાય એમ કહેવાય. આપણે તો સેવીએ છીએ. એમ મહાત્માઓ પારણું પણ તપ માટે કરતા હતા. માસખમણને પારણે માસખમણ, છઠ્ઠને પારણે છઠ્ઠ, અઠ્ઠમને પારણે અઠ્ઠમ કરતા હતા પરંતુ તેમનું એ પારણું પણ બીજા તપ માટે હતું. કંઈક તપસ્વીઓ પારણે આયંબિલ કરતા, તેમાંયે રસકસ વિનાનો આહાર અને જે અવસરે જે મળે તે, લઈને વાપરતા હતા. એ પારણું શા માટે કરતા હતા ? આટલો ટેકો નહિ મળે તો બીજો તપ નહિ થાય એ માટે. એમના આવા પ્રકારના આહારને રુચિપૂર્વકનો આહાર ન કહેવાય.

શ્રી શાલિભદ્ર અને શ્રી ધનાજી માસખમણને પારણે ભિક્ષાએ ગયા, માતાને ત્યાં ભિક્ષા ન મળી, પાછા વળ્યા. ત્યાં ગામને દરવાજે રબારણ (શાલિભદ્રની પૂર્વભવની માતા) પાસેથી દહીંની ભિક્ષા મળી. માત્ર એ દહીંથી જ પારણું કરી અણસણ લઈ વૈભારગીરી પર જઈને સૂતા. અંતરપારણું કહો કે ઉત્તરપારણું કહો, બધું એ દહીંથી જ. એ આહાર ગણાય ? કહો કે, આહાર નહિ પણ ટેકો.

તમે એક ઉપવાસ કરો ત્યાં પારણે કેટલી ચીજો ? ઉપવાસની આગલી સાંજે અને ઉપવાસની બીજી સવારે કેટલી ધમાધમ ? આપણી સ્થિતિ જ જુદી છે. એ મહાપુરુષો માટે 'પ્રમાદ સેવાઈ જાય' એ કહેવાય. આપણે તો સેવીએ છીએ. પોતાની જાતને જેવી હોય તેવી ઓળખાવવામાં જરા પણ ભય રાખવો

નહિ. છેલ્લા કાળમાં જન્મવું, પડતા કાળમાં રહેવું, પાંગળા થઈને ફરવું અને બહાદુરીનાં બણગાં ફૂંકવાં એમાં ડહાપણ નથી પણ મૂર્ખાઈ છે.

મુનિ પ્રમાદ સેવે છે પણ એ સેવવાથી એનું છઠ્ઠું ગુણસ્થાનક જતું નથી પણ 'પ્રમાદ સેવવો જોઈએ, કેમ ન સેવીએ ? એમાં શું થઈ ગયું ? કોણ નથી સેવતું?' આવું આવું બોલે તો છઠ્ઠું તો જાય, પણ પાંચમું અને ચોથુંયે જાય, યાવત્ પહેલું આવે. પ્રમાદ ન સેવવાની આજ્ઞા છઠ્ઠે ગુણસ્થાનકે રૂઢ નહિ. એ ગુણસ્થાનકને **'प्रमादा हेयाः'** પ્રમાદો ત્યાજ્ય કહ્યા, પણ- **'नेव सेवनीयाः'** 'ન જ સેવવા'-એમ ન કહ્યું. 'ન જ સેવવા' એ વાત સાતમે ગુણસ્થાનકે કહી.

(સં.સ્વ.દ. ભાગ-૨)

** માત્ર શ્રોતાને રાજી રાખવા બોલે તે ભગવાનનો સાધુ નહીં,*
*સ્વ-પરના કલ્યાણની ભાવનાથી બોલે તે જ*
*ભગવાનનો સાચો સાધુ.*

** **સાધુ** એનું જ નામ કે,*
*જે સિંહની જેમ સંસારનો ત્યાગ કરે*
*અને હરણિયાની જેમ સંસારથી ભયભીત રહે.*

** પિસ્તાલીશ આગમને પંચાગી સાથે માનતા હોય*
*તેને જ **સુસાધુ** મનાય.*



**કાર્મગ્રંથિક પ્રશ્નોત્તર** (પંચસંગ્રહ પ્રથમ ખંડ)
વર્તમાનમાં નિરસ ગણાતા કર્મગ્રંથ સંબંધી વિષયને પ્રશ્નોત્તરીના માધ્યમે સરસ બનાવવાના પ્રયાસ રૂપે કર્મગ્રંથના અભ્યાસીઓ માટે અત્યંત ઉપકારી અને ઉપયોગી ગ્રંથ.
**મૂળ ગ્રંથકાર :** કર્મશાસ્ત્રમર્મજ્ઞ પ્રકાણ્ડવિદ્વાન શ્રી ચંદ્રમહત્તરાચાર્ય
**રચનાકાળ :** સંભવતઃ ૯મી-૧૦મી સદી



**દીપ પ્રશ્ન**
પ્રશ્નોતર સમુચ્ચયના મૂળ નામ સાથે રચાયેલો, હીર પ્રશ્ન અને સેન પ્રશ્નની જેમ માર્ગદર્શક બને તેવો, અદ્યાવધિ અપ્રગટ ગ્રંથ. (હસ્તલિખિત પ્રતના આધારે લીપ્યન્તર-વર્તમાન ગુજરાતી ભાષામાં અવતરણ-ઉપલબ્ધ થયેલ શાસ્ત્રપાઠો સાથે)
**ગ્રંથકાર : કવિકુલ પ્રદીપ પૂ. પં. શ્રી દીપવિજયજી ગણિવર**



**પ્રાવચનિક પ્રશ્નોત્તર** (તૃતીય પડાવ, ચર્તુથ પડાવ, પંચમ પડાવ)
જિનવાણી-સંઘ સ્વરૂપ દર્શન-આચારાંગના પ્રવચન દરમ્યાન સભામાંથી પૂછાયેલા પશ્નોના વ્યાખ્યાન વાચસ્પતિ પૂજ્યશ્રીએ આપેલા સચોટ જવાબોનું સુંદર સંકલન.
**પ્રવચનકાર : વ્યાખ્યાન વાચસ્પતિ પૂજ્ય આચાર્ય ભગવંત**
**શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

---

## આગામી પ્રકાશનો

- શ્રી પંચસંગ્રહ દ્વિતીય ખંડમાંથી ચૂંટેલા પ્રશ્નોત્તરોનો સંગ્રહ.
- પૂ.આ.ભ.શ્રી લક્ષ્મીસૂરીશ્વરજી મહારાજા કૃત **પ્રશ્નોત્તર પ્રદીપ**.
- પૂ.મુ.શ્રી હંસવિજયજી કૃત **પ્રશ્નોત્તર પુષ્પમાલા**.
- **મતાંતર પ્રશ્નોત્તર**-આગમ-પ્રકરણ પ્રશ્નોત્તરાદિ ગ્રંથોમાં આવતા પ્રામાણિક મતાંતરોનો સંગ્રહ.
- ૧૧મી શતાબ્દિથી લઈ વિ.સં. ૨૦૬૫ સુધીના પૂ.આચાર્ય-સાધુ તથા સુશ્રાવકોના પ્રશ્નોત્તર ગ્રંથમાંથી ચૂંટેલા ૭-૮ હજાર પ્રશ્નોત્તરનું ૨૦૦થી અધિક વિષયોમાં અકારાદિ ક્રમે વર્ગીકરણ કરી પ્રકાશિત કરવાનું બૃહત્કાર્ય ચાલી રહ્યું છે.



# પૃચ્છના સ્વાધ્યાય

૧૨

પાર્શ્વાભ્યુદય પ્રકાશન
અમદાવાદ

978-93-83984-06-0